જુમ્લા હુકૂક બ હકકે મોહદ્દિસે આઝમ મિશન મહફૂઝ હૈં .

કિતાબ : **ગુલિસ્તાં વ બોસ્તાને સાદી**

**અનુવાદ, પ્રુફ રીડીંગ વ ઝેરે નિગરાં : ખલીફએ શૈખુલ ઈસ્લામ**

હાજી ઈબ્રાહીમ ભાઈ વડીયાવાલા (અહમદાબાદ)

**ટાઈપ-સેટીંગ : જનાબ તૌફીક અહમદ અશરફી (બળૌદા)**

**M : 9033168086, 7383761217**

**તા'દાદ : 3000**

**કીમત : દુઆએ ખૈર**

**સિને ઈશાઅત : ઑગસ્ટ 2020**

**નાશિર : મોહદ્દિસે આઝમ મિશન (સેન્ટ્રલ કમિટી)**

2 / B કીર્તિકુંજ સોસાયટી શાહે આલમ ટોલનાકા

અહમદાબાદ-380028

**-: મિલને કા પતા :-**

**મક્તબએ શૈખુલ ઈસ્લામ, અલિફ કિરાના કે સામને,**

**રસૂલાબાદ, શાહે આલમ અહમદાબાદ-380028**

**ઔર મોહદ્દિસે આઝમ મિશન કી તમામ બ્રાન્ચે**

**કોન્ટેકટ : 9624221212**

# એક ગુઝારિશ

મોહદ્દિસે આઝમ મિશન ભારત ભરમાં અને દુનિયાના વિવિધ દેશોમાં કામ કરતી સંસ્થા છે. ગુજરાતમાં પણ 100 કરતા વધુ શહેરોમાં દીની પ્રવૃતી જેવુ કે મસ્જિદ, મદ્રસા, સ્કૂલ વિગૈરે ચલાવે છે. જ્યારે જ્યારે કંઈ કુદરતી આફતો જેવી કે ભુકંપ, પુર, હોનારત અથવા કૌમી તોફાન જેવી પરિસ્થીતી ઉભી થઈ ત્યારે કૌમની મદદમાં અગ્રેસર રહે છે. ગરીબ દીકરીઓની શાદી વિગૈરેની વ્યવસ્થા કરે છે. શિક્ષણ માટે સહાય આપે છે, ગરીબ અને નિરાધાર લોકોને ટીફીન પહોંચાડે છે

કૌમની ખિદમતના દરેક પાસામાં અગ્રતા ક્રમે રહી દીનો સુન્નિયતની ખિદમત કરવી માત્ર એ હેતુસર હઝરત શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન હઝરત સૈયદ મુહમ્મદ મદની મિયાં અશરફિયુલ જીલાનીએ આજથી લગભગ 40 વર્ષ પહેલા આ સંસ્થાની સ્થાપના જહાલત (અજ્ઞાનતા) દૂર કરવા માટે કરી અને સંસ્થાનુ સુકાન ફરઝન્દે આગોશી ફાઝિલે બગદાદ, ફાઝિલે ઉલૂમે ઈસ્લામિયા સૈયદ હસન અસ્કરી ઈબ્ને સૈયદ મુહમ્મદ અરબી ને સોંપી દિધુ અને આપના પ્રયત્નથી આજે ખૂબ મોટા પ્રમાણમાં કૌમની ખિદમત આ સંસ્થા કરી રહી છે.

આપ અમારી કિતાબો ખરીદી ઉપરાંત ઝકાત તથા લિલ્લાહ ડોનેશન આપી તેમજ મિશનના સભ્ય બની દીનની ખિદમતના અમારા આ મિશનમાં હિસ્સેદાર બની શકો છો. કિતાબો છપાવવાના કામમાં આપના મર્હૂમોના ઈસાલે સવાબ માટે શામિલ થઈ શકો છો.

**નાચીઝ**

ખાકપાએ અશરફી

હાજી ઈબ્રાહીમભાઈ વડીયાવાલા

સદર મિશન સેન્ટ્રલ કમિટી અહમદાબાદ

# ગુલિસ્તાને સાદી


| અનુક્રમણિકા | પાનું નમ્બર |
|---|---|
| એક ગુઝારિશ | 2 |
| પ્રસ્તાવના | 14 |
| ﴾1﴿ ખલ્કે ખુદાની ભલાઈનો જઝ્બો | 18 |
| ﴾2﴿ બાદશાહનું સ્વપ્ન (ખ્વાબ) | 20 |
| ﴾3﴿ અસ્લી જૌહર | 21 |
| ﴾4﴿ નાની ઉમરનો ડાકૂ | 24 |
| ﴾5﴿ કોટવાલનો દીકરો અને હસદ | 26 |
| ﴾6﴿ બેવુકૂફ બાદશાહ | 28 |
| ﴾7﴿ ડરપોક ગુલામ | 30 |
| ﴾8﴿ જે તારાથી ડરે | 31 |
| ﴾9﴿ ફતેહની ખુશ ખબર | 32 |
| ﴾10﴿ ઝાલિમોને નસીહત | 33 |
| ﴾11﴿ અલ્લાહ તને મૌત આપે | 34 |
| ﴾12﴿ ફુઝૂલ ખર્ચ (ઉડાવ) ફકીર | 35 |
| ﴾13﴿ વફાદારી ક્યારે ? | 36 |
| ﴾14﴿ અલ્લાહ વાળાઓની સોહબત | 38 |
| ﴾15﴿ ખુશામત ખોરો નો હાલ | 39 |
| ﴾16﴿ નાદાન મુન્શી ઈર્ષા (હસદ)નો શિકાર | 40 |

| | |
|---|---|
| ﴿17﴾ સખાવત અને દરગુઝર | 42 |
| ﴿18﴾ અકલમંદ શહઝાદો | 44 |
| ﴿19﴾ બુરાઈનો ખાત્મો | 45 |
| ﴿20﴾ ઝાલિમ વઝીરનો અંજામ | 46 |
| ﴿21﴾ ઝાલિમ થી બદલો લેવો | 47 |
| ﴿22﴾ બહાદૂર છોકરો | 48 |
| ﴿23﴾ હાજર જવાબ/હાજર દિમાગ | 50 |
| ﴿24﴾ નેકીનું ઈનામ | 52 |
| ﴿25﴾ ડબલ પગાર | 54 |
| ﴿26﴾ કમઝોર પર ઝુલ્મ | 55 |
| ﴿27﴾ અહેસાન ફરામોશ શાગિર્દનો અંજામ | 56 |
| ﴿28﴾ નિડર દરવેશ, ન લાલચ ન ખૌફ | 58 |
| ﴿29﴾ હિક્મત અને દૂરઅન્દેશી | 60 |
| ﴿30﴾ હઝરતે ઝુન્નૂન મિસરીનું રડવુ | 61 |
| ﴿31﴾ બેગુનાહને સજા | 61 |
| ﴿32﴾ ઝૂઠાઓનો સરદાર | 62 |
| ﴿33﴾ હારૂન અલ રશીદનો ઈન્સાફ | 63 |
| ﴿34﴾ નકદ બદલો | 64 |
| ﴿35﴾ મર્દે આઝાદ | 66 |
| ﴿36﴾ મૌત કોઈને છોડશે નહી | 67 |
| ﴿37﴾ વાત કરવી કે ચુપ રહેવુ | 67 |
| ﴿38﴾ અલ્લાહ બે નિયાઝ છે | 68 |
| ﴿39﴾ સિકંદરની સફળતાનુ રહસ્ય | 69 |
| ﴿40﴾ મુસલમાનો માટે નેક ગુમાન | 69 |
| ﴿41﴾ સૈયદના અબ્દુલ કાદિર જીલાની رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه | 70 |
| ﴿42﴾ બુરા લોકો સાથે પણ ભલાઈ | 71 |

| | |
|---|---|
| «43» અકલમંદ મુસાફિરો | 72 |
| «44» રિયાકાર દરવેશ | 73 |
| «45» ઈબાદત પર ઘમંડ | 74 |
| «46» ખુદપસંદી એબ છે | 75 |
| «47» વલીની કરામત | 75 |
| «48» મહેનતનું ફળ | 77 |
| «49» કાહિલી (સુસ્તી) છોડો | 78 |
| «50» ઝખ્મી દરવેશ | 78 |
| «51» દોસ્તના ઘરમાં ચોરી | 79 |
| «52» ગૈરુલ્લાહનો ખયાલ | 80 |
| «53» બાદશાહ જન્નતમાં અને.... | 81 |
| «54» ઊંટ સવારની મૌત | 82 |
| «55» દુનિયા પરસ્ત (રિયાકાર) આબિદ | 83 |
| «56» સંગ દિલ ડાકૂ | 84 |
| «57» બદ અવાજ કવ્વાલ | 85 |
| «58» અદબ ક્યાંથી સિખ્યા | 86 |
| «59» પોતાની ખોરાક ઓછી કર | 87 |
| «60» હાસિદીન તો રહેશેજ | 88 |
| «61» સૂફી કોણ ? | 89 |
| «62» ઝિક્રે ખુદા | 90 |
| «63» બે ઔલાદ બાદશાહ | 91 |
| «64» લોકોથી મેલ જોલ (મુલાકાત) | 92 |
| «65» ફિરંગીઓની કૈદ | 93 |
| «66» રોટીની ફિક્ર | 94 |
| «67» દુનિયાદાર દરવેશ | 94 |
| «68» ઝાહિદ કે જાહિલ | 96 |

| | |
|---|---|
| «69» મખ્લૂકથી છુટકારો | 97 |
| «70» મદહોશ દારૂડીયો | 98 |
| «71» સાચ્ચો દરવેશ સબ્રનો પૈકર | 98 |
| «72» સાચ્ચો બહાદૂર નફ્સનો દુશ્મન | 99 |
| «73» સાચ્ચો સગો | 99 |
| «74» સાચી હુકૂમત નફ્સ પર હુકૂમત | 101 |
| «75» ફિત્રત નથી બદલતી | 101 |
| «76» સાવચેત રહેવુ | 102 |
| «77» પોતાના આમાલ પર ભરોસો ન કર | 103 |
| «78» સખાવત કે શુજાઅત | 104 |
| «79» ઈલ્મની બડાઈ | 104 |
| «80» ખુદ્દારી (સેલ્ફ રિસ્પેક્ટ) | 105 |
| «81» અજમી તબીબ | 106 |
| «82» ઓછુ ખાવાવાળો અને વધારે ખાવાવાળો | 107 |
| «83» ઓછુ જમવાના ફાયદા | 107 |
| «84» ઈસરાફ (ફુઝૂલ) ખર્ચ થી બચો | 108 |
| «85» દુકાનદાર વાણીયાનુ દેવુ | 109 |
| «86» સવાલ કરવાથી (માંગવાથી) બચો | 109 |
| «87» હાતિમ તાઈથી પણ મોટો મકામ | 110 |
| «88» કીડીને પાંખો આવવી | 111 |
| «89» રોટી યા સોનુ | 111 |
| «90» શુક્ર ગુઝાર બંદા | 112 |
| «91» ખુશ નસીબ કિસાન | 113 |
| «92» કંજુસની દૌલત | 114 |
| «93» લાલચી સૌદાગર | 115 |
| «94» કંજુસનો માલ | 116 |

| | |
|---|---|
| «95» જાળમાં માછલી | 118 |
| «96» ઈર્ષાની આગ | 119 |
| «97» જવાબે જાહિલાં | 119 |
| «98» ખરાબ પડોસી | 120 |
| «99» ચોરોની વસ્તી છારાનગર | 120 |
| «100» એક નજૂમી | 121 |
| «101» બદ અવાજ ખતીબ | 121 |
| «102» બદ અવાજ કારી | 122 |
| «103» બહેતરીન તદબીર | 123 |
| «104» ના-જિન્સની સોહબત | 123 |
| «105» માલથી મહોબ્બત | 124 |
| «106» વધારે જીવવાની હવસ | 125 |
| «107» દીકરાની ઈચ્છા | 126 |
| «108» માં-બાપની બે અદબી | 127 |
| «109» ખુશ નસીબ અને બદ નસીબ | 127 |
| «110» તેજ રફતાર મુસાફર | 127 |
| «111» કંજુસનો ફૈસલો | 128 |
| «112» ઉસ્તાદનો અત્યાચાર | 129 |
| «113» બેઅકલ નવયુવાન | 130 |
| «114» નાલાયક ચેલો | 131 |
| «115» બંદો અને તેનો રબ | 132 |
| «116» આખિરતની ચીંતા | 132 |
| «117» વીંછીનો જનમ | 133 |
| «118» નાલાયક દીકરો | 133 |
| «119» અક્કલ ઘણી મોટી દૌલત છે | 134 |
| «120» નામ પુરતા હાજી | 135 |

| | |
|---|---|
| ﴾121﴿ અનાડી મરીઝ | 136 |
| ﴾122﴿ કુરઆનની હુરમત | 136 |
| ﴾123﴿ ગુલામની ઉપર સખ્તી | 137 |
| ﴾124﴿ માત્ર દેખાવનો પહેલવાન | 138 |
| ﴾125﴿ અમીર અને ગરીબ | 138 |
| ﴾126﴿ સહુથી મોટો દુશ્મન | 139 |
| ﴾127﴿ માલદાર અને ગરીબ | 140 |


# બોસ્તાને સાદી


| અનુક્રમણિકા | ۞ |
|---|---|
| ﴾1﴿ ચીત્તા પર સવારી | 147 |
| ﴾2﴿ જેહાદે અક્બર | 148 |
| ﴾3﴿ બુઝુર્ગની નસીહત | 149 |
| ﴾4﴿ આદિલ બાદશાહ | 150 |
| ﴾5﴿ રૂમનો બાદશાહ | 151 |
| ﴾6﴿ ખુદા દોસ્ત | 152 |
| ﴾7﴿ બીજાઓની ફિક્ર | 153 |
| ﴾9﴿ સ્વાર્થી દુકાનદાર | 154 |
| ﴾9﴿ સારૂ અને ખરાબ પરિણામ | 155 |
| ﴾10﴿ હજ્જાજ બિન યુસૂફનો ઝુલ્મ | 156 |
| ﴾11﴿ સારો ઈલાજ | 157 |
| ﴾12﴿ મઝબૂત કિલ્લો | 158 |

| | |
|---|---|
| ﴾13﴿ કુર્દ ખેડુતની નસીહત | 160 |
| ﴾14﴿ બહેતરીન દોસ્ત | 161 |
| ﴾15﴿ વીંટીમાં નંગ (કીમતી હિરો) | 162 |
| ﴾16﴿ બહેતર ઝિન્દગી | 163 |
| ﴾17﴿ યતીમના પગનો કાંટો | 164 |
| ﴾18﴿ હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام નો મહેમાન | 165 |
| ﴾19﴿ માલને ખર્ચ કરવાના ફાયદા | 166 |
| ﴾20﴿ સખી યુવાન | 167 |
| ﴾21﴿ પડોસી દુકાનદાર | 169 |
| ﴾22﴿ સખી મર્દ | 170 |
| ﴾23﴿ એક કદમ પર બે રકઅત નમાઝ | 172 |
| ﴾24﴿ બાદશાહનો રોઝો | 172 |
| ﴾25﴿ તરસ્યો કુતરો | 173 |
| ﴾26﴿ બુરાઈનુ પરીણામ | 174 |
| ﴾27﴿ હઝરતે શિબ્લી અને એક કીડી | 176 |
| ﴾28﴿ બકરી અને રસ્સી | 177 |
| ﴾29﴿ સિંહ અને શિયાળ | 177 |
| ﴾30﴿ બેફૈઝ આબિદ | 179 |
| ﴾31﴿ અહેસાનની તલવાર, હાતિમતાઈ | 180 |
| ﴾32﴿ હાતિમતાઈની દીકરી | 182 |
| ﴾33﴿ બુરાઈના બદલે ભલાઈ | 182 |
| ﴾34﴿ દરવેશની દુઆ | 184 |
| ﴾35﴿ પત્થર અને હિરો | 185 |
| ﴾36﴿ કંજુસનો માલ | 186 |
| ﴾37﴿ નાનકડી નેકી | 187 |
| ﴾38﴿ મૈદાને મહેશરમાં છાંયડો | 188 |

| | |
|---|---|
| ﴾39﴿ મધમાખીનું રહેઠાણ | 189 |
| ﴾40﴿ આબિદ યુવાન | 190 |
| ﴾41﴿ દુઆ અને અસર | 191 |
| ﴾42﴿ પતી વિરૂદ્દ ફરિયાદ | 192 |
| ﴾43﴿ અયાઝની ખૂબી | 193 |
| ﴾44﴿ બુઝુર્ગની કરામત | 194 |
| ﴾45﴿ ગામનો સરપંચ અને દેશનો વડો | 195 |
| ﴾46﴿ હકીકી કારસાઝ | 196 |
| ﴾47﴿ કતરે સે મોતી તક | 197 |
| ﴾48﴿ કુડા કરકટ | 198 |
| ﴾49﴿ સુલ્તાનુલ આરેફીન હઝરત બાયઝીદ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ | 199 |
| ﴾50﴿ ખુશ કિસ્મત ગુનેહગાર, નમ્રતા અને ઘમંડ | 200 |
| ﴾51﴿ ઈલ્મની જીત | 201 |
| ﴾52﴿ અખ્લાકની તલવાર | 203 |
| ﴾53﴿ મધનો વેપારી | 204 |
| ﴾54﴿ સાચો બહાદુર | 205 |
| ﴾55﴿ બદ ખસ્લત ગુલામ | 206 |
| ﴾56﴿ ચુગલખોરીનો ગુનોહ | 207 |
| ﴾57﴿ દરવેશોથી સુલેહ | 208 |
| ﴾58﴿ મગરૂર નજૂમી | 209 |
| ﴾59﴿ અકલમંદ ગુલામ | 210 |
| ﴾60﴿ હઝરતે હાતિમ અસમ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ અને એક માખી | 211 |
| ﴾61﴿ ચોરની સાથે નેકી | 213 |
| ﴾62﴿ દાનાઈની વાત | 214 |
| ﴾63﴿ હઝરતે ઝુન્નુન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની કરામત | 215 |
| ﴾64﴿ હઝરતે જુનૈદ અને વૃધ્ધ કુતરો | 216 |

| | |
|---|---|
| ﴾65﴿ દારૂડીયાનુ બરબત | 217 |
| ﴾66﴿ સરઝમીને દખશનો બુઝુર્ગ | 218 |
| ﴾67﴿ મૌલા અલી શેરે ખુદા كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم | 219 |
| ﴾68﴿ હઝરતે ફારૂકે આઝમ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْه | 220 |
| ﴾69﴿ દુનિયા પણ બહેતર આખિરત પણ | 220 |
| ﴾70﴿ તકદીરના ફૈસલા | 221 |
| ﴾71﴿ બીમાર અને ડૉક્ટર | 223 |
| ﴾72﴿ અંધ વિશ્વાસ | 223 |
| ﴾73﴿ ગીધ અને ચીલનો મુકાબલો | 224 |
| ﴾74﴿ ઉંટણી અને તેનું બચ્ચુ | 225 |
| ﴾75﴿ બચ્ચાનો રોઝો | 226 |
| ﴾76﴿ હાજી સાહેબ તરફથી હદિયો | 227 |
| ﴾77﴿ કમીનાનું અહેસાન | 228 |
| ﴾78﴿ પેટૂ દરવેશ | 228 |
| ﴾79﴿ ઉધાર ખરીદી | 229 |
| ﴾80﴿ ખુદદાર દરવેશ | 230 |
| ﴾81﴿ લાલચની સજા | 230 |
| ﴾82﴿ ગરીબ બચ્ચાના દાંત | 231 |
| ﴾83﴿ રહસ્યની વાત | 232 |
| ﴾84﴿ કમઝોરનો ગુસ્સો | 233 |
| ﴾85﴿ બુલબુલ પિંજરામાં | 234 |
| ﴾86﴿ મુરીદની પીટાઈ | 235 |
| ﴾87﴿ નાલાયકોને નસીહત | 235 |
| ﴾88﴿ બેજા ઈમ્દાદ | 236 |
| ﴾89﴿ દારૂડીયાની મદદ | 237 |
| ﴾90﴿ ઈર્ષાથી પણ મોટો ગુનો | 238 |

| | |
|---|---|
| ﴾91﴿ મગરૂર આલિમ | 239 |
| ﴾92﴿ ચોરથી મોટો ચોર | 239 |
| ﴾93﴿ નેક નિય્યત વઝીર | 240 |
| ﴾94﴿ બદ મિજાઝ પત્ની | 241 |
| ﴾95﴿ ઈશ્કે મજાઝી | 242 |
| ﴾96﴿ લોકોના ઐબ ન શોધો | 243 |
| ﴾97﴿ નાફરમાન દીકરો | 244 |
| ﴾98﴿ તબીબનો ઈન્તેકામ | 245 |
| ﴾99﴿ નાદાન છોકરો | 246 |
| ﴾100﴿ બાદશાહ અને તેનો ગુલામ | 247 |
| ﴾101﴿ બેજા નફરત-1 | 248 |
| ﴾102﴿ બેજા નફરત-2 | 249 |
| ﴾103﴿ સાદી સોમનાથમાં | 249 |
| ﴾104﴿ ચુપ્પી સાંધવાની બરકત | 252 |
| ﴾105﴿ વૃધ્ધની નસીહત | 253 |
| ﴾106﴿ ફૈદના જંગલનો મુસાફિર | 254 |
| ﴾107﴿ ખુદ પોતાના પર રડ | 254 |
| ﴾108﴿ સોનાની ઈંટ | 255 |
| **હઝરતે શૈખ સાદીની નસીહતો** | 257 |



**મોહદ્દિસે આઝમ મિશન તરફથી આવનાર કિતાબો**

**તફસીરે અશરફી** (ગુજરાતી) પારહ-16

**હિકાયતે મૌલાના રૂમ** رَحمَۃُاللہِ تَعَالٰی عَلَیہ

**નિય્યતુલ મોમિન**

**તફસીરે અશરફી** (ગુજરાતી) પારહ 17-18 કમ્બાઈન્ડ

બહુજ જલ્દી اِنْ شَآءَاللّٰہ عَزَّوَجَلَّ વાંચકોના હાથમાં હશે.

# પ્રસ્તાવના

શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہِ નું નામ શરફુદ્દીન હતુ "સાદી" આપનું તખલ્લુસ હતુ. વાલિદે મોહતરમનું નામ સૈયદ અબ્દુલ્લાહ શીરાઝી હતુ. શીરાઝ ઈરાનનું મશહૂર શહેર છે. શૈખ સાદીના પુર્વજોએ અરબથી હિજરત કરીને ઈરાનના સૂબા શીરાઝમાં વસવાટ કર્યો તેઓ પોતાના ઈલ્મ અને ઝોહદો તક્વાના કારણે બહુજ મકામો મર્તબાના માલિક હતા અને લોકો આપની બહુજ ઈઝ્ઝત કરતા હતા સૈયદ અબ્દુલ્લાહ શીરાઝી હુકૂમતમાં બહુજ મોટા હોદ્દા પર હતા.

સાદી 1184 ઈસ્વીસનમાં પૈદા થયા. બચપનના જમાનામાંજ વાલિદે મોહતરમનો સાયો ઉઠી ગયો. શરૂઆતની તાલીમ ઘર પર અને મકામી મદ્રસાથી હાસિલ કરી, આલા તાલીમ બગદાદના મશ્હૂર મદ્રસા મદ્રસએ નિઝામિયામાં હાસિલ કરી, જ્યાં અલ્લામા અબુલ ફરજ અબ્દુર્રહમાન ઈબ્ને જૌઝી જેવા આલિમો ફાઝિલ અને પરહેઝગાર ઉસ્તાદની ખાસ તવજ્જોહ પામ્યા.

તાલીમથી ફરાગત મેળવ્યા પછી થોડો સમય એજ મદ્રસએ નિઝામીયાંમાં ઉસ્તાદ રહ્યા. ત્યાર પછી વતનથી નિકળી સૈરો સિયાહત (સફર-મુસાફરી)માં મસરૂફ રહ્યા અને બગદાદ, શામ (સીરીયા) અને હરમે મોહતરમ થી લઈને આફ્રીકા સુધીની સફર કરી. અનેક વખત હજ્જે બૈતુલ્લાહની હાઝિરી નસીબ થઈ એક રિવાયત મુજબ હિન્દુસ્તાન પણ આવ્યા આપની હિન્દની સફરનો ઉલ્લેખ ખુદ આપે આપની આ કિતાબમાં કર્યો છે.

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہِનો ઈન્તેકાલ ઈસ્વીસન 1291 યા 1292 માં થયો, આપનો મઝારે પુર અન્વાર શીરાઝમાં છે.

શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہِ એ પોતાની ઉમરનો મોટો હિસ્સો સફરમાં ગુઝાર્યો અને આ આપનો બહુજ મોટો મુજાહિદો હતો. તેઓ શહેર શહેર જંગલ, રણ, આબાદી, વીરાની, ઈસ્લામિસ્તાન,

કુર્દિસ્તાનમાં સફર કરતા રહ્યા અને પોતાના નફસની ઈસ્લાહ અને લોકોની ઈસ્લાહ માટે સફર કરતા જ રહ્યા ક્યારેક આલિમોની મજલિસમાં, ક્યારેક બાદશાહોના દરબારમાં, ક્યારે દુશ્મનોના ઘેરાવમાં રહ્યા, ક્યારેક થોડો સમય ગુલામ બનીને રહ્યા, કયારેક લોકોને પાણી પીવડાવીને રોઝી કમાઈ.

છેલ્લી ઉમરમાં શીરાઝ પાછા આવ્યા તે સમયે ઈરાન (એ સમયનું ફારસ) પર અબૂ બક્ર બિન સઅદ જંગીની હુકૂમત હતી. આ બાદશાહ શૈખ સાદી પર બહુજ મહેરબાન હતો જેથી આપે પોતાના આ મુરબ્બીના નામ પર પોતાનુ તખલ્લુસ (ઉપનામ) સાદી રાખ્યું અને એકાંત વાસમાં બેસી અને ગુલ્સિતાં-બોસ્તાં જેવી કિતાબો લખી. બન્ને કિતાબોની ગણત્રી દુનિયામાં બહેતરીન નસીહતોંની કિતાબોમાં થાય છે અને લગભગ દુનિયાની તમામ ભાષાઓમાં આ કિતાબોનો તર્જુમો થયો.

શૈખ સાદીનું કહેવુ છે કે આ કિતાબો તેઓએ માત્ર પોતાનો શૌખ પુરો કરવા માટે અથવા પોતાની કાબિલિયતને જાહેર કરવા માટે નથી લખી, બલ્કે લોકોની ઈસ્લાહ, રહનુમાઈ અને ભલાઈ માટે લખી અને આજે પણ આટલી સદીઓ વીતી જવા પછી પણ આ કિતાબો લોકોને બુલંદ અખ્લાક અને ઇસ્લામી આદાબનો સબક આપી રહી છે. આ કિતાબો ઈસ્વીસન 1257 અને 1258માં ફારસીમાં લખવામાં આવી અને તેના અનેક ભાષાઓમાં અને ઉર્દૂમાં પણ તર્જુમા થયા. અસલ ઉર્દૂ પરથી ગુજરાતી લીપિયાંતરમાં ગુજરાતમાં પહેલો તર્જમો 1990માં બઝમે રુકનુદ્દીન નક્શબંદી મુજદ્દીદી તરફથી હાજી ઉસ્માનભાઈ નક્શબંદી સાહેબે કરાવી પ્રસિધ્ધ કર્યો અને ત્યાર પછી ગુજરાતી તર્જમો કરવાની સઆદત મોહદ્દિસે આઝમ મિશનને મયસ્સર આવી અને એજ ઉદ્દેશય અને હેતુ કે અખ્લાકી ગીરાવટના આ દૌરમાં કૌમની રહનુમાઈ થાય અને નવી પેઢીને આપણા પુર્વજોના તૌર તરીકા એમના બુલંદ અને

આલા અખ્લાકનો પરીચય થાય એ નિય્યતથી આ કિતાબનું પ્રકાશન કરવું તેમ નક્કી થયું.

જેમણે પણ ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કર્યો તેઓ જાણે છે કે પહેલી સદી હિજરીમાં મુસલમાનોએ ઈસ્લામના દરેક ઉસૂલ અને સિધ્ધાંત પર અમલ કરીને ઈઝ્ઝત અને સરબુલંદી હાસિલ કરી. આગળ જતા તેમની ઔલાદોએ અખ્લાકી ગીરાવટ (પડતી) અપનાવી લીધી અને ખિલાફતની જગ્યાએ બાદશાહત આવી અને **દુનિયાથી નફરતના બદલે દુનિયાની મહોબ્બતે કૌમને ઘેરી લીધી અને પરીણામ સ્વરૂપ (આના નતીજામાં) કાફિર કૌમો સરસાઈ મેળવી ગઈ. ઝાલિમ હાકિમો આપણા પર સવાર થયા** આવા સંજોગોમાં માત્ર સૂફી હઝરાત અને ઔલિયાએ કિરામ અંધારામાં ઉજાસ (નૂર) ફેલાવતા રહ્યા.

જરૂરત હતી કે મુસલમાન જે બુરાઈઓમાં ફસાયેલા છે તેમાંથી તેમને નિકાળવામાં આવે અને કૌમને પોતાનો રોશન ભુતકાળ યાદ અપાવવામાં આવે, અને નેકીની દાવત આમ કરવાનો અને બુરાઈથી રોકવાનો જઝબો ફરી પૈદા કરવામાં આવે જ્યારે મુસલમાન પુરે પુરી દુનિયાદાર કૌમ બની ચુકી તો મૌલાના જલાલુદ્દીન રૂમી, હઝરતે શૈખ સાદી શીરાઝી, અલ્લામા ડોક્ટર ઈક્બાલ વિગૈરે જેવાઓએ કલમના ઝરીએ આ મહાન કામને અંજામ આપ્યું. ગુલિસ્તાં-બોસ્તાં એ આજ ઈસ્લામની સાહિત્યની એક મઝબુત કડી છે જે કૌમના હાથમાં ગુજરાતીમાં રજુ કરતા ઘણીજ ખુશી મહેસૂસ થઈ રહી છે. આ કિતાબ જેનો તર્જુમો આપના હાથમાં છે તે અસલ ફારસી કિતાબ અથવા ઉર્દૂ તર્જુમાનો પુરે પુરો તર્જુમો નથી પરંતુ તમામ હિકાયતોમાંથી અમુક હિકાયાત ચુંટી લીધી છે અને અસલ હિકાયતને તેમાંથી વિષયની છણાવટ કરીને અમારા પોતાના અંદાજમાં ટુંકાવીને રજુ કરી છે.

અને હિકાયતના અંતમાં એ કોશિશ કરવામાં આવી કે એના ખુલાસામાં એ કે આ હિકાયતથી લેખક મહાશયનો શું હેતુ

છે. આમાં કઈ નસીહત છે અને આનો શો નતીજો નિકળે છે અને કુરઆનો હદીસ આ વિષયમાં શું કહે છે ? હિકાયતના ખાત્મા પર ખુલાસામાં આ વિષયની છણાવટ કરવામાં આવી છે.

અલ્લાહ عَزَّوَجَلَّ પોતાના ખાસ ફઝ્લથી નબિયે કરીમના સદકામાં અને ગૌસો ખ્વાજાના તુફૈલ આ તર્જમાને મકબુલિયતનો શરફ અતા ફરમાવે.

કરોડો અબજો દુરૂદ તાજદારે રિસાલત મહેબૂબે રબ્બુલ આલમીન કરીમ ઇબ્ને કરીમ રસૂલ પર કે જેની રહમતના સદકે ઈમાનની દૌલત નસીબ થઈ. અલ્લાહ તઆલા કૌમને જહાલતના અંધારામાંથી દૂર કરી કુરઆને કરીમની રોશનીમાં બુઝુર્ગાને દીનના તરીકા પર ઝિન્દગી બસર કરવાની તૌફીક આપે.

**નાચીઝ**
ખાકપાએ અશરફી
હાજી ઇબ્રાહીમભાઈ વડીયાવાલા
સદર મિશન સેન્ટ્રલ કમિટી અહમદાબાદ

## ﴾1﴿ ખલ્કે ખુદાની ભલાઈનો જઝ્બો

એક બાદશાહની અદાલતમાં એક ગુનેહગારને રજૂ કરવામાં આવ્યો. પુરો મુકદ્દમો સાંભળ્યા પછી બાદશાહે તેને સજાએ મૌત યાની કત્લ કરવાનો હુક્મ આપી દીધો.

જલ્લાદ તેને કત્લ કરવા માટે જ્યારે લઈ ચાલ્યો તો તે ગુનેહગારે બાદશાહને બુરૂભલૂ કહેવાનું શરૂ કર્યુ.

કોઈના પણ માટે મોટામાં મોટી સજા મૌતની હોઈ શકે છે. અને જેવુ કે આ ગુનેહગારને મૌતની સજા સંભળાવાઈ ચુકી હતી માટે તેના દિલમાંથી બાદશાહનો અને કોઈ પણ પ્રકારનો ડર નિકળી ગયો હતો અને હવે તેને એ ડર ન હતો કે બાદશાહ હવે મને આનાથી મોટી કોઈ સજા કરી શકે તેમ નથી, એટલા માટે તે જે મોંમા આવે તે બકવા લાગ્યો.

બાદશાહે જોયુ કે કૈદી કંઈક કહી રહ્યો છે તેથી તેણે પોતાના વઝીરથી પુછયું.

આ શું કહી રહ્યો છે ?

બાદશાહનો વઝીર ખુબજ નેક અને રહેમ દિલ હતો તેણે વિચાર્યુ કે અગર સાચી વાત કહી દેવામાં આવશે તો બાદશાહ ગુસ્સાનો માર્યો દીવાનો થઈ જશે અને શકય છે કે કૈદીને કત્લ કરવાના પહેલા સખ્ત અઝાબ કરે (મોટી તક્લીફ આપે) માટે તેણે જવાબ દીધો.

હુઝૂર ! આ કૈદી કહી રહ્યો છે કે અલ્લાહ પાક એવા લોકોને પસંદ કરે છે જેઓ ગુસ્સાને કન્ટ્રોલ કરે છે અને લોકોની સાથે ભલાઈ કરે છે.

વઝીરની આ વાત સાંભળીને બાદશાહ હસ્યો (મુસ્કુરાયો) અને તેણે ગુલામને આઝાદ કરવાનો હુક્મ કર્યો.

બાદશાહનો બીજો વઝીર તંગદિલ હતો અને તે પહેલા વઝીરની ઈર્ષા (હસદ) પણ કરતો હતો, એટલે તેણે બાદશાહની

ચાપલુસી કરતા કહ્યુ : "આ વાત યોગ્ય નથી કે બાદશાહનો કોઈ વઝીર બાદશાહની સામે ઝૂઠ કહે અને બાદશાહને અંધારામાં રાખે અને સત્ય છુપાવે. સચ્ચાઈ તો એ છે કે કૈદી ગુસ્સાને કાબુમાં રાખવાની અને ભલાઈથી પેશ આવવાની વાત નથી કરી રહ્યો બલ્કે હુઝૂરની શાનમાં ગુસ્તાખી કરી રહ્યો છે."

બીજા વઝીરની વાત સાંભળીને તે નેક દિલ બાદશાહે કહ્યું : "અય વઝીર ! તારૂ આ સચ-સત્ય જેની બુનિયાદ ઈર્ષા અને કીના પર છે. તેના કરતા તારા ભાઈનું એ ઝૂઠ બહેતર છે જેની બુનિયાદ ખૈર ખ્વાહી છે અને જેનાથી એક ઈન્સાનની જાન બચી રહી છે.

બાદશાહની આ વાત સાંભળીને હાસિદ વઝીર શર્માયો, બાદશાહે કૈદીને આઝાદ કરવાનો ફૈસલો કાયમ રાખ્યો અને પોતાના વઝીરોને નસીહત આપી કે બાદશાહ હમેશા પોતાના વઝીરોની સલાહ પર અમલ કરતા હોય છે એટલા માટે વઝીરોની એ ફરજ છે કે તે કદી કોઈ એવી વાત ન કરે જેમાં ભલાઈ ન હોય, આખરે બાદશાહે કહ્યું.

આ દુનિયા ખાક (માટી) અને તેની ઝિન્દગી અંતે ખતમ થઈ જનાર છે. બાદશાહ હોય કે ફકીર બધાએ આખરે મરવાનું જ છે એ વાતથી કંઈ ફરક નથી પડતો કે મૌત તખ્ત પર આવે કે ખાક પર.

**ફાયદો :** શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની આ હિકાયત પર ગૌર કરવાથી એ જાણવા મળ્યુ કે ખલ્કે ખુદાની ભલાઈનો જઝ્બો ઈન્સાનના તમામ જઝ્બા ઉપર ગાલિબ રહેવો જોઈયે, અને જ્યારે નેક મક્સદ હોય તો મસ્લેહત મુજબ અમલ કરવામાં કંઈ બુરૂ નથી. જેવુકે રસૂલે મકબૂલ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَاٰلِہٖ وَسَلَّم ફરમાવે છે કે **"તમામ મખ્લૂક અલ્લાહની અયાલ છે અને અલ્લાહ એ બંદા ને પસંદ કરે છે જે તેની મખ્લૂકને ફાયદો પહોંચાડે"** અને ફરી ફરમાવે છે કે **બહેતર ઈન્સાન એ છે જે લોકોને નફો પહોંચાડે.**

આનો અર્થ ખરેખર એ નથી કે થોડા દુનિયવી ફાયદા માટે અથવા પોતાની નફસાનિયત માટે ઝૂઠ બોલીએ અથવા ઝૂઠને જાઈઝ

સમજીએ. ઝૂઠ બહુજ ખરાબ અને અલ્લાહને નાપસંદ ચીઝ છે. અહીં અલ્લાહના એક બંદાની જાન બચતી હતી તો ઉચ્ચ અને ભલાઈના જઝ્બા સાથે નેક નિય્યતથી કહેવાયું. જેવું કે હઝરતે યુસૂફ عَلَيْهِ السَّلَام નું પોતાના ભાઈ બિન્યામીનને રોકી લેવા માટે કહેવાયું અને તદબીરથી કામ લેવાયુ.

## ﴾2﴿ બાદશાહનું સ્વપ્ન (ખ્વાબ)

ખુરાસાનના એક બાદશાહે સુલ્તાન મહેમૂદને સ્વપ્નમાં જોયા કે તે કબરમાં પડેલ છે અને તેનું પુરૂં શરીર માટી થઈ ગયું છે. સિવાય આંખોં અને એ આંખો જાણેકે જીવતા ઈન્સાનની જેમ ચારે તરફ જોઈ રહી છે.

આ અજબ ગજબનું સ્વપ્ન જોઈને બાદશાહની આંખ ખુલી તો તેણે પોતાના અમીરો, વઝીરોથી આ સ્વપ્નની તાબીર પૂછી પરંતુ કોઈ જવાબ ન આપી શકયા. ત્યાર પછી એક દરવેશ બાદશાહના દરબારમાં આવ્યા અને તેમણે કહ્યું.

આ સ્વપ્નની તાબીર એ છે કે સુલ્તાન મહેમૂદ આ હકીકતને હૈરત થી જોઈ રહ્યા છે કે જે સલ્તનત તેણે આટલી બધી ભાગદૌડ અને મહેનત થી હાસિલ કરી હતી, તેના પર અત્યારે પારકા (ગૈરો) નો કબ્ઝો છે.

**ફાયદો :**

***લાયા થા ક્યા સિકન્દર દુનિયા સે લે ગયા ક્યા***
***યેહ દોનોં હાથ ખાલી બાહર કફન સે નિકલે !***

સરકાર صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ફરમાવે છે કે તમે જે કમાઓ છો તે બીજા ખાશે અને હિસાબ અને અઝાબ તમને થશે.

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં દુનિયવી દૌલત અને શાનો શૌકત થી મહોબ્બત કરવાવાળાઓને તેના અંજામ થી ખબરદાર કર્યા છે. ઈન્સાન ગમે તેટલો મહાન (મોટો) કેમ ન બની જાય અને ગમે તેટલી તાકત ભેગી કરીલે પરંતુ એક નહીંને

એક દિવસે મૌત તેને કબરના અંધકારમાં ઉતારી દે છે.. હાં ! અલબત્તા અગર તેણે નેક કામ કર્યા હોય અને તે મોમિન હોય તો કબર તેના માટે જન્નતનો બાગ છે જે સદા બહાર છે અને અગર કુફ્ર પર છે તો કબર તેના માટે આગ છે.

**અલ્લાહ પાક દુનિયાની મહોબ્બત કરવાથી બચાવે.**

## ﴾3﴿ અસ્લી જૌહર

એક બાદશાહના અનેક દીકરાઓ હતા. જેમાં એક ઠીંગણા કદનો અને મામૂલી ચેહરા તથા દેખાવવાળો હતો. આ કારણ સર તેના બાપની એટલી તવજ્જોહ (ધ્યાન) અને મહોબ્બત તેના પર ન હતી જેટલી બીજા દીકરાઓ પર હતી.

એક દિવસ બાદશાહે પોતાના એ ઠીંગણા દીકરા તરફ તુચ્છકારની નઝરથી જોયુ તો એ દીકરાનું દિલ દુખી અને બેકરાર થઈ ગયુ અને તેણે પોતાના બાપથી કહ્યું.

“હું માનું છુ કે ઈન્સાનનો ચેહરો મહોરો અને જિસ્માની કદ પણ તવજ્જોહને કાબિલ છે પરંતુ ઈન્સાનિયતની અસ્લી કદ્રો કીમત તેની ઝાતી ખૂબીયોથી છે.” અય મારા મોહતરમ બાપ ! મને હકીર સમજીને નઝર અંદાજ ન કરો. પરંતુ મારી એ ખૂબીઓ પર પણ નઝર નાખો જે ખુદાએ તઆલાએ મને અર્પણ કરી છે. બેશક ! હું મારા ભાઈઓના મુકાબલામાં નાના કદનો છું પરંતુ ખુદા તઆલા એ પોતાના ફઝ્લથી મારામાં બહાદુરીનું જૌહર અતા કર્યું છે અગર કોઈ દુશ્મન મુકાબલામાં આવી જાય તો તેના પર સિંહની જેમ તુટી પડુ છુ અને ત્યાં સુધી મૈદાન નથી છોડતો કે જ્યાં સુધી દુશ્મનને બિલ્કુલ ખતમ ન કરી દઉ”

બાદશાહે જ્યારે પોતાના દીકરાની આ વાત સાંભળી તો તે એવી રીતે હસી પડયો જેમ કોઈ અકલમંદ કોઈ નાદાનની વાત સાંભળીને હસે અને તેના ભાઈઓએ તો તેની ખુલ્લે આમ મઝાક ઉડાવી.

વાત ભુલાઈ ગઈ અને તે શાહઝાદો પહેલાની જેમજ ઝિન્દગીના દિવસો પસાર કરતો રહ્યો. પછી અલ્લાહ પાકનું કરવું બન્યુ એમ કે પડોસી મુલ્કના તાકતવર બાદશાહે આ બાદશાહ પર હુમલો કરી દીધો. ઐશો આરામમાં ઝિન્દગી વીતાવવાવાળા શાહઝાદાઓ તો પોતાનો જીવ બચાવવાની ફિક્રમાં પડી ગયા. પરંતુ નાની હાઈટવાળો (ઠીંગણો) શાહઝાદો પોતાના ઘોડા પર સવાર થઈને લશ્કરમાં શામિલ થઈ ગયો અને દુશ્મનના કેટલાએ સૈનીકોને ખુન માટીમાં મેળવી દીધા.

બાદશાહે જ્યારે તેની બહાદુરી વિષે જાણ્યું તો તેનામાં પણ હિમ્મત આવી ગઈ અને તે પણ મુકાબલા માટે નિકળ્યો.

હુમલો કરનાર દુશ્મન લશ્કરના સૈન્યની સંખ્યા ઘણી મોટી હતી. ભયંકર યુધ્ધ થયું અને દુશ્મન સૈન્યનો દબાવ વધી જવાથી સિપાઈયો પીઠ દેખાડીને ભાગવા લાગ્યા ઠીંગણા શાહઝાદાએ આ હાલત જોઈ તો ઘોડો દૌડાવીને આગળ આવ્યો અને ભાગવાવાળા સૈનીકોને આર અપાવી અને જોરથી બોલ્યો.

બહાદુરો ! હિમ્મતથી કામ લો, દુશ્મનને ખતમ કરી નાખો મૈદાને જંગ માંથી ભાગનાર મર્દ કહેવાના હકદાર નથી. તેમણે તો સ્ત્રીઓના કપડા પહેરી ઘરમાં બેસી રહેવું જોઈએ.

શાહઝાદાની તકરીર સાંભળીને ભાગવાવાળા સૈનીકોને શરમ આવી તેઓ પાછા ફર્યા અને તેમણે દુશ્મન લશ્કર પર એટલા જોરથી હુમલો કર્યો કે લડાઈના મૈદાનમાંથી તેમના કદમ ઉખડી ગયા અને તેઓ ભાગી ગયા.

બાદશાહ પોતાના દીકરાની બહાદુરી જોઈ બહુજ ખુશ થયો. તેણે તેની બહુજ તારીફ અને ઐલાન કરી દીધું કે મારા પછી મારો આ દીકરો સલ્તનતનો હાકીમ બનશે.

શાહઝાદાના ભાવી બાદશાહ બનવાના ઐલાનની બધાને ખુશી થઈ પરંતુ તેના ભાઈઓ ઈર્ષાની આગમાં બળવા લાગ્યા અને તેમણે તેને મારી નાખવાનો ઈરાદો કર્યો.

આ ફૈસલો કર્યા પછી તેઓએ બહાદુર શાહઝાદા ની દાવત કરી અને ખાવામાં ઝહેર મેળવી દીધું. આ વાત ગમે તે રીતે શાહઝાદીને ખબર પડી ગઈ અને જ્યારે શાહઝાદો જમવા બેઠો તો શાહઝાદીએ જોરથી બારી બંધ કરી. ઈશારો કર્યો કે આ ખાવાનું ન ખાઈશ. શાહઝાદએ સમજીને હાથ રોકી લીધો. અને પોતાના ઈર્ષાળુ ભાઈઓથી કહ્યું.

“મને આ ઈઝ્ઝત મારી ખૂબીઓના કારણે મળી છે અને અગર હું મરી પણ જઉં તો પણ તમે મારી જગ્યા કદી નહીં લઈ શકો. કારણ કે તમારી અંદર કોઈ ખૂબી અથવા ભલાઈ નથી. અગર હુમા (એક પક્ષી) મરી જાય તો પણ કોઈ ઉલ્લુ (ધુવડ)ના સાયાને પસંદ નહીં કરે.

બાદશાહને જ્યારે આ વાતની ખબર પડી તો તેણે ઈર્ષાળુ શાહઝાદાઓને બહુજ બુરૂ ભલુ કહ્યું અને આ ઝગડા ફસાદને ખતમ કરવા માટે રાજ્યને અલગ અલગ ટુકડાઓમા વહેંચીને બધાજ શાહઝાદાઓને એક એક હિસ્સાના માલિક બનાવી દીધા. બહાદુર શાહઝાદાએ આ ફૈસલાને પણ ખુશી ખુશી સ્વીકારી લીધો.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه એ સાચી સફળતા અને ખુશી હાસિલ કરવા માટેની બે જરૂરી ચાવીઓ બતાવી (1) એ કે ઇન્સાનની કામિયાબી અને કામરાની ખુદ ઇન્સાનનાં સારા ગુણો ખૂબીઓથી હાસિલ થાય છે. અને (2) સાચી રાહત અને રૂહાની ખુશી એ સમયે મળે છે જ્યારે ઇન્સાન પોતાના હકની હિફાઝત કરવાની સાથે સાથે બીજાઓના હકનો પણ ખયાલ રાખે અને પોતાના દિલને લાલચથી પાક રાખે. (૩) હાસિદીન દરેક ઝમાનામાં હોય છે માટે હસદ કરવાવાળાથી અલ્લાહની પનાહ માંગતો રહે.

હુઝૂર નબિયે કરીમ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ફરમાવે છે કે તમે મોમિન નથી થઈ શકતા જ્યાં સુધી તમે બીજા મુસલમાન ભાઈ માટે એ ચીઝ ન પસંદ કરો જે તમે ખુદ પોતાના માટે કરો છો. આ સિફત દરવેશોમાંજ જોવા મળે છે.

## ﴾4﴿ નાની ઉમરનો ડાકૂ

અરબસ્તાનના કોઈ એક પહાડ પર ડાકૂઓએ પોતાનું રહેઠાણ અને અડ્ડો બનાવી લીધો હતો. તેઓ ત્યાં છુપાઈને રહેતા અને જ્યારે કોઈ કાફલો ત્યાંથી પસાર થતો તો પહાડથી નીચે આવી અને તેને લૂટી લેતા લોકો તેમના કારણે બહુજ પરેશાન હતા.

ડાકૂઓનો આ અડ્ડો એવી જગ્યાએ હતો કે તેમને પકડવાની તમામ કોશિશો નિષ્ફળ જતી.

જ્યારે તેમનો ઝુલ્મ બહુજ વધી ગયો તો બાદશાહે એક હોંશિયાર જાસૂસને તેમને પકડવાની જવાબદારી સોંપી. આ જાસૂસ એક જગ્યાએ છુપાઈ ગયો અને જ્યારે ડાકૂઓ લૂટમાર કરવા માટે ગયા તો તેણે લશ્કરને ખબર પહોંચાડી, લશ્કરના સિપાઈઓ પહાડની ટોચ ઉપર પહોંચી છુપાઈ ગયા.

ડાકૂ લૂટમાર કરીને પાછા આવ્યા તો થાકેલા હતા એટલે તેઓ ગાઢ નિંદ્રામાં સુઈ ગયા. તો લશ્કરના જવાનો અચાનક તેમના ઉપર ટૂટી પડયા અને તેઓને દૌરડાથી બાંધીને બાદશાહના દરબારમાં રજુ કર્યા. બાદશાહે તુરંતજ બધાને મારી નાખવાનો હુક્મ કર્યો.

એ ડાકૂઓમાં એક નાની ઉમરનો યુવાન પણ હતો જેની શકલ-સૂરત એકદમ ભોલી ભાલી હતી. બાદશાહના એક વઝીરને આ માસૂમ દેખાતા યુવાન પર રહેમ આવી ગયો અને તેણે બાદશાહને ભલામણ કરી કે હુઝૂર આ નવયુવાન પર રહેમ કરે અને તેની જાન બક્ષી દે હજી તો તેણે ઝિન્દગીની થોડી રંગીની જોઈ છે અગર એની તાલીમ અને તરબિયતની થોડી વ્યવસ્થા કરવામાં આવે તો શક્ય છે કે તે એક સારો ઈન્સાન બની જાય.

બાદશાહને વઝીરની આ વાત પસંદ ન પડી તેણે કહ્યું તાલીમ અને તરબિયતથી ઈન્સાનની ફિતરત નથી બદલાતી એ યુવાન ડાકૂઓના ખતરનાક ટોળામાં ભેગો હતો માટે જરૂરી છે કે

તેને પણ મારી નાખવામા આવે આ કોઈ અક્લમંદી નથી કે આગ ઓલવીએ અને અંગારાઓ છોડી દઈએ અથવા સાપને મારો અને સાપોલિયા છોડી દો.

વઝીરે બાદશાહની આ વાતને માનતા કહ્યું : “બેશક ! હુઝૂરે સાચુજ કહ્યુ આ નવયુવાનની આદતો હકીકતમાં ખરાબ છે પરંતુ આ ખરાબ આદતો તેણે ખરાબ લોકોમાં રહીને સીખી છે, હવે તે સારા લોકોમાં રહેશે તો સારો બની જશે.”

બાદશાહ વઝીરની આ વાત સાંભળીને ચુપ રહ્યો અને વઝીરે તે ડાકૂ નવયુવાનને આઝાદ કરીને તેની તાલીમ અને તરબિયતનો બહેતરીન ઈન્તેઝામ કર્યો.

તે નવયુવાન થોડો સમય તો ઠીક રહ્યો અને પછી તે આવારા અને બદમાશ લોકોમાં બેસવા લાગ્યો અને એક દિવસ તે નેક દિલ વઝીર અને તેના દીકરાનુ ખૂન કરી અને તેના ઘરનો માલ-સામાન લૂટીને ભાગી ગયો અને એજ પહાડની ટોચ ઉપર પોતાનો અડ્ડો બનાવી લીધો જેના પર તેના સાથીઓએ કબ્ઝો કરેલ હતો.

બાદશાહને આ બનાવની ખબર પડી તો તેને બહુજ દુખ થયુ અને કહ્યુ.

જે બદ અસ્લ છે તેને બહેતરીન તાલીમ અને તરબિયત થી પણ સુધારી નથી શકાતો સારામાં સારો કારીગર પણ ખરાબ લોખંડમાંથી ઉમદા તલવાર નથી બનાવી શકતો.

**ફાયદો :** હઝરત શૈખ શાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં એ હકીકતની તરફ ઈશારો કર્યો છે કે જે બુરા છે તેનાથી ભલાઈની ઉમ્મીદ રાખવી તે મુર્ખાઈ છે. સોહબત જરૂર રંગ લાવેજ છે. આ યુવાન ડાકૂઓની સોહબતમાં રહીને રંગાઈ ગયો હતો. જેવી રીતે સારાઓની સોહબત અસર કરે છે તેવી રીતે બુરી સોહબત પણ અસર કરેજ છે જ્યારે ગુનોહ સાબિત થઈ જાય તો સજા કરવી જરૂરી છે જ્યારે આવાઓને છોડી દેવામા આવે છે તો તેઓ બીજા

નિર્દોષ લોકોને તક્લીફ આપે જ છે અને જેવી રીતે કુતરાની પુંછડીને સો વરસ ઝમીનમાં દબાવો તો પણ વાંકીજ રહે છે તેમ તેઓ બુરાજ રહે છે.

એટલા માટેજ ઈસ્લામમાં કિસાસનો હુક્મ છે ગુનેહગારને સજા કરો. કારણ કે **ગુનેહગારને આઝાદ છોડવા એ બેગુનાહ પર ઝુલ્મ છે**, કાતિલ ખૂન કરનારને સજા નહીં મળે તો એ બીજુ ખૂન કરશે ભય નિકળી જશે તો ગુનાહથી નહીં અટકે.

## ﴾5﴿ કોટવાલનો દીકરો અને હસદ

બાદશાહ અલ્તમશે એકવાર કોટવાલના દીકરાને જોયો તો ખયાલ આવ્યો કે આ પણ પોતાના બાપની જેમજ બહાદુર અને વફાદાર જ હશે. આ કારણ સર તેને તેણે પોતાના પસંદગીપાત્ર લોકોમાં શામિલ કરી લીધો.

એ નેક દિલ નવયુવાન ખરેખર એવોજ સાબિત થયો. જેવો બાદશાહે તેને સમજયો હતો. વફાદારી, ઈમાનદારી અમાનતદારી અને શરાફતમાં તે "પોતાની મિસાલ પોતેજ" હતો. મતલબ કે બે મિસાલ સાબિત થયો. જે કામ પણ તેને સોંપવામાં આવતુ તેને એ ખૂબી પુર્વક અંજામ આપતો.

તેની યોગ્યતા અને શરાફતના કારણે બાદશાહની નઝરમાં તેનું માન વધી ગયુ. પરંતુ બીજી તરફ હાસિદો (ઈર્ષા કરનાર)ની પરેશાનિયો અને દુખમાં પણ વધારો થતો ગયો અંતે બધાએ મળીને સલાહ મશ્વરા (મિટીંગ) કરીને તેની ઉપર ખોટો આરોપ લગાડયો અને બધાએ મળીને બાદશાહ પાસે રજુઆત કરી કે હુઝૂર બાદશાહ સલામત જે ઈન્સાન પર વિશ્વાસ કરો છો તે હદથી વધારે ખરાબ અને બદ અખ્લાક છે જેવુકે હસદ (ઈર્ષા) કરનારાઓએ આ સાઝિશ (કાવત્રુ-પ્રોપેગન્ડા) એટલી બધી ચાલાકી સાથે તૈયાર કર્યું હતુ કે તેમને યકીન હતુ કે બાદશાહ જરૂર તેણે કત્લ કરાવી દેશે.

પરંતુ અકલમંદ બાદશાહ સમજી ગયો કે ગુનોહ આ નવયુવાનનો નથી પરંતુ આ હસદ કરવાવાળાનો જ છે. માટે તેણે

યુવાનને બોલાવ્યો અને પુછયું કે શું કારણ છે કે લોકો તારા બારામાં આવી ખરાબ વાતો પહોંચાડે છે?

યુવાને જવાબ દીધો કે આનું કારણ બીજુ કંઈજ નથી સિવાય એના કે હુઝૂર આ ખાકસાર પર મહેરબાન છે અને નવાઝીશો કરી રહ્યા છો આ કારણ સરજ તેઓ મારાથી ઈર્ષા કરી રહ્યા છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه ની આ હિકાયતથી ઘણા સબક હાસિલ થયા. જેવુ કે

(1) આ હિકાયતનો એક સબક તો એ છે કે ઇન્સાનમાં અગર કોઈ ખૂબી છે તો તેની કદરદાની કરવામાં આવે છે. અને અગર કોઈ કામ ઈન્સાન ખૂબી પુર્વક અંજામ આપે તો તેનો અજ્ર બરબાદ નથી થતો જેવુકે

અલ્લાહ પાક મોમિનોના અમલનો અજ્ર બેકાર નથી કરતો તેવીજ રીતે દુનિયામાં પણ તેને નવાઝવામાં આવે જ છે.

(2) ખુશ કિસ્મતીથી અગર કોઈને નેઅમત મળી જાય તો ઈર્ષા કરનાર લોકો તેનાથી ઈર્ષા કરે છે અને તેને નુકસાન પહોંચાડવાની પૂરી કોશિશ કરે છે. માટે માણસે આવા લોકો થી સાવચેત રહેવુ જાઈએ.

(3) કોઈના વિશે એમ કહેવામાં આવે કે તેણે આ ગુનોહ કે ભૂલ કરી છે તો આવા ચુગલ ખોરોની વાત તુરંતજ માની લેવામા ન આવે પરંતુ સચ્ચાઈ જાણવાની કોશિશ કરવામાં આવે અને જ્યાં સુધી બન્ને પક્ષને સાંભળવામાં ન આવે ત્યાં સુધી કોઈ નિર્ણય લેવામાં ન આવે જેવુ બાદશાહે કર્યું.

અલ્લાહ તઆલા સૂરએ હુજુરાતમાં ફરમાવે છે કે અગર કોઈ ફાસિક તમારા પાસે કોઈ ખબર લાવે તો હરગિઝ ન માનો ત્યાં સુધી કે તમે તહેકીક કરી લો.

(4) કોટવાલના દીકરા અને કાબિલ નવયુવાનના જવાબ પર વિચાર કરવાથી જાણવા મળ્યુ કે તેણે પોતાની આવડત હોંશિયારી કે યોગ્યતાનો ઝિક્ર ન કર્યો, પરંતુ બાદશાહની અતા અને

નવાઝિશોનો ઝિક્ર કર્યો તેવી રીતે જ બંદો હમેશા કદી પણ પોતાના વખાણ (યાની તારીફ) ન કરે પરંતુ પોતાના રબ હકીકી બાદશાહ અલ્લાહ તઆલાની હમ્દો સના કરે. કારણ કે **અલ્લાહની બારગાહમાં પણ બંદાની ખુદ પસંદી ઐબ છે** તો કદી પણ **"અપને મુંહ મિયાં મીઠ્ઠુ"** ન બનો. **અલ્લાહ પાક સમજ અતા ફરમાવે.**

## ﴾6﴿ બેવુકૂફ બાદશાહ

એક બાદશાહ પ્રજાનો ખયાલ નહતો રાખતો એ અન્યાયી અને ઝાલિમ હતો. પરિણામ સ્વરૂપ લોકો તેના મુલ્કમાંથી ઘરબાર છોડી બીજા રાજ્યોમાં વસવાટ કરવા જઈ રહ્યા હતા. જેવી રીતે આજે લોકો વિદેશમાં સેટલ થાય છે.

એક દિવસ એ અક્કલ વગરનો ઝાલિમ બાદશાહ પોતાના પ્રધાનો અને વઝીરોની સાથે દરબારમાં બેઠો હતા અને મશ્હૂર શાયર ફિરદૌસીની મશ્હૂર નઝમ "શાહનામા" સાંભળી રહ્યો હતો.

એ નઝમમાં બાદશાહ ઝહ્હાક અને ફરીદુંનો ઝિક્ર આવ્યો. તો તેણે પોતાના વઝીર થી સવાલ કર્યો કે "આવુ શા માટે થયુ કે ઝહ્હાક જેવો મોટો બાદશાહ પોતાની સલ્તનત ખોઈ બેઠો અને ફરીદું એક મોટો બાદશાહ બની ગયો ?" જ્યારે કે તેની પાસે ન તો મોટુ લશ્કર હતુ અને ન કોઈ ખઝાનો હતો!

તેનો વઝીર બહુજ અકલમંદ હતો તેણે અદબથી જવાબ દીધો કે "હુઝૂરે વાલા ! આનું કારણ એ કે ફરીદું અલ્લાહની મખ્લૂકની ભલાઈ ચાહવાવાળો હતો. જ્યારે કે ઝહ્હાક લોકોના હક અદા કરવાથી બે પરવાહ હતો. પરિણામે લોકો ઝહ્હાકને છોડીને ફરીદુંની તરફ થઈ ગયા. અને એ બાદશાહ બની ગયો જ્યારે કે તેની પાસે ન તો મોટુ લશ્કર હતુ કે ન ખઝાનો (પરંતુ લોકોના દિલ તેની તરફ ઝુકેલા હતા).

ત્યાર પછી વઝીરે બાદશાહને નસીહત કરી કે સલ્તનત કાયમ રાખવા માટે એ જરૂરી છે કે આપ પોતાની આદતો બદલો

અને લોકોને પરેશાન અને ભયભીત કરવાના બદલે તેમની સાથે સદ વર્તન કરો અહેસાન અને ઈન્સાફ કરો તો લોકોના દિલમાં તમારી મહોબ્બત પૈદા થશે અને લશ્કરના સિપાઈઓ તમારા વફાદાર અને લોકો જાંનિસાર બની જશે.

વઝીરે આ વાતો નેક દિલીથી બાદશાહની ભલાઈના માટે કહી હતી પરંતુ બાદશાહ તેનાથી નારાઝ થઈ ગયો અને તેને જેલમાં નખાવી દીધો પરંતુ પોતાની આદતો ન બદલી.

હવે અલ્લાહનું કરવું થયુ એમ કે બાદશાહના જ ભાઈ ભત્રીજાઓમાંથી તેની ખિલાફ બગાવત કરી દીધી લોકો તેમની તરફ થઈ ગયા એટલા માટે કે લોકો તેની બે વુકૂફી તથા ઝુલ્મથી કંટાળી ગયા હતા અંતે તેણે બાદશાહત ગુમાવી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં હુકૂમત કરવાનો એક સોનેરી ઉસૂલ (સિધ્ધાંત) બતાવ્યો કે બાદશાહની અસલ તાકત લોકોની મહોબ્બત છે, ઝુલ્મ નથી.

અલ્લાહની મખ્લૂકની સાથે ખૈર ખ્વાહી અને મહોબ્બત કરનાર હમેશા કામિયાબ થાય છે. જેવુ કે

એક માણસ પોતાની બકરી લઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ રહ્યો હતો. તેના હાથમાં એક રસ્સી હતી. જેનો એક છેડો બકરીના ગળામાં અને બીજો છેડો તેના હાથમાં હતો. રસ્તામાં તેનો એક મિત્ર મળી ગયો. તેણે કહ્યું કે શાયદ આ બકરી તારી સાથે એટલા માટે છે કે તેના ગળામાં રસ્સી છે.

તે બોલ્યો યકીન રાખ અગર હું આ રસ્સી છોડી દઈશ તો પણ આ બકરી મને છોડીને નહીં જાય. કારણ કે તૂ જે જોઈ રહ્યો છે તેના સિવાય પણ એક બીજી રસ્સી છે અને તે એ છે, એના પર મારા અહેસાનની રસ્સી. હું તેને સારો દાણા પાણી (ખોરાક) આપુ છુ અને તેણે તેના દુશ્મન થી બચાવું છુ. (સલામતી)

તો આ એ ઉસૂલ છે જે ઈન્સાનને કામિયાબ બનાવે છે કે તમારા હાથ નીચેના લોકો સાથે હમેશા ભલાઈ કરો તમે દુનિયામાં

પણ કામિયાબ થશો અને અલ્લાહ તઆલા તમને આખિરતમાં પણ કામિયાબ કરશે.

## ﴾7﴿ ડરપોક ગુલામ

એક બાદશાહ હોડીમાં બેસીને દરિયાની સફર કરી રહ્યો હતો. અમુક દરબારી અને થોડા ગુલામ પણ તેની સાથે હતા, તેમાં એક ગુલામ એવો પણ હતો કે જે પહેલી વખત સમુદ્રી સફર કરી રહ્યો હતો. આ કારણ થી એ બહુજ ભયભીત હતો અને ડૂબી જવાના ભયથી રોક્કળ અને હાય વોય કરી રહ્યો હતો.

બાદશાહ પોતાના સેવકના આવા પ્રકારના રોવા ધોવાથી ખૂબજ પરેશાન હતો. ગુલામ ઉપર ન તો સમજાવવાની કંઈ અસર હતી અને ન તો ધાક ધમકીની કંઈ અસર. એક અકલમંદ ઈન્સાન પણ એ હોડીમાં સાથે હતો, તેણે બાદશાહને કહ્યું કે અગર બાદશાહ સલામત ઈજાઝત આપે તો હું આ ગુલામનો ડર દૂર કરી શકુ છુ''

બાદશાહે તુરંત રજા આપી દીધી તેના ઉપર એ અકલમંદ ઈન્સાને બીજા ગુલામોને હુક્મ કર્યો કે આ રડતા માણસને ઉપાડીને દરિયાના પાણીમાં ફેંકી દો.

ગુલામોએ એમજ કર્યું જ્યારે એ ગુલામ ત્રણ ચાર ડૂબકીઓ ખાઈ ચુકયો, તો એ અકલમંદ માણસે ગુલામોને કહ્યું કે ''હવે આને દરિયામાંથી કાઢી હોડીમાં બેસાડી દો. હવે ગુલામોએ તેને પકડી ધસડીને હોડીમાં સવાર કરી લીધો હવે જે ગુલામ થોડી વાર પહેલા રોક્કળ કરતો હતો તે એકદમ શાંત થઈ ગયો સુકૂનો શાંતીથી એક તરફ બેસી ગયો.

બાદશાહે હૈરાન થઈને પુછ્યુ કે : ''આ વાતમાં શુ રાઝ છે ? કે તમે એક ડરપોક માણસને પાણીમાં ફેંકાવી દીધો. અને વધારે નવાઈની વાતતો એ બની કે તે હવે શાંત થઈ ગયો. તો એ અકલમંદ માણસે જવાબ દીધો.''

"હુઝૂરે વાલા ! અસલ વાત એમ છે કે એ ગુલામે દરિયામાં ડૂબકી ખાવાની તક્લીફ કદી ઉપાડી ન હતી. માટે તેના દિલમાં તેને હોડીમાં જે આરામ હતો તેની કદર ન હતી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه આ હિકાયતમાં આપણને એ સબક આપવા માંગે છે કે જે માણસે કદી દુખ કે તક્લીફ જોઈજ નથી તે માણસ રાહત અને નેઅમતની કદર કદી નથી કરી શકતો.

**સફળ ઝિન્દગી એજ વિતાવી શકે છે જે રંજો રાહત બન્નેથી વાકીફ હોય.**

## ﴾8﴿ જે તારાથી ડરે

ઈરાનનો એક બાદશાહ હતો જેનું નામ હતુ હુર્મુઝ જ્યારે તેણે સત્તા સંભાળી તો તેણે પોતાના બાપના જમાનાના અમીરો અને વઝીરોને જેલમાં મોકલી દીધા આ હાલત જોઈને બાદશાહના એક વઝીરે પુછ્યુ કે તમે આવુ શા માટે કર્યુ ? જ્યારે કે તેમનો કોઈ વાંક નથી.

હુર્મુઝે જવાબ દીધો કે : "બેશક ! તેઓ માંથી કોઈએ પણ કોઈ એવુ કામ નથી કર્યુ કે જેને ઝુલ્મ કહેવાય. પરંતુ મને એક વાતનો અહેસાસ થયો કે તેઓ વિના કારણ મારાથી ડરે છે અને જે કંઈ હું કહુ તેના પર પુરૂ યકીન કરતા ન હતા, તેઓની આ હાલતને મેં મારા માટે ખતરનાક સમજી અને મને શક થયો કે ક્યાંક આ લોકો ભેગા થઈને મારૂ ખૂન કરી નાખે (અથવા મારાથી બગાવત કરી બેસે) જેથી મેં તુરંત અકલમંદ લોકોના આ નિયમ પર અમલ કર્યો કે **"જે તારાથી ડરે તૂ પણ એનાથી ડર"** કારણ કે શું ખબર કે પોતાના દિલમાં ઘર કરી ગયેલ ડરના કારણે તેઓ તારી સાથે કેવુ વર્તન કરે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه એ આ હિકાયતમાં રાજકારણનો એક જરૂરી નિયમ બયાન કર્યો કે તમે માત્ર એજ

લોકોને તમારા રાઝદાર અને નજીકના સાથી બનાવો જે તમારાથી મહોબ્બત કરતા હોય.

એમ કદી ન વિચારવુ કે દબાણમાં રહેવાવાળા લોકો ફાયદામંદ સાબિત થશે આવા લોકો ઝૂઠી ખુશામત કરવાવાળા નામ પુરતા ઝાહિદ પરંતુ ખરેખર જાહિલ લોકો મૌકો મળતાજ બેવફા બની જતા હોય છે. અને પોતાના થોડા ફાયદા માટે દુશ્મન બની જતા હોય છે.

## ﴾9﴿ ફતેહની ખુશ ખબર

અરબનો એક બાદશાહ વૃધ્ધ થઈ ગયો અને તેને એ ઉમ્રમાં એક એવી બીમારી લાગુ પડી કે તે પોતાની ઝિન્દગીથી નિરાશ થઈ ગયો અને એવી તમન્ના કરવા લાગ્યો કે જલ્દીથી મૌત આવે અને આ દુનિયાવી તક્લીફોથી જાન છૂટે.

એજ દિવસોમાં લડાઈના મૈદાનથી એક સિપાઈ આવ્યો અને તેણે બાદશાહની ખિદમતમાં હાજર થઈ એ ખુશ ખબર સંભળાવી કે બાદશાહના લશ્કરે ફતેહ મેળવી ફલાણાં ફલાણાં ઈલાકા પર કબ્ઝો કરી લીધો છે અને હવે ત્યાંના લોકો દિલથી હુઝૂરના તાબેદાર બની ગયા છે.

બાદશાહે આ ખુશ ખબરી ઉદાસ થઈને સાંભળી અને એક ઠંડી શ્વાસ લઇને બોલ્યો.

''આ ખુશ ખબર મારા માટે નથી પણ મારા એ દુશ્મનો માટે છે જે મારા મરવાની દુઆઓ માંગી રહ્યા છે અને તે એ રાહ જોઈ રહ્યા છે કે હું મરૂ તો તેમને સત્તા એટલે કે હુકૂમત-બાદશાહત મળે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَیْه એ આ હિકાયતમાં ઈન્સાનને તેની આરઝૂઓ, તમન્નાઓ લાલચો ખ્વાહિશાતના અંજામથી ખબરદાર કર્યો છે કે તૂ કેટલૂ પણ મેળવી લે ચાહે ગમે તેટલો મોટો બની જાય તૂ અક્બરે આઝમ થઈ જા, યા સિકંદરે

આઝમ બની જા, અંજામ તો ફના છે, મૌત છે **"કુલ્લુ નફસીન ઝાએકતુલ મૌત"**

મૌત પોતાના નક્કી સમય પર તમારા દરવાજા પર દસ્તક આપશે તમે જે કંઈ કમાયા તેને ખાશે બીજા અને હિસાબ તમારા પર. નેક અમલ અને ઈમાન સાથે છે તો ઠીક છે નહીતર માલ અન્ય લોકો ખાશે અઝાબ તમારા પર થશે.

ઈન્સાનની ભલાઈ નેક અમલથી છે પૂરી દુનિયા માત્ર ધોખો છે.

## ﴾10﴿ ઝાલિમોને નસીહત

હઝરત શૈખ સાદી رحمۃ اللہ تعالیٰ علیہ બયાન ફરમાવે છે કે

હું દમિશ્કની જામેઅ મસ્જિદમાં હઝરતે યહ્યા علیہ السلام ની દરગાહમાં એતિકાફમાં બેઠો હતો. એક દિવસ અરબનો એક બાદશાહ ત્યાં આવ્યો અને નમાઝ પઢયા પછી દુઆઓમાં મશ્ગૂલ થઈ ગયો.

એ બાદશાહના બારામાં એ વાત મશ્હૂર હતી કે તે આમ પ્રજા ઉપર બહુજ સખ્તાઈથી વર્તાવ કરે છે, દુઆ માંગ્યા પછી તે મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે : "દુશ્મનની તરફથી મને બહુજ ખતરો છે આપ મારા હકમાં દુઆ કરો કે બુઝુર્ગોની દુઆઓ કબૂલ થાય છે."

મૈં તે બાદશાહની વાત સાંભળીને તેને કહ્યું કે : "એ બહુજ મોટો ગુનોહ છે કે એક શક્તી શાળી માણસ કોઈ અન્ય ગરીબ કે કમઝોરનું કાંડુ પકડે જે માણસ લાચારો પર રહેમ નથી કરતો તેના પર ગમે ત્યારે ખરાબ સમય આવી શકે છે અને એવા સમયે તેના ઝુલ્મના કારણે કોઈ તેની મદદ નહીં કરે.

જે માણસે બીજ તો બુરાઈનું વાવ્યુ અને ઉમ્મીદ ભલાઈની રાખી તેણે એક ફાલતુ ઉમ્મીદ રાખી અને પોતના દિલો દિમાગમાં એક ફાલતુ ખયાલ વસાવ્યો તેની ઉમ્મીદ કદી પુરી નહીં થાય.

અય બાદશાહ ! પોતાના કાનમાંથી ગફલતના પુમડા (રૂ) દૂર કર અને અલ્લાહની મખ્લૂક પર રહેમ કર જો તૂ ઈન્સાફ નહીં કરે તો યાદ રાખ અલ્લાહની તરફથી ઈન્સાફનો એક દિવસ મુકર્રર (ફિક્સ) છે એ દિવસે તૂ બચી નહીં શકે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં મુસીબતોથી છુટકારો મેળવવાનો એક સોનેરી ઉસૂલ બતાવ્યો છે કે જે માણસ પોતાની ભલાઈ અને સલામતી ચાહે તે રહેમો કરમ અને ઈન્સાફને પોતાની આદત બનાવી લે.

અથવા પછી હિસાબના દિવસની રાહ જૂએ અને અલ્લાહના ફૈસલાથી ડરે. સૈયદુના ગૌસે આઝમ આ વિષયમા એક ઉત્તમ (બહેતરીન) વાત કહે છે જેવુ કે આપે ફરમાવ્યુ : "દુનિયા આખિરતની ખેતી છે "જો ઈન્સાન ભલાઈ બોએગા વોહ ગિબ્તહ (અજ) કાટેગા અને જો ઈન્સાન બુરાઈ બોએગા વોહ નદામત કાટેગા."

**ગુજરાતીમાં કહેવત છે :**

**જેવુ કરો તેવુ પામો અને**
**વાવો તેવુ લણો અથવા ખાડો ખોદે તે પડે.**

આ હિકાયતથી એક વાત એ પણ જાણવા મળી કે મઝારાતે ઔલિયા પર હાજરી આપવી એ ખાસાને ખુદાનો તરીકો રહ્યો છે અને એ પણ સાબિત થયું કે મઝારાતે ઔલિયાની તામીર એ કૌમની શરૂઆતથી રવીશ છે આ કંઈ સુન્ની બરેલવીઓએ ચાલુ નથી કરી. અસ્હાબે કહફની કબર પર ગુમ્બદ બનાવવાનું કુરઆનથી પણ સાબિત છે.

## ﴾11﴿ અલ્લાહ તને મૌત આપે

હજ્જાજ બિન યુસૂફના જમાનામાં એક એવા બુઝુર્ગ હતા જેમની દુઆ કબૂલ થતી હતી. એક દિવસ હજ્જાજે તેમની ખિદમતમાં હાજર થઈ અને વિનંતી કરી કે "અય શૈખ ! મારા હકમાં દુઆ કરો.

હજ્જાજની વાત સાંભળીને આપે અલ્લાહની બારગાહમાં દુઆ માટે હાથ ઉઠાવ્યા અને કહ્યુ : "અય અલ્લાહ ! આ માણસને મૌત આપ."

હજ્જાજ આ દુઆ સાંભળીને બહુજ હૈરાન થયો અને ફરિયાદના અંદાજમાં બોલ્યો :

"આપે મારા હકમાં આ કેવી દુઆ માંગી ? બુઝુર્ગે ફરમાવ્યુ" તારા હકમાં અને મુસલમાનોના હકમાં આ દુઆ બહુજ ફાયદા કારક છે. એટલા માટે કે તૂ જલ્દી મરી જઈશ તો તારૂ આમાલ નામું વધારે ખરાબ નહીં થાય અને આમ મુસલમાનો માટે આ દુઆનો ફાયદો એ છે કે તેઓ તારા ઝુલ્મો સિતમ થી છુટી જશે.

**ફાયદો :** હજ્જાજ બનુ ઉમૈયાના ખલીફા અબ્દુલ મલિક બિન મરવાનના જમાનામાં ઈરાકનો ગવર્નર હતો અને બહુજ ઝાલિમ હતો તેના હાથે સહાબએ કિરામ, તાબેઈન અને આમ મુસલમાનોને બહુજ તક્લીફ પહોંચી.

આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ ખાસાને ખુદા બુઝુર્ગાને દીન, ઔલિયાઅલ્લાહનો પાકીઝા કિરદાર પેશ કર્યો છે કે દુનિયાથી કિનારો કરી એકાંત વાસમાં બેસી જવા કરતા મખ્લૂકની વચમાં રહી લોકોની ઈસ્લાહ માટેની કોશિશ કરવી તે વધારે બહેતર છે અને જાનની (મૌતની) પરવાહ કર્યા વગર સમય આવે ઝાલિમના મોં પર કડવી સાચી વાત કહેવી એ બહેતરીન જિહાદ છે.

## ﴾12﴿ ફુઝૂલ ખર્ચ (ઉડાઊ) ફકીર

એક બાદશાહ પોતાના દરબારીઓની સાથે બેઠો હતો અને ખુશ થઈને એ મતલબનો શેર પઢી રહ્યો હતો કે આજે દુનિયામાં મારાથી વધીને નસીબદાર કોઈ નથી એટલા માટે કે મને કોઈ પણ પ્રકારની કોઈ ફિક્ર કે રંજ નથી.

અચાનક એક ફકીર ત્યાંથી પસાર થયો તે બાદશાહની અવાજ સાંભળીને રોકાઈ ગયો અને મોટા અવાજમાં એ મતલબનો

શેર પઢયો કે અય બાદશાહ ! અગર ખુદાએ તઆલાએ તને તમામ પ્રકારની નેઅમતો આપી રાખી છે અને તને કોઈ જાતનો ગમ નથી તો શું તને મારો પણ ગમ નથી ? કે તારા પ્રદેશમાં રહુ છુ અને ખરાબ હાલતમાં ઝિન્દગી બસર કરૂ છુ.

બાદશાહે ફકીરની અવાજ સાંભળી તો તેની તરફ મુતવજ્જેહ થયો અને બોલ્યો કે : "અય ફકીર ! દામન ફૈલાવ કે હું તને થોડી સોના મહોર આપુ."

બાદશાહની આ વાત સાંભળી ફકીર બોલ્યો : "બાબા ! મારી પાસે તો દામન પણ નથી (પહેરવાના કપડા પણ નથી) બાદશાહને તેના પર રહેમ આવી ગઈ અને તેને સોનાના સિક્કાની સાથે વધારામાં પહેરવા માટે બહેતરીન કપડાની જોડ પણ આપી. ફકીર આ માલ લઈને ચાલ્યો ગયો જેવુકે તેને આ માલ સહેલાઈથી અને વગર મહેનતે હાથમાં આવ્યો હતો માટે થોડા દિવસમાં પુરો કરી નાખ્યો અને ફરી બાદશાહના મહેલમાં જઈને સવાલ કર્યો.

બાદશાહે ફકીરની અવાજ સાંભળી તો બહુજ ગુસ્સે થયો અને તેણે હુક્મ કર્યો કે આને ભગાડી દો આતો બહુજ ફુઝૂલ ખર્ચ છે આટલી મોટી રકમ આણે થોડા દિવસમાં પુરી કરી નાખી આનો દાખલો તો તે છાળણી જેવો છે. જેમાં પાણી રોકાઈ જ ન શકે.

બાદશાહનો વઝીર ઘણો સમજદાર હતો. તેણે બાદશાહની આ વાત સાંભળી તો અદબથી કહ્યુ : "હુઝૂરે બિલ્કુલ સત્ય ફરમાવ્યુ આ બેવકૂફે જરૂર ફુઝૂલ ખર્ચ કર્યો છે. પરંતુ એને સાવ ખાલી હાથ ભગાડવો એ પણ યોગ્ય નથી અને જરૂર કંઈક આપવામાં આવે ખરેખર તો આવા મુર્ખ લોકોને જરૂરત જેટલી જ મદદ કરવી જોઈએ.

## ﴾13﴿ વફાદારી ક્યારે ?

એક જમાનામાં એક બાદશાહ હતો તે ન તો પોતાના મુલ્કની વ્યવસ્થામાં કંઈ ખાસ ધ્યાન આપતો હતો અને ન સિપાઈઓની માલી હાલત માટે કંઈ કરતો હતો. પરિણામ એ આવ્યુ કે પ્રજા

દિલમાં તેનાથી નારાઝ અને સિપાઈઓ તક્લીફમાં, હવે આ તો સામાન્ય વાત છે કે આ વાત દુશ્મનોથી છુપી ન જ રહી શકે.

બાદશાહના એક હરીફ બાદશાહે આ હાલતનો ફાયદો ઉપાડવાનું નક્કી કર્યું અને તેના પ્રદેશ પર હુમલો કરી દીધો આ બાદશાહ પોતાનું સૈન્ય લઈને બચાવમાં નિકળ્યો પરંતુ પહેલાજ યુદ્ધમાં તેના લશ્કરમાંથી એક મોટી સંખ્યા તેનો સાથ છોડી દુશ્મનમાં ભળી ગઈ.

હઝરતે સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه આગળ ફરમાવે છે કે જે લોકોએ ગદ્દારી કરી અને બેવફાઈ કરી તેમાંનો એક શખ્સ મારાથી પરીચીત હતો, જ્યારે મારી મુલાકાત તેનાથી થઈ તો મૈં કહ્યુ : “અય દોસ્ત ! આ વાત તો શરાફત અને મર્દાનગીની એકદમ વિરૂદ્ધ છે કે તેં જે બાદશાહનુ નમક ખાધુ અને જેના સાયામાં આટલી ઝિન્દગી વિતાવી તેને છોડીને તેના દુશ્મનથી મળી ગયો !”

તે માણસે મારી વાત સાંભળી અને કહ્યુ : “બેશક ! આ વાત નાપસંદીદા અને બુરી છે, પરંતુ ઈન્સાફ શર્ત છે મૈં એ હાલતમાં બાદશાહનો સાથ છોડયોં કે મારો ઘોડો ભુખ્યો અને ઘોડાનું જીન ગિરવે મુકેલ હતું હવે તમેજ બતાવો કે આ હાલતમાં હું બીજુ શું કરતો ?”

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه એ વાત સમજાવવા માંગે છે કે તમે હુકમરાન છો ચાહે બાદશાહ છો ચાહે માલદાર તાજીર છો યા જયાં પણ તમે તમારા હાથ નિચેના માણસોની માલી હાલત સારી રહે તે પણ જુઓ. કારણ કે તંગદસ્તી (નાણાંભીડ) અને મુફલીસી (ગરીબી-મોહતાજી) એવી ખરાબ ચીઝ છે કે એકદમ નેક નિય્યત અને વફાદાર લોકોને પણ અલગ અંદાજથી વિચારવા પર મજબૂર કરી દે છે. યાદ રહે **જો તમે લોકોના હક અદા નહીં કરો તો તમને અલ્લાહની મદદ નહીં મળે.** અલ્લાહની મખ્લૂકની સાથે ભલાઈ કરવાથી જ નેઅમતો મળે છે અને આફતો બલાઓથી નજાત મળે છે.

## ﴾14﴿ અલ્લાહ વાળાઓની સોહબત

એક બાદશાહ કોઈ કારણસર પોતાના વઝીરથી નારાઝ થઈ ગયો અને તેને તેના હોદ્દા પરથી દૂર કરી દીધો. વઝીર બહુજ સમજદાર અને અક્લમંદ હતો. બાદશાહના દરબારથી નિકળીને તેણે અલ્લાહવાળાઓની સોહબતમાં રહેવાનું અને તેની મજલિસમાં બેસવાનું શરૂ કરી દીધું અને તે નેક લોકોની સોહબતમાં તેને એવી ખુશી અને એવુ સુકૂન હાસિલ થયુ જેવુ ઈત્મીનાન તેને કદી મયસ્સર ન હતુ.

થોડા દિવસમાં જ બાદશાહને લાગ્યુ કે જે વઝીરને તેણે હોદ્દા પરથી હટાવી દીધો. તે ખરેખર બહુજ યોગ્ય હતો. સાચો અને વફાદર હોવાની સાથે સાથ તે એટલો અક્લમંદ હતો કે તેના સલાહ મશ્વરા હમેશા ફાયદા કારક સાબિત થતા હતા, માટે તેણે ફરી વઝીરથી કહ્યુ કે તે પોતાની હોદ્દો (ખુરશી) ફરીથી સંભાળી લે.

વઝીરે જવાબ દીધો કે હુઝૂરે વાલા ! સલ્તનતના કારોબારમાં મશ્ગૂલ રહેવા કરતા દૂર રહેવુ મારા માટે વધારે સારૂ છે હવે હૂં દુન્યવી કાવા દાવા દાવ પેચ અને કુતરા જેવો સ્વભાવ રાખનાર લોકોની શરારતોથી દૂર છુ અને અલ્લાહ તઆલાના ફઝ્લ અને કરમથી મારો સમય સારો પસાર થઈ રહ્યો છે. બાદશાહે બહુજ જોર દીધુ છતા વઝીરે ફરી હોદ્દો કબૂલ ન કર્યો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللهِ تَعَالٰی عَلَيۡه આ હિકાયતમાં એ વાત સમજાવે છે કે ઈન્સાનને સાચી રાહત એ વખતેજ મળે છે કે જ્યારે તે પોતાના દિલને લાલચ જેવી બુરાઈથી પાક કરીલે અને સારી સોહબત અને ઝિક્રે ઈલાહીમાં દિલ લગાવે.

અલ્લાહ તબારક વ તઆલા પોતાના મુકદ્દસ કલામમાં ઈર્શાદ ફરમાવે છે : બેશક ! અલ્લાહના ઝિક્રમાં જ દિલોનુ ચૈન છે (પારહ 13, સૂરએ રઅદ) અને ફરમાવે છે : સાચાઓની સોહબત અપનાવો (પારહ 11, સૂરએ તૌબા)

અને જ્યારે ઈન્સાનને આ દૌલત હાસિલ થઈ જાય છે નેકોની સોહબત અને ઝિક્રની તૌફીક તો ત્યાર પછી તેને કોઈ હોદ્દા માટે ભાગવાની જરૂર નથી પડતી. આ ચીઝો માંગ્યા વગર તેના પગમા પડતી આવે છે. આવો ઈન્સાન કદી વઝારત, સદારતની પાછળ ભાગતો નથી.

## ﴾15﴿ ખુશામત ખોરો નો હાલ

હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ લખે છે કે કોઈએ લોમડીને પુછયું કે તૂ સિંહની આસપાસ ફરતી રહે છે. તો તેના સાથીદારો દોસ્તોમાં કેમ શામિલ નથી થઈ જતી. તારે તો એનાથી દોસ્તી કરી લેવી જોઈએ જેથી કરની તેની નવાઝીશોના હકદાર બની જવાય અને એટલુજ નહીં પણ જંગલના બીજા જાનવરો પણ તારી ઈઝ્ઝત કરે.

સિયાહગોશે★ જવાબ દીધો "હું સિંહની આજુ બાજુ તો એટલા માટે રહુ છુ કે તેના શિકારમાંથી વધેલ ઘટેલ ટૂકડાથી મારૂ પેટ ભરૂ એને નજીક એટલા માટે નથી જતી કે તેના સ્વભાવથી ડર લાગે છે તે ક્યારે શું કહેશે કે ક્યારે શું કરશે તે નક્કી નથી હોતુ. તાકતવર લોકો કોઈ કાનૂનના પાબંદ નથી હોતા તમે બાદશાહોના વિશે સાંભળ્યુ હશે કે ક્યારેક તો તારીફ કરવાવાળા ને કત્લ કરવા તૈયાર થઈ જાય છે અને ક્યારેક ગાળીઓ દેનારને ઈનામોથી નવાઝે છે. એટલા માટેજ દાનિશમંદો (અક્લે સલીમ રાખનાર લોકો)એ કહ્યુ છે કે આવાઓથી દૂર રહેવામાંજ ભલાઈ છે આવાઓને ખુશ રાખવા માટે હંસી મઝાકની વાતો કરવામાં અને તેમની સાથે સફર કરવામાં તેમના ખુશામત ખોરો માટે હુનર હોઈ શકે છે, પરંતુ સમજદાર લોકોની નઝરમાં તો આ ઐબ છે.

---

★ **નોધ :** સિયાહગોશ એક જંગલી જાનવર હોય છે જે શીયાળના ખાનદાન થી છે જે શીયાળની જેમજ સિંહના શિકારમાંથી વધેલ ઘટેલ ખાતુ હોય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં એ નુક્તો બયાન કર્યો છે કે બરાબરના અને સરખા સ્વભાવવાળા લોકો સાથે બેસવુજ મુનાસિબ છે અમુક લોકો કોઈ ફાયદો હાસિલ કરવા માટે, અથવા કોઈ રિશ્તો નિભાવવા માટે અથવા ડર થી બદ ખસ્લત અને બુરા લોકોથી નજીક રહેવાની કોશિશ કરે છે અને તેની ખુશામત કરીને પોતાની દુનિયા અને આખિરત બન્ને ખરાબ કરે છે. જેવુ કે અલ્લાહ તઆલા પોતાના કલામમાં ફરમાવે છે કે કયામતના દિવસે અલ્લાહનો મુનાદી ઐલાન કરશે કે "ઝાલિમોંને એમના મદદગારોની સાથે હાજર કરવામાં આવે."

## ﴾16﴿ નાદાન મુન્શી ઈર્ષા (હસદ)નો શિકાર

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ બયાન કરે છે કે મારા જાણવાવાળાઓમાં એક મુન્શી (એકાઉન્ટન્ટ) હતો. જે બેકાર હોવાના કારણે બહુજ પરેશાન હાલ હતો. એક દિવસ તે મારી પાસે આવ્યો અને પોતાની પરિસ્થીતી બયાન કરીને કહ્યુ : "બાદશાહના દરબારમાં આપના બહુ સારા સંબંધ છે કોઈ હોદ્દેદારથી ભલામણ કરી મને કોઈ કામ અપાવી દો" તેની વાત સાંભળીને મૈં કહ્યું "ભાઈ બાદશાહોની નોકરી ખતરાથી ખાલી નથી હોતી, રોટી હાથમાં આવવાની ઉમ્મીદમાં જાન થી હાથ ધોવાની તૈયારી પણ રાખવી પડે. એ પણ શક્ય છે"

મૈં તો આ નસીહત તેની ભલાઈ માટે કરી હતી પરંતુ તેને એવુ લાગ્યુ કે હું તેને ટાળવા ભગાડવાની કોશિશ કરૂ છુ તેણે કહ્યું : "આપ કદાચ સાચુ કહો છો પરંતુ જે ઈન્સાન મહેનત અને ઈમાનદારીથી પોતાનું કામ કરે તેણે શા માટે ડરવુ જાઈએ ? તમે સાંભળ્યુ જ હશે કે મેલા કપડાને જ ધોબી પછાડે છે."

મૈં તેને ફરી એકવાર સમજાવ્યો કે તૂ ઠીક કહે છે. મશ્હૂર કૌલ છે કે "સાંચ કો આંચ નહીં" પરંતુ બાદશાહો અને હાકિમો ના બારામાં એ લોમડી (શીયાળ) ની જેવી એહતિયાત (સાવચેતી)

કરવી જાઈએ જે પડતી આખડતી ભાગી જઈ રહી હતી. કોઈએ તેને પુછયુ અય લોમડી ! તારા પર એવી કઈ મુસીબત આવી ગઈ છે કે તૂં ભાગી રહી છે ?''

લોમડીએ જવાબ દીધો : ''મારા સાંભળવામાં આવ્યુ કે બાદશાહના સિપાહીઓ મફતમાં ઊંટ પકડી રહ્યા છે.''

તેણે હંસીને જવાબ દીધો : ''કમાલ બેવકુફ છે તૂ, અગર ઊંટ પકડવામાં આવે છે તો તેને શી તક્લીફ છે તૂં ક્યાં ઊંટ છે તૂ તો લૌમડી છે !''

લોમડીએ જવાબ દીધો : ''તારી વાત તો ઠીક છે પણ અગર મારા કોઈ દુશ્મને કહી દીધુ કે આ ઊંટનુ બચ્ચુ છે આને પણ પકડી લો તો હું શુ કરી શકીશ ? જ્યાં સુધી એ વાતની તહેકીક (ખાત્રી) થશે કે હું ઊંટનું બચ્ચુ છુ કે લૌમડી છુ ત્યાં સુધીમાં તો મારૂ કામ તમામ થઈ જશે. મશ્હૂર કહેવત છે કે : ''જ્યારે ઈરાકથી તિર્યાક (દવા) આવશે. ત્યાં સુધીમાં એ બીમારની રૂહ પરવાઝ કરી જશે. જેના માટે તિર્યાક મંગાવેલ છે

મારી વાત એકદમ સાચી હતી પરંતુ તે પોતાની વાત પર મક્કમ રહ્યો. અને મૈં પણ તેની હાલતનો અંદાજો કરીને તેને બાદશાહના દફતર (ઑફિસ)માં નોકરી અપાવી દીધી. શરૂઆતમાં તો તેને મામૂલી કામ મળ્યુ પરંતુ આદમી કાબિલ હતો એટલે બહુજ જલ્દી તરક્કી પર તરક્કી થઈ અને ઇઝ્ઝતો આરામથી ઝિન્દગી બસર કરવા લાગ્યો.

હું (શૈખ સાદી) થોડા દિવસો પછી એક કાફલામાં હજની સફર પર રવાના થઈ ગયો અને જ્યારે એ મુબારક સફરથી પાછો આવ્યો તો એ માણસ ઘણી મંઝિલની સફર કરીને મારા ઈસ્તેક્બાલ (વેલકમ) માટે આવ્યો. પરંતુ મૈં જોયૂ કે તેની હાલતથી પરેશાની જાહેર થતી હતી. મૈં તેની હાલત પુછી તો તેણે બતાવ્યુ કે : ''મને હવે સમજાયુ કે તમે જે વાત કહી હતી તે બિલ્કુલ સાચી હતી. મૈં મારી કાબિલિયત અને મહેનતથી તરક્કી કરી તો ઈર્ષા કરવાવાળાઓને

બહુજ ઈર્ષા થઈ અને તેઓ નારાઝ થયા અને મારા પર આરોપ લગાડીને મને જેલમાં પુરાવી દીધો, આતો હાજીઓના કાફલાને ખૈરિયતથી આવવાની ખુશીમાં કૈદીઓને આઝાદ કરાયા તેમાં મારો છુટકારો થયો. બાકી બાદશાહે તો એ વાતની સચ્ચાઈ જાણવાનો પ્રયત્ન પણ ન કર્યો કે હૂં ગુનેહગાર છુ કે બે ગુનાહ !"

મૈં કહ્યુ કે "અફસોસ ! તેં મારી વાત ન માની મૈં તને પહેલાજ ચેતવણી આપી હતી કે બાદશાહોની કરીબી સમંદરના સફર જેવી હોય છે કે તેમાં ફાયદો તો હોય છે પણ જીવ જવાનો ખતરો પણ હોય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه આ હિકાયત વડે સબક આપે છે કે આવા લોકોનો કુર્બ હાસિલ કરવાની કોશિશના બદલે સબ્ર અને શુક્રની ઝિન્દગી પસાર કરવી અફઝલ અને બહેતર છે. આજે બાદશાહોનો જમાનો તો નથી પરંતુ સામાન્ય લોકો રાજકારણીઓની ખુશામત, ભાઈ લોકો, દારૂ જુગારના અડ્ડાવાળાઓ, માલદારોની ખુશામત કરી રોઝી હાસિલ કરે છે અને એવા લોકો ઘણી વખત સ્વાર્થને ખાતર પોતાના સાથીદારોને પણ મરાવી નાખે છે.

હઝરત શૈખુલ ઈસ્લામ **સૈયદ મુહમ્મદ મદની મિયાં સાહેબ કિછૌછવી**નો કૌલ છે : **"સમંદર કી તહમેં મોતી હોતે હૈં મગર આફિયત કિનારે રહને મેં હૈ."**

## ﴾17﴿ સખાવત અને દરગુઝર

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه બયાન ફરમાવે છે કે મારા થોડા દોસ્તો એવા હતા કે જેઓ દરેક એતબારથી નેક અને કાબિલ હતા. તેઓની આ ખૂબીના કારણે એક રઈસે તેમના માટે વઝીફો મુકર્રર કરી દીધો હતો. એ એટલા માટે કે તેઓ રોઝી કમાવવાની ફિક્રથી બચીને એકદમ આરામ અને ઇઝ્ઝતની સાથે ઝિન્દગી બસર કરી શકે અને ઈબાદતમાં ધ્યાન આપી શકે.

કિસ્મતની ખરાબીથી એમ થયુ કે એમાંના કોઈ એકાદથી ભૂલ થઈ ગઈ. જેના કારણે તે અમીર તેમનાથી બદ ગુમાન થઈ ગયો અને તેઓના નેક અને શરીફ હોવાનું યકીન તેના દિલમાંથી જતુ રહ્યુ અને તેણે વઝીફો બંધ કરી દીધો.

હઝરત ફરમાવે છે કે જ્યારે મને આ બનાવની જાણ થઈ તો મને જરૂરી લાગ્યુ કે અમીરની ખિદમતમાં હાજર થઈ અને પોતાના દોસ્તોની સફાઈ પેશ કરૂ અને તેમનો વઝીફો ફરી ચાલુ કરાવી દઊ. આ કારણસર એક દિવસ હું અમીરના ઘર પર પહોંચ્યો પરંતુ વોચમેન મને જાણતો ન હતો માટે મને દરવાજા પરથી જ પાછો ફેરવી દીધો.

વોચમેનથી બહેસ કરવી બે ફાયદા (નિરર્થક) હતી. અગર એવા માણસો જેના લિબાસ અને જાહેરી શાનો શૌકત જાહેર ન થતા હોય તો માલદારોના મકાનનો ચોકીદાર અથવા તેમના કુતરા આવુજ વર્તન કરતા હોય છે. પરંતુ એવુ બન્યુ કે એક વ્યકતીએ મને ઓળખી લીધો અને તે મને અમીરના ડ્રોઈંગ રૂમમાં લઈ ગયો.

જ્યારે અમીરે મને જોયો તો તેણે ખુશી જાહેર કરી અને મને ઈઝ્ઝતના મકામ પર બેસાડવા ચાહ્યું પરંતુ હું મામૂલી લોકોની સાથે બેસી ગયો અને તેની ઈનાયતોને યાદ કરીને પોતાના દોસ્તોના વઝીફા યાદ કર્યા.

આ ડિસ્કસમાં મૈં તેને કહ્યું કે અલ્લાહ પાક જ બધાનો રાઝિક છે અને તે પોતાના નાફરમાન અને ગુનેહગાર બંદાનું રિઝ્ક પણ બંધ નથી કરતો મારી આ વાત સાંભળીને અમીરનું દિલ ઓગળી ગયુ અને તેણે ન માત્ર વઝીફો ચાલુ કરી દીધો પણ પાછલા જેટલા સમયનો વઝીફો રોકેલ હતો તે પણ અદા કરી દીધો. મૈં તેની આ દરિયા દિલીનો શુક્ર અદા કર્યો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَیْه એ આ હિકાયતમાં માલદારોને તેમની સાચી જવાબદારીની તરફ ધ્યાન કરાવીને એ વાત બતાવી કે જરૂરતમંદોની હાજત પૂરી કરવી એ તેમના પર ફર્ઝ છે.

બીજી વાત એ કે કોઈની મદદ એ ખયાલથી ન કરવી જોઇએ કે મદદ લેવાવાળો શખ્સ વલીઅલ્લાહ જ હોય યાની તેની કોઈ ભૂલ થાય જ નહીં એણે એ વાત યાદ રાખવી જોઇએ કે અલ્લાહ તઆલા પોતાના બાગી અને નાફરમાન બંદાઓને પણ રોઝી આપે છે. ત્યાં સુધી કે કાફિરોંને પણ અલ્લાહ મહેરૂમ નથી કરતો. તો સખી અને માલદાર નેક અને ગુનેહગાર દરેકને નવાઝતા રહે.

## ﴾18﴿ અકલમંદ શહઝાદો

એક શાહઝાદો પોતાના બાપની મૌતના પછી ગાદી પર બેઠો તો તેણે જરૂરતમંદોની મદદના માટે પોતાના ખઝાનાઓ ખોલી દીધા.

જે માણસ પણ સવાલ લઈને આવતો તેની મદદ તેની જરૂરતના પ્રમાણે કરતો. નવા બાદશાહની આ હાલત જોઈ તો તેના એક વઝીરે તેનાથી ખૈર ખ્વાહી બતાવવાના અંદાજમાં સલાહ આપી કે પહેલા બાદશાહે આ નેઅમતને બહુજ મહેનત થી હાસિલ કરીને ભેગી કરી છે. આને આવી રીતે લૂટાવી દેવુ યોગ્ય નથી. એટલા માટે કે ખબર નથી કે ભવિષ્યમાં કેવો સમય આવશે.

વધારામાં કહ્યું કે તમે અગર પુરો ખઝાનો પણ વાપરી નાખશો તો લોકોના હાથમાં માત્ર મામૂલી રકમ આવશે અને અગર તમે લોકો પાસેથી થોડુ થોડુ પણ (ટેક્સ-વધારીને) લેશો તો તમારો ખઝાનો ભરાઈ જશે.

જાહેરમાં તો આ વાત બહુજ ભલાઈની હતી પણ શહઝાદાને એ વાત પસંદ ન આવી તેણે કહ્યું : ખુદાએ મને પોતના ફઝ્લથી એક મોટી સલ્તનતનો માલિક બનાવ્યો છે. મારૂ કામ એ નથી કે માલ ભેગો કરવાની ધુનમાં લાગી જઊં. બાદશાહની જવાબદારી લોકોને ખુશહાલ બનાવવાની હોય છે ખઝાના ઉપર સાંપ બનીને બેસવાની નહીં.

દાનિશમંદોનો કૌલ છે કે જો તારે સરદારી જોઇએ તો બક્ષીસ કર એટલા માટે કે દાણાને જ્યાં સુધી ઝમીનમાં દબાવવામાં નથી આવતો ત્યા સુધી તે ઉગતો નથી.

**ફાયદો :** અલ્લાહ તબારક વ તઆલાએ માલને પૈદા કરવાથી મુરાદ એ જ છે કે માલદાર લોકો ગરીબોનો ખયાલ રાખે અને લોકોથી સિલએ રહેમી કરે અને માલ ખર્ચ કરવાથી ઘટતો નથી પરંતુ ખર્ચ કરવાથી માલ હમેશા વધે છે. એકના દસ, સિત્તેર, સાતસૌ અને બે હિસાબ આપવાનો અલ્લાહનો વાયદો છે. અને અલ્લાહ કદી વાયદાના વિરુદ્ધ નથી કરતો અને ગરીબ ગુરબાઓની દુઆથી બંદાના ગુનાહ માફ થાય છે અને મરતબા અને દરજ્જા બુલંદ થાય છે. તે વધારામાં. સુબ્હાનલ્લાહ

## ﴾19﴿ બુરાઇનો ખાત્મો

ઈરાનનો મશ્હૂર બાદશાહ નૌશેરવાં પોતાના અદ્લ અને ઈન્સાફના કારણે "નૌશેરવાંને આદિલ" કહેવાતો હતો અને આજ સુધી એજ નામથી યાદ કરવામાં આવે છે.

એક દિવસ નૌશેરવાં શિકારને માટે ગયો અને શિકારગાહમાં પડાવ નાખ્યો. ત્યાં તેના માટે કબાબ તૈયાર કરવામાં આવતા હતા કે મીઠું પૂરૂ થઈ ગયુ. શાહી રસોઈયાએ એક ગુલામને કહ્યું કે નજીકની વસ્તીમાં જા અને ત્યાંથી થોડુ મીઠુ લઈ આવ.

બાદશાહે એ વાત સાંભળી તો ગુલામને નજીક બોલાવ્યો અને તેને તાકીદ કરી કે "કીમત ચુક્વયા વિના મીઠુ હરગિઝ ન લાવીશ" ગુલામ બોલ્યો.

હુઝૂરેવાલા ! એક જરાક મીઠાની તો વાત છે કોઈનાથી મફત માંગી લઈશ તો શું ફરક પડી જશે ?

નૌશેરવાંએ કહ્યું : "જરૂર ફરક પડશે. યાદ રાખ દરેક બુરાઈ શરૂઆતમાં નાની હોય છે પરંતુ તે વધતા વધતા એટલી વધી જાય છે કે તેને બંધ કરવું મુશ્કેલ બની જાય છે અગર બાદશાહ લોકોના બાગમાંથી એક સફરજન પુછયા વગર ખાઈ જશે તો એના સૈનિકો કે અધીકારીઓ આખાને આખા ઝાડ ખાઈ જશે.

**ફાયદો :** બુરાઈ કરનાર ઝાલિમ તો દુનિયામાં નથી રહેતા યાની મરી જાય છે પરંતુ તેના પર લાનત બરાબર વરસતીજ રહે

છે. માટે કદી કોઈ બુરા રીવાજની બુનિયાદ ન નાખવી જાઈએ ભલે તે ખરાબ અમલ નાનોજ કેમ ન હોય !

## ﴾20﴿ ઝાલિમ વઝીરનો અંજામ

એક બાદશાહનો વઝીર ખૂબજ લાલચુ અને સંગદિલ હતો. તે ગરીબ રૈયતના ઘર ઉજાડીને બાદશાહનો ખઝાનો ભરતો હતો તેનો વિચાર હતો કે અગર બાદશાહને ખુશ રાખવામાં આવશે તો તમામ નુક્સાનથી બચેલો રહીશ ! આ વિચારના કારણે તે લોકોને સતાવતો અને લૂટતો હતો.

બુઝુર્ગો ફરમાવે છે કે જે ઈન્સાન સાચા ખુદાએ વાહિદને છોડીને કોઈ બીજાને (ચાહે ઈન્સાન, ચાહે પત્થર, ચાહે ઝાડપાન, સાંપ, ગાય, નદી, સમુદ્ર ગમે તેને ચાહે અમીર, ચાહે ગુરૂ, ચાહે માં-બાપ, ચાહે પીર) ગમે તેને પોતાનો ખુદા બનાવી લે. એટલે કે તેને ખુશ કરવા માટે અલ્લાહને નારાઝ કરી બેસે તો ખુદાએ વાહિદ તેને તેનાજ હાથે સજા કરાવે છે. આ વઝીરની સાથે પણ આવોજ મામલો થયો. બન્યુ એમ કે બાદશાહને તેના ઝુલ્મની ખબર પડી ગઈ અને તે એનાથી એટલી હદે નારાઝ થયો કે તેને હલાક (તબાહો બરબાદ) કરી નાખ્યો, કત્લ કર્યો.

અગર વઝીર એ વાત સમજી લેતો કે બાદશાહને ખુશ કરવાની સહૂથી બહેતર તદબીર એ છે કે પ્રજાને ખુશ કરવામાં આવે **અગર કોઈ ચાહે છે કે ખુદા તેનાથી રાઝી થઈ જાય તો ખલ્કે ખુદા (અલ્લાહની મખ્લૂક) ને ખુશ રાખે.**

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયતમાં ખાસ કરીને અવામને એ મેસેજ આપી રહ્યા છે કે **ખુદાને નારાઝ કરીને બંદાને ખુશ કરવાનો પ્રયત્ન ન કરવો જાઈએ** અને આપે આ હિકાયતમાં મુશ્રિકોના અંજામની તરફ ઈશારો કર્યો છે કે એક ખુદાને છોડીને મખ્લૂકમાંથી ખુદા બનાવી લે છે તેમનો અંજામ ખરાબ છે.

તમામ મખ્લૂક અલ્લાહની અયાલ છે અલ્લાહ તે બંદાથી મહોબ્બત કરે છે જે તેની મખ્લૂકને ફાયદો પહોંચાડે. લોકો કહે છે કે તમામ જાનવરોમાં સરદાર સિંહ છે અને સહુથી વધારે જલીલ ગધેડો છે પરંતુ તમામ અકલમંદની નઝદીક ગધેડો બોઝ ઉપાડે છે અને લોકોને ફાયદો પહોંચાડે છે જ્યારે સિંહ ફાડી ખાય છે.

## «21» ઝાલિમ થી બદલો લેવો

એક ઝાલિમ અને બેરહેમ સિપાઈએ એક નેક માણસને વગર કારણે પત્થર માર્યો તે કમઝોર નેક ઈન્સાને તેની તરફ જોયુ તો તેને તાકતવર જોયો તો ચુપ રહ્યો પરંતુ એ પત્થર સંભાળીને રાખી લીધો.

ત્યાં સુધી કે એક એવો દિવસ આવ્યો કે તે ઝાલિમ પર ખુદાનો કહર નાઝિલ થયો. બાદશાહ તેનાથી ગુસ્સે થયો તેને કુવામાં યાની જેલમાં નાખી દીધો. દરવેશ અંદર આવ્યો તેણે સિપાહીના માથા પર પત્થર મારી દીધો. તેણે પુછ્યુ કે "તૂ કોણ છે ? અને એ ખુદાના બંદા ! તે મને નાહક શા માટે માર્યો ?

તેણે જવાબ દીધો : "મૈં તને નાહક નથી માર્યો. તૂ મને ઓળખ હું એજ છુ જેને તેં નાહક પત્થર માર્યો હતો અને આ પત્થર પણ એજ છે, એ વખતે હુ મજબૂર હતો અને તૂ તાકતવાળો. હવે જ્યારે ખુદાએજ તને બાદશાહના હાથે આ હાલતમાં મોકલ્યો તો મૈં બદલો લીધો.

આગળ હઝરત ફરમાવે છે જ્યારે તૂ કોઈ નાલાયકને સત્તા પર જુએ તો ચુપ રહીને તક્લીફ ઉપાડી લે એટલા માટે કે અકલમંદોએ આવા મૌકા પર "તસ્લીમો રઝા" અપનાવી છે.

અગર ફાડી નાખે તેવા તેઝ નખ તૂ નથી રાખતો તો બહેતર છે કે બુરા લોકોથી ઝગડો ન કર. એટલા દિવસ સુધી સબર કર કે સમય તેના હાથ બાંધી દે અને સમય આવ્યે જે ઝુલ્મ તેણે તારા પર કર્યો હતો તેનો બદલો લે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયતમાં ઈન્તકામ (બદલો લેવા)ની એહતિયાત અને જરૂરત પર ભાર મુક્યો છે જોકે માફ કરી દેવુ સારૂ છે, પરંતુ અખ્લાકની રૂએ બહેતર એ છે કે બદલો લેવામાં આવે કેમ કે આવું કરવાથી ઝાલિમના હોંસલા ટૂટે છે અને તેઓ બીજાઓ ઉપર ઝુલ્મ કરવાથી અટકે છે અને લોકોને એ સબક મળે છે કે તેઓ ઝુલ્મથી રોકાય છે.

એટલા માટેજ કુરઆને કરીમમાં અલ્લાહ તબારક વ તઆલાએ કિસાસ નો હુક્મ નાઝિલ કર્યો. અને ફરમાવ્યુ કે ખૂનનો બદલો લેવામાં તમારી ઝિન્દગાની છે અય ઈમાનવાળાઓ !.

યા જેમકે ચોરના હાથ કાપો કે તે ફરીવાર ચોરી ન કરે અને એકના હાથ કપાય તો બીજા લોકો સબક લે અને ચોરી અટકે.

જોકે આ મામલામાં એક વાતનો ખયાલ રાખવો જોઈએ કે તાકત હાસિલ કર્યા સિવાય દુશ્મનને ન લલકારવો જોઈએ.

## ﴾22﴿ બહાદૂર છોકરો

એક બાદશાહને એવી ખૌફનાક બીમારી હતી કે યુનાની હકીમોની એક ટૂકડી એ વાત પર સહમત થઈ ગઈ કે આ બીમારીની કોઈ દવા નથી. એક અર્સા સુધી ઈલાજ કરવા છતા જ્યારે તેને બિલ્કુલ આરામ ન મળ્યો તો હકીમોએ કહ્યુ કે આ બીમારીનો ઈલાજ માત્ર ઈન્સાનોના પિત્તા (લીવર) થીજ શકય છે અને એ પણ એવા ઈન્સાનના લીવરથી જેનામાં આટલી આટલી ખાસ નિશાનિયો હોય.''

આટલુ કહીને હકીમોએ તે નિશાનિયો બતાડી અને બાદશાહે હુક્મ કર્યો કે શાહી સવારો રાજ્યમાં ફરીને તપાસ કરે અને જે ઈન્સાનમાં આવી નિશાનિયો હોય તેને લઈ આવે.

સિપાઈઓએ તુરંત તપાસ શરૂ કરી દીધી, અલ્લાહનું કરવું શું થયુ કે તે તમામ નિશાનિઓ એક ગરીબ ખેડૂતના છોકરામાં મળી ગઈ સિપાઈઓએ ખેડૂતને બધી વાત બતાવી કે બાદશાહના ઈલાજ માટે તારા છોકરાના લીવરની જરૂરત છે એને અમારા

હાથમાં સોંપી દે અને બદલામાં જેટલા ચાહે રૂપિયા લઈ લે. ખેડૂત બહુજ ગરીબ હતો ખૂબજ મોટી રકમ મળવાની લાલચમાં તે રાઝી થઈ ગયો કે સિપાઇઓ તેના છોકરાને લઈ જાય અને સૈનિકો તેને બાદશાહ પાસે લઈ આવ્યા.

ખાસ નિશાનિઓ વાળો છોકરો મળી ગયો તો હવે કાઝી (ઇસ્લામી અદાલતના ન્યાયધીશ/જજ) ને પુછવામાં આવ્યુ કે આને કત્લ કરીને આનું લીવર નિકાળવુ જાઇઝ છે કે નહીં ? કાઝી સાહેબે ફત્વો આપી દીધો કે બાદશાહનો જીવ બચાવવા માટે એક જીવ ને કુરબાન કરવું જાઇઝ છે.

કાઝીના ફત્વાના પછી છોકરાને જલ્લાદના હવાલે કરી દેવામાં આવ્યો કે તે એને કત્લ કરીને તેનું લીવર કાઢીલે છોકરો બિલ્કુલ લાચાર મજબૂર બેબસ હતો તે પોતાના કત્લની તૈયારીઓ જોઇ રહ્યો હતો અને ચુપ હતો. ઝબાનથી કંઈજ બોલી ન શકતો. પરંતુ જ્યારે જલ્લાદ તલવાર લઇને તેના માથે ઉભો થઈ ગયો તો છોકરાએ આકાશની તરફ જોયુ અને તેના ચેહરા ઉપર મુસ્કુરાહટ આવી ગઈ.

બાદશાહ ખુદ તે જગ્યા પર હાજર હતો તેણે છોકરાને હંસતો જોયો તેને બહુજ નવાઈ લાગી જલ્લાદના હાથમાં ઉઘાડી તલવાર જોઈ મોટા મોટા બહાદૂર પણ ખૌફથી ધ્રુજવા લાગે છે. તેણે જલ્લાદને રોકાઈ જવાનો ઈશારો કરી છોકરાને પોતાની પાસે બોલાવ્યો અને તેનાથી પુછ્યુ.

અય છોકરા ! બતાવ કે આ મુસ્કુરાવાનો ક્યો મૌકો છે ?

છોકરાએ જવાબ દીધો.

ઈન્સાનનો સહુથી મોટો સહારો તેના માં-બાપ હોય છે મૈં જોયુ કે પૈસાની લાલચમાં મારા માં-બાપે મને તમારા હવાલે કરી દીધો. માં-બાપ ના પછી બીજો સહારો ઈન્સાફ કરવાવાળા કાઝી અને બાદશાહ હોય છે કે અગર કોઈ ઝાલિમ બે કસૂરને સતાવે તો તેઓ તેને રોકે પરંતુ મૈં જોયુકે કાઝી અને બાદશાહે પણ મારી સાથે

ન્યાય ન કર્યો હવે મારો આખિરી સહારો ખુદાએ તઆલાની ઝાત હતી અને હું જોઈ રહ્યો છુ કે જલ્લાદ નાગી તલવાર લઇ અને મારા ગળા સુધી પહોંચી ગયો અને ખુદાનો ઈન્સાફ પણ હજી સુધી જાહેર ન થયો આ વાત વિચારીને મને હંસી આવી ગઈ.

છોકરાની આ વાત સાંભળીને બાદશાહની આંખમાં આંસૂ આવી ગયા તેણે હુક્મ કર્યો કે છોકરાને છોડી દો હૂં એ વાત પસંદ નથી કરતો કે મારી જાન બચાવવા માટે એક બેગુનાહની જાન લેવામાં આવે ! તેણે કહ્યું મારૂ હલાક થઈ જવુ એ આ છોકરાની જાન લેવાના ગુનાહ કરતા વધારે સારૂ છે તેણે છોકરાની આંખો અને માથાનો બોસો લીધો. તેને છોડી દીધો અને તેને ઘણોજ માલ અને ભેટ સોગાદ આપી રવાના કર્યો.

અલ્લાહ તઆલાના ફઝ્લ અને કરમથી તેજ દિવસથી બાદશાહની બીમારી ઘટવાની શરૂઆત થઈ અને થોડાજ દિવસોમાં તે બિલ્કુલ તંદુરુસ્ત થઈ ગયો.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ એ નુક્તો બયાન કર્યો છે કે જીવ ચાહે બાદશાહનો હોય ચાહે ગરીબનો બન્ને બરાબર છે.

બીજુ એ પણ કે જાન લેનાર એટલા ફાયદામાં નથી રહેતો જેટલા નફામાં રહેમ કરનાર રહે છે.

## ﴾23﴿ હાજર જવાબ/હાજર દિમાગ

ઈરાનના મશ્હૂર બાદશાહ ઉમરો લૈસનો એક ગુલામ મૌકો મેળવીને ભાગી ગયો, પરંતુ લોકોને ખબર પડી ગઈ તો તેને પકડીને લઈ આવ્યા.

બાદશાહનો એક વઝીર કોઈ કારણસર એ ગુલામ થી બહુજ નારાઝ હતો, ગુલામના ભાગવાની અને પાછા આવવાની જ્યારે તેને ખબર પડી તો તેણે બાદશાહને સલાહ આપી કે આ ગુસ્તાખ ગુલામને તુરંતજ કત્લ કરી નાખવો જોઈએ. અગર આને સખ્ત

સજા કરવામાં નહીં આવે તો બીજા ગુલામોંની પણ હિમ્મત વધી જશે અને તેઓ પણ ભાગવાનું શરૂ કરી દેશે.

ગુલામે જ્યારે વઝીરની આ વાત સાંભળીતો સમજી ગયો કે આ ઝાલિમ દુશ્મનીના કારણે મને કત્લ કરાવવા ચાહે છે તેણે બહુજ અદબથી કહ્યું : "બેશક ! મારાથી એક ગુનોહ થયો પરંતુ મારા દિલમાંથી હુઝૂરની ભલાઈ કે મહોબ્બત ઓછી નથી થઈ એ કારણથી કે આપના ખાનદાનની નેઅમતથી મારૂ પોષણ થયુ છે અને એજ મહોબ્બત અને ભલાઈના કારણે હું એ અર્ઝ કરવા પર મજબૂર છુ કે હું નથી ચાહતો કે કયામતના દિવસે મારા ખૂને નાહકનો બોઝ આપના માથે આવે, અને જ્યારે કયામતના દિવસે મારા કત્લના બારામાં પુછવામાં આવે તો તમે જવાબ ન આપી શકો, અગર તમે મને કત્લ કરવા ચાહતા હોય તો ભલે કરો પણ તેના માટે કોઈ બુનિયાદ પૈદા કરો."

બાદશાહે પુછ્યુ : "એ કેવી રીતે થઈ શકે ?"

ગુલામે જવાબ દીધો : "હુઝૂર ઈજાઝત આપે તો હું આ વઝીરને કત્લ કરી નાખુ, અને પછી મારા એ ગુનાહની સજામાં તમે મને કત્લ કરી નાખો."

ગુલામની આ વાત સાંભળીને બાદશાહને હંસી આવી ગઈ તેણે વઝીરની સામે જોયુ અને કહ્યું : "બોલ હવે તૂ શું સલાહ આપે છે ?"

વઝીર ખૌફથી કાંપતા બોલ્યો : હુઝૂર ! આ ફિત્નાને પોતાના બાપ દાદાના સદકામાં આઝાદ જ કરી દો તો વધારે સારૂ છે ક્યાંક એવુ ન બને કે એ ખરેખર મને કોઈ મુસીબતમાં ફસાવી દે કસૂર મારોજ છે.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરતે હિંમત અને અક્લમંદીની બરકતો અને ફાયદાઓની તરફ ઈશારો કર્યો છે અને ઈર્ષાળુઓ અને બીજાનુ ખરાબ ચાહવાવાળાઓને તેમના અંજામથી ડરાવ્યા છે.

ગુલામે બેહદ ખૌફની હાલતમાં પણ હોશ સંભાળ્યો અને હાજર જવાબીથી કામ લીધું તો તેના પર થી મોટી મુસીબત ટળી ગઈ અને વઝીરે તેનું બુરૂ વિચાર્યુ તો આટલા મોટા હોદ્દા પર હોવા છતા ઝલીલ અને બે આબરૂ થયો.

## ﴾24﴿ નેકીનું ઈનામ

ઝહજાન નામના એક બાદશાહનો વઝીર ખૂબજ વફાદાર અને નેક અને અકલમંદ હતો. તેની આ ખૂબીઓના કારણે ખુદ બાદશાહ પણ તેની બહુજ કદર કરતો હતો પરંતુ તક્દીરે ઈલાહીથી કંઈક એવુ બન્યુ કે તે અકલમંદ વઝીરથી કંઈક ભૂલ થઈ ગઈ.

બાદશાહને તેની ભૂલની ખબર પડીતો તે તેનાથી એટલી હદે નારાઝ થઈ ગયો કે તેની તમામ માલ મિલ્કત જપ્ત કરીને તેને જેલમાં નાખી દીધો આ વઝીરનો સ્વભાવ એવો હતો કે તે હમેશા બધાજ લોકોની ઈઝ્ઝત કરતો હતો એટલુંજ નહીં પણ તેમની ગૈર હાજરીમાં તેમને નેકીની સાથે યાદ કરતો હતો હવે આ મુસીબતના જમાનામાં તેને પોતાની એ નેકીઓ કામ આવી જે તે પોતાના વઝારતના જમાનામાં લોકોથી કરતો હતો માટે સિપાઈઓ તથા કારકુન લોકો તેના મદદગાર બની ગયા અને તેને એ અહેસાસ પણ ન થયો કે તે જેલમાં છે.

એ દરમિયાન પડોસી મુલ્કના બાદશાહે પોતાના એક ખાસ માણસની સાથે તે વઝીરના નામે એક પત્ર મોકલ્યો અને તેમાં લખ્યુ કે એ જાણીને અમને બહુજ દુખ થયુ કે તારા જેવા કાબિલ અને નેક વઝીરને બાદશાહે ઝલીલ કર્યો છે અગર તૂ ચાહે તો અમે તારા જેલમાંથી છુટકારાનો કંઈક ઈન્તેઝામ કરી શકીએ તેમ છીએ અને અમે એમ પણ ચાહીએ છિએ કે અમે તને અમારો વઝીર બનાવી લઈએ. અગર આ વાત તને મંજૂર હોય તો અમને તુરંત જવાબ આપ.

અકલમંદ વઝીરે પડોસી બાદશાહનો એ પત્ર વાંચ્યો અને એજ કાગળની પાછળ લખી દિધુ કે હુઝૂરે મારી હાલત પર મહેરબાની

ફરમાવી તેના બદલ હું તમારો શુક્રિયા અદા કરૂં છુ, પરંતુ મને એ વાત મંજૂર નથી કે મામૂલી તક્લીફથી ઘબરાઈને હું મારા આકાથી બેવફાઈ કરૂં !

પડોસી બાદશાહના કાસિદ (સંદેશા વાહક-પ્રતિનીધી)ના આવવાની ખબર એક એવી વ્યક્તી ને પણ પડી ગઈ જે આ વઝીરનો દુશ્મન હતો તેણે તુરંત બાદશાહને ખબર પહોંચાડી કે કૈદી વઝીર ફલાણાં બાદશાહની સાથે મળીને તમારી વિરુધ્ધ કાવત્રા કરે છે.

બાદશાહે તુરંત સિપાઈ મોક્લીને તે કાસિદને ગિરફતાર કરી લીધો જે વઝીરનો જવાબ લઈને જઈ રહ્યો હતો. બાદશાહે ફૈસલો કરી લીધો કે અગર આ વાત સાચી નિકળી તો તુરંતજ એ કૈદી વઝીરને કત્લ કરાવી નાખશે. પરંતુ જયારે બાદશાહે બીજા બાદશાહનો પત્ર અને પાછળ વઝીરનો જવાબ વાંચ્યો તો તુરંત તેનો તમામ ગુસ્સો ઠંડો થઈ ગયો. તેના પર વઝીરની વફાદારી જાહેર થઈ ગઈ અને તેણે તુરંતજ વઝીરની આઝાદીનો હુક્મ લખી દીધો.

વઝીર જયારે જેલમાંથી છુટીને આવ્યો તો બાદશાહે પહેલા કરતા પણ વધારે તેની ઈઝ્ઝત કરી અને ઈનામોથી નવાઝયો ઉપરાંત અફસોસ જાહેર કર્યો કે મૈં ગૈર સમજના કારણે તને નાહક તક્લીફ પહોંચાડી.

વઝીરે કહ્યું : હુઝૂર ! કંઈ ખયાલ ન કરો મને જે તક્લીફ પહોંચી તે મારી તક્દીરમાં હતી કેમ કે અલ્લાહ તઆલાની મરઝી વગર એક પત્તુ પણ નથી હલી શક્તુ.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَةُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ એ ઈન્સાનને કામિયાબ (સફળ) ઝિન્દગી વીતાવવાનો તરીકો બયાન કર્યો છે કે ઈન્સાન પોતાની ઝાતને દરેક બુરાઈથી પાક રાખે અને બની શકે ત્યાં સુધી અલ્લાહની મખ્લૂકનો ખૈર ખ્વાહ બની રહે. આ પ્રકારની ઝિન્દગી ગુઝારવા છતા પણ અગર કોઈ મુસીબત આવી પડે તો જે લોકો પર તેણે અહેસાન કર્યું છે તેઓ એને તન્હા (એકલો)

નહીં છોડે અને અલ્લાહ પોતાની મખ્લૂકના દિલમાં એ વાત નાખશે કે તેઓ તેની મદદ કરે.

**અગર લોકો તરફથી તને કોઈ તકલીફ પહોંચે તો દુખી ન થા એટલા માટે કે ન લોકોના હાથમાં રાહત છે કે ન તકલીફ દોસ્તની દોસ્તી અને દુશ્મનની દુશ્મની બન્નેને ખુદાની તરફથી જાણ.** શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન **સૈયદ મુહમ્મદ મદની અશરફી** ફરમાવે છે : **"યાદ રાખ ફાઈલે હકીકી મુઅસ્સીરે હકીકી યાની દરેક કાર્યનો હકીકી કર્તા માત્ર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત છે** માટે દરેક કામને મિન જાનિબિલ્લાહ (અલ્લાહ તઆલા તરફ થી) સમજવુ જોઈએ અને મુસીબત આવવા પર અને નેઅમત મળવા પર બન્નેમાં અલ્લાહથી ખુશ રહેવુ જોઈએ.

## ﴾25﴿ ડબલ પગાર

મુલ્કે અરબનો એક બાદશાહ એક દિવસ પોતાના દરબારમાં આવ્યો. તેણે પોતાના એક ખાદિમ (સેવક-નૌકર)ના બારામાં હુક્મ કર્યો કે તેને જેટલો પગાર આપવામાં આવે છે આજથી તેને ડબલ આપવામાં આવે કેમકે મને સમજાઈ ગયુ છે કે તે પૂરા દિલથી અમારી ખિદમતમાં મહેનત કરે છે. જ્યારે તેના સાથીઓની હાલત તો એ છે કે તેઓ કામમાં દિલ ચોરી બહાના બાઝી કરે છે અને પૂરો સમય ખેલ કુદમાં (આજના સમયમાં સોશ્યલ મીડીયામાં) પસાર કરે છે.

એ સમયે બાદશાહના દરબારમાં એક અકલમંદ માણસ પણ હાજર હતો જે દરેક વાતના ભેદ સારી રીતે જાણતો હતો તેણે બાદશાહની વાત સાંભળીતો તેના પર બેખુદી (જઝબ)તારી થઈ ગઈ તેણે એક નારો બુલંદ કર્યો. લોકોએ પુછ્યુ કે : "અય માણસ તને શું થયુ કે તૂ બેખુદ થઈ ગયો" (કારણ કે પગાર વધારવો એ કંઈ એવી ચીઝ ન હતી કે માણસ બેખુદ થઈ જાય)

તેણે જવાબ દીધો : મારી આ હાલત એમ વિચારીને થઈ કે અલ્લાહ તઆલા પણ પોતાના બંદાઓના દરજ્જા આવી જ રીતે

મુકર્રર કરે છે જે પોતાના કામમાં હોંશિયાર અને ઈમાનદાર હોય તેની તરક્કી અને જે ગાફિલ અને કામચોર હોય તેને નઝર અંદાજ કરે. બસ જે અલ્લાહ રસૂલનો ફરમાં બરદાર ઈતાઅત ગુઝાર હશે તે ઈનામ મેળવશે અને જે ગાફિલ કાહિલ હશે તેઓ મહેરૂમ રહેશે.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللهِ تَعَالٰی عَلَیۡه એ વાતની તરફ ઈશારો કર્યો છે કે જે લોકો પોતાની ઝિન્દગીમાં ઈખ્લાસની રીતે ઈબાદતો મુજાહિદા કરશે તે દુનિયામાં મુશાહિદાની દૌલતથી સરફરાજ થશે અને આખિરતની નેઅમતો પામશે. જરૂર પામશે તેની દુનિયા પણ બહેતર અને આખિરત પણ બહેતર થશે કારણ કે જે ઈખ્લાસની સાથે અલ્લાહ તબારક વ તઆલાની ઈબાદત કરે છે તે કદી મહેરૂમ નથી રહેતો.

## ﴾26﴿ કમઝોર પર ઝુલ્મ

એક માણસને ખુદાએ તઆલાએ તાકતો કુવ્વત અને ઈખ્તિયાર આપી રાખ્યો હતો. તે ગરીબ લોકોથી લાકડા છીનવીને અથવા બહુજ ઓછી કીમત આપીને પડાવી લેતો હતો અને માલદારોને ઊંચી કીમતથી વેચી દેતો હતો. એ બેરહમના આ ઝુલ્મ પર લોકો બહુજ રોક્કળ કરતા હતા પરંતુ તે પરવાહ કરતો ન હતો. એક અલ્લાહવાળાએ એક દિવસ તેને નસીહત કરતા કહ્યું શું તૂં સાંપ છે કે જેને જુએ તેને કરડી ખાય છે કે શું તૂં ઉલ્લુ (ઘુવડ) છે કે જ્યાં બેસે છે તે જગ્યાને વિરાન કરી દે છે ? તારા માટે બહેતર તો એ છે કે તૂ ગરીબોં અને કમઝોરો પર ઝુલ્મ ન કરે પરંતુ તેણે વાત ન માની.

અલ્લાહ તઆલાનું કરવું થયું એમ કે એક દિવસ અચાનક તેના ભઠીયાર ખાનામાં આગ લાગી ગઈ અને પલક ઝપકતામાં તેનું પુરૂ ઘર સળગીને રાખ થઈ ગયુ, તે પોતાના ખાખ થઈ ગયેલ ઘરની બહાર બેસીને રડી રહ્યો હતો કે અચાનક તેનો એજ મિત્ર ત્યાંથી નિકળ્યો જેણે તેને ગરીબોને હૈરાન ન કરવાની નસીહત કરી હતી તેણે પોતાના મિત્રને જોયો તો કહેવા લાગ્યો.

"અય દોસ્ત ! ખબર ન પડી કે મારૂં ઘર કેવી રીતે સળગી ગયુ ?" તેણે તુરંત જવાબ દીધો : "તારૂ ઘર ગરીબોની હાયથી બળ્યું છે. શું મૈં તને ન હોતુ કિધૂ કે ગરીબોંને ન સતાવ બદ દુઆ ન લે."

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં એ વાત બતાવી છે કે ગરીબોં અને કમઝોરોને સતાવવુ જેટલુ આસાન છે, એમની બદ દુઆથી બચવુ એટલુજ મુશ્કેલ છે આવા દિલ જલા લોકો દુનિયાના સહારાથી માયૂસ નિરાશ થઈને જ્યારે આકાશની તરફ જુએ છે તો તેમની દુઆ જરૂર કબૂલ થાય છે.

કોઈ ઝાલિમ જ્યારે કોઈના ઉપર ઝુલ્મ કરે છે તો તેને એ વાતનો અહેસાસ પણ નથી થતોકે મઝલૂમને કેટલી તક્લીફ થતી હશે. જેવુ કે જ્યારે કોઈ માણસ કીડી ઉપર પોતાનો બુટ પહેરેલ પગ મુકે તો તેને શુ ખબર કે કીડીની કેવી હાલત થઈ એને તો ખબર ત્યારેજ પડે કે જ્યારે કોઈ હાથી તેનો પગ ઝાલિમના માથા પર મુકે. એવીજ રીતે ઝાલિમને પોતાના ઝુલ્મના પરીણામની પણ ખબર નથી હોતી એ ખબર તો તેને ત્યારેજ પડશે જ્યારે અલ્લાહ તઆલા ઈન્તેકામ લેશે અને અલ્લાહ બહેતર બદલો લેનાર છે.

## ﴾27﴿ અહેસાન ફરામોશ શાગિર્દનો અંજામ

જુના જમાનામાં એક પહેલવાન કુસ્તી લડવાના ફનમાં કમાલ ઉસ્તાદ હતો. આલા દરજજાના ત્રણસૌ સાંઈઠ દાવપેચ જાણતો હતો, જે કોઈ પણ મુકાબલામાં આવે તેને મારી પછાડતો હતો, તેની આ કાબિલિયતના કારણે ખુદ બાદશાહ તેની બહુજ ઈઝ્ઝત કરતો હતો. એ પહેલવાન ઘણા નવયુવાનોને કુસ્તી લડવાના તરીકાની તાલીમ આપતો હતો અને તેમાંથી એક યુવાનને તેણે પોતાનો ખાસ શાગિર્દ બનાવ્યો હતો અને તેને તેણે પોતાના તમામ દાવપેચ સિખાવી દીધા હતા. પરંતુ એહતિયાતન (સાવચેતી)ના તૌર પર બસ એક દાવ સિખાવ્યો ન હતો.

સમય એવીજ રીતે પસાર થતો ગયો એ પ્રસિદ્દ પહેલવાન વૃધ્ધ થઈ ગયો અને તેનો ખાસ શાગિર્દ પોતાના સમયનો મોટો પહેલવાન બની ગયો. શરાફતનો તકાઝો તો એ હતો કે તે પોતાના ઉસ્તાદનો અહેસાન માનતો કે તેણે તેને હુનર સિખવ્યો અને કાબિલ બનાવ્યો. પરંતુ તે કંઈક એવો બદ ફિતરત નિકળ્યો કે એક દિવસ તેણે બાદશાહના દરબારમાં ડીંગ મારી કે ભલે મારો ઉસ્તાદ બુઝુર્ગીમાં મારાથી વધીને છે, પરંતુ તાકાતમાં તથા લડવાના હુનરમાં હું તેનાથી વધીને છું.

બાદશાહને તેની આ વાત નાપસંદ પડી તેણે હુક્મ કર્યો કે ઉસ્તાદ તથા શાગિર્દ કુસ્તી લડે જેથી કરીને એ ફૈસલો થઈ જાય કે ખરેખર કોણ મહા શક્તીશાળી છે !

જેવુકે એક મૈદાનમાં અખાડો તૈયાર કરવામાં આવ્યો અને ઉસ્તાદ તથા શાગિર્દ બન્ને કુસ્તી લડવા માટે અખાડામાં ઉતર્યા નવજવાન શાગિર્દ પોતાની તાકતના નશામાં ચુર ઉસ્તાદની સામે આવ્યો. એવૂ લાગતુ હતુ જાણેકે અગર લોખંડનો પહાડ પણ તેની સામે આવશે તેને ઉખાડીને ફેંકી દેશે, પરંતુ જ્યારે તેણે ઉસ્તાદથી હાથ મેળવ્યો જ્યારે કુસ્તી શરૂ થઈ તો ઉસ્તાદે એજ દાવ અજમાવ્યો જે તેણે પોતાના અહેસાન ફરામોશ નાલાયક શાગિર્દને સિખવ્યો ન હતો યુવાન તેનો બચાવ ન જાણતો હતો માટે લાચાર બની ગયો ઉસ્તાદે તેણે ઝમીન પર પટકી દીધો.

દરેક બાજુથી વાહ વાહની અવાઝો બુલંદ થઈ. બાદશાહે વૃધ્ધ પહેલવાનને ઈનામ અને પોશાક અર્પણ કર્યો અને નાલાયક અહેસાન ફરામોશ શાગિર્દને બહુજ લાનત મોકલી તે કહેવા લાગ્યો કે ઉસ્તાદ સાહેબ માત્ર એટલા માટે જીતી ગયા કે તેણે એ દાવ વાપર્યો જે મને નહોતો સિખવ્યો.

ઉસ્તાદ સાહેબે તુરંત જવાબ દીધો : ‘‘અને એ દાવ મૈં તને એટલા માટે નહોતો સિખવ્યો કે કદાચ તૂ મારા મુકાબલામાં આવી જાય તો હૂં મારો બચાવ કરી શકું.’’

અકલમંદોએ બિલ્કુલ સાચુજ કિધુ છે કે પોતાના બહેતરીન દોસ્તને પણ ક્યારેય એવો કાબિલ ન બનાવવો જોઈએ કે અગર તે ક્યારેક મુકાબલા પર આવે તો મુસીબત બની જાય.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رحمۃ اللہ تعالٰی علیہ એ આ હિકાયતથી લોકોને એ મેસેજ આપ્યો છે કે ઈન્સાનોમાં લાયક અને નાલાયક અને કમીના તથા શરીફ બન્ને પ્રકારના હોય છે ઝાહિદ (જોહદો તક્વાવાળા) અને જાહિલ (મુર્ખ ગૈર શરીફ અજ્ઞાની) બન્ને હોય છે અને આવા કમીના લોકો પોતાના ઉસ્તાદ તો ઠીક પણ પોતાના સગા અઝીઝ બાપના ઉપર પગથી લાત મારવા તૈયાર થઈ જતા હોય છે માટે અકલમંદી એ છે કે પોતાની હિફાઝતના ખયાલથી ગાફિલ ન રહે.

## ﴾28﴿ નિડર દરવેશ, ન લાલચ ન ખૌફ

એક બાદશાહ શિકારને માટે જંગલમાંથી પસાર થયો તેની નઝર એક ફકીર પર પડી જે પોતાના હાલમાં મસ્ત અને બિલ્કુલ બેપરવાઈથી બેઠો હતો. બાદશાહ એ દરવેશની નજીકથી પસાર થયો. પરંતુ તેણે આંખ ઉઠાવીને પણ બાદશાહની તરફ જોયુ નહીં આ વાત બાદશાહને બહુજ ખરાબ લાગી તેણે પોતાના વઝીરને કહ્યુ : “આ ભિખારીઓ પણ બિલ્કુલ જાનવર જેવા હોય છે તેમને કોઈના માન મર્તબા કે મામૂલી આદાબ પણ નથી જાણતા”

બાદશાહની નારાઝગીનો અંદાજો કરીને વઝીર દરવેશની પાસે ગયો અને તેણે તેને કહ્યું : “બાબા ! મુલ્કનો બાદશાહ સલ્તનતનો માલિક પોતાની શાનો શૌકતની સાથે તમારી નજીકથી પસાર થયો અને તમે એટલુ પણ ન કર્યું કે પોતાની અકીદત અને નિયાઝમંદી જાહેર કરવા માટે ઉભા થઈ જતા અને અદબથી સલામ કરતા !”

દરવેશે પોતાની એજ બેપરવાઈથી જવાબ દીધો : “બાબા ! પોતાના બાદશાહને કહો કે અદબ આદાબની ઉમ્મીદ એવા લોકોથી

કરે જેને તેનાથી ઈનામ હાસિલ કરવાની લાલચ હોય અને એક બીજી વાત પણ તેને સમજાવી દો કે અમારા જેવા ફકીરોનું કામ બાદશાહનો ખયાલ રાખવાનું નથી પણ બાદશાહની ફરજ છે કે તે અમારો ખયાલ રાખે હિફાઝત કરે, **શું તૂ નથી જાણતો કે બકરીઓ ચરવાહાની હિફાઝત નથી કરતી પણ ચરવાહો ભેડ બકરીઓની હિફાઝત કરે છે.** અને કહ્યુ : ‘‘બાદશાહને એ પણ સમજાવ કે બાદશાહી હમેશા રહેવાની ચીઝ નથી. મૌતના પછી બાદશાહ અને ફકીર બરાબર થઈ જાય છે. અગર તૂ કબર ખોદીને જોઈશ તો તૂ સમજી નહીં શકે કે જે ખોપડીને કબરની માટી ખાઈ ગઈ તે દુનિયાવી ઝિન્દગીમાં કઈ શાનનો અને મર્તબાનો માલિક હતો.’’

વઝીરે દરવેશની આ વાતો બાદશાહને કહી તો તેણે નસીહત ગ્રહણ કરી અને ફકીર પર મહેરબાન થઈને કહ્યું : ‘‘બાબા ! અગર કોઈ ચીઝની જરૂરત હોય તો કહો : તમારી હાજત પુરી થશે’’

ફકીરે બેપરવાઈથી કહ્યું : ‘‘બસ એક ખ્વાહિશ છે કે મારી પાસે બીજીવાર આવવાની તક્લીફ ન કરશો.’’

બાદશાહે કહ્યું :‘‘સારૂં મને કંઈક નસીહત ફરમાવો.’’

દરવેશ બોલ્યો : ‘‘મારી નસીહત એ છે કે આ જમાનામાં જ્યારે તૂ તખ્તો તાજનો માલિક છે તૂ વધારે ને વધારે નેકીઓ કર કે આખિરતમાં તારા કામ આવશે. અય બાદશાહ આ રાજપાટ તારી પાસે હમેશા નહીં રહે, જેવી રીતે આગળના બાદશાહ તરફથી તને મળ્યુ તેવીજ રીતે તારા પછી બીજા કોઈ પાસે ચાલ્યુ જશે.

**ફાયદો :** હઝરતની આ હિકાયતથી આપણને બે અઝીમ સબક સિખવા મળ્યા જેમાંનો (1) એ કે પોતાના દિલને લાલચથી પાક કરી લેવાના પછીજ માણસને સાચી રાહત અને ચૈનો ઈત્મીનાન હાસિલ થાય છે. જેને આ મર્તબો હાસિલ થઈ જાય છે તે એવો બેબાક બની જાય છે કે કોઈની જાહેરી શાનો શૌકત જોઈને તે બિલ્કુલ રૌબમાં નથી આવતો અને લોકોના મોં ઉપર નિડર બનીને સાચી વાત કહી શકે છે.

અને બીજી વાતએ જાણવા મળી કે માલદાર માણસ માટે સહુથી વધારે નફાનો સોદો નેકીઓ કરવી તે છે મરવાના પછી આખિરતમાં એજ કામ આવશે કારણ કે અલ્લાહ તઆલા માણસના ચેહરા અને માલ નથી જોતો પરંતુ દિલ અને આમાલ જૂએ છે.

## ﴾29﴿ હિક્મત અને દૂરઅન્દેશી

ઈરાનનો મશ્હૂર બાદશાહ એક દિવસ કોઈ એક મસ્લા પર પોતાના વઝીરોથી મશ્વરો કરી રહ્યો હતો. એ બાદશાહનો સહુથી વધારે દાના વઝીર બુઝુઝમહર પણ તેજ મજલિસમાં હાજર હતો.

દરેક વઝીરે પોતાની સમજ શકતી મુજબ આ મામલામાં પોતાના અભિપ્રાય રજુ કર્યો. પરંતુ બુઝુઝમહરે એ તદબીરને ઠીક બતાડી જે ખુદ નૌશેરવાંએ રજુ કરી હતી, જ્યારે મજલિસ બરખાસ્ત (પૂરી થઈ) તો બીજા વઝીરોએ બુઝુઝમહરને કહ્યું કે : "અમે આ અજબ તરીકો જોયો કે તમે બાદશાહની મામૂલી વાતને ટેકો આપ્યો જ્યારે અમોએ ઘણી ઉમ્દા ઉમ્દા (સારી) તદબીરો રજૂ કરી હતી."

બુઝુઝમહરે કહ્યૂં : "સમજદારીની વાતતો એજ છે કે અગર બાદશાહ ખુદ કોઈ મામલામાં કોઈ તદબીર બતાડે તો તેનું સમર્થન કરવામાં આવે આમાં ફાયદો એ છે કે અગર એ તદબીર ફૈલ (નિષ્ફળ) થાય તો તેની જવાબદારી ખુદ બાદશાહની રહે અને તે કોઈને દોષ ન આપી શકે અને અગર સફળ થાય તો સમર્થન કરવાના લીધે તેની તાઈદ મળે."

"આના સિવાય એક વાત એ પણ છે કે સત્તાવાળાઓ પોતાના મતના વિરૂધ્ધ કોઈ વાત સાંભળીને ખુશ નથી થતા.

**ફાયદો :** આ હિકાયત પઢીને એવો અંદાજો થાય છે કે જાણે શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْہ એ ખુશામતખોરી કે જી હુઝૂરીનો માર્ગ બતાવ્યો છે. પરંતુ એવુ નથી પરંતુ આપે એકદમ અહમ નુક્તો એ બયાન કર્યો છે. સત્તા પરના હાકિમો બાદશાહો અમલદારો વિગૈરેના ગુસ્સાથી બચવુ પણ જરૂરી છે અને આમાં અકલમંદી છે

જેવી રીતે પાગલ કુતરો છુટો ફરતો હોય તો માણસ પોતાની સલામતી શોધે છે, તેમ સલાહ આપતા સમયે પણ પોતાના બચાવની તૈયારી રાખવી જાઈએ. જેવુકે ગુજરાતીમાં કહેવત છે કે : **“રાજા-વાજા અને વાંદરા”**

## ﴾30﴿ હઝરતે ઝુન્નૂન મિસરીનું રડવુ

એક બાદશાહનો વઝીર હઝરતે ઝુન્નૂન મિસરી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَيۡه ની ખિદમતમાં ગયો અને દુઆ કરવા કહ્યું કે દિવસ રાત બાદશાહની ખિદમતમાં મશ્ગૂલ રહુ છુ તેનાથી ભલાઈનો ઉમ્મીદવાર અને તેના ગુસ્સાથી ડરતો રહુ છુ.

હઝરતે ઝુન્નૂન رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَيۡه રડી પડ્યા અને ફરમાવ્યું કે અગર હું ખુદાએ તઆલાથી એવો ખૌફ રાખતો જેવો તૂ બાદશાહથી રાખે છે તો હું આજ સિદ્દીકીનોમાંથી હોત.

અગર રંજ અને રાહતની ઉમ્મીદ ન હોતી યાની અગર ઈખ્લાસ કામિલ હોતો તો આ ફકીરના પગ આકાશ પર પહોંચી જતા યા મુરાદએ કે અગર દુન્યવી હાજતો રુકાવટ ન પૈદા કરતી તો ફકીર મર્તબામાં ક્યાંથી ક્યાં પહોંચી જતો, અગર વઝીર ખુદાએ તઆલાથી એવો અને એટલો ડરતો જેટલો બાદશાહથી ડરે છે, તો જેવોકે ફરિશ્તો બની જતો.

**ફાયદો :** બાદશાહો હાકિમોની બ નિસ્બત ખુદાથી વધારે ડરવુ જોઈએ અને ઉમ્મીદ પણ તેનાજ થી રાખવી જોઈએ. ઈમાન ખૌફ અને રિઝાની વચ્ચે છે અને અલ્લાહથી ડરનાર હમેશા કામિયાબ થાય છે.

## ﴾31﴿ બેગુનાહને સજા

એક ઝાલિમ હાકીમે એક બેગુનાહ કૈદીને મારી નાખવાનો હુક્મ કર્યો તે કૈદીએ રજુઆત કરી : “અય બાદશાહ ! જે ગુસ્સો તમને મારા પર છે તેના કારણે તમે પોતાના પર કયામતના દિવસની તક્લીફ ન શોધો, એટલા માટે કે આ કત્લની તક્લીફ મારા પરથી

એક શ્વાસમાં પસાર થઈ જશે (પુરી થઈ જશે) અને તારા પર એનો ગુનોહ હમેશા હમેશા રહેશે, યાની હું બેગુનાહ છુ મારા કારણે પોતાની આખિરત ખરાબ ન કર.

મારૂ ખૂન એક શ્વાસમાં થઈ જશે અને થોડો સમય તક્લીફ થશે અને તારા પર હમેશાનો અઝાબ થશે.

**ફાયદો :** સારો અને ખરાબ સમય ખુશી અને તક્લીફ બન્ને વીતીજ જશે. ઝાલિમ એમ સમજે છે કે તેણે બીજા પર ઝુલ્મ કર્યો પરંતુ તે દુષ્ટ પોતાની પરજ ઝુલ્મ કરતો હોય છે.

## 32 ઝૂઠાઓનો સરદાર

એક ઝૂઠો અને મક્કાર માણસ પારસાઓ જેવો હુલિયો બનાવીને હાકિમે વક્તના દરબારમાં ગયો અને જાહેર કર્યું કે "હૂં મૌલાએ કાએનાત મૌલા અલીની ઔલાદમાંથી છુ અને હજની સફરથી પાછો ફરી રહ્યો છુ" આટલુ કહીને તેણે બાદશાહની સામે એક બહુજ સારો કસીદો પઢયો.

બાદશાહ કસીદો સાંભળીને અને તેને ઉમ્દા આલી નસબ અને હાજી યકીન કરીને ખૂબજ ખુશ થયો અને તેને ખિલ્અત (પોશાક) અને ઘણાં બધા પૈસા આપ્યા. પરંતુ ખુદાએ તઆલાની કુદરત તે મક્કારના પરત થવાના પહેલા એક દરબારી જે દરિયાઈ સફરથી પાછો આવ્યો હતો, તે દરબારમાં દાખલ થયો અને તે માણસને ઓળખીને કહ્યું કે આ હરગિઝ હાજી નથી આનો વિશ્વાસ ન કરવામાં આવે આને તો મૈં હજના દિવસોમાં બસરાના બજારમાં જોયો હોતો.

જ્યારે તેના બારામાં શક પડયો તો તપાસ કરતા ખબર પડી કે આલી નસબ અને હાજી હોવાની વાત તો દૂર આ માણસ તો પાયામાં મુસલમાન પણ નથી, પરંતુ આ તો રૂમના શહેર મલાતિબાનો રહેવાસી એક ઈસાઈ છે અને તેણે જે કસીદો પઢયો તે મશહૂર શાયર "અન્વરી" નો લખેલ છે.

આ હાલત જાણીને બાદશાહ બહુજ ગુસ્સામાં આવી ગયો તેણે હુક્મ કર્યો કે જે ઈનામો તેને અપાયા છે તે પરત લઈ લેવામાં આવે ઉપરાંત તેને બે આબરૂ કરીને શહેરથી કાઢી મુકવામાં આવે.

ચોરની ચોરી અને ઝૂઠાનૂં ઝૂઠ ખુલી જાય તો ડરી જાય પરંતુ આ મક્કાર માણસે પોતાના હોશો હવાસ સંભાળી રાખ્યા અને મોદીની જેમ જલ્દીથી બોલ્યો : ''બાદશાહ સલામત ! હું સમજુ છુ કે હું ઝૂઠ બોલ્યો હૂં મારી ભૂલ સ્વીકારૂ છુ પણ હવે આપની ખિદમતમાં એક એવૂ સત્ય બયાન કરૂં છુ જેનાથી વધીને કોઈ સત્ય નથી.

તે બોલ્યો : સરકાર ! એ સાચી વાત એ છે કે ઝૂઠથી કોઈ બચેલ નથી બલ્કે જેટલો વધારે અનુભવી હોય છે તે એટલુજ મોટૂ ઝૂઠ બોલે છે ''બાદશાહ આ સાંભળીને હંસી પડયો અને બોલ્યો.

''બેશક ! આ વાત સાચી છે અને તે આનાથી વધારે સાચી વાત કદી નહીં બોલી હોય.''

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ બગડેલ સમાજની હાલતનો નક્શો ખેંચ્યો છે, જયારે લોકો અખ્લાકી ઝવાલમાં પડી ગયા છે, તો તેઓ મોટામા મોટૂ ઝૂઠ બોલતા અચકાતા નથી કે ડરતા નથી. ત્યાં સુધીકે માણસ જેટલો મોટો અને અકલમંદ હોય છે તે એટલુજ મોટૂ ઝૂઠ અને સફાઈની સાથે બોલે છે.

જેવુકે એક માણસને પુછવામાં આવ્યું કે ''બધાથી મોટૂ ઝૂઠ શું છે ? ''તેણે જવાબ દીધો : ''હું કદી પણ ઝૂઠ નથી બોલતો ! એ સહુથી મોટૂ ઝૂઠ છે.

## ﴾33﴿ હારૂન અલ રશીદનો ઇન્સાફ

બનૂ અબ્બાસના મશ્હૂર ખલીફા હારૂન અલ રશીદનો એક છોકરો એક દિવસ તેની પાસે એ હાલતમાં આવ્યો કે ગુસ્સો અને રંજથી તેનો ચેહરો તમ-તમાયો હતો ખલીફાએ છોકરાની એ હાલત

જોઇ તો પુછયુ : બેટા શું વાત છે તૂ આટલો પરેશાન નઝર આવે છે ? શાહઝાદા એ ક્યું : "ફલાણા સિપાઇના છોકરાએ મને માંની ગાળ આપી છે." બેટાની આ વાત સાંભળીને ખલીફાએ પોતાના દરબારીઓથી પુછયુ : "બતાવો આ ગુનેહગારને શી સજા કરવામાં આવે ? એકે કહ્યું : "એ નાલાયકને કત્લ કરી દેવામાં આવે. બીજો બોલ્યો : "તેની ઝબાન કાપી નાખવી જોઇએ." ત્રીજો બોલ્યો : "એના બાપની તમામ ઝમીન જાએદાદ જપ્ત કરી લેવી જોઇએ.

હારૂન બધાની સલાહ પુરા ધ્યાનથી સાંભળી રહ્યો હતો છેલ્લે પોતાના છોકરાની તરફ જોઇને કહ્યું : "બેટા અલ્લાહે અમને એ અધીકાર આપેલ છે કે અમે મુજરિમને સખ્ત થી સખ્ત સજા કરી શકીએ તેમ છીએ પરંતુ મારા નઝદીક સહુથી બધાથી સારી વાતએ છે કે તૂ તેને માફ કરી દે અથવા અગર તારાથી એ શક્ય નથી તો કમસે કમ તૂ તેને એવીજ એક ગાળ આપી દે, પરંતુ એક વાત યાદ રાખજે કે જરા પણ ઝિયાદતી કરીશ નહીં એટલે કે હદથી વધતો નહીં એટલા માટે કે ખુદા હદથી વધી જવાવાળાને પસંદ નથી કરતો.

**ફાયદો :** બદલાની તાકાત રાખવા છતા માફ કરી દેવુ બહુજ મોટી વાત અને નેકી છે. અલ્લાહ તબારક વ તઆલા પણ બંદાના ગુનાહ પર દરગુઝર કરતો રહે છે અને બંદાનુ બીજા બંદાને માફ કરવું તેને પસંદ છે. યાદ રહે જેવુ કે બકરી અગર સિંહને માફ કરે છે તો કોઈ કમાલ નથી કમાલ એ છે કે સિંહ બકરીને માફ કરી દે. યાની તાકાત અને કુવ્વત હોવા છતા ગુસ્સાને કાબૂમાં રાખવો જોઇએ અને કમઝોરો પર રહેમ કરવો જોઇએ.

## ﴾34﴿ નકદ બદલો

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه બયાન ફરમાવે છે કે એક સમય હું હોડીમા સવાર થઈને દરિયાઈ સફર કરતો હતો. અમારી હોડીની પાછળ એક નાની હોડી પણ આવી રહી હતી, તેમાં અમુક મુસાફરો સવાર હતા અચાનક એવું બન્યુકે તે નાની હોડી ભંવરમાં

ફસાઈ ગઈ અને તેમાં જે મુસાફરો સવાર હતા તે પાણીમાં ગોતા ખાવા લાગ્યા. મૈં જોયુ કે મુસાફરોમાં બે સગા ભાઈ પણ હતા. હું તેમની હાલત પર અફસોસ કરી રહયો હતો એટલામાં એક અમીર માણસે એલાન કર્યું અગર કોઈ ડૂબતા મુસાફરોને બચાવી લે તો હું તેને મોટુ ઈનામ આપીશ.

આ વાત સાંભળીને મલ્લાહ તુરંત દરિયામા કુદી પડયો અને બે ભાઈયો માંથી એકને બચાવી લાવ્યો. બીજો પાણીમાં ડૂબી ગયો. મૈં મલ્લાહથી કહ્યું : "તેં તો પોતાની તરફથી આ બન્નેને બચાવવાની પુરી કોશિશ કરી પરંતુ લાગે છે કે ડૂબી જનારની ઝિન્દગી જ ખત્મ થઈ ચુકી હતી તે કારણસર તૂં કામિયાબ ન થઈ શક્યો."

મલ્લાહ મારી વાત સાંભળીને હસ્યો અને બોલ્યો : બેશક ! તમારી વાત તો ઠીક છે પરંતુ એ મુસાફરના ડૂબી જવાના કારણમાંથી એક કારણ એ પણ છે કે એક વખત તેણે મને કોરડાથી માર્યો હતો અને હું તેનાથી બદલો લઈ નહોતો શકયો અને તે વાત મારા દિલમાં ખટકતી હતી, આજે મને તે વાત યાદ આવી ગઈ અને હું તેને બચાવવાની એટલી કોશિશ ન કરી શક્યો જેટલી કરવી જોઈતી હતી.

રહ્યો એ મુસાફરનો મામલો જેને હું બચાવીને લાવ્યો છુ તો તેણે એક વખત મુસીબતમાં મારી મદદ કરી હતી. હું રણમા ચાલતો જઈ રહ્યો હતો અને બહુજ થાકી ગયેલ હતો તે વખતે તેણે મને ઊંટ ઉપર બેસાડી લીધો હતો. બસ મને તેની એ નેકી યાદ આવી ગઈ **એટલા માટે મૈં તેને બચાવવા માટે જાનની બાઝી લગાવી દીધી.** મલ્લાહની આ વાત સાંભળીને મૈં દિલમાં કહ્યું સાચી વાત છે ઈન્સાન જે પણ અમલ કરે છે તે મુજબ જ તેને ફળ મળે છે. જેવું કે અલ્લાહ પાક પોતાના કુરઆનમાં ઈર્શાદ ફરમાવે છે જેણે પણ નેક અમલ કર્યો તેણે પોતાના નફસના માટે કર્યો અને જેણે પણ બુરાઈ કરી તેણે પોતાના નફસના માટે કરી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ આ હિકાયતથી એ બતાવવા માંગે છે કે કયામતના દિવસે તો માણસ પોતાના સારા અને ખરાબ અમલની જઝા યા સજા પામશેજ પરંતુ દુનિયામાં પણ તેના આમાલની સજા યા અજ મળે છે માટે હમેશા ઝુલ્મ કરતા પહેલા વિચારવુ જોઈએ અને અટકી જવુ જોઈએ.

## ﴾35﴿ મર્દે આઝાદ

બે ભાઈઓ હતા જેમાં એક બાદશાહની સરકારમાં નૌકર હતો, જ્યારે બીજો મહેનત મઝદૂરી કરીને પોતાની રોઝી કમાઈ લેતો હતો. એક દિવસ માલદાર ભાઈ પોતાના ગરીબ ભાઈને મળ્વા આવ્યો તો બોલ્યો.

"ભાઈ ! હૂ તો કહુ છુ કે તૂ પણ બાદશાહની નૌકરી સ્વીકારી લે. મહેનત મઝદૂરી કરીને તો તારો ગુઝારો નહીજ થાય મુશ્કેલીથી બે ટાઈમની રોટી મળે છે મને જો, હું કેવા આરામની સાથે ઝિન્દગી વીતાવી રહ્યો છુ.

પોતાના અમીર ભાઈની વાત સાંભળીને ગરીબ ભાઈએ જવાબ દીધો : "તમે મને બાદશાહની નૌકરી અપનાવવાનું કહો છો અને હું તમને કહુ છુ કે તમે પારકી તાબેદારી છોડી દો અને આઝાદીની ઝિન્દગી અપનાવો. જવની રોટી ખાઇને ઝિન્દગી બસર કરવી મને એ વાત કરતા વધારે પસંદ છે કે કમર પર પટકો બાંધીને કોઈની તાબેદારી કરૂં.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ એ આ હિકાયતમાં લાચારીની ઝિન્દગી જીવવા કરતા ખુદ્દારીની ઝિન્દગી વિતાવવાની બરકતો તરફ ઈશારો કર્યો છે.

આજના યુગમાં મોટી ફર્મમાં સારા હોદ્દા પર નૌકરી કરનારને દાઢી રાખવાની છૂટ નથી હોતી. નમાઝ પઢવા માટે રજા નથી મળતી, આવા ઓફીસર દરજાના લોકો અઠવાડીયામાં એક વખત શુક્રવારની નમાઝ માટે મુશ્કેલી થી સમય કાઢે છે અને ઉપલા

અધીકારીઓ અથવા શેઠ લોકોની ખુશામત કરતા રહે છે જ્યારે નાનકડો પણ સ્વતંત્ર બીઝનેસ કરનાર આઝાદીની સાથે જીવી શકે છે, ઈબાદત કરી શકે છે.

## ﴾36﴿ મૌત કોઈને છોડશે નહી

એક માણસ નૌશેરવાંને આદીલની પાસે ખુશ ખબર લઈને આવ્યો અને બોલ્યો : "મુબારક હો આપનો ફલાણો દુશ્મન મરી ગયો." તો નૌશેરવાંએ ફરમાવ્યુ : "શું તને એ વાતની પણ ખબર પડી કે મૌતે મને છોડી દીધો." મતલબ એ કે આમાં ખુશ થવાની કઈ વાત છે કે દુશ્મન મરી ગયો ? અગર એ મરી ગયો તો અમારે પણ મરવાનુંજ છે.

**ફાયદો :** અગર દુશ્મન મરી ગયો તો આપણે પણ મરવાનુંજ છે, આ દુનિયામાં કોઈ હમેશા રહેવાનું નથી. બસ વાત એમ છે કે મૌત ઈમાન પર આવે.

## ﴾37﴿ વાત કરવી કે ચુપ રહેવુ

આલિમોની એક જમાઅત કિસરાના દરબારમાં એક જરૂરી મસ્અલા પર ચર્ચા કરી રહી હતી. એક બુઝુર્ગ વઝીર જે તે બધાનો સરદાર હતો, તે ચુપ બેઠો હતો તેઓએ જાણવા માંગ્યુ કે અમારી સાથે તમે આ ચર્ચામાં શા માટે હિસ્સો નથી લેતા ? વઝીરે ફરમાવ્યુ : બુઝુર્ગ લોકો તબીબો (ડૉક્ટર)ની જેમ હોય છે. હકીમ ત્યાં સુધી દવા નથી આપતો જ્યા સુધી તેને યોગ્ય ન લાગે, જ્યાં સુધી મને મારૂં બોલવુ દુરુસ્ત નથી લાગતુ તો હું નથી બોલતો જ્યારે કોઈ કામ મારી દખલ વગર નિકળી જતુ હોય તો મારૂ એમાં બોલવુ યોગ્ય નથી અને અગર હું જોઉ કે કોઈ અંધ જઈ રહ્યો છે અને સામે કુવો યા ખાઈ છે અને અગર એ વખતે હું ચુપ રહુ તો હું ગુનેહગાર છુ. એ વખતે મારૂં બોલવુ જરૂરી છે.

**ફાયદો :** આ હિકાયતથી શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہِ એ બતાવવા માંગે છે કે અકલમંદ લોકો ગૈર જરૂરી વાતો નથી કરતા

બીજાઓની વાતમાં દખલ નથી દેતા ચુપ રહેવુ હિક્મત છે, ચુપ રહેવામાં સવાબ છે ચુપ રહેવામાં છુટકારો છે.

## ﴾38﴿ અલ્લાહ બે નિયાઝ છે

ખલીફા હારૂન અલ રશીદે જ્યારે મિસ્ર (ઇજીપ્ત)નો પૂરો મુલ્ક ફતેહ થઈ ચુક્યો તો તેને ખયાલ આવ્યો કે આ એ સરઝમીન છે કે જેની ઉપર રાજ કરનાર ફિરઔને પોતે ખુદા હોવાનો દાવો કર્યો હતો, માટે તેણે એ જાહેર કરવા માટે કે મિસ્રની હુકૂમત કોઈ મોટી ચીઝ નથી, તેણે પોતાના એક એવા ગુલામને મિસ્રનો હાકિમ બનાવ્યો જે એકદમ કમ અક્લ અને બદસૂરત હતો.

એ ગુલામનું નામ ખસીબ હતુ તે કેટલી હદે કમ અક્લ અને જાહિલ હતો તેનો અંદાજો એ વાતથી થઈ શકે છે કે એક વાર જ્યારે મિસ્રના ખેડૂતોએ તેના દરબારમાં હાજર થઈને ફરિયાદ કરી કે દરિયાએ નીલ (નાઇલ નદી)માં પુર આવી જવાના કારણે અમારા કપાસના બધાજ ખેતર નષ્ટ થઈ ગયા, તો તેણે કહ્યું : “તમે લોકો કપાસની ખેતી કરવાના બદલે તમારા ખેતરમા ઉન ઉગાવો કારણ ઉન પાણીમાં ખરાબ નથી થતું !”

આ બનાવ એક અકલમંદ ઇન્સાને જ્યારે સાંભળ્યો તો તેણે કહ્યું : “સાચી વાત છે અલ્લાહ બેનિયાઝ છે ઇઝ્ઝત અન રિઝ્કનો દારોમદાર અક્કલ પર નથી, પરંતુ માત્ર ખુદાની મહેરબાની પર છે.”

**ફાયદો :** અગર રોઝી અક્કલથી મળતી તો બેવકૂફોથી વધારે તંગદસ્ત કોઈ ન હોતુ પરંતુ જોવામાં આવે છે મુર્ખ લોકો મોટા મોટા સરકારી હોદ્દા પર તેમજ માલદાર હોય છે. અલ્લાહ તઆલા મુર્ખ લોકોને પણ એવા એવા તરીકાથી રિઝ્ક પહોંચાડે છે કે અક્લમંદ લોકો હૈરાન રહે છે.

ઘણી વખત મોટા મોટા અક્લમંદ લોકો અજ્ઞાની જાહિલ શેઠની નૌકરી કરતા જોવા મળે છે.

## «39» સિકંદરની સફળતાનુ રહસ્ય

કોઈએ સિકંદરે આઝમથી પુછ્યુ કે "તમને દુનિયાના આટલા બધા મુલ્ક ઉપર ફતેહ હાસિલ કઈ રીતે થઈ ? જયારે કે તમારાથી પહેલા જેઓ થઈ ગયા, તેમની પાસે પણ ખઝાનાઓ અને લશ્કરની અછત ન હતી, પરંતુ આટલી બધી શાનદાર ફતેહ તેઓને ન થઈ !"

આ સવાલ સાંભળીને સિકંદરે આઝમે જવાબ આપ્યો : "અલ્લાહ પાકની મહેરબાની ! અને એના સિવાય આ કામિયાબી યાની સફળતા મને એટલા માટે પણ હાસિલ થઈ કે મૈં જેટલા પણ પ્રદેશ પર વિજય મેળવ્યો તો તેના ઈઝ્ઝતવાળા લોકોની મૈં ઈઝ્ઝત કરી, ત્યાંના સારા લોકો જે સારા કાર્યો કરી ગયા મૈં તેની નિશાનિયો બાકી રાખી તેમના નામ માન સન્માનની સાથે લીધા અને સૌથી મોટી વાત એ કે લોકોને ન સતાવ્યા બલ્કે રાહત પહોંચાડી.

**ફાયદો :** શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه ની આ હિકાયતથી જાણવા મળ્યુકે લોકોની સફળતાનો રાઝ લશ્કર કે દૌલતથી નથી પણ લોકોના દિલ જીતવાથી અને લોકોને રાહત પહોંચાડવાથી છે.

## «40» મુસલમાનો માટે નેક ગુમાન

બુઝુર્ગાને દીનમાંથી એક વ્યકતીએ એક નેક માણસથી પુછ્યુ કે ફલાણા આબિદના બારામાં આપનું શું માનવુ છે કે બીજાઓએ એમના ઐબ બયાન કર્યા છે.

તેમણે જવાબ દીધો : "મને તેના જાહેરમાં કોઈજ ઐબ નથી નઝર આવતો અને તેના બાતિનના છુપાયેલ મામલાની મને જાણ નથી, એટલા માટે કે ગૈબનો ઈલ્મ ખુદા સિવાય કોઈને નથી. જેનો લિબાસ પરહેઝગારો અને પારસા (પવીત્ર-નેક) લોકો જેવો હોય તેને નેક સમજો, એમાં તમારૂ કોઈ નુક્સાન નથી.

**ફાયદો :** દરવેશોએ કોઈના પર પણ બદ ગુમાની ન કરવી જાઇએ અને નેક ગુમાન રાખવુ જોઈએ ભલે બીજા લોકો બુરૂભલુ

કહેતા રહે. અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે **લા તજસ્સસુ** "યાની કોઈના છુપાયેલ હાલની શોધ ખોળ ન કરો."

## ﴾41﴿ સૈયદના અબ્દુલ કાદિર જીલાની رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه

હઝરતે શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه ફરમાવે છે કે મૈં એક દરવેશને જોયા કે કાબતુલ્લાહ શરીફની ચૌખટ પર માથું રગડતા હતા અને રડી રડીને કહેતા હતા કે અય ગુનાહોને માફ કરવાવાળા ! અય રહેમ કરવાવાળા ! તૂ ખૂબ જાણે છે કે હું ઝાલિમ અને જાહિલથી કેવા કેવા અમલ થયા છે. બંદગીની કોતાહી (સુસ્તી-નાફરમાની)નો ઉઝ્ર તારી બારગાહમાં કરૂં છુ એટલા માટે કે બંદગી પર ભરોસો નથી કરી શકતો ગુનેહગાર બંદાઓ પોતાના ગુનાહોની તૌબા કરે છે અને તારી મારેફતવાળા પોતાની ઈબાદતની તૌબા કરે છે (કે ઈબાદતમાં કમાલ કેમ હાસિલ ન થયો) એટલા માટે કે સમજે છે કે અમારી ઈબાદત તારા શાયાને શાન નથી.

ઈબાદત કરવાવાળા ઈબાદતનો બદલો માંગે છે અને સૌદાગર લોકો (વેપારી લોકો) પોતાના માલની કીમત માંગે છે હું ગુનેહગાર બંદો તારાથી ઉમ્મીદ લઈને આવ્યો છુ, હું ન તો ઈબાદત લઈને ભીખ માંગવા આવ્યો છુ કે ન તીજારત કરવા આવ્યો છુ અય કરીમ ! હમારી સાથે એ મામલો કર જે તારી શાયાને શાન છે અને એ મામલો ન કર જેને અમે યોગ્ય છીએ.

અગર તૂ મારા ગુનાહ પર અઝાબ દે યા મને માફ કરી દે. તારો અધિકાર છે, આ મારૂં માથું છે અને તારી ચૌખટ છે બંદાનો શું હક છે ? કંઈ નહીં જે તારો હુક્મ હશે એજ થશે. હું નથી કહેતો કે મારી ઈબાદત કબૂલ કરી લે પરંતુ હું કહુ છુ કે મને માફ કરી દે.

**ફાયદો :** આબિદો યાની ઈબાદત ગુઝારોએ માત્ર રિઝાએ ઈલાહીના માટે ઈબાદત કરવી જોઈએ. હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه એ આ હિકાયતમાં રબ્બે ઝુલ જલાલની શાન અને તૌહીદનો મસ્લો બયાન કર્યો છે હઝરત પીરાને પીર જેવા અઝીમ

બુઝુર્ગ અલ્લાહ તઆલાની બે નિયાઝીથી લરઝતા હતા અને અર્ઝ કરતા હતા કે કયામતના દિવસે બખ્શિશ થઈ જાય. આ પોઝીશનમાં એ વાતતો કંઈ અકલમંદીની નથી કે આપણા જેવા ગુનેહગાર બંદા અલ્લાહના ગઝબથી બે પરવાહ બની જાય.

ઈન્સાનને હમેશા અલ્લાહના ખૌફથી ડરવું જોઈએ અને કદી પણ પોતાની ઈબાદત યા પોતાના ઈલ્મ, યા બીજી કોઈ પણ બાબત પર ભરોસો ન કરવો જોઈએ અગર કોઈ ચીઝ બંદાને અલ્લાહના ગઝબ અથવા અઝાબથી બચાવે છે, તો તે અલ્લાહનો ફઝ્લ બચાવે છે.

અલ્લાહથી કદી અમલનો બદલો ન માંગો પણ તેનો ફઝ્લ અને કરમ તલબ કરો.

શૈખ અબ્દુલ કાદિરી જીલાની ગૌસે પાક رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه કાબતુલ્લાહમાં મુનાજાત કરતા હતા કે અય મારા માલિક ! મને માફ કરી દે અને અગર હું સજાને લાયક છુ તો કયામતના દિવસે મને અંધ ઉઠાડજે. જેથી તારા નેક બંદાઓની સામે મારે શરમાવું ન પડે.

## ﴾42﴿ બુરા લોકો સાથે પણ ભલાઈ

એક ચોર એક દિવસ એક પરહેઝગાર નેક ઈન્સાનના ઘરમાં ઘુસી ગયો ખૂબજ શોધ ખોળ કરવા છતા ત્યાંથી કંઈ ન મળ્યું, દુખી થઈને અને નિરાશ થઈને નિકળતોજ હતો ત્યાં મકાન માલિક જાગી ગયો અને તેને અફસોસ થયો કે બીચારા ચોરે આટલી મહેનત કરી અને મારા ઘરથી નિરાશ થઈને જઈ રહ્યો છે, તો જે કંબલ (બ્લેન્કેટ/ ધાબળો) પર સુઈ રહ્યો હતો તે ચોરના રસ્તામાં નાખી દીધો જેથી તે મહેરૂમ ન રહે.

**ફાયદો :** આ હિકાયતથી શૈખ સાહેબ رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه આપણને એ સંદેશ આપવા ચાહે છે કે અલ્લાહવાળાઓના દિલમાં પોતાના દુશ્મનોના માટે પણ ખૈરનો જઝ્બો હોય છે અને તેઓ કોઈને પણ નિરાશ નથી કરતા.

જેવી રીતે સૈયદના ગૌસે આઝમને ત્યાં એક ચોર ચોરી કરવા આવ્યો, તો આપે પોતાના કરમ અને ખાસ તવજ્જોહથી કુત્બીયતના મકામ સુધી પહોંચાડી દીધો.

તેવીજ રીતે સૈયદના શૈખ ગંજ અહમદ ખટ્ટુ رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه જ્યારે મસ્જિદ શરીફનું બાંધકામ ચાલુ હતુ ત્યારે રોજ સાંજના સમયે પોતાની બેઠક નીચે થી પૈસા મજૂરોને ચુકવતા હતા. એક દિવસ એક મજૂરે રાતના સમયે ચોરી કરવાના ઈરાદે તેં જગ્યા ખોદી કાઢી બીજા દિવસે આપે તે મજૂરને ડબલ પગાર આપ્યો કે તેં ડબલ મહેનત કરી છે અને તે મજૂરે તૌબા કરી.

## ﴾43﴿ અકલમંદ મુસાફિરો

હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે મુસલમાનોની એક જમાઅત સફર માટે રવાના થઈ રહી હતી. મૈં તેમને કહ્યું કે મને પણ સાથે લઈલો. તેઓ મને સાથે લઈ જવા તૈયાર ન થયા, મૈં તેમને કહ્યું કે દરવેશોની મહોબ્બતથી મોં ફેરવવું અને ફાયદાથી મહેરૂમ રાખવું એ બુઝુર્ગોની શાન નથી, મૈં તેમને યકીન અપાવ્યું કે હું તમોને કોઈ મુસીબત અથવા તક્લીફ નહીં પહોંચાડુ. બલ્કે જ્યાં સુધી બની શકશે હું તમારી ખિદમત કરીશ.

તેઓમાંથી એક વ્યકતી બોલી ઉઠયો : "જે વાત અમોએ તમને કહી તેનાથી નારાઝ ન થશો, કારણ કે આ દિવસોમાંજ એક ચોર દરવેશો જેવા કપડા પહેરી આવ્યો હતો અને અમોએ તેના પર ભરોસો કરી તેની શક્લો સૂરતથી ભોળવાઈને અમારા ગ્રુપમાં શામિલ કરી લીધો. દૌરાને સફર અમો એક મકામ પર રોકાયા અને સુવા માટે અમારા બિસ્તરો પર સુતા. એ માણસે નજીકના કિલ્લામાં ઘુસી ત્યાંથી કીમતી સામાનની ચોરી કરી ભાગી ગયો, ફિલ્લાવાળા ઓને ચોરીની ખબર પડી તો તેણે અમારા પર શક કર્યો અને પકડીને કૈદ કરી લીધા બહુજ મુશ્કેલીથી જાન છોડાવી."

હઝરતે સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે મૈં મુસાફિરોનો શુક્રિયા અદા કર્યો અને કહ્યું કે : "ભલે તમે મને પોતાનો હમ સફર

બનવાની ઈઝ્ઝત ન બક્ષી પરંતુ તમે જે સારી વાતો મને કહી તેનાથી મને ઘણુંજ શિખવા સમજવા જાણવા મળ્યું વાત તો તમારી સાચી છે એક ગંદી માછલી પુરા તળાવને ગંદુ કરી મુકે છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયતમાં એક બહુજ કીમતી નુક્તો બયાન કરે છે તે એ કે ગુનોહ કરવાવાળાનો અમલ માત્ર તેની ઝાત પુરતોજ નથી રહેતો, પરંતુ તેનુ નુક્સાન બીજાઓને પણ પહોંચે છે અને કેટલાય લોકો તેના કારણે તક્લીફ ઉપાડે છે ત્યાં સુધી કે લોકો કોઈ એક દગાબાઝના હાથથી નુક્સાન પામે છે તો શરીફ અને ખાનદાની લોકોનો વિશ્વાસ પણ નથી કરતા.

## ﴾44﴿ રિયાકાર દરવેશ

એક મક્કાર (ઢોંગી) દરવેશ જે માત્ર દુનિયાને બતાડવા માટે નેકિઓ કરતો હતો, તે એક દિવસ બાદશાહનો મહેમાન બન્યો તેણે પોતાની બુઝુર્ગીનો રોબ નાખવા માટે ખાવાનું બિલ્કુલ થોડું ખાધુ અને નમાઝ લાંબી પઢી.

જ્યારે તે માણસ બાદશાહને ત્યાંથી રવાના થઈ પોતાના ઘરે પહોંચ્યો તો તેણે ખાવાનું માંગ્યુ.

તેના દીકરાએ કહ્યું : "શું આપે બાદશાહને ત્યાં ખાવાનું નથી ખાધુ ?" તો જવાબ દીધો : "બેટા મૈં બાદશાહને ત્યાં બહુજ ઓછુ ખાધુ એટલા માટે કે તેના પર મારી પરહેઝગારીનો સિક્કો બેસી જાય અને તેના દિલ અને નઝરમાં મારી ઈઝ્ઝત વધી જાય."

છોકરાએ કહ્યું અબ્બા જાન ! હવે તમે તમારી નમાઝ પણ ફરી પઢી લો કે તમે નમાઝ પણ બાદશાહને ખુશ કરવાજ પઢી હશે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં રિયાકારીની આફત તરફ ઈશારો કર્યો છે કે તમે લોકોને ખુશ કરવા માટે કેટલી પણ ઈબાદતો રિયાઝતો કરી લેશો, અલ્લાહના નઝદીક તેની કોઈજ કદર કીમત નહીં હોય અને કયામતના દિવસે તેનો

કોઈ અજ નહીં મળે પરંતુ ઉપરથી સજા મળશે જેવી રીતે માણસ કાબાનો ઈરાદો કરીને નિકળે અને કાશીનો રસ્તો પકડે અને કહે કે મારી નિય્યત તો કાબાની છે છતા તે કદી કાબા નહીં પહોંચે. અલ મુખ્તસર દરવેશોએ રિયાકારીથી દૂર રહેવુ જોઇએ.

## ﴾45﴿ ઈબાદત પર ઘમંડ

મને હમણાં સુધી બરાબર યાદ છે કે હું નાનપણમાં ઈબાદત પર હરીસ (બહુજ શૌખીન-લાલચુ) હતો તહજ્જુદ ગુઝાર અને પરહેઝગારી પર હરીસ હતો. એક રાત્રે હું વાલિદ સાહેબ رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની ખિદમતમાં બેઠો હતો અને પૂરી રાત આંખ ન મીંચી, સુવાનું તો દૂર પણ ઝોકુ પણ ન ખાધુ અને તિલાવતે કુરઆને કરીમ કરતો રહ્યો. એક જમાઅત અમારી પાસેજ સુઈ રહી હતી. મૈં વાલિદે મોહતરમને કહ્યું આટલા લોકોમાંથી એક પણ ઉઠતો નથી કે બે રકઅત નમાઝ પઢી લે એવી રીતે સુતા છે જાણેકે મરી ચુક્યા હોય.

વાલિદ સાહેબે ફરમાવ્યુ : અય મારી જાન ! અગર તૂ પણ સુઈ જતો તો બીજાઓની ઐબજોઈથી બચી જતો અને એ તારા માટે યોગ્ય હતું.

**ફાયદો :** ઈબાદત કરવાળાએ પોતાની ઈબાદત પર ઘમંડ કે ફખ્ર ન કરવો જોઈએ અને ઈબાદતના ઘમંડ પર બીજાને ઓછુ ન જાણવુ જોઈએ.

આ એટલા માટે પણ કે તમે જે ઈબાદત કરી તેની કબુલિયતની કોઈ જવાબદારી (ગેરન્ટી) નથી જો તમારી ઈબાદત રદ થઈ જાય તો તમે અને ઈબાદત ન કરવાવાળો બન્ને સરખાજ છે.

વધારામાં જે આજે ગાફિલ થઈને પડયા છે તે કદાચ તૌબા કરી લે અને આવતી કાલે ઈબાદત ગુઝાર બની જાય અને શક્ય છે કે અલ્લાહ તઆલાનો મક્બૂલ બની જાય માટે ગાફિલો માટે દુઆ કરવી જોઈએ મહેણાં નહીં અને પોતાની ઈબાદતને રિયાથી બચાવવી જોઈએ.

## ⟪46⟫ ખુદપાસંદી ઐબ છે

એક બુઝુર્ગની મહેફીલમાં એક વ્યકતી તેમની સામેજ તેમની તારીફ એ અંદાજથી કરતો હતો કે હદથી વધી જતો હતો તેમણે માથું ઊંચુ કરીને ફરમાવ્યું : "હું જેવો છુ તેને હુંજ જાણુ છુ બસ મને સતાવવા માટે તૂ જ બરાબર છે. એ તે વ્યક્તી જે મારી નેકીઓ મને ગણાવી રહ્યો છે એ મારૂ જાહિર છે તને મારા અંદરના હાલની કઈ ખબર છે ? કે મારા અંદર કેટલા ઐબ છે ? મારૂં વજૂદ એહલે દુનિયાની નઝરમાં બહુજ સુંદર બહુજ સારૂ છે અને હું મારા બાતીનની ગંદકીના કારણે શર્મશાર છું. મારો દાખલો મોરની મિસાલ છે કે મોરની ઉપર જે નક્શોનિગાર છે તેના લીધે લોકો તેની સુંદરતાના વખાણ કરે છે અને તે મોર ખુદ પોતાના પગની કદરૂપતાના કારણે શર્મ કરે છે.

**ફાયદો :** દરવેશ પોતાના વખાણ પોતે કરતો નથી અને પોતાની તારીફ સાંભળીને ખુશ પણ નથી થતો, બલ્કે પોતાના ગુનાહોનો તસવ્વુર કરીને શર્મિન્દા રહે છે, માટે માણસે "અપને મુંહ મિયાં મીઠ્ઠું" ન બનવુ જોઇએ.

## ⟪47⟫ વલીની કરામત

લુબનાનના પહાડી ઈલાકાના એક બુઝુર્ગ એક દિવસ દમિશ્ક (શામ-સીરીયા)ની જામા મસ્જિદના હોઝ પર બેસીને વુઝૂ કરી રહ્યા હતા કે અચાનક તેમનો પગ ફિસ્લી ગયો અને તેઓ હોઝમાં પડી ગયા લોકોએ બહુજ મુશ્કેલીથી તેમને બહાર કાઢયા.

નમાઝના પછી એક વ્યક્તી તે બુઝુર્ગની પાસે આવ્યો અને ઘણાજ અદબની સાથે તેમનાથી સવાલ કર્યો કે : "હઝરત ! મહેરબાની કરીને મને એ સમજાવો કે તમારી પહેલી અને આજની હાલતમાં આટલો બધો ફર્ક કેમ પડી ગયો ? મને યાદ છે કે એક વખત હું આપની સાથે સફરમાં હતો આપણા માર્ગમાં વચમાં સમુદ્ર આવ્યો તો આપે કશ્તી (હોડી) વગર અને પુલ વગર દરિયો એ

રીતે પસાર કર્યો કે આપના પગના તળીયા પણ કોરા રહ્યા અને આજે એ હાલત થઈ, કે આપ એક સામાન્ય હોઝમાં પડી ગયા અને જાતે બહાર પણ ન નિકળી શકયા !''

બુઝુર્ગ આ વાત સાંભળી થોડો સમય ચુપ રહ્યા અને પછી ફરમાવ્યું : અય દોસ્ત ! આ મામલામાં પયગંબરે બરહક હઝરત મુહમ્મદ (صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم) નું ફરમાન ગૌર કરવા લાયક છે. સરકાર ફરમાવે છે કે કોઈ વખત મારી હાલત એવી હોય છે કે રૂબરૂ અલ્લાહ عَزَّوَجَلَّ નો ખાસ કુર્બ હાસિલ હોય છે કે જેમાં જિબ્રઈલ عَلَيْهِ السَّلَام નો પણ વાસ્તો નથી હોતો આ ફરમાનમાં શબ્દ ''કોઈ વખત'' ફરમાવીને ઈશારો કર્યો કે ક્યારેક આવુ નથી પણ હોતુ.

એવીજ રીતે હઝરતે યાકૂબ عَلَيْهِ السَّلَام ના બારામાં તૂ જાણે છે કે એક સમય હતો કે જયારે હઝરતે યુસૂફ عَلَيْهِ السَّلَام ને તેમના ભાઈઓએ કુવામાં નાખી દીધા અને યાકૂબ عَلَيْهِ السَّلَام ને ખબર ન પડી કે તેમનો વહાલો દીકરો ક્યાં છે ? અને એક સમય એવો આવ્યો કે જયારે હઝરતે યુસૂફ عَلَيْهِ السَّلَام ના ભાઈઓ મિસ્રથી કનઆનની તરફ તેમનું પહેરણ લઈને ચાલ્યા તો સેંકડો કિલોમીટર દૂરથી પહેરણની ખુશ્બૂ સુંઘી લિધી.

**ફાયદો :** આ હિકાયત વડે હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه એ વાત ઝાહિર કરવા ચાહે છે કે નબિયો કે વલિયોની કરામત કે મોજિઝાત યા કરામત જે કંઈ છે તેનો દારોમદાર તેમની ખુદની કોશિશો યા જાતી કમાલ પર આધારીત નથી હોતી, બલ્કે આ બધુજ અલ્લાહ તબારક વ તઆલાના ઈરાદાથી અને તેની અતાથી થતુ હોય છે આ તમામ ખૂબિયો કમાલ એ અલ્લાહ તઆલાના ઈરાદા અને મરઝી પર આધારીત છે.

એજ મુકદ્દસ અને પાક ઝાત ક્યારેક તજલ્લીઓના જલ્વા ફૈલાવે છે તો ક્યારેક પર્દો રાખે છે માટે દરવેશોની હાલત હમેશા એક જેવી નથી રહેતી.

## ﴾48﴿ મહેનતનૂ ફળ

હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَیْہ બયાન ફરમાવે છે કે હું એક દિવસ બાલબક શહેરની જુમ્મા મસ્જિદમાં કુરઆને પાકની એ આયત યાની અલ્લાહ પાક ફરમાવે છે કે હું બંદાની શહ-રગ (ધોરી નસ) થી પણ વધારે નજીક છુ તે આયતની તફસીર બયાન ફરમાવતો હતો. હું આ પાકીઝા કલામના નશામાં મસ્ત હતો અને આ આયતે મુબારકાનો અર્થ સાંભળનારાઓને સમજાવવા માટે પૂરી સલાહિયતથી કામ લેતો હતો, અને મજમાના લોકો એવી રીતે સાંભળતા હતા કે મારા કલામની કોઈ અસર તેમના પર ન હતી લોકો એવા બે હરકત અને જાહિલ હતા જાણે કે પત્થર હોય.

હું મજમાંની આ હાલત પર નિરાશ હતો, પરંતુ પોતાના બયાનને અધુરૂ છોડવુ નહતુ માટે, તકરીરનો સિલસિલો ચાલુ રાખ્યો. એટલામાં એક વ્યક્તી નજીકથી પસાર થઈ અને મારી તકરીરના અમુક જુમ્લા તેના કાન પર પડયા અને તે ખુશીથી જુમી ઉઠયો અને તેણે એક નારો બુલંદ કર્યો, તો મસ્જિદમાં બેસેલા લોકો પણ ચોંક્યા અને તકરીર પર પસંદગી જાહેર કરવા લાગ્યા.

આ હાલત જોઇને મારી ઝબાનથી سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ નિકળી ગયુ કે દૂર રહેવાવાળા બેદાર ઇન્સાને મારા કલામથી ફાયદો ઉઠાવ્યો અને નજીક રહેવાવાળા જાહિલો મહેરૂમ રહ્યા.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَیْہ એ વાત સમજાવે છે કે વાત એના પર જ અસર કરે છે જેનામાં સમજવાની કાબિલિયત હોય પરંતુ પત્થરોને સમજાવવાનો કોઈ ફાયદો નથી.

બીજીવાત એ કે તમને ફાયદો થતો દેખાય કે ન દેખાય પ્રયત્ન ચાલુ રાખવા જોઈએ, કારણકે અલ્લાહ તઆલા ફરમાવે છે **સમજાવો સમજાવવુ ફાયદો પહોંચાડે છે** કે ખુલુસ દિલથી કરવામાં આવેલ કોશિશનો કંઈક ને કંઈક નતીજો જરૂર નિકળે છે માટે પ્રયત્ન ચાલુજ રાખવા જોઈએ.

## ﴾49﴿ કાહિલી (સુસ્તી) છોડો

હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે એક રાત્રે મક્કાના જંગલમાં રાત્રે જાગવાના કારણે જયારે કે હું મક્કએ મુઅઝ્ઝમાંની તરફની સફરમાં વાદિએ મક્કામાં દાખલ થઈ ચુક્યો તો ઉંઘના કારણે સુઈ ગયો અને મૈં ઊંટવાળાને કહ્યું : “ભાઈ મારી હાલત બહુજ ખરાબ છે તૂ જાણે છે કે આ સફરમાં મને બહુજ તક્લીફ પડી છે, હું હવે થોડીવાર આરામ કરવા ચાહું છુ.”

ઊંટવાળાએ જવાબ દીધો : “મક્કા તારી સામે છે અને ડાકૂ તારી પાછળ ! તૂ કોઈ ઝાડની ઠંડા છાયામાં અગર સુઈ ગયો તો ખબર નહીં કે તારો અંજામ શુ થશે ? અને સફરની થોડી તક્લીફ અગર ઉપાડી લઇશ તો પોતાની મંઝિલ પર પહોંચી જઈશ હિમ્મત હારી જઈશ તો તબાહીનો ખતરો છે. વિચારી લે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયતમાં કન્ટીન્યુ મહેનત મુસલ્સલ જિદ્દો જિહદની બરકતો તરફ ઈશારો કર્યો છે અને કહ્યું છે કે મંઝિલ પર પહોંચવા પહેલા આરામનો ખયાલ પણ કદી ન કરવો જોઇએ.

યાદ રહે મુસલમાનોની આખિરી મંઝિલ જન્નત છે જે લોકો એવા ઉચ્ચ મકામને ચાહે છે તેણે દુનિયામાં આરામના ખયાલને છોડી દેવો જોઇએ અને ઝિન્દગી ભર ઈબાદત અને રિયાઝત તથા નફસની સાથે જિહાદમાં મશ્ગૂલ રહેવુ જોઇએ અને મુજાહિદા કદી તર્ક ન કરવા જોઇએ, જન્નત તેની સામે છે અને નફસ તેની પાછળ માટે ગફલત છોડી દેવી જોઇએ.

## ﴾50﴿ ઝખ્મી દરવેશ

એક દરવેશ નદીની કોતરોમાં ઝખ્મી હાલતમાં એ રીતે ઝિન્દગી પસાર કરતો હતો કે તેના શરીર પર ચિત્તા (દીપડો)ના નહોરથી એક ઝખ્મ નાસૂર બની ચુક્યો હતો અને એ નાસૂર (ઘાવ) ના કારણે તે બહુજ તક્લીફમાં હતો પણ એ હાલતમાં પણ એ

શિક્વા શિકાયતનો એક શબ્દ પણ બોલતો ન હતો અને હર પળે સતત અલ્લાહનો શુક્ર અદા કરતો હતો.

એનાથી સવાલ કરાયો કે અય મર્દે ખુદા ! આ શુક્રનો કયો મૌકો છે ?

દરવેશે જવાબ દીધો હું એ વાત પર અલ્લાહનો શુક્ર અદા કરૂ છુ કે : "મુસીબતમાં સપડાયો છુ ગુનાહમાં નહીં શું તૂ નથી જાણતો કે અલ્લાહવાળાઓ (એહલુલ્લાહ) ગુનાહના મુકાબલમાં મુસીબતને પસંદ કરે છે જેવુ કે અઝીઝે મિસ્રની પત્ની ઝુલેખાએ હઝરતે યૂસુફ عَلَيْهِ السَّلَام ને બદકારીની દાવત આપી અને ધમકી આપી કે "અગર તમે મારી વાત (ગુનાહ કરવાની) નહીં માનો તો હું તમને જેલમાં પુરાવી દઈશ" તો જવાબમાં સૈયદના યુસૂફ عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ : "અય અલ્લાહ ! મને કૈદખાનાની મુસીબત આ ગુનાહથી વધારે પસંદ છે જેના તરફ આ સ્ત્રી મને બોલાવે છે."

આના પછી એ દરવેશે કહ્યું : "અલ્લાહવાળાઓનો હાલ તો એવો હોય છે કે તેઓ હરએક હાલતમાં પોતાના રબથી ખુશ રહે છે અને પોતાના રબને રાઝી રાખવાની તમન્ના રાખે છે. اَلْحَمْدُ لِلّٰهِ عَزَّوَجَلَّ

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ ઈન્સાનના બુલંદ મર્તબાના હાલને બયાન કર્યો છે કે જ્યારે તે દરેક વાતને **"મિન જાનિબિલ્લાહ"** યાની અલ્લાહની તરફથી ખયાલ કરે છે અને તે એ કોશિશ કરતો રહે છે કે મારો રબ મારો અલ્લાહ મારાથી કઈ રીતે ખુશ થાય ! તો આજ એ મકામ છે કે ઈન્સાનને સાચી રાહત ઈત્મીનાન હાસિલ થાય છે અને રંજો ગમથી નજાત મળી જાય છે.

## ﴾51﴿ દોસ્તના ઘરમાં ચોરી

એક દરવેશ પર જ્યારે તંગદસ્તીની તક્લીફ આવી પડી તો તેણે પોતાના એક દોસ્તના ઘરેથી કંબલ (બ્લેન્કેટ-ધાબળો) ચોરી લીધો અને તેને વેચીને પોતાની જરૂરત પૂરી કરી પરંતુ બન્યુ એમ કે

તેનો એ ગુનોહ છુપો ન રહ્યો પણ જાહેર થઈ ગયો તેને પકડી લેવામાં આવ્યો અને ગુનોહ સાબિત થઈ જવાના લીધે કાઝીએ ઈસ્લામી શરીઅતના કાનૂન મુજબ તેનો હાથ કાપવાની સજા સંભળાવી દીધી.

જે માણસનો બ્લેન્કેટ ચોરવામાં આવ્યો હતો તેને જ્યારે જાણ થઈ કે મારા દોસ્તનો હાથ કપાઈ જશે, તો તે કાઝીની કોર્ટમાં હાજર થયો અને ભલામણ કરી કે કાઝી સાહેબ ! મહેરબાની કરીને એને સજા ન આપો કારણ કે જેણે મારો કંબલ ચોરી કર્યો છે તેને હું માફ કરી દઉંછુ."

કાઝી સાહેબે જવાબ દીધો : "તારા માફ કરી દેવાથી પણ આ માણસ સજાથી નહીં બચી શકે, કારણ કે ચોરને સજા કરવી ઈસ્લામી શરીઅતમાં જરૂરી છે."

તે માણસે કહ્યું : એ વાત સાચી છે કે ઈસ્લામી શરીઅતમાં ચોરની સજા હાથ કાપવી એ છે પરંતુ અગર ચોરી કરાએલ માલ વક્ફ હોય તો આ સજા ન આપી શકાય. અમારા જેવા દરવેશોનો બધો માલ વક્ફ હોય છે, અમો અમારી કોઈ પણ ચીઝને પોતાની મિલ્કિયત નથી જાણતા."

કાઝીએ આ વાત સ્વીકારી અને ચોરને માફ કરી દીધો, પરંતુ તેના પર મલામત કરી કે : "તેં ચોરી પણ એવા માણસને ત્યાં કરી કે જે શરીફ દોસ્તે તેણે સજાથી બચાવી લીધો.

તે શખ્સે તુરંત જવાબ દીધો : "કાઝી સાહેબ આપે શું બુઝુર્ગોનો એ કૌલ નથી સાંભળ્યો કે ભલે દોસ્તનું ઘર સાફ કરી નાખો પણ દુશ્મનના દરવાજા પર કદમ ન રાખો કે એ તમારી મદદ કરશે.

## «52» ગૈરુલ્લાહનો ખયાલ

એક હાકિમે એક વખત એક પરહેઝગાર દરવેશને જોયો તો સવાલ કર્યો કે શું તમને ક્યારેક અમારો ખયાલ પણ આવે છે ?"

ફકીરે જવાબ દીધો કે : "જી હાં જ્યારે ક્યારેક હું મારા ખુદાને ભુલી જાઊં છુ તો તે વખતે તમારી યાદ પણ આવી જાય છે એટલા માટે કે જે માણસને ખુદા પોતાના દરવાજાથી કાઢી મુકે છે તે દરેક બાજુએ દૌડતો રહે છે અને જેને ખુદાએ તઆલા પોતાના દરવાજા પર બોલાવે છે તે કદી કોઈ બીજાના દરવાજા તરફ નથી જોતો. અલ્લાહ તેને કદી કોઈનો મોહતાજ નથી રાખતો પરંતુ બધાથી બેપરવાહ બનાવી દે છે.

**ફાયદો :** અલ્લાહની રાહના મુસાફર (સાલિક) માટે જરૂરી છે કે ગૈરુલ્લાહના ખયાલથી પોતાને પાક રાખે અને દરેક તે ચીઝ જે અલ્લાહના માટે ન હોય તેને છોડી દે ન કોઈ થી ઉમ્મીદ રાખે કે ન ડરે અગર મહોબ્બત કરે તો અલ્લાહને માટે અને અદાવત કરે તો પણ અલ્લાહને માટે. **سُبۡحَانَ اللہ عَزَّوَجَلَّ અલ હુબ્બો લિલ્લાહ વલ બુગ્ઝો લિલ્લાહ**

## ﴾53﴿ બાદશાહ જન્નતમાં અને....

એક અલ્લાહવાળાએ સ્વપ્નમાં એક બાદશાહને જન્નતમાં અને એક પરહેઝગારને દોઝખમાં જોયો બુઝુર્ગે હૈરાન થઈને પુછયુ : "કમાલ મંઝર છે બાદશાહ મોટા મોટા દરજ્જા અને મર્તબાની સાથે જન્નતના બગીચામાં અને પરહેઝગાર દોઝખની આગમા બળે ?"

ગૈબથી નીદા (અવાજ) આવ્યો : "આ બાદશાહ અમારા દોસ્તો (નેક લોકો) સાથે મહોબ્બત અને હુસ્ને એતેકાદ રાખવાના કારણે જન્નતમાં છે અને આ પારસા બાદશાહોની, માલદારોની નઝદીકી હાસિલ કરવાના કારણે અને તેની સોહબતના કારણે દોઝખમાં છે. **અલ્લાહની પનાહ**

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં એ હદીસે મુબારકાની તરફ ઈશારો કર્યો છે કે **અલ્લાહ તઆલા તમારા ચહેરા અને માલ નથી જોતો પણ તમારા દિલ અને આમાલ જુએ છે.** અગર કહેવાતા આબિદ યા દરવેશ જેના દિલમાં દુનિયાની

મહોબ્બત હશે તો તેની ગોદડી, કે તસ્બીહ કે લિબાસ કંઈ કામ નહીં આવે અગર કોઈ દૌલતમંદ વ્યક્તી ઉમ્દા અને કીમતી કપડા પહેરીને નેક આમાલ કરે છે તો તે એ ફકીરથી બહેતર છે.

## ﴾54﴿ ઊંટ સવારની મૌત

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه ફરમાવે છે : એક દરવેશ ઉઘાડા પગે ઉઘાડા માથે, પૈદલ ચાલતા ચાલતા, એકલો કૂફાથી હિજાજ જવાવાળા કાફલાની સાથે રવાના થયો, મૈં તેના વિષે જાણ્યુ તો ખબર પડી કે તે વ્યક્તી હજનો ઈરાદો રાખતો હતો અને પોતાની મસ્તાની ચાલથી (મસ્તીમાં યાની અલ્લાહની મહોબ્બતના નશામાં) ચાલી રહ્યો હતો અને કહેતો હતો કે : “નથી હું ઊંટ પર સવાર કે નથી ઊંટની જેમ બોઝ ઉઠાવનાર, હું નથી કોઈ મુલ્કનો બાદશાહ કે નથી કોઈ બાદશાહનો ગુલામ, નથી મને કંઈ હોવા ન હોવાનો ગમ કે નથી પરેશાની અને હું આરામ અને આઝાદીની સાથે ઝિન્દગી પસાર કરૂં છુ.”

એક ઊંટ સવારે તેને જોયો તો કહ્યું : “અય શખ્સ ! તૂ આ હાલતમાં અમારી સાથે કયાં આવે છે ? તારા ભલા માટે કહું છુ પાછો ફરીજા નહીતર રસ્તાની સખ્તીઓ તને હલાક કરી નાખશે.

તે માણસે ઊંટ સવારની નસીહત પર કંઈ ધ્યાન ન દીધુ અને બરાબર સફર કરતો રહ્યો જ્યારે કાફલો “નખ્લએ મહેમૂદ” નામના સ્થળ પર પહોંચ્યો તો અચાનક ઊંટ સવારને સામાન્ય તક્લીફ થઈ અને તે મરી ગયો તેની મૌતની ખબર ફૈલાઈ તો તે વગર સાઝો સામાનવાળો મુસાફર તેના સિરહાને (મૈયતના માથા તરફ) આવ્યો અને કહ્યું : “હું તો આ સખ્તીમાં જીવતો છુ અને તૂ દરેક જાતના આરામમાં હોવા છતા મરી ગયો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه આ હિકાયત દ્વારા એ વાત બતાવી રહ્યા છે કે દુનિયવી અસ્બાબની બીના પર કોઈ રાય (અભીપ્રાય) બાંધી લેવો યોગ્ય નથી ઘણી વખત એવુ થતુ હોય છે કે

પોતાની હિફાઝતનો પુરતો સામાન રાખવા છતા માણસ હલાક થઈ જાય છે અને બે સહારા મહેફૂઝ રહે છે. અલ્લાહ તઆલા અમુકને ઈલાજ કે દવા કરતા છતા મૌત આપી દે છે, અને અમુકને વગર ઈલાજે વગર દવાએ જીવાડી દે છે માટે અલ્લાહવાળાઓએ દુનિયવી અસ્બાબ પર ભરોસો ન રાખવો જાઈએ. હાં એહતિયાત જરૂર રાખે.

## (55) દુનિયા પરસ્ત રિયાકાર આબિદ

એક માણસના વિષે એ વાત મશ્હૂર હતી કે તે બહુજ મોટો ઈબાદત ગુઝાર છે અને હર વક્ત ઈબાદતમાંજ મશ્ગૂલ રહે છે એક વખત બાદશાહે તેને પોતાને ત્યાં દાવત આપી, આ માણસ ઈબાદત ગુઝાર તો હતો જ પરંતુ તેની તમામ મહેનતો રિયાઝત લોકોને બતાડવા માટે હતી જ્યારે તેને બાદશાહનો પૈગામ મળ્યો તો તે બહુજ ખુશ થયો અને વિચાર્યુ કે બાદશાહ જરૂર ઈનામો ઈકરામથી નવાજશે.

આમ વિચારીને તેણે નક્કી કર્યું કે બાદશાહની પાસે જવાના પહેલા કોઈક એવી દવા પી લઉ કે કમઝોરી આવી જાય અને મને કમઝોર જોઈને બાદશાહને યકીન થઈ જાય કે હું ખરેખર બહુજ મોટો ઈબાદત ગુઝાર છુ.

પોતાના દિલમાં આ ફૈસલો કરીને તેણે એક દવા પી લીધી પરંતુ તેનાથી ભૂલ એ થઈ ગઈ કે કમઝોર થવા વાળી દવા પીવાના બદલે તેણે ઝહેર પી લિધુ જે ઈન્સાનને તુરંત મૌત આપી દે. જેથી તે રિયાકાર તુરંત મરી ગયો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللهِ تَعَالٰی عَلَیۡه એ આ હિકાયતમાં દુનિયા પરસ્ત આબિદોની બુરાઈ કરી છે અને એક રિયાકારનો દાખલો આપીને એ બતાવ્યુ છે કે દરેક એ અમલ જે મખ્લૂકને ખુશ કરવા માટે હોય એ ઝહેર છે ઈબાદતનો અસલ મકસદ તો બંદા અને ખુદા વચ્ચે રિશ્તએ મહોબ્બત કાયમ કરવો એ છે.

જ્યારે બંદએ મોમિન ખુદાએ તઆલાની ઈબાદત કરે દુઆ કરે તો ખુદાના સિવાય કોઈનો ખયાલ દિલમાં ન આવે. અને રિયાકારીથી બચતો રહે.

## ﴾56﴿ સંગ દિલ ડાકૂ

એક કાફલો યુનાનની સરઝમીન પર સફર કરી રહ્યો હતો ડાકૂઓની એક ઝબરદસ્ત ટોળીએ અચાનક હુમ્લો કરીને કાફલાવાળાનો બધોજ સામાન લૂટી લીધો કાફલાવાળાઓ બહુજ મિન્નતો સમાજત કરી ખુદા તથા રસૂલનો વાસ્તો દીધો પરંતુ ડાકૂઓ પર કોઈજ અસર ન થઈ તે કાફલામાં હકીમ લુક્માન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ પણ હતા.

મુસાફરોએ લુક્માન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ને કહ્યું : ‘‘અમારા રોવા ધોવાનીતો આ ડાકૂઓ પર કોઈ અસર નથી તમેજ આ ઝાલિમોને સમજાવો કદાચ આપની નસીહતથી કંઈ ફાયદો પહોંચે.

હઝરતે જવાબ દીધો : ‘‘હું આ લોકોને હરગિઝ નસીહત નહીં કરૂં નસીહત કરવી ત્યાંજ ફાયદો પહોંચાડે છે જ્યાં નસીહત કબૂલ કરવાની સલાહિયત હોય.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં એ બતાવવા માંગે છે કે ગુનાહ કરતા કરતા ઈન્સાનનું દિલ એટલુ સખ્ત અને કાળુ થઈ જતુ હોય છે કે તેમના પર નસીહત કંઈજ ફાયદો નથી પહોંચાડતી.

કુરઆને કરીમમાં આ વાત કહેવામાં આવી છે કે અલ્લાહ તઆલાએ તેમના દિલો પર અને આંખો પર અને કાન પર મહોર કરી દીધી તમે તેમને સમજાવો કે ન સમજાવો સરખુજ છે **વલ્લાહુ લા યહદિલ કૌમઝ્ઝાલિમીન** યાની અલ્લાહ ઝાલિમોં ને હિદાયત નથી કરતો યાની **સિયાહ દિલ આદમીને નસીહતથી બિલ્કુલ ફાયદો નથી પહોંચતો.**

## ﴾57﴿ બદ અવાજ કવ્વાલ

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه પોતાની જવાનીની ઉમ્રનો એક પ્રસંગ બયાન ફરમાવતા કહે છે કે મારા ઉસ્તાદ હઝરતે અબુલ ફરજ બિન જૌઝી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه અલ્લાહ તઆલા તેમની ઉપર નૂરનો વરસાદ ફરમાવે ખુદા તઆલા તેમની ઉપર રહમત વરસાવે આપે કવ્વાલી સાંભળવાની ખિલાફ હતા જેને સૂફી લોકો સિમાઅ કહે છે અને રૂહાની તરક્કીના માટે જાઈઝ સમજે છે, બીજી તરફ મારી નવયુવાનીમાં મને કવ્વાલી સાંભળવાનો શૌખ અને લોકોથી મેલજોલ પસંદ હતી માટે ચુપચાપ આવી મહેફિલોંમાં શરીક થઈ જતો હતો.

એક વખત હું એક મજલિસમાં પહોંચી ગયો અને ત્યાં મૈં એક એવા ગાવાવાળાને જોયો જેનુ ગળુ (અવાજ) એકદમ બેસૂરી બદમજા જાણે કે બાપના મરવા પર મરસિયા ગાઈને રોક્કળ કરતો હોય તેવા અંદાજ મહેફિલમાંની દરેક વ્યકતી તેનો અવાજ સાંભળીને બેજાર હતી મારી હાલત પણ એટલીજ ખરાબ હતી, દિલ ચાહતુ હતુ કે મહેફીલમાંથી ચાલ્યો જઉ પરંતુ મહેફીલના આદાબનો ખયાલ કરીને બેસી રહ્યો.

ક્યારેક મહેફીલના લોકોની આંગળીઓ કાનમાં અને ક્યારેક ચુપ રહેવાનો ઈશારો કરવા માટે મોં પર જેમ તેમ કરીને ગવૈયાએ ગાવાનુ પુરૂ કર્યું લોકોને રાહત થઈ. ઈનામ આપવાની વાત તો અલગ પરંતુ કોઈના મોં માંથી તારીફનો એક શબ્દ પણ ન નિકળ્યો પરંતુ હું જલ્દીથી આગળ વધ્યો અને માથા પરથી અમામા ઉતારીને તેના માથે મુકી દીધો અને કમર પટ્ટામાંથી દીનાર કાઢીને તેને દઈ દીધા અને તેનાથી બગલગીર થયો.

હાઝિરીને મજલિસને બહુજ નવાઈ લાગી તેઓમાંથી એક માણસે પુછ્યુ : "ભલા તમને આ વ્યકતીના ગાવામાં કઈ ખૂબી નઝર આવી ગઈ ? કે તમે આની આટલી બધી ઈઝ્ઝત કરી અમેતો કોઈને પણ ન જોયા કે આને કંઈ આપ્યુ હોય !"

મૈં જવાબ દીધો : જે કંઈ પણ છે મારા પર તો આ માણસની એક કરામત જાહેર થઈ કે પુછયુ કે તે કઈ ? : મૈં જવાબ દીધો : “મારા ઉસ્તાદે મોહતરમ અલ્લામા ઈબ્ને જૌઝી મને હમેશા રોકતા હતા કે હું સિમાઅની મહેફિલમાં હાઝિરી ન આપુ પરંતુ હું તેમના એ હુક્મ પર અમલ કરતો ન હતો اَلْحَمْدُ لِلّٰه عَزَّوَجَلَّ આજે આ માણસનું ગાવાનું સાંભળીને મારા દિલની હાલત બદલાઇ ગઈ હવે હું આજના પછી કદી આવી મહેફિલમાં હાઝિરી નહીં આપુ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયત બયાન કરીને એ મેસેજ આપવા ચાહે છે કે શાગિર્દો અને મુરીદોએ પોતાના ઉસ્તાદ યા શૈખ (પીર) ની વાત માનવી જોઈએ નહીંતર શરમાવું પડશે.

બીજો નતીજો આ હિકાયતથી એ નિકળે છે કે ગાવાનું ભલેને સિમાઅની શક્લમાં હોય તો પણ એ નફસને ખુશ કરવાનો સબબ બને છે, રૂહાની ફાયદા હાસિલ નથી થતા એમાં પણ હાલમાં જે મહેફિલો થાય છે તેનું તો કોઈ સ્ટાનડર્ડ જ નથી, હવે તો સિમાઅ શબ્દ પણ કોઈ જાણતુ નથી મહેફિલને “મહેફિલે શમા” કહે છે ગાવાવાળાઓમાં નોન મુસ્લિમ સીંધી અને હિન્દુઓ પણ જોડાઈ જાય છે મુસ્લિમો પણ દાઢી મુંડા અને બે નમાઝી પણ શામિલ થાય છે આજની આ મહેફિલોમાં રૂહાનિયત થોડી અને નફસાનિયત વધુ હોય છે અલ્લાહ આવી મહેફિલોથી બચાવે.

## 《58》 અદબ ક્યાંથી સિખ્યા

લુક્માન હકીમથી લોકોએ પુછયુ : આપ અદબ ક્યાંથી સિખ્યા ?” તેમણે જવાબ દીધો : “અકલમંદ અને હોશમંદ ઈન્સાન તેની સામે અગર કોઈ માણસ ખેલ તમાશા યા મઝાકના અંદાજમાં કંઈક બોલે તો તેમાંથી પણ નસીહત ગ્રહણ કરી લે છે, જ્યારે નાદાન ઈન્સાન અગર તેની સામે તમો અકલમંદીની સેંકડો વાતો કહો યા દાખલા દલીલ થી સમજાવો તો પણ કંઈજ ગ્રહણ નથી કરતો.

**ફાયદો :** અલ્લાહ તબારક વ તઆલા પોતાના પાક કલામમાં અનેક જગ્યાએ ફરમાવે છે કે : "ઝમીનમાં સફર કરો અને જૂઓ કે ઝુઠલાવનારાઓનો કેવો અંજામ થયો ?" લોકો ફરે છે જૂએ છે આગલી કૌમો પર આવેલ અઝાબની નિશાનીઓ જૂએ છે છતા બોધપાઠ ગ્રહણ નથી કરતા. આગલી કૌમો પર આવેલ અઝાબના કારણે તેમના ટૂટેલા ખંડેર મકાનો મહેલો અને ચેતવણીઓ જાહેર હોવા છતા લોકો કુફ્ર પર અથવા બદ આમાલીઓ પર અડગ રહે છે અને જેઓ કંઈક સિખવા ચાહે તેની મિસાલ :

એક ગલીમા સંતરા વેચવાવાળો બુમો પાડતો હતો : "અચ્છે સંતરે" અને એક અલ્લાહવાળો વજદમાં આવી ગયો કોઈએ પુછયુ આમાં કઈ એવી વાત છે કે તૂ વજદમાં આવી ગયો ? કહ્યુ આ કહી રહ્યો છે "અચ્છે સંગ તરે" યાને જેઓ સારાઓની સોહબતમાં આવી ગયા તેઓ નજાત પામી ગયા એટલા માટેજ અલ્લાહ ફરમાવે છે **કુનુ મઅસ્સાદિકીન** સાચાઓની સાથે થઈ જાવ. سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

અગર માણસ નસીહત ગ્રહણ કરવા ચાહે તો આવી રીતે પણ કરી શકે છે.

હઝરતે શૈખુલ ઈસ્લામ કીદછૌછવી ફરમાવે છે :-

**"તુફાને નૂહ લાને સે અય દિલ"**
**દો અશ્ક હી બહુત હૈં ગર અસર કરે**

## ﴾59﴿ પોતાની ખોરાક ઓછી કર

એક આબિદ અને ઝાહિદ અને પૂરી રાત ઈબાદત કરનાર વ્યક્તી એક રાતમાં દસ શેર (અંદાજે પાંચ કિલો) ખાવાનું ખાઈ જતો હતો અને રોજ એક કુરઆને કરીમ પૂરૂ કરતો હતો. એક અલ્લાહવાળાએ જ્યારે એના વિશે સાંભળ્યું તો કહ્યું : "અગર એ અડધી રોટલી ખાતો અને પૂરી રાત સુઈ રહેતો તો પણ બહેતર હતુ."

અય મુખાતિબ કદી પેટ ભરીને ન ખા જેથી કરીને તારા બાતીનમાં મારેફતનું નૂર પૈદા થાય, તૂ મારેફતના નૂરથી એટલા માટે ખાલી છે કે પેટને નાક સુધી ભરે છે.

**ફાયદો :** શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه ની આ હિકાયતથી એ જાણવા મળે છે કે દરવેશોએ કદી ઘરાઈને ખાવુ ન જોઈએ એટલા માટે કે પેટ ભરીને ખાવાથી દિલ પર ગફલત તારી થઈ જાય છે. જેવુકે દાનિશમંદોનોં કોલ છે : **કમ ખાવ, ગમ ખાવ, ઔર નમ જાવ** અને કહેવામાં આવ્યું કે રાતના ખાણામાંથી જે માણસ એક લુક્મો (નીવાલો) છોડે છે અલ્લાહ તઆલા તેના મર્તબામાં એક દરજ્જો બુલંદ કરે છે, **અલ્લાહ તઆલા જે બંદાને પસંદ કરે છે તેનું બોલવુ, તેનું ખાવુ અને તેનું સુવુ ઓછુ કરી છે.** سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

## ﴾60﴿ હાસિદીન તો રહેશેજ

અલ્લાહ તઆલાએ એક એવા ગુમરાહ કે જે શરીઅતના ખિલાફ કામોંમાં ડૂબેલ હતો તેની સામે હિદાયતનો ચીરાગ રાખી દીધો અને તે નેક લોકોના ગિરોહમાં શામિલ થઈ ગયો અને તે નેકીઓમાં લજ્જત મહેસૂસ કરવા લાગ્યો.

તેનામાં બદલાવ ખરેખર બહુજ મોટી વાત હતી પરંતુ ઈર્ષા કરવાવાળાઓ અને બુરાઈ ચાહવાવાળાઓ થી કોણ બચી શક્યુ છે ? આ વ્યક્તીના વિરોધીઓએ તેના બારામાં વાત ફૈલાવી કે તેનું નેકીના રસ્તા પર ચાલવુ માત્ર દુનિયાને દેખાડવા માટે છે અને લોકોએ તેની વિરુધ્ધ બક્વાસ ચાલુ કરી દીધી.

આ વાતથી તેને બહુજ દુખ પહોંચ્યુ અને તે એક દિવસ પોતાના મુર્શિદની ખિદમતમાં હાજર થયો અને પૂરે પૂરી વાતો કહી સંભળાવી.

મુર્શિદે કહ્યું : "આ કોઈ પરેશાન થવાની વાત નથી ખુદાનો શુક્ર છે કે તારા વિરોધીઓ તારા બારામાં જે કહે છે, તૂ ખરેખર એવો નથી દુખની વાતતો ત્યારે હતી કે તૂ ખરેખર બુરો હોય અને લોકો તારી તારીફ કરે.

**ફાયદો :** તન્કીદ કરવાવાળા, એતેરાઝ કરવાવાળા, ઈર્ષા કરવાવાળા બુગ્ઝ કીનો રાખવાવાળાથી કોઈ બચ્યુ નથી આજે પણ બે ગુનાહ લોકોને વ્યાજખોર, હરામખોર, તોડબાઝ અને જુગારી કહેવામાં આવે છે અને હરામખોરોને શાહુકાર સમજવામાં આવે છે.

માટે પોતાના બારામાં લોકોની રાયનો હરગિઝ વિશ્વાસ ન કરવો જોઈએ. સારાને ખરાબ અને ખરાબને સારો કહેવાનો લોકોમાં રિવાજ છે અને એમાંથી કોઈ બચ્યુ નથી, ઈન્સાન નેક આમાલ કરે અને લોકોના ભલા યા બુરા કહેવાની કે તારીફ અથવા ગાળો કોઈ ચીઝથી ઈમ્પ્રેસ ન થાય પોતાના અમલથી અલ્લાહની રિઝા ચાહે.

## ﴾61﴿ સૂફી કોણ ?

મુલ્કે શામના એક વલીથી કોઈએ પુછયુ કે તસવ્વુફની હકીકત શું છે ?

બુઝુર્ગે જવાબ દીધો અગાઉના દૌરમાં એવા બુઝુર્ગો જોવા મળતા હતા જેમનો દેખાવ ઈત્મીનાન બક્ષ નહોતો ન સારા કપડા ન ખાવા પીવાનો બહેતરીન ઈન્તેઝામ ન માલો દૌલત પરંતુ તેમના દિલ ખુદાના નૂર અને યકીનથી ભરેલ હોતા.

તેના બદલે હવે હાલત એ જોવા મળે છે કે લોકોનું જાહેર તો ચમકતુ જોવા મળે છે અને તેમના દિલમાં દુનિયા ભરેલ છે અને દિલ ખુદાના નૂરથી ખાલી છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં તસવ્વુફની હકીકત બયાન કરી છે, તેઓ કહી રહ્યા છે કે જાહેરી હાલનો કોઈ એતેબાર નથી જાહેરી હાલ વલીઓ જેવા હોય અને દિલમાં દુનિયાની તલબ અને તડપ હોય તો બધુ બેકાર છે અને જાહેરી હાલ બાદશાહી હોય કે માલદારી હોય પણ દિલમાં ખુદાનો ખૌફ હોય તો તે બુઝુર્ગ છે.

## ﴾62﴿ ઝિક્રે ખુદા

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે મને બરાબર યાદ છે કે અમો એક કાફલામાં સફર કરતા હતા અને ઉસૂલો અને નિયમ મુજબ અમો આખી રાત મુસાફરી ચાલૂ રાખી અને જ્યારે સવાર થવાની નિશાનીઓ જાહરે થઈ, તો જંગલના એક કિનારે સુવા માટે રોકાયા બધાજ મુસાફરો સુવાની તૈયારી કરવા લાગ્યા, પરંતુ એક માણસે અચાનક અવાજ બુલંદ કરી (નારો માર્યો) અને જલ્દીથી જંગલની તરફ ભાગ્યો, જ્યારે મોડે મોડે તે પાછો આવ્યો તો મૈં પુછ્યુ.

"મિયાં તારી આ હરકત મારી સમજમાં ન આવી તૂ ક્યા ગાયબ થઈ ગયો હતો ? અને શા માટે ?

તેણે જવાબ દીધો : મૈં ચીડીયાઓ (પક્ષીઓ)ને ઝાડ પર જોયુ કે ઝિક્રુલ્લાહમાં મશ્ગૂલ છે, જંગલમાં પ્રાણીઓ પશુઓ તસ્બીહ કરે છે મેંડક (દેડકા) પાણીમાં યાદે ખુદામાં મશ્ગૂલ છે, એટલા માટે એ વાત પર મને શરમ આવી કે જાનવર તો ખુદાની યાદમાં મશ્ગૂલ હોય અને હું ગફલતમાં પડયો સુઈ રહુ !.

વીતેલી રાત્રે વહેલી સવારે એક મુર્ગ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં ફરિયાદ કરી રહ્યો હતો તેની ફરિયાદ થી મારી અક્લ સબ્ર તાકત અને હોશો હવાસ જતા રહ્યા, મારો મુખ્લિસ દોસ્ત મારી આ હાલત જોઈ બોલી પડ્યો કે અય સાદી ! શું એક મુર્ગની અવાજ તને આટલો મસ્ત કરી શકે છે ? મને તો યકીન નથી આવતુ. મૈં જવાબ દીધો દોસ્ત ! આ કોઈ ઈન્સાનિયત નથી કે પક્ષીઓ પ્રાણીઓ અલ્લાહ તઆલાની હમ્દો સના તસ્બીહમાં લાગી રહે અને હું ખામોશ રહી શકું ! અને ગફલતમાં મગ્ન રહું.

**ફાયદો :** આ હિકાયત વડે શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ ઈન્સાનને તેની પૈદાઈશના મક્સદથી આગાહ કર્યો છે જેવુ કે અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે કે : "અમે ઈન્સાન તથા જિન્નાતને

માત્ર અમારી ઈબાદતના માટેજ પૈદા કર્યા.'' અને ઈન્સાન અશરફુલ મખ્લૂકાત છે તો તેણે તો તમામ મખ્લૂક કરતા વધારે ઝિક્ર અને શુક્ર કરવો જાઈએ.

મતલબ એ કે ઝાડ પાન, પહાડો, નદીઓ, વાદળો, પશુ પ્રાણી, પક્ષીઓ દરેક જીંવત નીર્જીવ પણ ઝમીન આકાશની દરેક શૈ અલ્લાહનો ઝિક્ર કરે છે, તો ઈન્સાને પણ ખુદાની મહોબ્બતના શૌખના સમુદ્રમાં ડૂબી જવુ જોઈએ તોજ ઝિન્દગીનો મક્સદ હાસિલ થશે.

## ﴾63﴿ બે ઔલાદ બાદશાહ

એક બાદશાહની કોઈ ઔલાદ ન હતી જયારે તેની મૌતનો સમય નજીક આવ્યો તો તેણે વસિય્યત કરી કે મારી મૌતના બીજા દિવસે જે માણસ સહુથી પહેલા શહેરમાં દાખલ થાય, તેને મારી જગ્યાએ બાદશાહ બનાવી લેશો.

ખુદાએ તઆલાની કુદરતનો તમાશો જુઓ કે બીજા દિવસે સહુથી પહેલા જે વ્યક્તી શહેરમાં દાખલ થયો તે એક ફકીર હતો. જેની પૂરી ઝિન્દગી ઘરે ઘરે ભીખ માંગવામા અને કપડામાં થીગળા લગાવવામાં જ પસાર થઈ હતી.

અમીરો તથા વઝીરોએ બાદશાહની વસિય્યત પર અમલ કરતા તેનેજ બાદશાહ બનાવી લીધો, અને તે તખ્તો તાજ અને ખઝાનાઓનો માલિક બની ગયો અને શાહાના ઝિન્દગી પસાર કરવા લાગ્યો.

નિયમજ છે કે ઈર્ષા કરવાવાળા અને કમઝર્ફ લોકો બીજાઓને રાહતમાં જોઈ શકતા નથી. આ ફકીરમાંથી બાદશાહ બનેલ વ્યક્તી સાથે પણ એવુજ થયુ તેના દરબારના અમુક વઝીરોએ પડોસી હાકિમોથી સાંઠ ગાંઠ કરીને રાજ્ય પર હુમ્લો કરાવી દીધો અને આ બાદશાહના રાજ્યમાંથી ઘણો બધો હિસ્સો એ લોકોએ જીતી લીધો.

આ બનાવ કારણે બાદશાહ બહુજ ઉદાસ અને ભયભીત રહેવા લાગ્યો આજ દિવસોમાં તેનો એક જુનો સાથીદાર ફકીર

શહેરમાં આવી ચડ્યો અને પોતાના દોસ્તને આવી હાલતમાં જોઈ એ બહુજ ખુશ થયો અને તેણે તેને મુબારક બાદ આપી કે ખુદાએ તારૂં મુકદ્દર ચમકાવી દીધુ અને તને ખાક પરથી ઉપાડીને મહેલમાં પહોંચાડી દીધો.

ફકીરની આ વાત એકદમ સાચી હતી, ક્યાં ઘરે ઘરે ભીખ માંગવી અને ક્યાં બાદશાહના તખ્ત પર બેસવુ ! પરંતુ આ માણસને તો હવે બાદશાહ બની જવાની ખુશી કરતા પણ વધારે અફસોસ થોડા શહેરો છિનવાઈ જવાનો હતો, તે ગમભરી અવાજમાં બોલ્યો.

“હાં દોસ્ત ! તારી વાતતો સાચી છે પરંતુ તને શું ખબર કે હું અત્યારે કેટલી ચીંતામાં છુ તારે તો બસ બે રોટીની ફિક્ર છે અને મને મારી પૂરી પ્રજાની ફિક્ર છે.

**ફાયદો :** દુનિયાનો હાલ આવોજ છે ન મળે તો મુફલીસ હોવાનો ગમ હોય છે, મળી જાય તો ચાલ્યા જવાનો ગમ, સાચવવાની ફિક્ર આ દુનિયા છે પોતાના ચાહવાવાળાને (દુનિયાથી મહોબ્બત કરનારને) હમેશા તક્લીફમાં રાખવા એ દુનિયાની ફિત્રત છે.

## ﴾64﴿ લોકોથી મેલ જોલ મુલાકાત

હઝરતે અબૂ હુરૈરા رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ હુઝૂર ફખ્રે કાએનાત, હુઝૂર મુહમ્મદ મુસ્તફા صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم ની ખિદમતમાં રોજ હાજર થતા હતા, આપે ફરમાવ્યું કે અય અબૂ હુરૈરા ! મારાથી એક દિવસ છોડીને એક દિવસ મળ્યા કરો કે આવુ કરવાથી મહોબ્બત વધશે.

કોઈની મુલાકાત માટે જવુ ઐબ નથી, પરંતુ એટલુ ન જવુ જોઇએ કે તે કહે કે બસ હવે માફ કરો (યાની ન આવો). હઝરત શૈખ સાદી رَحْمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیْہ ફરમાવે છે કે અય મુખાતિબ ! અગર તૂ પોતાના દોષ જોતો રહીશ અને **પોતાના આમાલનો હિસાબ લેતો રહીશ તો તને કોઈની મુલાકાતનો શોખ નહીં રહે**, દરવેશો (રાહે ખુદાના મુલાકાતના મુસાફરો) માટે જરૂરી છે કે લોકોથી મેલ જોલ ઓછી રાખે કારણ કે વધારે મળવાથી દિલોમાં મેલ પૈદા થાય છે.

# ﴾65﴿ ફિરંગીઓની કૈદ

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه ફરમાવે છે કે એક વખત મને દોસ્તોના વ્યવહારથી એટલુ બધુ દુખ લાગ્યુ કે હું દમિશ્ક થી નિકળીને જંગલ તરફ રવાના થઈ ગયો. એ વિરાન અને સુમસામ જગ્યામાં થોડા દિવસતો આરામથી પસાર થઈ ગયા અને હું દોસ્તોની જુદાઈના ગમ પણ ભુલી ગયો પરંતુ પછી કંઈક એવુ બન્યુ કે ફિરંગીઓની એક ટુકડીએ મને કૈદી બનાવી લીધો અને મને તરાબીસના એરિયામાં લઇ જઈને ખંદક (ખાઈ) ખોદવાની મજુરીએ લગાડી દીધો, બીજા પણ ઘણા બધા યહુદિઓ પહેલેથી ખાઈ ખોદતા હતા.

હું આ મુસીબત થી બહુજ પરેશાન હતો અને ખુદાએ પાકને મારી આ હાલત પર રહેમ આવી ગયો. એક દિવસ હલબનો એક અમીર ત્યાંથી પસાર થયો, એ માણસ મને ઓળખતો જણાતો હતો તેણે મને એ મુસીબતમાં ફસાયલો જોઈ દસ દીનાર ફિદયો આપીને મને આઝાદ કરાવ્યો અને પોતાની સાથે હલબ લઈ ગયો.

હલબ લઈ જઈને તે અમીર માણસે મારા લગ્ન પોતાની દીકરી થી કરી દીધા. એકસો દીનાર મહેર મુકર્રર થઈ. આ લગ્નને મેં ખુદાનુ ઈનામ સમજયુ અને પોતાની પત્ની સાથે હંસી ખુશીથી ઝિન્દગી બસર કરવા લાગ્યો પરંતુ અલ્લાહ જાણે શું બન્યુ કે તે સ્ત્રી એકદમ બદતમીઝીથી વર્તાવ કરવા લાગી, વાત વાતમાં મહેણાં ટાણા મારવા લાગી કે :"શું તૂ એ નથી કે જેને મારા બાપે દસ દીનારમાં ફિરંગીઓની કૈદથી આઝાદ કરાવ્યો હતો."

એક દિવસ તેણે એ મહેણું માર્યું તો હું બોલ્યો કે :"બેશક ! હું એજ છુ જેને તારા બાપે દસ દીનારમાં ખરીદીને સો દીનારના બદલામાં વેચી દીધો."

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه એ વાંચનાર માટે ત્રણ નસીહતો કરે છે.

(1) સામાન્ય વાતમાં પોતાનાઓથી સંબંધ તોડી નાખવો એ સારી વાત નથી તેનાથી દુખજ પૈદા થાય છે.

(2) અહેસાન અસલમાં એજ અહેસાન છે જેમાં કશોજ સ્વાર્થ ન હોય.

(3) લગ્ન હમેશા એવી જગ્યાએ કરવા જોઈએ જેમાં શૌહરને નીચા દેખાવા જેવું ન થાય અને ઈઝ્ઝતનું નુક્સાન ન થાય. જ્યાં સ્વમાન નથી જળવાતુ ત્યા પરીણામ દુખદ જ આવે છે માટે બરાબરી વાળામાંજ રિશ્તા થવા યોગ્ય છે.

## ﴾66﴿ રોટીની ફિક્ર

એક બાદશાહે એક અયાલદાર (બાલ બચ્ચાવાળા) વ્યકતી ને સવાલ કર્યો : "કહો તમારો ગુઝર બસર કઈ રીતે થઈ રહ્યો છે ?

તેણે જવાબ દીધો : "હુઝૂર આખી રાત મુનાજાતમાં મશ્ગૂલ રહું છુ, સવારે દુઆ ચાલૂ હોય છે અને દિવસ એ ફિક્રમાં વીતી જાય છે કે બાલ બચ્ચાઓને શુ ખવડાવીશ ?

બાદશાહ અકલમંદ હતો સમજી ગયો કે રોઝીની તંગીના કારણે આ શખ્સ બહુજ પરેશાન છે તેણે પોતાના ખજાનચીને ઈશારો કર્યો કે આનો વઝીફો મુકર્રર કરી દો, જેવુકે તેને વઝીફો મળવાની શરૂઆત થઈ તો તેની બે ઇત્મીનાની ખત્મ થઈ.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَیْه એ એ સચ્ચાઈની તરફ ઈશારો કર્યો છે કે ઈઝ્ઝત અને ઈત્મીનાન વાળી ઝિન્દગી ગુઝારવા માટે દુનિયાના વસાઈલ પણ જરૂરી છે, જે લોકો આ હકીકતને નઝર અંદાજ કરીને કમાવવાની ફિક્ર થી ગાફિલ થઈ જાય છે તેઓ ઈબાદત પણ સારી રીતે નથી કરી શકતા, તેમણે બીજાઓની મોહતાજી કરવી પડે છે.

## ﴾67﴿ દુનિયાદાર દરવેશ

એક દરવેશ શહેર છોડીને જંગલમાં વસી ગયો ઝાડના પત્તા ખાઈને ઝરણાનું પાણી પીને હર વખત ખુદાની યાદમાં

મસ્ત રહેતો હતો. બુઝુર્ગીની નિશાનીઓ તેના ચેહરા પર જાહેર થતી હતી.

અલ્લાહ તઆલાનું કરવું થયુ એમ કે રાજ્યનો બાદશાહ શિકાર રમતો ત્યાંથી પસાર થયો, તેની નઝર આ દરવેશ પર પડી તો તેં તેની પાસે ગયો અને તેના વિષે જાણ્યા પછી તેણે વિનંતી કરી કે ‘‘બાબા ! તમે અમારી સાથે શહેરમાં ચાલો અમે તમારા માટે ત્યાં બહેતર ઈન્તેજામ કરી દઈશુ, આપને બહુ આરામ મળશે.

દરવેશે બાદશાહની વાત માનવાનો ઈન્કાર કરી દીધો અને કહ્યું : ‘‘હું અહીંયાજ બરબાર છુ’’

એક વઝીર બોલ્યો : હુઝૂર ! બાદશાહ સલામતની આ વાત માનવામાં શું તક્લીફ છે ? અગર શહેરમાં તમારૂં દિલ ન માને તો પાછા જંગલમાં આવી જજો.

આ વાત દરવેશની સમજમાં આવી ગઈ અને તે બાદશાહની સાથે શહેરમાં આવી ગયો.

બાદશાહે દરવેશને રહેવા માટે એક શાનદાર હવેલી જેવુ મકાન આપી દીધુ, જેમાં બાગ પણ હતો જેમાં અનાર અંગુર વિગૈરેના ઝાડ તથા ફુલ વેલા હતા, ખિદમતના માટે એક ખૂબ સૂરત યુવાન લૌંડી અને એક ગુલામ આપ્યા અને દરવેશ મહાશય આરામથી ઝિન્દગી બસર કરવા લાગ્યા અને ઐશો આરામમાં ડૂબી ગયા.

થોડા દિવસ પછી બાદશાહને દરવેશની યાદ આવી તો તે મુલાકાત માટે આવ્યો જોયુ તો તે તખ્ત ઉપર તકીયો લગાવીને આરામથી બેઠો હતો, ગુલામ પીઠની પાછળ મોરપીંછથી હવા નાખતો હતો, લૌંડી ખિદમતમાં મશ્ગૂલ હતી અને સ્વાદિષ્ટ ભોજન ભરપેટ ખાવાના કારણે મોટો તાજો થઈ ગયો હતો અને ચેહરો રંગીન થઈ ગયો હતો.

બાદશાહે તેને સારી હાલતમાં જોયો તો ખુશ થયો અને કહ્યું : "તમારા જેવા બુઝુર્ગોની ખિદમત કરવાથી મને બહુજ ખુશી થઈ રહી છે!"

એક અક્લમંદ વઝીર સાથે હતો, તેને કહ્યું આલીજાહ ! દરવેશોને ઐશો આરામના આદી બનાવી દેવા તે કંઈ એની ખિદમત નથી, આવુ કરવાથી તેમની રૂહાની તરક્કી અટકી જાય છે અને તેઓ બીજા દુનિયાદારની જેમજ દુનિયાદાર બની જાય છે. અલબત્ત આલિમોને જરૂર એટલી માલી મદદ કરવી જોઈએ કે રોઝી કમાવવાની ફિક્રથી બે ફિક્ર થઈ ઈલ્મ હાસિલ કરી શકે કે ઈલ્મ ફૈલાવી શકે.

**ફ્રાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰہِ تَعَالٰی عَلَیْہ આ હિકાયત થી એ વાત બતાવી રહ્યા છે કે ખુદા પસંદી અને ખુદપસંદી અથવા તો ખુદા તલબી અને દુનિયા તલબી અલગ ચીઝ છે, ઈન્સાન જ્યારે પેટ ભરીને ખાવા, રાહત અને આરામ તલબીમાં પડી જાય છે તો જરૂર ખુદાને ભુલી જાય છે.

જ્યારે ખુદાની રાહનો સાલિક દુનિયાની રાહતોમાં પડી જાય છે તો ખુદાને ભુલી જાય છે.

## ﴾68﴿ ઝાહિદ કે જાહિલ

એક બાદશાહને એક મોટી લડાઈનો સામનો કરવાની જરૂર થઈ પડી તેણે મન્નત માની કે અગર તેનું કામ સફળ થઈ જશે તો આટલા દિરહમો દીનાર ઝાહિદોની નઝ્ર કરીશ (ઝાહિદ ઝોહદો તકવાવાળો પોતાના નફસથી જિહાદ કરનાર) યાની અલ્લાહના નેક બંદાઓની નઝર કરીશ, જ્યારે તે જરૂરત અલ્લાહ પાકના ફઝ્લ અને કરમથી પૂરી થઈ ગઈ અને દિલની પરેશાની દૂર થઈ ગઈ તો મન્નતનું પુરૂં કરવું જરૂરી થઈ ગયુ.

પોતાના ખાસ ગુલામોમાંથી એક ને રુપિયાની થેલી આપી અને ફરમાવ્યું : "આને લઈજા અને ઝાહિદોમાં વહેંચી દે" લોકો

કહે છે કે તે ગુલામ ખૂબજ અકલમંદ અને હોંશિયાર હતો આખ્ખો દિવસ ફરતો રહ્યો અને સાંજના સમય પાછો આવ્યો, બાદશાહની સામે દિરહમની થેલી રાખી. બોલ્યો : "હુઝૂર ! મૈં ઝાહિદોને બહુજ શોધ્યા પણ મને કોઈ ન મળ્યુ."

બાદશાહે કહ્યું : "આ શું બકવાસ છે ? મારી સમજમાં નથી આવતુ એટલા માટે કે મારી જાણ મુજબ મારા રાજ્યમાં ચારસોથી વધારે ઝાહિદ છે" ગુલામે અર્ઝ કરી : "અય માલિક ! કિસ્સો આમ છે કે જે લે છે તે ઝાહિદ નથી અને જે ઝાહિદ છે તે લેતા નથી, હું આપુ તો કોણે આપુ ?

બાદશાહ સલામત હસ્યા અને દરબારીઓથી ફરમાવ્યું જેટલો મને દરવેશો અને ખુદા પરસ્તો પર એતેકાદ છે, આ બે હયા (ગુલામ)ને એટલીજ અદાવત છે અને ઈન્કાર છે અને તેની વાત તો સાચીજ છે.

**ફાયદો :** જે ઝાહિદે દિરહમો દીનાર લેવાનું શરૂ કરી દીધુ તે ઝાહિદ નથી, ઝોહદો તક્વા યાની પરહેઝગારી માટે કનાઅત (સંતોષ) જરૂરી છે અગર કનાઅત નથી તો ઝાહિદ નથી, જાહિલ છે અને ઝાહિદોને બદનામ કરનાર છે.

## 69 મખ્લૂકથી છુટકારો

એક મુરીદે પોતાના પીરથી અર્ઝ કરી : "શું કરૂં હું મખ્લૂકથી તક્લીફમાં છુ એટલા માટે કે લોકો મારી મુલાકાત માટે બહુજ આવે છે અને મારી ઈબાદતનો સમય પણ લોકોના આવવા જવાથી બરબાદ થઈ જાય છે યાની કે ઈબાદતમાં ખલલ પડે છે પીરે ફરમાવ્યું

તારી પાસે આવવાવાળામાં જે ગરીબ અને મોહતાજ છે તેમને કંઈક ઉધાર આપી દે અને જે લોકો માલદાર છે તેમાંના દરેક પાસેથી કંઈક માંગી લે, આનાથી એ થશે કે બન્ને પ્રકારના લોકો તારી પાસે બીજીવાર નહીં આવે. ગરીબ લોકો ઉધાર લઈ જવાના પછી પાછા આપવાના તકાઝાના કારણે દૂર રહેશે અને માલદાર

એ કારણે નહીં આવે કે તૂ તેના પાસેથી કંઈક માંગીશ તારી ઈબાદતમાં પછી કંઈ ખલલ નહીં પહોંચે.

## «70» મદહોશ દારૂડીયો

એક સમજદાર ઈન્સાન ક્યાંક જઈ રહ્યો હતો, રસ્તામાં તેણે એક બેભાન દારૂડીયાને જોયો જે ઝમીન પર ઊંધા માથે પડ્યો હતો તેને જોઈને એ દાના શખ્સને બહુજ અફસોસ થયો અને તેની નજીક રોકાઈને તેને નફરતની નઝર થી જોવા લાગ્યો.

અચાનક એ બેભાન માણસ થોડા હોશમાં આવ્યો, એક માણસને પોતાની તરફ નફરત ભરી નઝરથી જોતા જોઈ તે બોલ્યો યાની તે એ આયત પઢયો જેનો તર્જુમો છે "જ્યારે તેઓ કોઈ એવી જગ્યાએથી પસાર થાય છે કે જ્યાં બેહુદગીની કોઈ વાત જણાય તો પોતાનું દામન બચાવીને પસાર થઈ જાય છે."

**ફાયદો :** સરકાર સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયતથી એ સંદેશ આપવા ચાહે છે કે અય નેક ઈન્સાન ! તૂ જ્યારે તૂ કોઈ ગુનેહગારને જૂએ તો તેનાથી નફરત ન કર, બની શકે તો તેને સુધારવાનો પ્રયત્ન કર અને ન થઈ શકે તો પોતાનું દામન બચાવીને નિકળી જા.

**નફરત ગુનાહથી હોવી જોઈએ ગુનેહગારથી નહીં.**

## «71» સાચ્ચો દરવેશ સબ્રનો પૈકર

આવારા લોકોની એક ટુકડી એક દરવેશની દુશ્મની ઉપર ઉતરી આવી, એ ફાસિક ફાઝીર લોકોએ એ દરવેશની વિરુધ્ધ અયોગ્ય બકવાસ કર્યો તેને માર્યો અને બહુજ સતાવ્યો.

એ ફકીર બિચારો કમઝોર બે તાકત હોવાથી આવારા લોકોની ફરિયાદ પોતાના પીર પાસે લઈ ગયો અને પોતાની તકલીફનું વર્ણન કર્યું. પીરે જવાબ દીધો : "બેટા ! જે દરવેશ દુનિયાની તકલીફો અને દુનિયાવાળાઓના વ્યવહારથી થાકી જાય છે તેના બદન પર દરવેશોના લિબાસ શોભતા નથી, યાદ રાખ ! બુરાઈ પર સબ્ર કરવી અને બુરાઈના બદલે ભલાઈ કરવી એ

અમારો દસ્તૂર છે. તને જે તક્લીફ પહોંચે તેના પર સબ્ર કર અને તક્લીફ આપનારને માફ કરી દે.

**ફાયદો :** ગુસ્સા પર કાબૂ રાખવો અને બદલો લેવાની શકતી હોવા છતા માફ કરી દેવુ એ નબીઓનો તરીકો રહ્યો અને મોમિન એ મોમિને કામિલ ત્યારેજ બને છે જ્યારે તે આ સિફતો અપનાવે. હઝરત સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં એજ નસીહત કરે છે અને આના પર અમલ કરીનેજ ઈન્સાન કમાલ હાસિલ કરે છે. اَلۡحَمۡدُ لِلّٰہ عَزَّوَجَلَّ

## ﴾72﴿ સાચ્ચો બહાદૂર નફસનો દુશ્મન

અલ્લાહવાળાઓ માંથી એક અલ્લાહના મક્બૂલ બંદાએ એક પહેલવાનને ગુસ્સાથી ભરાયેલ જોયો કે મોં માંથી ફીણ નીકળી રહ્યા હતો, તેમણે કારણ જાણવા માંગ્યુ તો ખબર પડી કે એક આદમીએ તેને ગાળ દીધી છે, તેમણે ફરમાવ્યુ આ કમીનો હજાર મણનો પત્થર તો ઉંચકી શકે છે અને એક વાત સહન નથી કરી શકતો, એનો પહેલવાનીનો દાવો ઝૂઠો છે કે તે પોતાના નફસની સામે તો હાર માની લે છે અગર કોઈ ઈન્સાન પોતાની તાકાતથી હાથીની પેશાની ચીરી કાઢે તેમ છતા તે પોતાને ત્યાં સુધી પહેલવાન નથી કઈ શકતો કે પોતાના ગુસ્સા પર કાબૂ મેળવી લે.

**ફાયદો :** હઝરતે આદમ عَلَیۡہِ السَّلَام ની ઔલાદની પૈદાઈશ માટીથી છે, જે માણસમાં આજીઝી અને ઈન્કેસારી (નમ્રતા અને વીવેક) નથી તે આદમી આદમી કહેવડાવવાને લાયક નથી.

## ﴾73﴿ સાચ્ચો સગો

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે મૈં એક પરહેઝગાર ખુદા શનાસ આરિફને સવાલ કર્યો કે સાચો દોસ્ત યા રિશ્તેદાર કેવો હોવો જોઈએ ? તેની સીરત બતાવો તો તેમણે ફરમાવ્યું : અદના સિફત એ કે તે પોતાની જરૂરિયાત પર દોસ્તની દિલી ખ્વાહિશને મુકદમ રાખે યાની અગ્રતા ક્રમ આપે અકલમંદો ફરમાવે છે કે જે

ભાઈ દરેક સમયે પોતાનીજ ફિક્રમાં મગ્ન રહેતો હોય તે ન હકીકતમાં ભાઈ છે ન તે પોતાનો છે. સફરનો સાથી જે જલ્દી કરે યાની સફરમાં સાથ ન દે તેને છોડી દેવો જોઈએ, તૂ તેની સાથે ન ચાલ અને પોતાના દિલને એવા શખ્સથી ન લગાડ.

જ્યારે તારા સગાઓમાં ઈમાનદારી અને પરહેઝગારી અને ખુદાનો ખૌફ ન હોય તો એવા સગાઓથી સંબંધ તોડી નાખ.

મને યાદ છે કે ઇલ્મના દાવેદારોમાંથી એકે જ્યારે મારી આ તહેરીર (લખાણ) પઢી તો એતેરાઝ (વિરોધ) કર્યો અને કહ્યુંકે હક સુબ્હાનહૂ વ તઆલાએ પોતાની મુકદસ કિતાબમાં સંબંધ તોડવાની મનાઈ કરી છે અને સગા વહાલાઓથી મહોબ્બતનો હુક્મ દીધો છે અને જે કંઈ આપે હિકાયતમાં ફરમાવ્યુ એ હુક્મે ઈલાહીની ખિલાફ છે.

હઝરત શૈખ સાદી رحمۃ اللہ تعالیٰ علیہ ઈર્શાદ ફરમાવે છે કે મૈં તે એતેરાઝના જવાબમાં કહ્યું : તમારી સમજમાં એ આયતનું મઝમૂન ન આવ્યું જેમકે અલ્લાહ ફરમાવે છે કે “અગર તારા માં-બાપ તને શિર્કનો હુક્મ કરે તો ન માન” એવા હજારો પોતાના સગા જેઓ ખુદાથી બેગાના (અજાણ, અજ્ઞાન) હોય તે એક ગૈર પણ ફરમાં બરદાર હોય તેના પર કુરબાન છે.

**ફાયદો :** જે ખુદા શનાસ છે જેનામાં ખૌફે ખુદા છે અને જે ખુદાથી મહોબ્બત કરે છે તેજ પોતાનો છે, મોમિન ત્યારેજ મોમિને કામિલ છે જે ખુદાના નાફરમાનો થી ભલેને પોતાનો સગો કેમ નથી છતા પણ તેનાથી સંબંધ ન રાખે.

આજે તો માહોલ એ છે કે માણસ જાણે છે કે સામે ઝૂઠો છે કે હરામખોર છે છતા લોકો એમ વિચારીને દોસ્તી રાખે છે કે મારો ભાઈ યા મારો સાળો યા મારો બનેવી છે, ભલેને બુરો હોય મારે શું ? અને લાલચમાં અથવા ડરથી તેની ખુશામત કરે છે, ચમચાગીરી કરે છે એ નથી વિચારતા કે કયામતમાં બુરા લોકોના તેમના મદદગારો સાથીદારોની સાથે હશ્ર થશે. અલ્લાહની પનાહ

## ﴾74﴿ સાચી હુકૂમત નફ્સ પર હુકૂમત

એક બદ અકીદા અને ઘમંડી બાદશાહ દરવેશો ફકીરોને હિકારતની નઝર (તૂચ્છ સમજવુ)થી જોતો હતો એક અલ્લાહવાળા દરવેશ આ હકીકત અંદાજેથી જાણી લિધી તો કહ્યું.

અય બાદશાહ ! લાવ લશ્કર અને દુનિયવી સાઝો સામાનમાં તો તૂં અમારાથી વધીને છે પરંતુ આરામ અને દિલોની ચૈન ઈત્મીનાનમાં અમો તારાથી વધીને છીએ. મૌત તને અને અમને બરાબર કરી દેશે અને ઈન્શાઅલ્લાહ ! કયામતના દિવસે અમારો હાલ તારાથી બહેતર હશે.

**ફાયદો :** દરવેશોનો જાહેરી હાલ તો બેશક ! ખરાબ હોય છે પરંતુ તેમના દિલ રૌશન હોય છે અને ગુનાહો પર ઉક્સાવનાર નફ્સ મુર્દા હોય છે.

દરવેશોનો તરીકો ઝિક્રે ખુદા, શુક્ર કરવો, ત્યાગ કરવો કનાઅત, તૌહીદ (એકશ્વરવાદ) તવક્કલ અને તહમ્મુલ (સબ્ર) છે હવે જેમાં પણ આ સિફત ન હોય તે દરવેશ નથી.

જે નમાઝને છોડનાર ઐશો ઈશરત ચાહનાર રખડનાર, રાતમાં ગફલતથી સુઈ રહેનાર, જે મળે તે ખાઈ લેનાર અને મનમાં આવે તે બોલી નાખનાર છે તે દરવેશ નથી અને અફસોસ કે આજે આવાઓની અધીકતા છે, જેઓ જાહેરમાં તો પારસા છે પણ અંગત ઝિન્દગીમાં અય્યાશ છે અલ્લાહની પનાહ. ટૂંકમાં પોતાના નફ્સ પર હુકૂમત એજ સાચી બાદશાહત છે.

## ﴾75﴿ ફિત્રત નથી બદલતી

બગદાદ શરીફના એક એકદમ શરીફ અને પરહેઝગાર વૃધ્ધે પોતાની દીકરીના લગ્ન એક મોચીની સાથે કરી દીધા. વિસાલની રાત્રે એ ઝલીલ બેરહેમ મોચીએ છોકરીના હોઠને એવી રીતે કરડી ખાધા કે તેના હોઠ પરથી ખૂન ટપકી પડ્યું. સવારના સમયે તે છોકરીના બાપે આ હાલત જોઈ તો ગુસ્સામાં જમાઈની

પાસે જઈને પુછયુ : “અય કમીના ! તારા એવા તો કેવા દાંત છે કે તૂ આના હોઠને ચાવી ગયો કે તેની આવી હાલત થઈ ગઈ, શું તૂં એના હોઠને પકાવેલ ચામડુ સમજી બેઠો હતો ?

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે અય વાંચકો ! મૈં આ હિકાયત માત્ર હસવા કે મઝાક ઉડાવવા બયાન નથી કરી તારા માટે જરૂરી છે કે મઝાકથી અલગ થઈ જે આમાં બયાન અને નસીહત (બોધ પાઠ, ઈબ્રત) છે કે તે હાસિલ કર અને નસીહત એ કે બુરી આદત જેનામાં ઘર કરી જાય છે તો તેના પછી તે ઈન્સાનના મરવા સુધી નથી છુટતી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં એ સમજાવી રહ્યા છે કે બુરી આદત જ્યારે તબીઅત બની જાય છે તો કદી નથી જતી જેવી રીતે કહેવત છે કે “કુતરાની પુછડી વાંકી” હવે અગર તેને સો વર્ષ પણ ઝમીનમાં દબાવીને રાખશો તો પણ જ્યારે બહાર કાઢશો તો તે વાંકીજ રહેશે. માટે આવા પ્રકારના બદ ખસ્લત લોકોથી દૂરી અપનાવવી જોઈએ.

## ﴾76﴿ સાવચેત રહેવુ

એક પરહેઝગાર વ્યક્તીએ પોતાની બદસૂરત છોકરીના લગ્ન એક આંધળાની સાથે કરી દીધા, જાણવા મળ્યું કે એક મશ્હૂર હકીમ એ દિવસોમાં લંકાથી શહેરમાં આવ્યો. લોકોએ છોકરીના બાપથી કહ્યું : “તમે તમારા જમાઈની આંખનો ઈલાજ આ હકીમથી શા માટે નથી કરાવી લેતા ?” તેણે જવાબ દીધો કે : “ડર લાગે છે કે આંખની બીનાઈ પાછી આવવા અને દેખતો થઈ જવાના પછી ક્યાંક તે મારી દીકરની તલાક આપી દે” એટલા માટે બદસૂરત પત્નીના શૌહરનું અંધ હોવુજ બહેતર છે.

**ફાયદો :** મોમિને દુનિયાવી મામલાઓમાં પણ હોંશિયાર રહેવુ જરૂરી છે.

## ﴾77﴿ પોતાના આમાલ પર ભરોસો ન કર

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَیۡه ફરમાવે છે કે મૈં અમુક ગુલદસ્તા ઘાસથી બંધાયેલા ગુંબઝ પર જોયા, મૈં કહ્યું : “આ નાચીઝ (નકામી) ઘાસની શું હૈસિયત છે કે તે પણ ફુલોની સફમાં ગોઠવાઈ ગઈ ? ઘાસે રડીને કહ્યું : “તૂ ચુપ થઈજા ! શરીફ ઈન્સાન શું તૂ દોસ્તી અને સોહબતના હકને નથી જાણતો, ભલે મારામાં ખૂબ સૂરતી કે રંગ કે ખુશ્બૂ નથી તો શું હું પણ એજ બાગનું ઘાસ નથી ? અને એજ કારણ છે કે મને ફુલોની સોહબતમાં રહેવાનો હક છે.

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَیۡه આ હિકાયતના પછી મુનાજાતની તરફ મુતવજ્જેહ થઈને અર્ઝ કરે છે કે હું ખુદાવન્દે કરીમની બારગાહનો સામાન્ય બંદો છુ અને તેની હમેશાની નેઅમતોથી પલ્યો છું, અગર હું હુનરવાળો છુ કે બેહુનર છુ તેમ છતા પણ મને ખુદાએ તઆલાથી લુત્ફો કરમની ઉમ્મીદ છે. મને ખુદા તઆલાના લુત્ફો કરમની ઉમ્મીદ એના બા વુજૂદ છે કે હું કોઈ મુડી (નેકી) અને ઈબાદતનો સરમાયો નથી રાખતો, જ્યારે બંદાના માટે બીજો કોઈ ઝરીઓ બાકી ન રહે અને તે બધીજ રીતે માયુસ (નિરાશ, નાઉમ્મીદ) થઈ જાય એવા માયુસીના સમયમાં તે અલ્લાહ તઆલાના બંદાનું કામ તદબીર શોધવાનું છે એવુ જોવામાં આવ્યું કે ગુલામનો માલિક વૃધ્ધ ગુલામને આઝાદ કરી દે છે અને ખિદમત લેવાનું છોડી દે છે.

અય બુઝુર્ગ ખુદા ! અય દુનિયાને સંવારવાવાળા ! તૂ પોતાના આ વૃધ્ધ સાદી પર ઈનાયત અને મહેરબાની ફરમાવ અને તેને માફ કરી દે (અય સાદી ! રિઝાના માર્ગ પર ચાલ યાની કે દરેક પળ તેની ખુશી નઝરની સામે રહે. એ ખુદાના બંદા ખુદાના માર્ગ પર કમ નસીબ છે એ માણસ જે ખુદાના દરવાજેથી મોં ફેરવે એટલા માટે કે બીજો દરવાજો નહીં મળી શકે એટલુજ નહીં તેના દરથી મો ફેરવવાના પછી ક્યાંય પનાહ નહીં મળે.) બેશક ! ક્યાંય નહીં મળે.

**ફાયદો :** ખુદાએ તઆલાની રિઝા હમેશા નઝર સામે રહે અને પોતાની કોઈ ઈબાદત પર ભરોસો કરવામાં ન આવે.

## «78» સખાવત કે શુજાઅત

લોકોએ એક દાનીશ્વરથી સવાલ કર્યો કે : "સખાવત યા શુજાઅત (બહાદુરી) બેમાંથી બહેતર કઈ ચીઝ છે ?" તેને જવાબ દીધો. જેમા સખાવત છે તેને બહાદુરીની જરૂરત નથી બાદશાહ બહેરામ ગૌરની કબર ઉપર કત્આે લખેલ છે કે સખાવતનો હાથ તાકતવર ફૌલાદી બાજુઓથી પણ બહેતર છે. ભલે હાતિમ તાઈ દુનિયામાં નથી રહ્યો પરંતુ તેનુ બુલંદ નામ કયામત સુધી નેકીઓના દફતરમાં મશહૂર રહેશે, માલની ઝકાત નિકાળતા રહો એટલા માટેકે બગીચાનો માળી અંગુરની વધેલી ડાળીઓ કાપી નાખે છે તો તેની વેલ પર ફળ નથી લાગતા.

## «79» ઇલ્મની બડાઈ

મિસ્રમાં એક અમીરના બે દીકરા હતા જેમાંના એકે દુનિયવી ઈલ્મ હાસિલ કર્યો અને રાજ્યનો હાકિમ બની ગયો. જ્યારે બીજાએ દીની ઈલ્મ હાસિલ કર્યો અને મોટો આલિમ બની ગયો. જે ભાઈ બાદશાહ હતો તે હમેશા પોતાના ભાઈને હિકારત (તુચ્છ)ની નઝરથી જોતો હતો, એક દિવસ મુલાકાત થઈ તો કહેવા લાગ્યો : "અગર તૂ પણ મારા રસ્તે ચાલતો તો આવી ખરાબ હાલતમાં ન હોત મને જો હું કેવી ઇઝ્ઝત અને શાનનો માલિક છુ."

બીજો ભાઈ બોલ્યો : અય ભાઈ ! આ તારી ગલત ફહેમી છે કે તૂ એમ સમજે છે કે રાજ પાઠ મેળવીને તૂ ઇઝ્ઝતદાર બની ગયો, અલ્લાહ પાક નો શુક્ર છે ઇઝ્ઝત અને ઇત્મીનાનના મામલામાં હું તારાથી ચઢીયાતો છુ, તૂ માલનો વારીસ છે જે ફિરઔન, કારૂન અને હામાનની વિરાસત છે, જ્યારે હું ઈલ્મનો વારિસ છુ જે અમ્બિયાએ કિરામની વિરાસત છે.

**ફાયદો :** અલ્લાહ તબારક વ તઆલા પોતાના મુકદ્દસ કલામમાં ફરમાવ છે : **"કુલ મતાઉદ-દુનિયા કલીલ"** દુનિયાની પુંજી થોડી છે અગર તમામ દુનિયા મળી જાય તો પણ "કલીલ" યાની થોડી છે અને ફરમાવે છે જેને હિક્મત આપવામાં આવી તેને ખૈરે કસીર બહુજ મોટી ભલાઈ આપવામાં આવી.

તો ખુશ નસીબ છે એ જેને દૌલતે ઈલ્મ અર્પણ થઈ.

## ﴾80﴿ ખુદદારી (સેલ્ફ રિસ્પેક્ટ)

મૈં એક દરવેશને જોયો અને તેના બારામાં જાણ્યું કે તે ફાકાની ઝિન્દગી વીતાવી રહ્યો છે અને કપડા પર થીગડા પર થીગડા લગાવે છે અને દિલને તસલ્લી આપવા માટે આ શેર પઢી રહ્યો છે કે અમો સુકી રોટી અને જુના ફાટેલા કપડા પર શુક્ર કરીએ છીએ, એટલા માટે કે પોતાના શરીર પર મહેનત અને સખ્તી બરદાશ્ત કરવું અયોગ્ય માણસોના અહેસાન હેઠળ દબાવવા કરતા બહેતર છે.

એક માણસે તે ઈન્સાનને કહ્યું : "ફલાણો માણસ આ શહેરમાં સખી છે અને તેની સખાવતો આમ છે, મતલબ કે દરેકને આપે છે અગર તમારી પોઝીશન તેના પર જાહેર કરવામાં આવે તો આપના દિલને ખુશ કરવું તેને એ ગનીમત સમજશે અને ઉપરથી (તમને આપીને) અહેસાન માનશે.

ફકીરે જવાબ દીધો : "ચુપ રહો, ફકો ફાકામાં મરી જવાનું કોઈની સામે હાથ ફૈલાવવા કરતા બહેતર છે. અમીર માણસ પાસે કપડાનો સવાલ કરવા કરતા કપડામાં પૈવંદ (થીગડા) લગાવવા મારા નઝદીક બહેતર છે. ખુદાની સોગદ ! અગર કોઈ મખ્લૂકના અહેસાન લઈને જન્નત મળતી તો એ જન્નત કરતા દોઝખ બહેતર છે. બંદાઓની આગળ હાથ ફૈલાવવા કરતા ભૂખથી મરી જવુ બહેતર છે.

# ﴾81﴿ અજમી તબીબ

અજમ (ગૈર અરબ)ના એક ઈસાઈ બાદશાહે અકીદત જાહેર કરવા માટે પોતાના રાજ્યના એક નામવર તબીબ (ડોક્ટર) ને રસૂલુલ્લાહ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ની ખિદમતમાં મોકલ્યો એ આશા પર કે તે તબીબ મદીના શરીફમાં રહીને બીમાર મુસલમાનોનો ઈલાજ કરે.

એ ડોક્ટરને મદીના શરીફમાં રહેવાની રજા મળી ગઈ અને એ ક્લીનિક ખોલીને ત્યાં રહી ગયો, ઘણાજ દિવસો પસાર થઈ ગયા પણ એક પણ મુસલમાન પેશન્ટ ઈલાજ કરાવવા માટે તેને ત્યાં ન આવ્યો તબીબે વિચાર્યુ કે કદાચ મારા ઈસાઈ હોવાના કારણે લોકો મારે ત્યાં નથી આવતા માટે તેણે સરકાર નબિયે રહેમતની ખિદમતમાં હાજર થઈ અર્ઝ કરી કે : ‘‘મુસલમાન મારાથી નફરત કરે છે માટે મારી પાસે ઈલાજ માટે નથી આવતા’’

હુઝૂરે પાક صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم મેં ફરમાવ્યું : ‘‘એવી વાત હરગિઝ નથી બલ્કે સાચી વાત એ છે કે લોકો બીમાર જ નથી પડતા તેમના તંદુરુસ્ત રહેવાનું એક ખાસ કારણ એ છે કે જ્યાં સુધી ખૂબ ભૂખ ન લાગે ત્યાં સુધી તેઓ ખાતા નથી અને હમેશા ભૂખ કરતા ઓછુ ખાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં બાઈઝ્ઝત અને તંદુરુસ્ત રહેવાનો એક સોનેરી ઉસૂલ બતાવ્યો છે કે ઓછુ ખાવ.

સહાબએ કિરામે કદી પણ લજ્જત (સ્વાદ, ટેસ્ટ) ને માટે ખાવાનું નથી ખાધુ તેઓની ખાવા માટેની નિય્યત એ હતી કે શરીરની બકા માટે ખાવુ જરૂરી છે માટે ખાવુ અને ઈબાદતની કુવ્વત માટે ખાવુ, તેઓ નફસના માટે ખાતા ન હતા માટે બીમાર ન હતા પડતા.

**જિવવા માટે ખાવુ અલગ ચીઝ છે અને**
**ખાવા માટે જીવવું અલગ ચીઝ છે**

## ﴾82﴿ ઓછુ ખાવાવાળો અને વધારે ખાવાવાળો

ખુરાસાનના બે દરવેશ લાંબા સમયથી સાથે રહેતા હતા, તેમાં એક સબ્ર અને શુક્ર કરવાવાળો હતો જ્યારે બીજો ખૂબ ખાતો અને ખૂબ આરામ કરતો. પહેલાનો સમય ઈબાદતમાં જ્યારે બીજાનો સમય આરામમાં પસાર થતો ઝિન્દગી ગુઝારવાના આ અલગ અલગ તરીકાના કારણે એક કમઝોર અને બીજો તાજો મોટો હતો.

એક વખત બન્ને દરવેશ સફર કરતા કરતા એક શહેરમાં પહોંચ્યા તો ત્યાંની પોલીસે એમને એ શકમાં પકડી લીધા કે તેઓ જાસૂસ છે બન્નેને અદાલતમાં પેશ કરવામાં આવ્યા તો ઉપર ઉપરથી મુકદમો સાંભળીને બન્નેને ગુનેહગાર સમજીને જેલમાં મોકલી દીધા અને એક કોઠડીમાં બન્નેને પૂરીને દરવાજો બંધ કરી દીધો.

હાકિમે પૂરી તપાસ કરતા તેને સમજાયું કે બન્ને નિર્દોષ બે ગુનાહ છે, તો તેણે તેમને આઝાદ કરવાનો હુક્મ આપી દીધો. જ્યારે જેલની કોઠળીનો દરવાજો ખોલવામાં આવ્યો તો દૂબળો પાતળો કમઝોર ફકીર જીવતો હતો પરંતુ મોટો તાજો જાડો ફકીર આ દુનિયાથી કુચ કરી ગયો હતો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં સખ્ત ઝિન્દગી પસાર કરવાના ફાયદા બયાન કર્યા છે જે લોકો મહેનત કરે છે તેઓમાં મુસીબત સહન કરવાની શક્તી વધારે હોય છે અને આફતો બલાઓ મુસીબતના સમયે તેઓ ટકી જાય છે જ્યારે નાઝુક તબીયતના માણસો સંજોગો સામે હારી જાય છે.

## ﴾83﴿ ઓછુ જમવાના ફાયદા

એક અમીરે અરબના એક હકીમથી સવાલ કર્યો કે રોજ કેટલો ખોરાક લેવો જોઈએ ? હકીમે અર્ઝ કરી કે એક સો દિરહમના વજન જેટલુ યાની કે લગભગ ડોઢ પાવ એટલે કે આજના હિસાબે 300 ગ્રામ જેટલુ પુરતો છે. બાદશાહે કહ્યું આટલુ ઓછુ જમવાથી શું તાકત આવશે ?

હકીમે જવાબ દીધો : "આટલો ખોરાક તમને ઉપાડશે મતલબ કે તંદુરુસ્ત રાખશે, શક્તી જળવાઈ રહેશે અને આનાથી વધારે ખોરાક જે તમે જમશો તમે તેનો બોઝ ઉઠાવશો.

ખોરાક તો માત્ર જીવતા રહેવા માટે છે અને ઝિક્રો અઝકારની ઈબાદતની કુવ્વત માટે છે, જ્યારે કે લોકોએ ઝિન્દગીનો મક્સદ ખોરાક બનાવી લીધો છે.

**ફાયદો :** એ જમાનાના લોકો તાકતવાળા હતા તેમના માટે એટલો ખોરાક પુરતો હતો. આ જમાનાના લોકો કમઝોર છે તેમણે તો આનાથી પણ ઓછો ખોરાક લેવો જોઈએ.

## ﴾84﴿ ઈસરાફ (ફુઝૂલ) ખર્ચ થી બચો

એક હકીમ પોતાના દીકરાને વધારે ખાવાથી રોકતો હતો એટલા માટે કે પેટ ભરીને ખાવાથી બીમારીઓ આવે છે. છોકરાએ કહ્યું : "અય બાપ ! ભૂખ તો માણસને મારીજ નાખે છે શું તમે નથી સાંભળ્યુ કે લોકો કહે છે કે પેટ ભરીને મરી જવુ ભુખ્યા મરી જવા કરતા સારૂ છે.

બાપે કહ્યું : દીકરા ! ખાવા પીવામાં મધ્યમ માર્ગનો અંદાજ રાખ એટલા માટે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે ખાવ અને પીઓ અને હદથી ન વધો ઈસરાફ (બગાડ) ન કરો.

ન એટલૂ વધારે ખા કે તારામોંથી નિકળી પડે અને ન એટલુ ઓછુ ખા કે કમઝોરીથી જીવ નિકળી જાય. ખાવામાં ઈન્સાની શરીરની બકા છે પરંતુ જે ખાવાનું વધારે છે તે બીમાર પાડી દે છે પેટ ભરીને ખાઈશ તો નુક્સાનમાં રહીશ.

એક બીમારથી પુછવામાં આવ્યુ કે તૂ શું ચાહે છે ? તેણે જવાબ દીધો કે કશું નહીં, પેટ જ્યારે ભરાઈ જાય અને પેટમાં દુખાવો ચાલુ થાય તો એવા સમયમાં સારો ખોરાક પણ સારો નથી લાગતો અને લાભ નથી થતો.

અલ્લાહ તબારક વ તઆલા કુરઆને કરીમમાં મોમિનીનની શાન બયાન કરતા ફરમાવે છે : "તે લોગો જ્યારે ખર્ચ કરે છે તો ન કંજુસી કરે છે અને ન ફુઝુલ ખર્ચો કરે છે અને મધ્યમ માર્ગ અપનાવે છે." (સૂરએ ફુરકાન)

## ❁85❁ દુકાનદાર વાણીયાનુ દેવું

એક દુકાનદારનું થોડું દેવુ અમુક સૂફીઓ પાસે બાકી હતુ કે તેમણે થોડો માલ ઉધાર ખરીદ કરેલ તે દર રોજ તેઓ પાસે ઉઘરાણી કરતો અને કડકાઈથી બુરૂભલૂ સંભળાવતો, સૂફીઓનો એક મિત્ર આ દુકાનદારની રોજે રોજની બક્વાસથી ગમગીન રહેતો હતો અને સહન કરવા સિવાય તેની પાસે કોઈ વિકલ્પ ન હતો.

એક સાહિબે દિલ મોમિને તે લોકોને કહ્યું દુકાનદારથી ઉધાર ખરીદી અને નફ્સની ખ્વાહિશ પૂરી કરવા કરતા નફ્સનેજ ભૂખ પર સબ્ર કરવાનું કહ્યું હોત તો સારૂ હતુ.

**ફાયદો :** પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે લોકો પાસેથી ઉધાર લેવુ અને ચુકવી ન શકવુ એ માણસને માટે ઝિલ્લત, રુસ્વાઈ અને અપમાનનું કારણ બને છે, બની શકે ત્યાં સુધી બચતા રહેવુ જોઇએ.

## ❁86❁ સવાલ કરવાથી (માંગવાથી) બચો

એક બહાદૂર જવાંમર્દ તાતારીઓની સાથે જંગ કરતા ઘાયલ થયો ઝખ્મ ઉંડો હતો. મામૂલી ઈલાજથી ફાયદો ન થયો તો તેના એક મિત્રએ કહ્યું : "ફલાણા સૌદાગર (મોટો બીઝનેસમેન) પાસે નોશદારદ (એક યુનાની દવા જેની અસર ખૂબ જલ્દી થાય) છે તૂ તેના પાસે માંગ અગર એ દવા તને મળી ગઈ તો જલ્દી સારૂ થઈ જશે."

જે સૌદાગર પાસે દવા હતી તે ખૂબજ કંજુસ હતો ઝખ્મી સિપાઈએ પોતાના મિત્રને જવાબ દીધો કે : "અગર હૂં એ કંજુસ મખ્ખી ચૂસ પાસે સવાલ કરૂં તો ખબર નથી કે તે મને એ દવા

આપશે કે નહીં આપે ? બીજી વાત એ કે કદાચ એ મને તે દવા આપી દે તો પણ શું ગેરેન્ટીકે ફાયદો થશે કે નહીં થાય ? હું માનું છુ કે કમીના માણસ પાસે હાથ ફૈલાવવા કરતા તો દર્દ સહન કરી લેવુ વધારે સારૂં છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયત થી સવાલ કરવાની ઝિલ્લતથી બચવાનું કહી રહ્યા છે રસૂલે મક્બૂલ صَلَّى اللهُ تَعَالٰی عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ને પણ સવાલ કરવાની મનાઈ કરી છે, **જે માણસ પોતાની ઉપર સવાલનો દરવાજો ખોલી દે છે અલ્લાહ તેના પર મોહતાજીનો દરવાજો ખોલી દે છે.** અલ્લાહની પનાહ આજ કારણ છે કે ખુદ્દાર માણસો કદી કોઈ થી કશુ માંગતા નથી.

## ﴾87﴿ હાતિમ તાઈથી પણ મોટો મકામ

કોઈએ હાતિમ તાઈથી સવાલ કર્યો કે શું તે કોઈને તારા કરતા પણ વધારે બુલંદ રુત્બો જોયો ? તેણે જવાબ દીધો :“હાં મેં એક દિવસ ચાલીસ ઊંટ ઝબ્હ કર્યા અને અરબના અમીરો અને સરદારોની મહેમાની કરી.” અને એ દિવસે હું જંગલમાં એક જરૂરતથી ગયો હતો મૈં એક કઠીયારાને જોયો કે તેણે લાકડીઓનો એક ભારો એકઠ્ઠો કર્યો હતો મૈં તેને કહ્યું.

“તૂ હાતિમની મહેમાનીમાં શા માટે ન ગયો કે એક મખ્લૂક તેને ત્યાં એકઠ્ઠી થાય છે તને બહેતરીન જમવાનું મળશે, તો કઠીયારાએ બે પરવાઈથી જવાબ દીધો : “જે માણસ પોતાની ઝાત મહેનતથી કમાઈને પેટ ભરે છે તે હાતિમ તાઈનું અહેસાન શા માટે લે ?

**ફાયદો :** આ હિકાયત થી શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ નુક્તો બયાન કરી રહ્યા છે કે અસલ શરાફત અને જવાંમર્દી પોતાના હાથની મહેનતની કમાઈ ખાવામાં છે તો બીજા આગળ હાથ શા માટે ફૈલાવવો ?

## ﴾88﴿ કીડીને પાંખો આવવી

એક ઈન્સાન એટલી હદે નાદાર અને મોહતાજ હતો કે શરીર ઢાંકવા માટે કપડા પણ ન હતા, તે પોતાનું શરીર રેતીમાં છુપાવી રાખતો હતો એક દિવસ અચાનક સૈયદુના મૂસા عَلَيْهِ السَّلَام ત્યાંથી પસાર થયા તો તે માણસે અર્ઝ કરી કે હઝરત ! મારા માટે અલ્લાહથી દુઆ કરો કે તે મારી ગરીબી દૂર ફરમાવી દે.''

હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام ને તેના પર રહેમ આવી ગયો આપે તેના હકમાં દુઆ કરી અને અલ્લાહ તબારક વ તઆલાએ થોડાજ દિવસમાં તેને માલદાર બનાવી દીધો.

એક સમય પછી પયગંબર હઝરત મૂસા કલીમુલ્લાહ ત્યાંથી પસાર થયા તો જોયુ કે તે માણસને લોકોએ જકડી રાખ્યો છે અને તેને બુરૂભલુ કહી રહ્યા છે આપ તુરંત ત્યાં ગયા અને લોકોને પુછ્યુ કે : ''આની સાથે આવુ વર્તન શા માટે કરો છો ?''

લોકોએ જવાબ દીધો આ બહુજ ખરાબ માણસ છે પહેલા તો દારૂ પીને બકવાસ જ કરતો હતો પણ આજે તો તેણે એક બે ગુનાહ સ્ત્રીને મારી નાખી, અમો તેને કાઝી પાસે લઈ જઈશુ કે આને તેના ગુનાહની સજા આપે.

લોકોએ કહ્યું જ્યારથી આ માણસ માલદાર થઈ ગયો તેની માલદારી તેના માટે અઝાબ બની ગઈ છે.

**ફાયદો :** અગર બદ ફિત્રત ઈન્સાન કોઈ પણ રીતે તાકત હાસિલ કરી લે છે તો તે દુનિયાના માટે અઝાબ બની જાય છે.

## ﴾89﴿ રોટી યા સોનુ

મેં અરબના એક ગામડીયાને બસરાના એક જવેરીને ત્યાં જોયો કે તે કિસ્સો બયાન કરતો હતો કે હું એક વખત જંગલમાં રસ્તો ભુલી ગયો અને રસ્તામાં ખાવા માટે તૌશા (ટીફીન, ખાણુ) મારી પાસે ન હતું અને મને મરવાનું યકીન થઈ ગયુ કે અચાનક મોતીઓથી ભરેલ એક થેલી મળી ગઈ.

હું એ લઝ્ઝત અને ખુશીને નથી ભુલી શકતો કે મને લાગ્યું કે ઘઉં છે અને પછી એ નિરાશા અને કડવાશને નહીં ભુલી શકુ કે તે ઘઉં નહીં પણ મોતી હતા યાની કે ખોલીને જોયુ તો ખબર પડી કે એ અનાજ નથી પણ સાચ્ચા મોતી છે, મને સમજાયુ કે અહીં ભૂખ મીટાવવા માટે અનાજની જરૂરત હતી મોતી મારે શું કામના ?

એવીજ રીતે એક દરવેશ એક જંગલમાં રસ્તો ભુલી ગયો ખાવા પીવાની કોઈ ચીઝ તેની પાસે વધેલ ન હતી બહુજ ચાલ્યો પણ રસ્તો ન પામ્યો આખરે ચાલી ચાલીને મરી ગયો. એક કાફલો ત્યાંથી પસાર થયો તેમણે જોયુ કે દિરહમની થેલી મરનારની પાસે હાજર હતી અને માટી પર લખેલ છે કે અગર બધુજ ખાલિસ સોનુ હોય યાની પુરી દુનિયા સોનાની બની જાય તો પણ એ રુપિયા પૈસા કામ નથી આવતા.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہِ આ હિકાયત વડે એ નુક્તો બયાન કરવા ચાહે છે કે રુપિયા યા માલ એ જરૂરિયાત હાસિલ કરવા માટેનો એક ઝરીઓ માત્ર છે. બીજુ એ કે સફરમાં જતી વખતે તૌશા યાની ખોરાક જરૂરત મુજબ સાથે હોવો જરૂરી છે ખોરાક વગર સફર કરવું ન જોઈએ.

ઈન્સાને દુનિયાથી કુચ કરવાનીજ છે અને સફરે આખિરત માટે નેક આમાલ અને ઈમાનનો તૌશો સાથે હોવો જરૂરી છે ઈમાનો અમલના તૌશા વગર સફરે આખિરત માટે રવાના થવુ એ મુર્ખાઈ છે. અલ્લાહ તઆલા મુસલમાનોને નેક અમલની તૌફીક આપે.

## ﴾90﴿ શુક્ર ગુઝાર બંદા

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہِ ફરમાવે છે કે હું હમેશા અલ્લાહ તઆલાનો શુક્ર ગુઝાર બંદો બનીને રહ્યો અને કદી પણ મુસીબત રાહત, નફા નુકસાન, સફર વગૈરામાં કોઈ ફરિયાદનો શબ્દ ઝબાન પર ન લાવ્યો ન શિક્વા ન શિકાયત.

પરંતુ એક વખત એવુ બન્યુ કે મારા દિલની હાલત બદલી ગઈ વાત એમ થઈ કે મારા જુતા (શુઝ) ટૂટી ગયા અને નવા બુટ ખરીદવાના મારી પાસે પૈસા પણ ન હતા, ઉઘાડા પગે થઈ જવાના કારણે હું ઉદાસ અને ચિંતીત હતો એ હાલતમાં હું કૂફાની મસ્જિદમાં ગયો તો ત્યાં મૈં એક એવા માણસને જોયો કે જેના બન્ને પગ જ ન હતા, તેને જોઈને મારી ઝબાનથી બે ઈખ્તિયાર શુક્રના શબ્દો નિકળી ગયા કે અલ્લાહનો શુક્ર છે મારા પગતો સલામત છે આ બિચારો તો પગથી મહેરૂમ છે.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ ઈન્સાનને પોતાના અખ્લાક સંવારવાનો અને પુરસુકૂન ઝિન્દગી વિતાવવાનો ઉસૂલ બતાવ્યો છે અને તે એ કે ઈન્સાન દરેક હાલતમાં શુક્ર ગુઝાર બંદો બની રહે અને કદી પોતાની ઝબાન પર શિકવા શિકાયતનો એક શબ્દ પણ ન લાવે.

હુઝૂર નબિયે કરીમ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ફરમાવે છે કે ભલાઈના કામોમાં યાની નેકીઓમાં પોતાનાથી ઉપરના લોકોને જુઓ અને દુનિયવી મામલાતમાં એવા લોકોને જુઓ જે તમારાથી કમતર દરજ્જાના છે યાની ઓછી રાહતમાં છે.

અગર ઈન્સાન આ બાબત અપનાવી લે તો તે હમેશા પૂર સુકૂન ઝિન્દગી બસર કરી શકશે.

## ﴾91﴿ ખુશ નસીબ કિસાન

એક બાદશાહ પોતાના થોડા સાથીદારોં સાથે એક શિકારમાં ગયો, શર્દીનો જમાનોં હતો અને શહેરથી દૂર નિકળી ગયો ત્યાં સુધી કે રાત થઈ ગઈ, એક ગામડા વાળાનું ઘર જોયુ. બાદશાહે ફરમાવ્યુ : “રાત ત્યાંજ પસાર કરીએ જેથી શર્દીથી બચી જવાય તક્લીફ ન થાય. વઝીરોંમાંથી એક વઝીરે અર્ઝ કરી : “આ વાત બાદશાહોના મર્તબાને શાયાને શાન નથી કે એક સામાન્ય ગામડીયાના ઘરમાં રોકાય આપણે અહીંયા તંબુ ગાડી દઈએ અને આગ સળગાવીએ.

તે ગામડાના માણસને ખબર પડી તેણે પોતાની હૈસિયત મુજબ થોડુ જમવાનુ તૈયાર કર્યું અને બાદશાહની ખિદમતમાં હાજર થઈ અને વિનંતી કરી, તે અદબની સાથે બોલ્યો કે : “સરકાર અગર મારા ગરીબ ખાનાને પોતાના કદમોથી ઈઝ્ઝત અતા ફરમાવતા તો આપની શાનમાં કંઈ ઘટાડો ન થતો પરંતુ આ નાચીઝ આપની ઈનાયતથી જરૂર સરફરાઝ થતો.”

બાદશાહે તેના ખુલૂસ અને અદબની કદર કરી અને તેના મકાન પર રાત વિતાવી, સવારે જ્યારે પોતાના દારુલ હુકૂમત (સ્ટેટ કેપીટલ-પાટનગર) તરફ રવાના થયો તો તે ગરીબ ખેડૂતને ઈન્આમો ઈકરામ આપ્યુ. એ સમયે એ ગામડાના નેક દિલ ઈન્સાનની અકીદત જોવા લાયક હતી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہِ એ આ હિકાયતમાં એ વાત જણાવી છે કે બરાબરના લોકો કરતા થોડી કમ હૈસિયત વાળા લોકો સાથે થોડી ભલાઈ પણ બહુ મોટો ફાયદો પહોંચાડે છે.

આના સિવા બીજી વાત એ પણ છે કે કમઝોર અને ગરીબ લોકોને કમતર ન સમજવા જોઈએ અને તેમના જઝ્બાતની કદર કરવી જોઈએ.

## ﴾92﴿ કંજુસની દૌલત

એક ફકીર (ભીખમંગા)એ ઘરે ઘરે ફરીને માલ દૌલત બહુજ ભેગી કરી હતી. એક બાદશાહે તેને કહ્યું કે લોકો કહે છે કે તારી પાસે બહુજ માલ છે અને અમારે એક ખાસ ઓપરેશન માટે માલની જરૂર છે, માટે ભલાઈ એમાં છે કે તૂ અમને એ માલ સોંપી દે. જ્યારે મારી પાસે ટેક્સની રકમ આવી જશે તો તેને તારો માલ પાછો આપી દઈશુ.

ફકીરે જવાબ દીધો : બાદશાહ સલામતને માટે એ વાત શાનના ખિલાફ છે કે તે મારી જેવા ફકીરના માલથી પોતાના હાથ બગાડે કે મૈં એક એક ઘરે રખડી ભટકીને ભીખ માંગી છે મારો માલ નાપાક છે.

બાદશાહે કહ્યું કોઈ વાંધો નહીં હું તારા નાપાક માલને નાપાક જગ્યાએજ ખર્ચ કરીશ, બાદશાહે હુક્મ કર્યો આનો માલ જબરદસ્તી છીનવી લેવામાં આવે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہِ આ હિકાયતથી એ નુક્તો સમજાવે છે કે અગર કોઈ જગ્યાએ માલ દઈને જાન તથા ઈઝ્ઝત બચતી હોય તો માલ આપી દેવો જાઈએ અને અગર તમો રાઝી ખુશીથી નહીં આપો તો ઝાલિમ તમારો માલ જબરદસ્તી છીનવી લેશે આવી હાલતમાં માલની સાથે સાથે ક્યારેક જાન ગુમાવવાનો પણ ભય છે.

દૌરે હાજરમાં (હાલના સમયમાં) કેટલાય માલદારો પોતાના માલની ઝકાત પણ પૂરી કાઢતા નથી. તેમના પાસે મસ્જિદ, મદ્રસા માટે કંઈક માંગવામાં આવે તો તેમનાથી પૈસા છુટતા નથી, ગરીબ સગાઓ પર રહેમ નથી કરતા આવા લોકો પર ગવર્નમેન્ટ તરફથી કોઈ આફત આવી જાય, રેઈડ પડે, ટેક્સની જવાબદારી આવે અચાનક કોઈ બીમારી આવી જાય, રોડ પર એક્સીડેન્ટ થઈ જાય તો માલ નિકળી જાય છે.

અને માલતો જતોજ રહે સાથે સાથ ખૈરના કામમાં ખર્ચ ન કરવાના લીધે અલ્લાહની નાફરમાનીના ગુનાહમાં સપડાતા રહે છે અને અલ્લાહ આવા પર ઝાલિમ હાકિમ દ્વારા ઈતાબ ફરમાવે તે અલગથી.

## ﴾93﴿ લાલચી સૌદાગર (બિઝનેસમેન)

મૈં એક સૌદાગર (મોટો બિઝનેસમેન)ને જોયો કે એકસો પચાસ ઊંટ પર તેનો તીજારતી માલ સામાન હતો અને ચાલીસ ગુલામો તથા ખિદમતગારો સાથે મુલ્કે ઈરાનના જઝીરએ કૌસમાં સફર કરી રહ્યો હતો.

એક રાત્રે તે મને સરાય (ધર્મશાળા-ગેસ્ટ હાઉસ)ના પોતાના રૂમમાં બોલાવી ગયો. પૂરી રાત ન તે ખુદ સુતો અને ન મને સુવા

દીધો. બહેકી બહેકી વાતો કરતોજ રહ્યો ક્યારેક કહેતો મારો આટલો માલ તુર્કસ્તાનમાં છે આટલી ચીઝો હિન્દુસ્તાનમાં છે મૈં આટલી ઝમીન ઈસ્કન્દરિયામાં ખરીદી અને ફલાણા ફલાણાને મારો વકીલ બનાવ્યો. પછી બોલ્યો અત્યારે મગરીબી સમુદ્રમાં તોફાન છે, મૌસમ ઠીક થાય પછી મારી ઝિન્દગીમાં બસ એક છેલ્લી સફર કરી લેવી છે, ત્યાર બાદ ઈત્મીનાનની સાથે પોતાની દુકાન પર બેસી જઈશ અને બાકીની આખી ઉમ્ર યાદે ખુદામાં વિતાવીશ.

મૈં પુછ્યુ : ભાઈ ! આ કઈ છેલ્લી તારી સફર છે જેનો તેં ઈરાદો કરી રાખ્યો છે ?

તેણે જવાબ દીધો : "હું ઈરાનની ગંધક ચીન લઈ જઈશ ત્યાંથી ચીની વાસણો ખરીદીને રૂમ જઈશ, રૂમનું રેશમ હિન્દુસ્તાન અને હિન્દુસ્તાનનું લોખંડ હલબ લઈ જઈશ, હલબના કાચ યમન અને યમનની ચાદરો ઈરાનમાં વેચીશ.

આ લાલચી સૌદાગરના લાંબા ચૌડા ઈરાદાઓ જોઈને હું તો હૈરાન રહી ગયો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ સચ્ચાઈની તરફ ઈશારો કરે છે કે માલની લાલચમાં ફસાઈ જનાર વ્યકતી કદી રાહત નથી પામતો તેની હાલત ઈસ્તીસ્કા (હડકવા)ના બીમાર જેવી હોય છે કે ગમે તેટલુ પાણી પીવે તેની પ્યાસ કદી નથી બુઝાતી. સાચી વાત છે કે રસૂલે મકબૂલ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ ઈર્શાદ ફરમાવ્યો કે ઈબ્ને આદમને અગર સોનાનો એક પહાડ પણ મળી જાય છતા તે નહીં ધરાય ઈબ્ને આદમના પેટને માત્ર કબરની માટીજ ભરી શકે છે.

## ﴾94﴿ કંજુસનો માલ

એક માલદાર સૌદાગર એટલી હદે કંજુસ હતો કે મહેમાનો માટે તેના ઘરના દરવાજા હમેશા બંધ રહેતા, તે કંજુસીમાં એટલો મશ્હૂર હતો જેટલો કે હાતિમ તાઈ સખાવતમાં મશ્હૂર હતો. તેની

જાહેરી હાલત દુનિયાની નેઅમતોથી ભરેલ હતી. કંજુસી ત્યાં સુધી કે બચેલૂ હાડકુ કુતરાની આગળ ફેંકવુ પણ પસંદ ન હતો કરતો. ત્યાં સુધી કે કોઈએ એ ન જોયુ કે તેના ઘરનો દરવાજો ખુલ્લો હોય અને દસ્તરખ્વાન પાથરેલ હોય. ફકીરો તેના ઘરમાંથી ખાવાની ખુશ્બૂ સિવાય કશુજ ન પામી શક્તા.

એક વખત તેણે તિજારતી સામાન જહાજમાં ભર્યો અને મિસ્રની તરફ રવાના થયો ઘમંડથી તેની ગર્દન એકદમ અટકેલી હતી જાણે કે પોતાના દૌરનો ફિરઔન હોય.

તેણે પાક્કુ યકીન હતુ કે તેની આ સફર તેને બહુજ નફો કમાઈ આપશે પરંતુ અલ્લાહની કુદરત બન્યુ એમ કે જ્યારે અડધો રસ્તો કપાઈ ચુક્યો તો દરિયામાં તોફાન આવી ગયુ અને તે કંજુસ અને તેનુ જહાજ બધુજ ડૂબી ગયુ.

તોફાનની નિશાનિયો જોઈ તો ડૂબતા પહેલા તેણે ઘણી દુઆઓ માંગી પરંતુ તેનાથી કોઈ નફો ન થયો, તે કંજુસનો છોડેલ માલ તથા ઝમીન જાયદાદ તેના એ ગરીબ સગાઓના હાથમાં આવી જેને તેણે ઝિન્દગીમાં કદી પુછયુ પણ ન હતુ અને તેઓ આનંદથી શાનો શૌકતથી ઝિન્દગી વિતાવવા લાગ્યા.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللهِ تَعَالٰی عَلَيۡه એ આ હિકાયતમાં કંજુસોને તેમના અંજામની તરફ આગાહ કર્યા છે કે બેશક ! એક દિવસ મૌત જરૂર આવશેજ અને તે વખતે જે માલ તેણે ઘણીજ મહેનત મશક્કતથી ભેગો કર્યો છે, તે બીજાના હાથમાં ચાલ્યો જશે.

**તે જે કમાય છે તેને ખાશે બીજા અને**
**હિસાબ તથા અઝાબ તેની પર થશે**

ભલાઈ આમાં છે કે જીવતા જીવ ભલાઈ કરીલે હકદારોને તેનો હક દે અને આખિરતને બહેતર બનાવી લે.

## ﴾95﴿ જાળમાં માછલી

એક કમઝોર શિકારીની જાળમાં એક મોટી માછલી આવી ગઈ તેને રોકવાની શક્તી ન હતી, માછલીમાં તાકત વધારે હતી માટે તે જાળ હાથમાંથી છોડાવીને છટકી ગઈ, માછલી હાથમાં આવવાના બદલે જાળ પણ ગુમાવવી પડી.

બીજા માછીમાર સાથીદારો તેને મલામત કરવા લાગ્યા યાની મહેણાં મારવા લાગ્યા કે એક સારો શિકાર હાથમાં આવ્યો હતો અને તેં ખોઈ નાખ્યો. તેણે જવાબ દીધો કે : "ભાઈઓ ! હું શું કરી શક્તો હતો કે જ્યારે એ માછલી મારી રોઝી ન હતી મારી કિસ્મતમાં ન હતી અને વધારામાં તે માછલીનું રિઝ્ક પણ પાણીમાં બાકી હતુ.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ હકીકત બયાન કરી રહ્યા છે કે ઈન્સાન હર હાલમાં તકદીરે ઈલાહીનો પાબંદ છે, જાહેરમાં તો એવુ લાગે છે કે રોઝીનો દારોમદાર આપણી કોશિશ પર છે પરંતુ આ સિલસિલામાં સમજવા યોગ્ય વાત એ છે કે આવી કોશિશનું ફળ (રીવોર્ડ) આપવાનો દારોમદાર શરૂઆતમાં અને છેલ્લે માત્ર અને માત્ર અલ્લાહ તઆલાની ઝાત પર છે.

શિકારીની કિસ્મતમાં રોઝી ન હોય તો જાળમાં આવેલ માછલી પણ છટકી જાય અને માછલીની ઝિન્દગી બાકી હોય તો તેને સમુન્દરની બહાર ઝમીન પર પણ મૌત ન આવે.

મૌલાએ કાએનાત મૌલા અલી كَرَّمَ اللهُ تَعَالٰی وَجْهَهُ الْكَرِيْم નો આ ઈર્શાદ તેની તરફ ઈશારો કરે છે.

**"મૈં મારા રબને મારા ઈરાદાઓના ટૂટવાથી જાણ્યો."**

ઈન્સાન દરેક નફા યા નુક્સાનને ખુદાની તરફથી જાણે અને હર હાલમાં શાકીર (શુક્ર કરનાર) અને સાબિર (સબ્ર કરનાર) બની રહે.

## ﴾96﴿ ઈર્ષાની આગ

એક સૌદાગરને એક વખત ધંધામાં મોટૂ નુક્સાન થઈ ગયુ તેણે પોતાના દીકરાને પાસે બોલાવીને નસીહત કરી કે અય બેટા ! આપણા આ નુક્સાનની વાત આપણા દુશ્મનો પર જાહેર ન થવા દેતો.

છોકરાએ પુછ્યુ : અબ્બાજાન ! આમાં શું મસ્લેહત છે ?

સૌદાગરે જવાબ દીધો : "મસ્લેહત એ છે કે આપણી મુસીબત ડબલ ન થઈ જાય, એકતો માલનું નુક્સાન અને બીજુ આપણા વિરોધીઓના મહેણાં ટોણા અને મઝાક.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه આ હિકાયતમાં ઈન્સાની નફસાનિયતનું એક એવુ પાસુ બયાન કરી રહ્યા છે અને તે છે ઈર્ષા, જે ઝહેરથી પણ વધારે કાતિલ છે. ઈન્સાન જ્યારે કોઈને મુસીબતમાં જુએ છે તો ખુશ થાય છે, અને મદદ કરવાના બદલે દુશ્મનીમાં ઉતરી આવે છે.

આ પ્રકારના લોકો અગર ઝબાની હમદર્દી પણ બતાડે છે તો તે એવી રીતે નુક્સાન ઉઠાવનારની માનસીક હાલત ખરાબ થઈ જાય. યાદ રહે મલમ દરેક ઘરમાં નથી હોતુ પણ (ઘા પર છીડકવા માટે) મીઠું દરેક ઘરમાં હોય છે.

## ﴾97﴿ જવાબે જાહિલાં

યુનાનના મશ્હૂર હકીમ જાલીનુસે જોયુ કે એક એવો વ્યકતી જેને લોકો અકલમંદ સમજતા હતા, તે એક જાહિલ સાથે લડી રહ્યો હતો અને તેને ચુપ કરવાની કોશિશ કરતો હતો, આ હાલત જોઈ જાલીનુસ બોલ્યો : "અગર આ ઈન્સાન જેને લોકો અકલમંદ સમજે છે તે ખરેખર અકલમંદ હોત તો તે આ જાહિલથી કદી ઝગડો ન કરત.

**ફાયદો :** કહેવત મશ્હૂર છે કે **"જવાબે જાહિલાં ખામોશી બાશદ"** યાની જાહિલના જવાબમાં ચુપ રહેવુ જોઈએ. અલ્લાહ તઆલા પોતાના મુકદ્દસ કલામમાં ફરમાવે છે યાની જ્યારે જાહિલ

એ લોકોથી વાત કરે છે તો કહે છે બસ (દૂરથી) સલામ યાની મને તારી સાથે ચર્ચા કરવામાં કોઈ રસ નથી.

## ﴾98﴿ ખરાબ પડોસી

હઝરત શૈખ સાદી બયાન ફરમાવે છે કે એક વખત મૈં એક મકાન ખરીદવાનો ઈરાદો કર્યો તે સિલ્સિલામાં વાતચીત ચાલુ હતી કે મારી મુલાકાત એક યહૂદીથી થઈ તે કહેવા લાગ્યો : "આપ એ મકાન જરૂર ખરીદ કરો, હું એજ મહોલ્લામાં બલ્કે એ મકાનની બિલ્કુલ બાજુના મકાનમાંજ રહુ છુ અને એ મકાનમાં કોઈ ઐબ નથી.

યહૂદીની એ વાત સાંભળીને હું બોલ્યો : "હાં કોઈજ ઐબ નથી સિવાય એ કે તૂં એ મકાનનો પડોસી છે."

**ફાયદો :** યહૂદી કૌમ એક એવી કૌમ છે કે દુનિયાના તમામ દાનિશ્વરોએ તેનાથી નફરત કરી છે. તે કૌમે પોતાના મઝહબ અને કલ્ચરને એટલી હદ સુધી ખરાબ કરી નાખ્યુ છે કે રૂપિયાજ તેમનો દીન અને તેમનું ઈમાન છે આ કૌમ કોઈ પણ ધોખા ફરૈબ યાની દગા ફટકાને ખરાબ નથી સમજતી જેવું કે સીંધી કૌમ.

## ﴾99﴿ ચોરોની વસ્તી છારાનગર

એક શાયર ઈનામ હાસિલ કરવા માટે ચોરના સરદાર પાસે ગયો અને તેની તારીફમાં એક બહેતરીન કસીદો પઢી સંભળાવ્યો. સરદારે કસીદો સાંભળીને હુક્મ કર્યો કે આના કપડા ઉતારી અને નાંગો કરી શહેરની બહાર કાઢી મુકો અને તેના ચેલાઓએ એવુજ કર્યું.

નંગ ધડંગ શાયર બહાર નિકળ્યો તો ગલીના કુતરાઓ તેની પાછળ પડયા, તેણે કુતરાઓને ડરાવવા માટે પત્થર ઉપાડવાની કોશિશ કરી પરંતુ બરફ પડવાના કારણે પત્થરો ચોંટી ગયા હતા. આ જોઈને શાયર ચિલ્લાયો : "આ કેવા ઝાલિમોની વસ્તી છે કે કુતરાઓને તો છુટ્ટા મુકી દીધા છે અને પત્થરોને બાંધી રાખ્યા છે."

ચોરનો સરદાર બારીમાંથી આ દ્રશ્ય જોઈ રહ્યો હતો જ્યારે તેણે શાયરની આ વાત સાંભળી તો કહ્યું.

“મારાથી કંઈક માંગ.”

શાયરે કહ્યું : “મારા ઉપર તમારી એજ મહેરબાની છે કે મારા કપડા પાછા આપી દો.”

ચોરોના સરદારને તેની ઉપર રહેમ આવી ગયો, તેણે પોતાના સાથીઓને કહ્યું : “આના કપડા પાછા આપી દો અને તેને અમારી તરફથી કંઈક થોડા રૂપિયા પણ આપો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه આ હિકાયતથી એ નુક્તો બયાન કરી રહ્યા છે કે જે લોકો બુરા લોકોથી ભલાઈની ઉમ્મીદ રાખે છે તેઓ ફાયદાના બદલે નુક્સાન જ ભોગવે છે.

## ﴾100﴿ એક નુજૂમી

એક નુજૂમી (ભવિષ્ય જોનાર ગ્રહો વિષે જાણવાનો દાવો કરનાર) પોતાના ઘરમાં દાખલ થયો અને પોતાની પત્ની ગૈર પુરૂષ સાથે બેસેલી જોઈ તો તેને ગાળ આપી બન્ને લડી પડયા અને મોટો ઝગડો થઈ ગયો, એક અલ્લાહવાળાએ જ્યારે આ વાત જાણીતો તે બોલ્યો : “તૂ શું જાણે આસ્માનોની બુલંદી પર શું છે ? જ્યારે કે તૂ નથી જાણતો કે પોતાના ઘરમાં શું થઈ રહ્યું છે ?

**ફાયદો :** ઈલ્મે નુજૂમ એક કલ્પના માત્ર છે અને આજ હાલત આજના ઝૂઠા પીરો અને કહેવાતા બાપુઓની છે તે બીજાઓની સમસ્યાનો કલાકોમાં નિકાલ કરવાના દાવા કરે છે જ્યારે કે તેઓ ખુદ સમસ્યામાં ડૂબેલા હોય છે.

## ﴾101﴿ બદ અવાજ ખતીબ

એક ખતીબ બહુજ બદ અવાજ હતો અને પોતાને બહુજ ખુશ અવાજ સમજતો હતો તેથી પોતાની આ ગલત ફહેમીના કારણે ખૂબજ ચિલ્લાઈ ચિલ્લાઈને ખુત્બો આપતો હતો, લોકો તેનું ચિલ્લાવાનું સાંભળીને તંગ આવી ગયા હતા પરંતુ તેને કંઈ પરવાહ

ન હતી તે તો એમજ સમજતો હતો કે હું શહેરવાળાઓ ઉપર અહેસાન કરૂં છુ.

અચાનક તેના ઘરે એક દિવસ એવો મહેમાન આવી ચઢયો જે મોં પર તો તેને સારો કહેતો હતો પરંતુ પીઠ પાછળ તેની બુરાઈ ચાહતો હતો આ મહેમાનને ખતીબના હાલની ખબર પડી તો બોલ્યો : "આજ કાલ મેં સ્વપ્ન જોયુ કે તમારી અવાજ સારી થઈ ગઈ છે અને તમે ખુત્બો આપી રહ્યા છો અને લોકો ખુશી ખુશી સાંભળી રહ્યા છે.

મહેમાનનો આ કટાક્ષ તે ખતીબ સમજી ગયો અને તેણે બુમો પાડી પાડીને તકરીર કરવાનું બંધ કરી દિધુ.

**ફાયદો :** લોકો સામે રુશ્દો હિદાયતની વાત કરનાર માટે જરૂરી છે કે તે ખુશ અવાજમાં નરમ લબો લહેઝા સાથે દલીલોથી વાત કરે અને બહેતર અંદાજમાં લોકોને અલ્લાહ રસૂલની તરફ બોલાવે. ચિલ્લાઈને નહીં.

## ﴾102﴿ બદ અવાજ કારી

એક એવો શખ્સ જેની અવાજ બિલ્કુલ સારી ન હતી બહુજ ઊંચા અવાજથી કુરઆને મઝીદની તિલાવત કરતો હતો, એક દિવસ એક સમજદાર અકલમંદ શખ્સ ત્યાંથી પસાર થયો તો તેને પુછયુ : ભાઈ ! તને આ કામ માટે કેટલી રકમ મળે છે ?" કારીએ જવાબ દીધો : "કંઈજ નહીં" તેણે સવાલ કર્યો : "તો પછી આટલી મહેનત શા માટે કરે છે ? કારીએ જવાબ દીધો : "ખુદાના માટે કરૂં છુ." તેણે કહ્યું : "ભાઈ ! ખુદાના માટે ન પઢયા કર !"

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ એ તરફ ધ્યાન અપાવ્યું છે કે નેકી તથા ભલાઈના કામમાં પણ તેહઝીબ અને સારા તરીકા અપનાવવા જોઈએ અલ્લાહ તઆલા ફરમાવે છે અલ્લાહની તરફ બોલાવો ઉમ્દા નસીહત અને સારા તરીકાથી. સામાવાળા ઉપર ત્યારેજ અસર થાય છે. જયારે તે હાજર દિલ અને

હાજર દિમાગથી સાંભળે ચીખવુ ચિલ્લાવુ અલ્લાહને બિલ્કુલ પસંદ નથી.

## ﴾103﴿ બહેતરીન તદબીર

કોઈએ એક આલિમથી પુછયુ કે : "એ બતાવો કે એક જવાન અને તંદુરુસ્ત માણસ એક ખૂબ સૂરત સ્ત્રીની સાથે એક મકાનમાં એવી રીતે બેઠો હોય કે જેમાં તે બે સિવાય ત્રીજુ કોઈ ન હોય અને એને ગુનાહથી રોકવાવાળુ પણ કોઈ ન હોય અને તેને ગુનાહને જાહેર થઈ જવાનો ભય પણ ન હોય તો શું તે આવી હાલતમાં ગુનાહથી બચી શકે ખરો ?"

આલિમે જવાબ દીધો જરૂર તે ગુનાહથી બચી શકે પણ અલ્લાહની મખ્લૂકની ઈલ્ઝામ તરાશીથી નથી બચી શક્તો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં એ નુક્તો બયાન કર્યો છે કે જેવી રીતે ગુનાહથી નફરત કરવું અને નફસને પાક રાખવુ જરૂરી છે તેવીજ રીતે પોતાને એવા મકામથી પણ દૂર રાખવો જોઈએ જ્યાં જવાથી લોકોના બોહતાન અને બદનામીનો ડર હોય.

ના-મહરમની સાથે એકાંતમાં રહેવાથી અલ્લાહના રસૂલ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ રોક્યા છે

## ﴾104﴿ ના-જિન્સની સોહબત

એક શિકારીએ એક કાગડા અને એક મેનાને એકજ પિંજરામાં બંધ કરી દીધા, મેનાના માટે કાગડો અને કાગડાના માટે મેના અજાણ્યા અજનબી હતા, મેના જેટલીવાર કાગડાને જૂએ દિલમાં અફસોસ કરતી કે તકદીરે મને કેવા અઝાબમાં ફસાવી દીધી. આ કાળો કલુટો દરેક વખત નઝરની સામેજ રહે છે અને આની સૂરત કેટલી બધી મન્હૂસ છે અગર આની તસ્વીર કોઈ દિવાલ પર લટકાવી દીધી હોય તો તે દિવાલના સાયામાં પણ કોઈ આરામ ન કરે.

જે હાલ મેનાનો હતો તેવોજ બલ્કે વધારે ખરાબ હાલ કાગડાનો હતો તે દરેક પળે પરેશાન રહેતો હતોકે તક્દીરે કેવો ખરાબ સંગાથ કરી દીધો, આ બકબક કરનાર બક્વાનુ બંધજ નથી કરતી મગજ ખરાબ થઈ ગયુ અગર નસીબમાં કૈદ થવાનુંજ લખ્યુ હતુ તો ઓછામા ઓછુ કોઈ એકાદ ખાનદાની કાગડાનો સંગાથ મળી જતો ! આ મેનાની તો શકલ જોઇને પણ નફરત થઈ જાય છે.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ એ વાત તરફ ઈશારો કર્યો છે કે બને ત્યાં સુધી પોતાનીજ જેવા ખયાલવાળા અને પોતાના સ્ટાનડર્ડ મુજબના માણસો સાથેજ રહેવુ જોઇએ.

અલ્લાહ તઆલા ફરમાવે છે : કુનુ મઅસ્સાદિકીન "સાચ્ચાઓની સાથે રહો. મતલબ મોમિન છો તો મોમિનની સાથે રહો.

## ﴾105﴿ માલથી મહોબ્બત

હઝરતે સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે એક ગુદડીપોશ (સૂફી-ફકીર) હજ માટે જવાવાળા કાફલામાં અમારી સાથે હતો અરબના રઈસોમાંથી એક રઈસે તેને એકસો દીનાર આપ્યા કે હજના પછી કુરબાની કરી દે. કબીલા ખઝાફાના ચોરોએ/ડાકુઓએ અચાનક એ કાફલા પર હુમલો કરી દીધો અને તમામ માલ લૂટી લીધો. સૌદાગરોએ રોક્કળ અને બે ફાયદા ફરિયાદ શરૂ કરી દીધી જોકે લોકો ગમે તેટલુ રડે કે વિનંતી કરે ચોર માલ પાછો આપવાના ન જ હતા, પરંતુ એ નેક દરવેશ પોતાના સુકૂન ઇત્મીનાનની સાથે શાંતીથી રહ્યો અને તેની પોજિશનમાં કંઈ ફરક ન પડયો.

મૈં કહ્યું : "કદાચ તારી માલો દૌલત ડાકૂ નથી લઈ ગયા" તેણે જવાબ દીધો : હાં તેઓ જરૂર લઈ ગયા છે પરંતુ મને તે માલથી એટલી મહોબ્બત ન હતી કે માલ જવાના કારણે મને તક્લીફ થાય.

**ફાયદો :** કોઈ ચીઝ યા કોઈ ઈન્સાન પર દિલ ન લગાવવુ જોઇએ કે તેની જુદાઈથી રંજ થાય.

**મોમિનનો હાલતો એવો હોવો જાઈએ કે**
**"ન આનેકી ખુશી ન જાનેકા ગમ"**

## ﴾106﴿ વધારે જીવવાની હવસ

હઝરતે સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه ફરમાવે છે કે હું દમિશ્કની જામેઅ મસ્જિદમાં ઉલ્માઓની એક ટૂકડી સાથે ઈલ્મના એક મસલા ઊપર બહેસ કરી રહ્યો હતો કે એક નવયુવાન આવ્યો અને તે બોલ્યો કે "આપ લોકોમાંથી કોઈ ફારસી જાણે છે ?

મૈં સવાલ કર્યો : "તૂં આ વાત શા માટે પુછી રહ્યો છે ?"

તેણે જવાબ દીધો : "એક ઘરડો જેની ઉમર લગભગ 150 વર્ષ છે અને તેનો છેલ્લો સમય છે અને તે ફારસી ઝબાનમાં કશુક બોલી રહ્યો છે શકય છે કે તે કદાચ વસિય્યત કરતો હોય"

આ સાંભળીને હું તેની સાથે થઈ ગયો જઈને જોયુ તો એક ઘરડો મૌતની સખ્તીની હાલતમાં બડબડી રહ્યો છે.

"થોડું વધારે જીવવાની તમન્ના હતી પણ અફસોસ કે મૌતનો સમય આવી ગયો ! હું ઝિન્દગીના દસ્તરખ્વાન પર હજી તો બેઠોજ હતો કે હુક્મ થયો કે ઉઠ અને અહીંથી નિકળ !

મૈં યુવાનને ઘરડાની વાતનો મતલબ સમજાવ્યો તો તેને બહુજ નવાઈ લાગી કે આટલી લાંબી ઉમર પામવા છતા હજી આ ઘરડાને વધારે જીવવુ છે.

ઘરડો બોલ્યો : "તમને એ માણસની તકલીફ નહીં સમજાય જેના દાંત ઉખાડવામાં આવતા હોય અને ન તે શખ્સની તકલીફ સમજાશે. જેની રૂહ નિકળવાની તૈયારીમાં હોય."

મૈં કહ્યું : "અય બુઝુર્ગ ! તમે તમારી ઊપર મૌતનો અહેસાસ તારી ન થવા દો એવુ પણ બને છે કે મૌતના કરીબ પહોંચી જનાર માણસ પણ જીવી જાય, જો તમે કહો તો કોઈ હકીમને બોલાવીએ."

ઘરડો બોલ્યો હકીમો પણ ઘરડા દર્દીને જોઈ હાથ ઉપાડી લે છે જેવુ કે એક ઘરડો સકરાતની હાલતમાં રડતો હતો અને તેની પત્ની પાછળ સંદલ લગાડી (મેક અપ કરી) રહી હતી.

## ﴾107﴿ દીકરાની ઇચ્છા

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે હું દયારે બકર (એક શહેર)માં એક માલદાર વ્યકતીનો મહેમાન હતો, અલ્લાહ તઆલાએ એ અમીરને ખૂબજ માલો દૌલત ઉપરાંત એક ખૂબ સૂરત દીકરો પણ દીધો હતો. એક રાત્રે તે માણસ મને કહેવા લાગ્યો કે : "સાદી તૂ નથી જાણતો કે મારે ત્યાં આ દીકરો લાંબા સમયની દુઆઓ અને ઈચ્છાઓના પછી પૈદા થયો છે, ફલાણી જગ્યાએ એક બા બરકત ઝાડ છે લોકોએ એ ઝાડ પાસે જઈને જે દુઆઓ માંગે છે તે પૂરી થઈ જાય છે. મૈં એ બા બરકત ઝાડ પાસે જઈને દુઆ માંગી તો અલ્લાહે મારી ઈચ્છા પૂરી કરી."

સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે જે વખતે એ અમીર બાપ પોતાના દીકરાના વિષે આ વાત કહી રહ્યો હતો તે વખતે દીકરો પોતાના દોસ્તોની મહેફીલમાં આમ કહી રહ્યો હતો કે "અય કાશ ! મને ખબર પડી જાય કે તે ઝાડ કયાં છે ? તો હું આજે જ ત્યાં જઊં અને મારા બાપના જલ્દી મરવાની દુઆ માંગૂ કે તેની માલો દૌલત મારા હાથમાં આવે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતથી એ સમજાવી રહ્યા છે કે જે ઔલાદના માટે માં-બાપ આટલી મહેનતો મશક્કત ઉઠાવે છે તે ઔલાદ બાપ કરતા બાપની દૌલતથી વધારે મહોબ્બત કરતી હોય છે, અલ્લાહ તઆલા કુરઆને કરીમમાં ઈર્શાદ ફરમાવે છે : **"અલ માલુ વલ બનુન ફિત્નહ"** યાની તમારો માલ અને તમારી ઔલાદ તમામ ફિત્નો (આઝમાઈશ, પરીક્ષા, કસોટી) છે.

## ﴾108﴿ માં-બાપની બે અદબી

એક દિવસ જવાનીના નશામાં હું મારી માં પર ગુસ્સે થઈ ગયો એટલે કે મેં તેને દાટી દીધી તો તે નારાઝ થઈને એક ખુણામાં બેસી ગઈ અને રડતા રડતા બોલી કે દીકરા તૂ તારૂ નાનપણ ભૂલી ગયો અગર તને તારા નાનપણ (બચપન)ના દિવસ યાદ છે તો તૂ કદી આવી રીતે વાત ન કરતો.

**ફાયદો :** કુરઆને કરીમમાં અલ્લાહ તઆલાએ માં-બાપની સામે ઉફ સુધ્ધાં કરવાનીના કહી છે માંના પગ નીચે જન્નત છે અને બાપ જન્નતનો દરવાજો છે. માણસે હમેશા પોતાના માં-બાપનો અદબ કરવો જોઈએ જેથી તેના સંતાનો તેનો અદબ કરે.

## ﴾109﴿ ખુશ નસીબ અને બદ નસીબ

માલ ઝિન્દગીની રાહતને માટે છે ન કે ઝિન્દગી માલ ભેગો કરવા માટે લોકોએ એક અકલમંદથી સવાલ ક્યો કે ખુશ નસીબ કોણ છે અને બદ નસીબ કોણ ?''

તેણે જવાબ દીધો નેક બખ્ત એ છે કે જેણે ખાધુ અને આગળ મોકલ્યુ અને બદ નસીબ એ છે જેણે માલ ભેગો કર્યો ન ખાધુ ન અલ્લાહની રાહમાં ખર્ચ કર્યુ ઉમર ભર ભેગુ કરતો જ રહ્યો અને છોડીને મરી ગયો.

**ફાયદો :** હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام એ કારૂનને કહ્યું કે તૂ મખ્લૂક સાથે અહેસાન કર જેવુ તારી સાથે ખુદાએ અહેસાન કર્યું પણ તેણે ન માન્યુ તેનો જે અંજામ થયો તે દુનિયા જાણે છે, જે માણસે માલ ભેગો કર્યો અને ઝકાત ન કાઢી તેના એ માલને જહન્નમની આગમાં તપાવીને માલદારના શરીર પર દાગ દેવામાં આવશે. અલ્લાહની પનાહ.

## ﴾110﴿ તેજ રફતાર મુસાફર

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه પોતાની જવાનીના સમયનો એક કિસ્સો બયાન કરે છે કે એક વખત હું સફરમાં હતો જવાનીના

જોશમાં હું એકદમ જડપ (સ્પીડ) અને જોશમાં ચાલતો રહ્યો, પરંતુ છેલ્લે હું થાકી ગયો અને એક ડુંગરના (પહાડી) સાયામાં ગફલતથી સુઈ ગયો.

મારી પાછળ એક રસ્તા પર એક સમજદાર વૃધ્ધ પણ સફર કરી રહ્યો હતો, મને ગફલતની નીંદમાં સુતેલ જોયો તો મારો ખભ્ભો ઉછાળીને કહ્યું : "જાગ ! અહીંથી રવાના થઈજા આ જગ્યા એવી નથી કે અહીં ગફલતની ઉંઘ ખેંચી શકાય."

મૈં જવાબ દીધો : કેવી રીતે ચાલુ ? મારૂં શરીર એકદમ થાકી ગયુ છે મૈં બે દિવસની સફર એક દિવસમાં પસાર કરી છે."

તે બુઝુર્ગ માણસે જવાબ દીધો : "કદાચ તેં દાનાઓનો એ કૌલ નથી સાંભળ્યો કે રોકાઈ રોકાઈને ધીરે ધીરે ચાલવુ બહુજ બહેતર છે એના કરતા કે જલ્દી ચાલો અને થાકી હારીને બેસી જાવ.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه મધ્યમ માર્ગ અપનાવવાની બરકતો તરફ ઈશારો કરે છે, જે કામ ઈત્મીનાન (શાંતિ) અને ગૌરો ફિક્રની સાથે કરવામાં આવે તે ખૂબીની સાથે અંજામ પામે છે. નબિયે કરીમ صَلَّى اللهُ تَعَالٰی عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ફરમાવે છે : ઉતાવળનું કામ શૈતાનનું છે ધીરજનું કામ રહેમાનનું છે.

## ﴾111﴿ કંજૂસનો ફૈસલો

એક અમીર હદથી વધારે કંજુસ હતો ખુદાનું કરવું થયુ એમ કે તેનો યુવાન દીકરો બીમાર થઈ ગયો, અમીરના એક નિસ્વાર્થ (મુખ્લિસ) અને હમદર્દ દોસ્તે તેને કહ્યું કે : "કુરઆને મજીદ ખત્મ કરાવ અથવા એક બકરાનો સદકો કરી દે કે અલ્લાહ તઆલા આ અમલની બરકતથી તારા દીકરાને શીફા આપશે."

પોતાના મિત્રની આ વાત સાંભળીને તે માલદાર થોડો સમય વિચાર કરતો રહ્યો. પછી બોલ્યો : "બકરીઓનું રેવડ તો ઘણું દૂર જંગલમાં છે, બહેતર એ છે કે કુરઆને મજીદ ખત્મ કરાવી દઊં."

દોસ્તે કહ્યું : "તેં સદકો દેવાના બદલે કુરઆને મજીદ ખત્મ કરવાનું એટલા માટે પસંદ કર્યું કે તેમાં કંઈ ખર્ચ નહીં કરવો પડે" રૂપિયા તો તને જીવ કરતા વધારે વ્હાલા છે.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ કંજુસની બુરાઈ કરી છે અને વિચાર કરો તો મુસલમાનોની પડતીનું એક કારણ આ પણ છે કે મુસલમાનોએ બદની ઈબાદત યાની જેહાદ અને માલી ઈબાદત યાની સખાવતને છોડી માત્ર ઝબાની ઈબાદતને બધુજ સમજી લિધુ છે માલની મહોબ્બત લોકોનાં દિલમાં ઘર કરી ગઈ છે.

## ﴾112﴿ ઉસ્તાદનો અત્યાચાર

પોતાના જમાનાનો એક આલિમ બાદશાહના દીકરાને અને આમ મુસલમાનોના છોકરાઓને પઢાવતો હતો તેનો કાયદો હતો કે શાહઝાદાઓની સામાન્ય ભૂલને પણ માફ ન કરતો અને તેને તુરંત સજા કરતો હતો.

શાહઝાદા આ સખ્તી લાંબો સમય સુધી ચુપ ચાપ સહન કરતા રહ્યા, પરંતુ એક દિવસ એમના સબ્રનું દામન છલકાઈ ગયુ અને તેમણે પોતાના બાપને આ મુસીબતની ખબર આપી દીધી. છોકરાઓની ઝબાને ઉસ્તાદના અત્યાચારની વાત સાંભળીને બાદશાહને રંજ (દુખ) થયો અને તેણે તુરંતજ ઉસ્તાદને બોલાવ્યા અને કહ્યું : "આખરે આ વાતનું શું કારણ છે કે તમે બીજા તાલિબે ઈલ્મની સાથે આટલી સખ્તાઈથી નથી વર્તતા જેટલુ શાહઝાદાઓ સાથે કરો છો.

આલિમો ફાઝિલ ઉસ્તાદે જવાબ દીધો : બાદશાહ સલામત ! આમ તો અદબ સિખવો બધાના માટે જરૂરી છે, પરંતુ શાહઝાદા માટે એ વધારે જરૂરી છે આગળ જતા તેઓ હુકૂમતની બાગડોર સંભાળશે ગરીબ ગુરબાની વાત તો માત્ર એટલીજ છે કે તેમની ખામીઓની અસર માત્ર તેમની ઝાત અથવા વધીને તેમના ઘર સુધીજ રહેશે, પરંતુ હાકિમોની ભૂલની સજા પૂરા મુલ્કને ભોગવવી

પડતી હોય છે બસ આમ વિચારીનેજ હું તેમની તાલીમો તરબિયત પર વધારે ધ્યાન આપુ છુ.

બાદશાહને ઉસ્તાદની આ વાત ઘણી પસંદ પડી અને તેમને ઈનામો ઈકરામથી નવાઝયા.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં એ સંદેશ આપી રહ્યા છે કે બાળકોને જેટલી મોટી જવાબદારી સંભાળવા માટે તૈયાર કરવા હોય તેટલુજ તેમની તાલીમ અને તરબિયત પર વધારે ધ્યાન આપવુ જોઈએ, જેવુકે સૈયદના હસન બસરી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ એક બાળકે જવાબ દીધો હતો કે હઝરત ! અગર હું પડીશ તો એકલો પડીશ અને જો તમે પડશો તો પૂરી કૌમ પડશે.

## ﴾113﴿ બેઅકલ નવયુવાન

એક નેક માણસના દીકરાને તેના કાકાની મોટી દૌલત વારસાઈમાં હાથમાં આવી ગઈ, જો ઢંગથી ખર્ચ કરવામાં આવે તો દૌલત અલ્લાહ તઆલાનું ઈનામ છે પરંતુ આ નાદાને "માલે મુફ્ત દિલે બેરહેમ" વાળો મામલો કર્યો રાત દિવસ ઐશમાં પડી ગયો અને રૂપિયા પાણીની જેમ ઉડાવવાનું ચાલુ કર્યુ અને બધીજ નાજાઈઝ ચીઝોને પોતાના માટે જાઈઝ કરી લિધી.

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે મૈં તેને ઘણો સમજાવ્યો પરંતુ પરીણામ શુન્ય. તેણે મારી નસીહત ન માની અને મને કહેવા લાગ્યો : "કાલની ફિક્ર કરીને આજની મજા શા માટે છોડી દઉ ? મતલબ કે તે પોતાની મસ્તીમાં ડૂબેલ રહ્યો અને હું એક સફરમાં રવાના થઈ ગયો. એક સમય પછી હું જ્યારે વતનમાં પાછો ફર્યો તો એ બદ નસીબ જવાનને મૈં એ હાલતમાં જોયો કે રુસ્વાઈ સાથે બેઠો હતો અને ભિખારી થઈ ગયો હતો.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ ફુઝૂલ ખર્ચ યાની પૈસા ઉડાવવાની અને અય્યાશ ઝિન્દગીની બુરાઈ બયાન કરે છે.

અલ્લાહ તઆલા પોતાના મુકદ્દસ કલામમાં ફરમાવે છે કે ખાવ, પીવો અને ઈસરાફ ન કરો.

## ﴾114﴿ નાલાયક ચેલો

એક બાદશાહે પોતાના મુલ્કના મોટા આલિમને બોલાવ્યા અને પોતાના દીકરાને તેમને સોંપતા કહ્યું : "જેવી રીતે તમે તમારા દીકરાઓને લાયક બનાવ્યા છે, તેવીજ રીતે મારી સંતાનની પણ તાલીમો તરબિયત કરો અને કાબિલ બનાવી દો.

ઉસ્તાદે પોતાની આ ઈઝ્ઝત અફ્ઝાઈ પર બાદશાહનો શુક્ર અદા કર્યો અને શાહઝાદાની તાલીમમાં મશ્ગૂલ થઈ ગયા ખુદાએ તેને જેટલા પ્રમાણમાં સલાહિયત બક્ષી હતી તે શાહઝાદાની પાછળ મહેનત કરતા રહ્યા, પરંતુ શાહઝાદા મંદ બુધ્ધી જેવો અને આળસુ હતો, ઉસ્તાદની કોઈ વાતને સીરીયસ લેતોજ ન હતો.

જ્યારે એક વરસ પસાર થઈ ગયુ તો બાદશાહે પોતાના દીકરાની લાયકાતનો અંદાજ કરવા માટે તેની પરીક્ષા લિધી. તો એ પહેલાની જેમજ કોરો હતો, બાદશાહને લાગ્યુ કે ઉસ્તાદે આની તાલીમમાં બે પરવાઈ કરી છે તેને ઉસ્તાદને ખરૂં ખોટુ કહ્યુ અને તેના ઉપર ઈલ્ઝામ ધર્યો કે તેં મારા શાહઝાદાની તાલીમ પર બિલ્કુલ મહેનત ન કરી.

ઉસ્તાદે ઘણાંજ અદબની સાથે જવાબ દીધો : કે હુઝૂર ! મારી કોઈ લાપરવાઈ નથી પરંતુ કસૂર તમારા દીકરાનો છે તેનામાં કશી કાબેલિયતજ નથી જો એ એટલો મહેનતી હોત જેટલા મારા દીકરા છે તો જરૂર ઈલ્મની દૌલતથી માલામાલા થઈ જતા.

**ફાયદો :** આકાશમાંથી વરસાદ તો બધેજ વરસે છે પરંતુ પહાડની ચોટી પર કે મહેલના ગુંબદ પર પાણી પડે છે તો વહી જાય છે નરમ ઝમીન પર વરસે છે તો ફુલ બુટ્ટા ખીલી ઉઠે છે, ફળ અને અનાજ ઉગી નિકળે છે અને કાંટાદાર ઝાડ પર પડે છે તો કાંટા વધી જાય છે તો વરસાદનો કોઈ દોષ નથી તમારામાં સલાહિયતજ ન હોય અથવા તમારી તૈયારી જ ન હોય તો ઉસ્તાદ શું કરે ?

## ﴾115﴿ બંદો અને તેનો રબ

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે મૈં એક ખુદા રસીદા બુઝુર્ગ (આરીફે કામીલ)થી સાંભળ્યુ તે કહી રહ્યા હતા કે "ઈન્સાન રોઝી હાસિલ કરવામાં જેટલો મશ્ગૂલ અને મસરૂફ રહે છે અગર એટલીજ તવજ્જોહથી રોઝી દેનાર ખુદાએ તઆલાને યાદ કરે તો તેનો રુત્બો ફરિશ્તાઓથી પણ વધારે બુલંદ થઈ જાય અને તેને રોઝી માટે કદી ભાગદૌડ ન કરવી પડે.

**ફાયદો :** આ હિકાયત વડે હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ઈન્સાનને પૈદા કરવા માટેનો અલ્લાહનો જે મતલબ (મક્સદ) છે તેની તરફ ઈશારો કરી રહ્યા છે કે અલ્લાહ પાક ફરમાવે છે : "મૈં ઈન્સાન અને જિન્નાતને માત્ર મારી ઈબાદતના માટેજ પૈદા કર્યા"

અને જ્યારે ઈન્સાન ખુદાનો બની જાય છે તો ખુદાએ તઆલા પણ તેનો બની જાય છે. જેવુકે નબિયે કરીમ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَاٰلِہٖ وَسَلَّم ફરમાવે છે **મન કાન લિલ્લાહિ કાનલ્લાહુ લહૂ** યાની જે ખુદાનો, ખુદા તેનો.

અને ખુદા જેનો હોય તેને ન રોઝીની ચીંતા ન બીજા કોઈ મામલાની.

## ﴾116﴿ આખિરતની ચીંતા

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે મૈં સાંભળ્યું કે એક અરબ પોતાના દીકરાથી કહી રહ્યો હતો કે "બેટા ! કયામતના દિવસે તારાથી તારા આમાલના બારામાં પુછવામાં આવશે, તને તારો હસબ નસબ (પેઢીનામુ-વંશ વિગૈરે) પુછવામાં નહીં આવે. એ દિવસે તારા આમાલનો હિસાબ થશે, તારાથી એ સવાલ નહીં થાય કે તારો બાપ કોણ હતો ?

**ફાયદો :** આ હિકાયત વડે હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ તકવા અને પરહેઝગારીની દાવત આપી રહ્યા છે. ખુદાની નઝરમાં ઈઝ્ઝતવાળો એજ છે કે જે દુનિયામાં ખુદાથી વધારે ડરવાવાળો હોય. સબ્ર અને ખૌફ આ બે એવા બેશ કીમતી ખઝાના છે જે

માણસને મોમિને કામિલ બનાવી દે છે માટે ઈન્સાનની ભલાઈએમાં છે કે નેક આમાલ કરે.

## ﴾117﴿ વીંછીનો જન્મ

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે મેં કોઈ એક કિતાબમાં વાંચ્યુ હતુ કે વીંછીનો જન્મ આમ જાનવરોંની જેમ નથી હોતો, પોતાની માંના પેટમાં જ્યારે તે થોડો મોટો થઈ જાય છે તો અંદરથી પેટ કાપવાનું શરૂ કરી દે છે અને આવી રીતે માંના પેટમાં સુરાખ (હોલ-કાણું) કરીને બહાર આવે છે, મેં આ વાત એક અકલમંદની સામે કરી તો તેમણે કહ્યું : ‘‘મારૂ માનવુ છે કે આ વાત સાચીજ હશે બલ્કે સાચીજ હોવી જોઈએ. બીચ્છુ (વીંછી)ની ફિતરત અને આદત પર વિચાર કરવામાં આવે તો આ વાત સમજમાં આવી જાય છે કે તેણે ઝિન્દગીના પહેલા દિવસથીજ બુરાઈ કરી હશે અને આજ કારણ છે કે દરેક શખ્સ તેનાથી નફરત કરે છે અને તેને જોતાજ મારી નાખે છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ વીંછીના જન્મની મિસાલ (દાખલો) આપીને આપણને બદ ખસ્લત (ખરાબ આદતવાળા) લોકોથી દૂર રહેવાની નસીહત કરી છે.

## ﴾118﴿ નાલાયક દીકરો

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ બયાન ફરમાવે છે કે એક ખુદા રસીદા બુઝુર્ગને ત્યાં બાળક જન્મ લેવાનું હતું, તેણે દુઆ માંગી કે અગર ખુદા મને દીકરો આપે તો બદન ઉપરના કપડા સિવાય મારા ઘરમાં જે કંઈ છે તે બધુજ ખુદાની રાહમાં ખૈરાત કરી દઈશ. હવે બન્યુ એવુ કે તેને ત્યાં દીકરો જ પૈદા થયો અને તેણે તમામ કપડા સિવાય બધુજ ખરેખર ખૈરાત કરી દીધુ લોકોએ બહુજ દાવતો ખાધી.

આ બનાવના ઘણાં સમય પછી મારે એ રસ્તાથી જવાનુ થયુ તો દિલમાં ખયાલ આવ્યો કે એ બુઝુર્ગથી મુલાકાત કરૂં તેથી હું

તેમના ઘરે પહોંચ્યો પરંતુ ખબર પડી કે તેઓ જેલમાં છે, આ વાત સાંભળીને મને બહુજ દુખ થયુ એક માણસને પુછયુ કે તેમનાથી એવો કયો ગુનોહ થઈ ગયો હતો કે તેમણે જેલમાં જવું પડયું ?

જવાબ મળ્યો કે બિચારાએ નહીં પણ તેમના નાલાયાક દીકરાએ ગુનોહ કર્યો એક દિવસ એ દારૂના નશામાં લડાઈ ઝગડા પર ઉતરી આવ્યો અને એક બેગુનાહ શખ્સનુ ખૂન કરીને ભાગી ગયો પોલીસવાળા દીકરો ન મળવાથી બાપને પકડી ગયા હવે એ કૈદની સખ્તીઓ ભોગવી રહ્યા છે.

આ વાત સાંભળીને હું બોલ્યો : સુબ્હાનલ્લાહ આ મુસીબત તો તેણે મન્નતો માનીને લિધી છે.

**ફાયદો :** લોકો પોતાની ઔલાદ માટે કેવી કેવી કુરબાનીઓ આપતા હોય છે, માલ ભેગો કરતા હોય છે પરીણામ નજરની સામેજ છે.

## ﴾119﴿ અક્કલ ઘણી મોટી દૌલત છે

હઝરત શૈખ સાદી رحمۃ اللہ تعالیٰ علیہ બયાન ફરમાવે છે કે મારા બચપનની વાત છે એક દિવસ મેં એક આલિમને પુછયુ કે "ઈન્સાનના જવાન થઈ જવાની નિશાની કઈ છે ?"

તેમણે જવાબ દીધો કે "15 વર્ષની ઉમર પર પહોંચી જવુ અને તે બુઝુર્ગે બીજી પણ અમુક નિશાની બતાવી જેવુકે લગ્ન કરવાની ઈચ્છા થવી વિગૈરે વિગૈરે.

અને આ બધી વાતો બતાવ્યા પછી તેમણે કહ્યું કે ઈન્સાનના બાલિગ (જવાન) થઈ જવાની સહીહ અને સાવ સાચી નિશાની એ છે કે તે ખુદાએ તઆલાને રાઝી કરવાની સહુથી વધારે પ્રયત્ન કરે. જેટલી કોશિશ એ દુનિયવી માલો દૌલત હાસિલ કરવાની કરે છે તેનાથી વધારે."

કહ્યું કે આ સમજ બંદાના જવાન અને સમજદાર હોવાની નિશાની છે અગર કોઈમાં આ નિશાની ન જુઓ તો ભલે એ બુઢાપાની ઉમર સુધી પહોંચી જાય છતા પણ એ બાલિગ (જવાન) નથી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰهِ تَعَالٰی عَلَیْه પોતાના બચપનનો આ બનાવ રજુ કરીને ઈન્સાન ઈબ્ને આદમને એ બતાવી રહ્યા છે કે અગર તૂ સિત્તેર વર્ષનો વૃધ્ધ થઈ જાય તો પણ જો તારામાં અલ્લાહ અને રસૂલુલ્લાહના હુક્મની પૈરવીનો જઝ્બો નથી તો તૂ જવાન નથી, અને જવાન તો દૂર તૂ મોમિનજ નથી માત્ર નામ પુરતો મુસલમાન હોવુ અલગ છે અને કામિલ મોમિન હોવુ અલગ છે.

## ﴾120﴿ નામ પુરતા હાજી

હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰهِ تَعَالٰی عَلَیْه ફરમાવે છે કે એક વખત હું હાજીઓના એક એવા કાફલામાં સફર કરી રહ્યો હતો જે મક્કએ મુકર્રમા ચાલીને જઈ રહ્યો હતો, એક મકામ પર એવુ બન્યુ કે બે હાજી કોઈ એક વાત પર લડી પડયા અને એમનો એ ઝગડો વધતા વધતા હાથો હાથની મારા મારી સુધી પહોંચી ગયો.

મજાની વાત એ હતી કે તેઓમાંથી દરેક પોતાના હક પર અને બીજાને નાહક સમજતો હતો જ્યારે તેઓ જોર જોરથી ઝગડી રહ્યા હતા તો એક માણસ બોલ્યો : "કેટલી નવાઈની વાત છે કે શતરંજના મોહરા આગળ વધે છે તો તેનો રુત્બો વધતો જાય છે ઘોડો અઢી ઘર ચાલે છે તો વઝીર બની જાય છે, પરંતુ કેટલી બધી દુખની વાત છે કે હજનો સફર કરવાવાળાના રુત્બા ઘટી રહ્યા છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰهِ تَعَالٰی عَلَیْه આ હિકાયતમાં મુસલમાનોને તેમની આ ખામીની તરફ ધ્યાન અપાવે છે કે ઈબાદતનો ફર્ઝ અદા કરવા છતા પણ તેમના અખ્લાક નથી બદલતા જ્યારે કે ઈબાદતોનો અસલ મક્સદ એજ છે.

એક જમાનો હતો કે બહુજ થોડા હાજીઓ હતા પરંતુ હાજીઓનો એક વકાર હતો અત્યારે માલની અધીકતા અને અખ્લાકી ગીરાવટ એ હદે છે કે હાજીઓનો કોઈ વિશ્વાસ નથી કરતુ.

સૈયદુના ગૌસે આઝમ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْه નો એક કૌલ છે કે કયામતના દિવસે મિઝાને અમલમાં ફરાઇઝના પછી સહુથી વધારે વજનદાર ચીઝ ઈન્સાનના અખ્લાક હશે.

## ﴾121﴿ અનાડી મરીઝ

એક વ્યક્તીની આંખો દુખવા લાગી ભલાઈતો એમાં હતી કે કોઈ ડોક્ટર પાસે જતો પરંતુ એ જાનવરોના ઈલાજ કરવાવાળા સલોતરી પાસે ગયો અને એ બેવકૂફે એજ દવા મરીઝ (પેશન્ટ)ની આંખમાં નાખી જે જાનવરોની આંખમાં નાખતો હતો, આ મુર્ખાઈનું પરીણામ એ આવ્યુ કે તે આંધળો થઈ ગયો.

તેણે કાઝીની અદાલતમાં દાવો દાખલ કરી દીધો પરંતુ કાઝીએ પુરી વાત સાંભળ્યા પછી, મુકદ્દમો રદ કરી દીધો અને કહ્યું કે અગર આ માણસ ગધેડો ન હોત તો પોતાની આંખના માટે સલોતરી પાસે ન જતો.

દાનાઈનો તકાઝો છે કે અગર કોઈ માણસ પાસે કામ લેવુ હોય તો તેના ઈલ્મ અને તેની યોગ્યતાના બારામાં જાણી લેવુ જોઈએ તેના પછીજ કામ લેવુ જોઈએ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયત વડે આપણને એ નસીહત કરી છે કે બોલવાની પહેલા વિચારવુ અને કોઈ કામ કરતા પહેલા તેના પરીણામ પર વિચાર કરવો જરૂરી છે.

## ﴾122﴿ કુરઆનની હુરમત

એક અલ્લાહવાળાનો દીકરો અલ્લાહની રહેમતમાં પહોંચી ગયો લોકોએ પુછયુ કે : "મૈયતના સંદુક ઉપર કુરઆનની કઈ આયત લખવામાં આવે."

બુઝુર્ગે જવાબ દિધો : આ વાત કલામુલ્લાહની હુરમતની વિરૂધ્ધ છે કે તેની મુકદ્દસ આયત એવી ચીઝ પર લખવામાં આવે જે લોકોના પગ નીચે આવવાની છે અને કબ્રસ્તાનમાં કુતરાઓ કબર પર પેશાબ કરતા હોય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં એક એવી રસ્મને ખત્મ કરવાનો ઈશારો કર્યો છે કે જે મુસલમાનોમાં લગભગ આમ છે કોઈ વ્યકતીનું મૌત થાય તો બરકતના ખયાલથી

તેના કફન પર કુરઆને મજીદની આયતો લખવામાં આવે છે, કબરની અંદર શજરા શરીફ વિગૈરે મુકવામાં આવે છે, ખુલ્લી કબરો પર એવી ચાદર ચઢાવવામાં આવે છે જેના પર પંજેતન પાકના નામ, ચાર કુલ શરીફ, આયતુલ કુરસી વિગૈરે લખેલ હોય છે પછી તેના પર કુતરા ચાલે છે પેશાબ વિગૈરે કરે છે ઝાડ ઉપરના પક્ષીઓ ચરકે છે જ્યારે આવી કબરો ટૂટી જાય છે તો લોકોનો ચાલવાનો રસ્તો બની જાય છે.

બીજુ એવો કોઈ કાનૂન પણ નથી કે માત્ર આયતો લખવાથી કે ચાદર ચઢાવવાથી માણસ બખ્શાઈ જશે બખ્શિશનો દારોમદાર તો ઈમાન અને નેક આમાલ પર છે.

આજે લોકોમાં રિવાજ છે કે નમાઝ છોડી દેવી છે અને ફાતિહા ઉર્સ કરવા છે, કર્ઝ ચુકવવું નથી અને નિયાઝ કરવી છે ફાતિહા અને નિયાઝ સારી વાત છે, પણ ફરાઇઝ છોડીને નહીં.

## ﴾123﴿ ગુલામની ઉપર સખ્તી

એક નેક દિલ આદમી એક અમીરના ઘર પાસે થી પસાર થયો અમીર માણસે ગુલામના હાથ પગ બાંધી રાખ્યા હતા અને તે એને મારી રહ્યો હતો.

આ જોઈને તે નેક માણસે કહ્યુ : ખુદાએ અગર આને તારા હાથમાં દીધો છે તો એનો એ મતલબ નથી કે તૂ એનો માલિક બની ગયો છે, જેવી રીતે ખુદા અમારો માલિક છે, તારો ફર્ઝ તો એ છે કે અલ્લાહે તને આ ગુલામ પર જે ફઝીલત આપી છે તેના પર અલ્લાહનો શુક્ર કર એ પણ શક્ય છે કે કયામતના દિવસે આ ગુલામ આપણા કરતા સારી હાલતમાં હોય.

**ફાયદો :** અત્યારે ગુલામીની પ્રથા તો સમાપ્ત થઈ ચુકી છે પરંતુ આજે પણ શક્તીશાળી લોકો કમઝોરો પર ઝુલ્મ કરવાનું ચુકતા નથી તેને જાણી લેવુ જોઇએ કે કયામતના દિવસે માલિક નોકરનો ફર્ક હટી જશે, માત્ર ઈમાનો અમલ કામ આવશે માટે મામલાઓમા નરમી વર્તવી જોઇએ.

## ﴾124﴿ માત્ર દેખાવનો પહેલવાન

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે એક વખત હું બલ્ખથી બામીયાનની તરફ સફરમાં હતો, એક ખૂબજ તાકતવાળો પહેલવાન બોડીગાર્ડના તૌર પર અમારી સાથે હતો. એ યુવાન કદમ કદમ પર પોતાની શક્તીનું પ્રદર્શન કરતો હતો, રસ્તામાં કોઈ દિવાલ નઝર આવે તો તોડી નાખે કોઈ ઝાડ નઝર આવે તો ઉખાડી દે પરંતુ હકીકત એ હતી કે માત્ર નામનો જ પહેલવાન હતો દિલથી એકદમ ડરપોક નમાલો હતો તેની ઝિન્દગીમાં કદી કોઈ મુકાબલાનો સમય આવ્યોજ ન હતો.

અચાનક એવુ બન્યુ કે હું અને તે યુવાન સાથે સાથેજ ચાલી રહ્યા હતા કે એક ઉજ્જડ વિરાન જગ્યામાં પહોંચયા કે પત્થરની પાછળથી ડાકૂઓ બહાર નિકળી આવ્યા. મૈં કહ્યું એ દોસ્ત ! તૈયાર થઈજા કે તારી બહાદુરીના જૌહર બતાવવાનો સમય આવી ગયો. ડાકૂઓનો સામનો થયો હવે તે જરૂર હુમલો કરશે.

મને વિશ્વાસ હતો કે તે તુરંત તલવાર નિકાળશે અને ડાકૂઓને લલકારશે પરંતુ એ તો થરથર ધ્રુજવા લાગ્યો, તલવાર હાથમાંથી પડી ગઈ મને વિશ્વાસ થઈ ગયો કે આ માણસ ડાકૂઓનો મુકાબલો નહીં કરી શકે તેથી મૈં પોતાનો સામાન ડાકૂઓના હવાલે કરી જાન બચાવી અને આગળ રવાના થયો.

**ફાયદો :** આવીજ રીતે ઘણા મોટા મોટા દાવા કરનાર લોકો આઝમાઈશના વખતે જીરો થઈ જતા હોય છે માટે માત્ર દેખાવ પર ભરોસો ન રાખવો જોઈએ.

## ﴾125﴿ અમીર અને ગરીબ

એક અમીરઝાદો પોતાના બાપની કબર પાસે બેસીને એક ગરીબના દીકરાથી બહેસ કરી રહ્યો હતો કે મારા બાપની કબર તારા બાપની કબર કરતા સારી છે, મારા બાપની કબર પર બહેતરીન

તક્તી લાગેલી છે મઝાર માર્બલથી બનેલ છે તારા બાપની કબર પર તો બે-ચાર ઇંટો માત્ર છે.

એ માલદારના દીકરાની બકવાસ સાંભળીને દરવેશના દીકરાએ કહ્યું : "આવુ વિચારવુ છોડી દે કે આ કબર મારા બાપની સારી છે કે અંજામ બખૈર છે જ્યાં સુધીમાં તારા બાપે આ વજનદાર પત્થરની નીચે હલચલ કરી હશે તે પહેલા તો મારો બાપ અલ્લાહના ફઝલથી જન્નતના બાગોમાં પહોંચી ગયો હશે.

**ફાયદો :** દુનિયાવી દૌલત પર ઇતરાવવાવાળાએ યાદ રાખવુ જોઇએ કે કયામતના દિવસના ફૈસલા તેઓની દુનિયવી પોઝીશન જોઇને નથી થવાના, બાદશાહ હોય કે ગુલામ, ગરીબ હોય કે અમીર મિઝાને અમલમાં માત્ર અમલ જ કામ આવશે ઉપરાંત સરકાર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم નો એ કૌલ યાદ રાખવાના કાબિલ છે કે :

ફુકરા અને મસાકીન (ગરીબ મિસ્કીન) માલદારો કરતા 40 વર્ષ પહેલા જન્નતમાં જશે અને એક બીજી રિવાયત મુજબ 500 વર્ષ પહેલા જન્નતમાં જશે. તો આ છે તેમના સબ્ર અને શુક્રનો સિલો કોઇની પણ જાહેરી હાલત કદી પણ કાબિલે એતિબાર નથી.

## ﴾126﴿ સહુથી મોટો દુશ્મન

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે મૈં એક બુઝુર્ગને પુછયુ કે સરકાર નબિયે કરીમ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ની આ હદીસનો શું મતલબ છે કે : "તારા દુશ્મનોમાં સહુથી મોટો દુશ્મન નફસે અમ્મારા છે જે તારા બે પહેલુની વચમાં છે."

બુઝુર્ગ આલિમે જવાબ આપ્યો : "હદીસ શરીફનો મતલબ સાફ છે કે અગર કોઈ પોતાના દુશ્મન પર અહેસાન કરે તો તે આખિરકાર દુશ્મની છોડીને તેનો દોસ્ત બની જાય છે પરંતુ નફસે અમ્મારા એવો દુશ્મન છે કે તેના ઉપર જેટલા વધારે અહેસાન કરો તેની દુશ્મની વધતી જ જાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه આ હિકાયતમાં નફસાની ખ્વાહિશાતથી બચવાની તાકીદ કરી છે હકીકતમાં નફસે અમ્મારાજ છે જે ઈન્સાનને બુલંદ મર્તબાથી પછાડીને જાનવરો કરતા પણ ખરાબ દરજ્જે પહોંચાડી દે છે.

અગર બચવા માંગો છો તો ઈન્સાન પોતાના નફસની તમામ ખ્વાહિશોને કચડી દે અને નફસની ખ્વાહિશની વિરૂધ્ધ કરે.

## ﴾127﴿ માલદાર અને ગરીબ

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه ફરમાવે છે કે હું એક મહેફીલમાં હાજર થયો ત્યાં મારી મુલાકાત એક એવા માણસથી થઈ જેનો લિબાસ દરવેશો જેવો હતો પરંતુ તેણે માલદારોની વિરૂધ્ધ ફરિયાદની એક પૂરી કિતાબ ખોલી લીધી હતી તે કહી રહ્યો હતો : "અમીરોમાંથી સખાવતનો જઝ્બો બિલ્કુલ ખતમ થઈ ચુક્યો છે, એવુ લાગે છે કે (માલ હોવા છતા) બધા ભિખારી જેવા (કંજુસ) થઈ ગયા હોય."

જ્યારે મૈં તેનાથી આ વાત સાંભળી તો હું ચુપ ન રહી શકયો અને મૈં કહ્યું : "અય શખ્સ ! તારી આ વાત સાચી નથી સત્ય તો એ છે કે અમીર લોકો ગરીબોનો બહુજ ખયાલ રાખનાર અને ભલાઈ ચાહનાર છે એમાં મોટા ભાગના તો એવા છે કે ગરીબોને ખવડાવ્યા વગર ખાતા પણ નથી, ગરીબોની મદદમાં તેમના માલ વડે ઝકાત, ફિત્રા, ખૈરાત, સદકાત કરતા જ રહે છે અને આવા કામોના લીધેજ તેમના પર ફઝ્લ થતો રહે છે" અને આવી સખાવતના કારણેજ તેમના ચહેરાઓ પ્રકાશીત છે.

આ ઉપરાંત એ પણ એક હકીકત છે કે બે ફિક્રી અને ઈત્મીનાન હોવાના કારણે અમીર લોકો અલ્લાહ તઆલાની ઈબાદત સારી રીતે તવજ્જોહ (ખયાલ)ની સાથે કરી શકે છે તેઓને રુકૂઅ અને સુજુદ (સજદામાં) લિજ્જત મળે છે, ઈબાદતની મજા અને ફરમાં બરદારીનો લુત્ફ પાકીઝા ખોરાક અને પાકીઝા લિબાસથી

હાસિલ થાય છે આસાનીથી માણસ સમજી શકે છે કે ખાલી હાથ નથી સખાવત કરી શકતો કે નથી માલી મદદ કરી શકતો.

મુફ્લીસ અને મોહતાજ ઈત્મીનાનની દૌલત ક્યાંથી મેળવી શકે જે ખાલી હાથ અને ખાલી જેબ રહે છે અને ભુખ્યો સુવે છે તે બીજાને ક્યાંથી ખવડાવી શકશે ? અકલમંદ ઈન્સાનોએ આ સબક એક નાનકડી કીડી પાસેથી સિખ્યો છે કે અગર ઘરમાં ઝખીરો હોય તો ઈત્મીનાન રહે છે.

મુફ્લીસ આવી બે ફિક્રી અને આવુ ઈત્મીનાન નથી પામી શકતો તેની હાલત તો એવી હોય છે કે જાણે એક માણસ ઈશાની નમાઝ અદા કરવા માટે કિબ્લાની તરફ ચહેરો કરીને ઉભો હોય છે ત્યારેજ બીજો રાતના ખાણાં માટે મોં ખોલીને બેઠો હોય છે.

માલદાર ઈત્મીનાનો સુકૂનની સાથે ઝિક્રે ઈલાહીમાં મશ્ગૂલ હોય છે ત્યારે મુફ્લિસના ઘરની જેમ તેનું દિલ પણ વિરાન હોય છે અરબમાં કહેવત છે કે હું મુફ્લિસીથી અલ્લાહની પનાહ માંગુ છુ જે ઈન્સાનને ઉંધા માઠે પછાડે છે. નબિયે કરીમ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم નો કૌલ છે "મુફ્લિસી ઈન્સાનને બન્ને જહાંનમાં રુસ્વા કરી દે છે."

મારી આ વાત સાંભળીને તે માલદારોની નીંદા કરનાર બોલ્યો કે અય સાદી ! શું તે રસૂલે કરીમ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ની એ હદીસ નથી સાંભળી કે "ફક્ર મારા માટે બાઈસે ફખ્ર છે."

મૈં તેને કહ્યું : "ચુપ થઈજા ! જે ફક્રને રસૂલે કરીમ મહેબૂબે ખુદા صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ પોતાના માટે ફખ્રના બાઈસ ફરમાવ્યું તે એવા લોકોનો ફક્ર હતો કે જેમણે અલ્લાહની રિઝાને પોતાની આદત અને અલ્લાહની મરઝી ને પોતાની કિસ્મત બનાવી લિધી અને યકીન કરી લિધુ જેઓ દેખાડવા માટે રિયા માટે નમાઝ નથી પઢતા અને માલદારી માટે વઝીફા નથી પઢતા જેમનો બહેતરીન લિબાસ તક્વો છે.

તૂ તો ખાલી ઢોલની માફક બેકાર બરાડી રહ્યો છે તારી પાસે અમલની મુડી નથી અગર તૂ પોતાના દિલમાંથી લાલચ અને હવસ નહીં કાઢે તો તૂ હઝાર દાણાની તસ્બીહ પઢે તો પણ એ ધોખો ફરેબ છે.

વિચાર તો કર ફકીર કઈ રીતે માલદારોના મકામ સુધી પહોંચી શકે છે, શું તેં નથી સાંભળ્યું કે દેવાવાળો હાથ લેવાવાળા હાથ કરતા અફઝલ છે. અલ્લાહ પાકે અહલે બિહિશ્ત (જન્નત વાળાઓ) ના માટે ફરમાવ્યું છે કે **"ઉલાઈક લહુમ રિઝકુમ મઅલૂમ"** આ જ એ લોકો છે જેમનું રિઝક મુઅય્યન છે" અરે ભાઈ જે તરસ્યો છે તેને તો સ્વપ્નમાં પણ નદી જ દેખાવાની તે માણસ ગુસ્સાથી જુંઝલાઈને બોલ્યો : "અય સાદી ! તૂ તો માલદારોની તારીફ કરવામાં હદથી વધી ગયો એવું લાગી રહ્યું છે કે તૂ માને છે કે રિઝકના ખઝાનાઓની ચાવી એ મગરૂર (ઘમંડી) લોકોના હાથમાં છે જ્યારે કે તે (અમીરો) પોતાના માલ દૌલત પર ઈતરાવાવાળા અને ગરીબોને હિકારત (તુચ્છ)ની નઝરથી જોવાવાળા છે આ એ ઘમંડી લોકો છે જેઓ આલિમોને ભીખારી કહે છે અને દરવેશો (મોમિન ફકીર)ને મોહતાજ કહે છે તેઓ યકીનન દાનિશમંદોનો એ કૌલની નજીક છે કે જે માણસ માલમાં વધારે અને ઈબાદતમાં ઓછો હોય એ જાહેરમાં તો તવંગર પરંતુ હકીકતમાં મોહતાજ છે જે બે હુનર પોતાના માલો દૌલત પર ફખ્ર કરે છે તેના ઉદ અને અંબર ને ઘોડાની લીદ સમજવુ જોઈએ.

સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه ફરમાવે છે કે "ભાઈ ! એ લોકોની આટલી બદગોઈ સારી નથી."

તે બોલ્યો : "કેમ નહીં ? એ લોકો હરગિઝ ખુદાની રાહમાં સફર નથી કરતા તેમના અહેસાનની નીચે દબાયા વગર કોઈ માણસ તેમની પાસેથી એક રૂપિયો પણ મેળવી નથી શકતો, આ લોકો કંજુસીથી મેળવે છે તંગ દિલીથી ખર્ચ કરે છે અને હસરત (નિરાશા) થી છોડી જાય છે, બુઝુર્ગોનો આ ઈર્શાદ તેમની ઉપર

બરાબર લાગુ પડે છે કે કંજુસનો માલો દૌલત અને સોના ચાંદી એ વખતે ઝમીનમાંથી નિકળે છે જ્યારે તે ખુદ ઝમીનમાં દફન થાય છે આ રહસ્ય કેવી રીતે તેમની સમજમાં આવે કે : "કમાય કોઈ અને ખાય કોઈ."

મૈં તેને કહ્યું : "તૂ અમીરોની કંજુસી થી શાયદ એટલા માટે વાકિફ છે કે તેં એ લોકો સામે હાથ ફેલાવ્યો હશે ખરેખર જેનું દિલ લાલચથી પાક થઈ જાય છે તેની નઝરોમાં સખી અને કંજુસ બરાબર થઈ જાય છે કેમ કે પોતાના હાલમાં મસ્ત રહેવાના કારણે તેઓ કોઈનાથી સવાલ જ નથી કરતા એટલા માટે તેમને કોઈની ખૂબી કે ખામી દેખાતી જ નથી."

તે બોલ્યો : "હૂં આ બધુ મારા ઈલ્મ અને અનુભવની બુનિયાદ પર બોલી રહ્યો છુ."

મૈં કહ્યું : અગર અમીર લોકો ગરીબોથી ભાગે છે તો એટલા માટે કે સવાલ કરવાવાળાની સંખ્યા એમને તંગ અને પરેશાન કરી મુકે છે, સાચી વાત તો એ છે કે અગર રણમાં રેતીના તમામ કણો મોતી બની જાય તો પણ લાલચુ સવાલીઓની હાજત રવાઈ શક્ય નથી, લાલચુ લોકોની આંખ દૌલતે દુનિયાથી કદી ધરાતી જ નથી જેવી રીતે જાકળના બીંદુઓથી કુવો કદી ભરાઈ (છલકાઈ) નથી જતો જો તમે આ દુનિયાના બંદાઓની હાલત પર ગૌર કરશો તો અંદાજ આવી જશે કે તેમની મુસીબતોની જડ લાલચ છે ત્યાં સુધી કે લાલચુ દરવેશો (ઢોંગી બાપૂ લોકો) હલાલ હરામની પણ પરવાહ નથી કરતા.

જેવુકે કુતરાની તરફ ઈંટનો ટુકડો પણ ફેંકશો તો એ તો એમજ સમજશે કે હડ્ડી મળી ગઈ અને કોઈએ પોતાના ખભા પર લાશ ઉપાડી રાખી હશે તો પણ લાલચુ એમજ સમજશે કે જમવાનો થાળ છે.

જ્યારેકે માલદાર આવી ખરાબીઓથી બચેલ છે ઈન્સાફથી કહે, શું તે ક્યારેય જોયુ છે કે ચોરીના જુર્મ પર કદી કોઈ માલદારનો હાથ કપાયો હોય ? યા કોઈને જેલમાં જવુ પડેલ હોય હાથ કપાવવાનો

અને જેલમાં જવાના અને આવા બીજા બધા અઝાબ આ લાલચુ લોકો માટે જ ખાસ છે મોટા મોટા બહાદુરો ડાકૂગીરી કરતા પકડાયા છે અને તેમને સજા થઈ.

અગર કોઈ ગરીબના દિલમાં કોઈ ખ્વાહિશ પૈદા થાય અને અગર જાઈઝ તરીકાથી તેને પુરી ન કરી શકે તો તે જરૂર ગુનોહ કરીજ લેશે અને કાનૂનના પંજામા ફસાઈ જશે ભુખ અને શહવત જાણેકે બે જોડિયા ભાઈ છે જેવી રીતે ભુખથી મજબૂર થઈને મજબૂરીથી મુફ્લિસ ગુનોહ કરી બેસે છે, તેવીજ રીતે ખ્વાહિશ (હવસ)માં મજબૂર થઈને માણસ પોતાને હલાકતની ખાઈમાં નાખી દે છે માલદાર આ બન્નેથી બચેલો છે જેવી રીતે તેમની તીજોરી (બેંક બેલેન્સ) ભરેલી હોય છે તેવીજ રીતે તેમના હરમ ખૂબ સૂરત ઔરતોથી ભરેલા હોય છે પછી તેમના દિલમાં ગુનાહનો વિચાર પણ કયાંથી આવે ? મારા ભાઈ ! ગુનાહ તો મોટે ભાગે લુખ્ખાઓજ કરે છે.

ભુખ્યો આજ સુધી કોઈને નથી પુછતો કે ખાઈ રહ્યો છે તે ગોશ્ત ગધેડાનું છે કે ઊંટનુ છે (હલાલ છે કે હરામ છે) ન જાણે કેટલાય દુનિયા તર્ક કરનાર મુફ્લિસીના કારણે ગુનાહોમાં ફસાઈ જતા હોય છે.

હઝરત ફરમાવે છે કે અમારી આ ચર્ચા ધીમે ધીમે એ મકામ પર પહોંચી ગઈ કે દલીલોના મૈદાનમાં તો મૈં તેને હરાવી દીધો તેની દરેક વાતને બયાનની કુવ્વતથી કાપી અને પોતાની દરેક દલીલને મઝબૂત કરી દીધી જેવુકે સામાન્ય રીતે બનતુ હોય છે તેમ હવે તે ઝગડા ઉપર અને મારા-મારી અને તૂ તુંકારા પર ઉતરી આવ્યો અને લડાઈ એ હદે પહોંચી કે અમારો મામલો કાઝીની સામે રજુ થયો.

કાઝીએ બધી વાત સાંભળી અને કહ્યું અય દરવેશ ! જેણે દરવેશોને ખરાબ અને માલદારોને સારા કહ્યા જરા ધ્યાનથી સાંભળ જ્યાં ફુલ હોય છે ત્યાં કાંટા પણ હોય છે, શરાબની મસ્તીની સાથે નશાનું દુખ પણ હોય છે ઝબરદસ્ત ખઝાનો સાંપથી ખાલી નથી હોતો અને સમુંદરમાં જ્યાં મોતી હોય છે ત્યાં મગરમચ્છ પણ હોય છે.

મતલબ એ કે અમીરોમાં બધા સારા માણસો નથી હોતા તેઓમાં શુક્ર અને સખાવત કરવાવાળા પણ છે તો મગરૂર (ઘમંડી) અને કંજુસ લોભી મખ્ખીચુસ પણ છે, તેવીજ રીતે દરવેશોમાં પણ સાબિરો શાકીર પણ હોય છે અને બે સબ્રા અને દુનિયાદાર પણ હોય છે જેવુકે અગર વરસાદનું દરેક ટીપુ મોતી બની જાય તો મોતીની કીમત કંઈજ ન રહે માર્કેટ ટૂટી જાય.

ખુદાએ તઆલાની મખ્લૂકમાં યકીનન એવા એવા માલદારો પણ છે જેઓ દરવેશો જેવા ગુણ ધરાવે છે અને એવા ફકીરો પણ છે જે બાદશાહો જેવી હિમ્મત ધરાવે છે.

અય દરવેશ ! તે સાચુ કહ્યુ માલદારોમાં ઘણા એવા છે કે જેઓ ઐશો ઈશરતમાં ડૂબેલા છે અને તેઓના દિમાગમાં ગુરૂરો તકબ્બુર ભરાયેલ છે ન તેઓ કોઈને મુસીબતમાં જુએ તો ન રહેમ આવે છે અને ન તેઓના દિલમાં ખુદાનો ખૌફ છે પરંતુ માલદારોમાં એક તબકો એવો પણ છે કે જેણે પોતાની નેઅમતોને હકદાર લોકો માટે આમ કરી દીધી છે.

આ લોકો ખુદાથી ડરવાવાળા છે અને આવા લોકોજ દુનિયા તથા આખિરતમાં બુલંદ મરતબા પામવાવાળા છે જેવુકે અમારા સુલ્તાન નુરૂદ્દીન જંગી.

હઝરત ફરમાવે છે કે કાઝીની આ ફાઝિલાના અને આદિલાના વાતો સાંભળીને અમે બન્નેએ સુલેહ કરી લિધી અને બગલગીર થયા (ભેટી પડયા).

**ફાયદો :** અય ઈબ્ને આદમ ! અય કામિલ મોમિન દરવેશ ઝબાનને શિકવા શિકાયત અને ફરિયાદ (નાશુક્રી) થી રોક ક્યાંક એવું ન બને કે એ હાલતમાં મૌત આવી જાય અને અય માલદાર તારા માટે જરૂરી છે કે ખા અને બીજાને ખવડાવ જો તૂ મખ્લૂક ઉપર રહેમ કરીશ તો ખુદા તને પોતાનો દોસ્ત બનાવી લેશે.

**કરો મહેરબાની તુમ અહલે ઝમીં પર**
**ખુદા મહેરબાન હોગા અર્શે બરીં પર**

## ﴾1﴿ ચીત્તા પર સવારી

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે એક દિવસ હું હુદબારના જંગલમાં હતો અચાનક એક એવો માણસ મારી સામે આવ્યો જે ચીત્તા પર સવાર હતો મારી નઝર તેના પર પડી તો હું થરથર ધ્રુજવા લાગ્યો.

તે માણસે મારી આ હાલત જોઈ તો તે હસતા હસતા બોલ્યો : “અય સાદી ! મને ચીત્તા પર સવાર જોઈને હૈરાન ન થા અગર તૂ પણ સાચ્ચા દિલથી અલ્લાહ પાકની સામે સરે ઈતાઅત ઝુકાવી દે અને તેના હુક્મ મુજબ ઝિન્દગી ગુઝારે તો તારો હુક્મ પણ કોઈ નહીં ટાળે આવીજ રીતે બધાજ તારા ફરમાં બરદાર બની જશે. યાદ રાખ ! જે ખુદાની તાબેદારી કરે છે બીજા તેની તાબેદારી કરે છે.

એ માણસે પોતાની વાત ચાલુ રાખતા કહ્યું : “જયારે બાદશાહ ખુદાનો ફરમાં બરદાર બનીને ઈતાઅતે ઈલાહી બજાવી લાવે છે તો ખુદાએ તઆલા તેનો મદદગાર અને મુહાફિઝ બની જાય છે અને જયારે ખુદાએ પાક કોઈનો દોસ્ત બની જાય છે તો એ વસ્તુ કદી શક્યજ નથી કે તે પોતાના દોસ્તને કોઈ દુશ્મનના હવાલે કરી દે. યાદ રાખ ઝિન્દગી ગુઝારવાનો આજ સાચ્ચો અને સારો રસ્તો છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં એક વલિયુલ્લાહની એ કરામત જાહેર કરી છે કે તેઓ ચીત્તા જેવા ખુંખાર જાનવર પર સવારી કરતા હતા અને પછી તેમનીજ ઝબાનથી એ રાઝ પરથી પણ પર્દો હટાવ્યો કે આ મકામ અને મર્તબો કઈ રીતે હાસિલ થઈ શકે.

જે લોકો અલ્લાહના દીન પર દ્રઢતા અપનાવે ઈસ્તિકામત અપનાવે છે અને રિઝાએ ઈલાહીના હુસૂલને માટે ઈબાદતો ઈતાઅત કરે છે અલ્લાહ તેને દુનિયા અને આખિરત બન્નેમાં મખ્લૂકથી બે નિયાઝ કરી દે છે અને રૂહાની બાદશાહત અતા ફરમાવી દે છે.

## ﴾2﴿ જેહાદે અકબર

એક નેક દિલ અને સાફ સાફ વાત કહેવાવાળા શખ્સથી બાદશાહ એટલા માટે નારાઝ થઈ ગયો કે તેણે તેની સામે સાચી વાત કહી હતી, બાદશાહે તેની સચ્ચાઈને ગુસ્તાખી સમજી અને "કાતર" જેવી જીભ ચલાવી તેને કૈદમાં મોકલી દીધો સજા કરી.

કૈદિયોની ઝિન્દગી મુસીબતોથી ભરેલ હોય છે સાચુ બોલવાવાળો ઈન્સાન અહીં પણ ખુશ રહેવા લાગ્યો અગર કોઈ હાલત જાણવા માંગે તો બહુજ ઈત્મીનાનો સુકૂનથી કહેતો કે મિયાં ! કૈદ બૈદ તો બધુ ઠીક મારા ભાઈ ! આ મુસીબતનો થોડો સમય ક્યાંય વીતી જશે !

બન્યુ એવુ કે દરવેશની આ વાત પણ બાદશાહ સુધી પહોંચી ગઈ તો તે હસ્યો અને પોતાના દરબારીઓથી કહ્યું કે "આ એ બેવકૂફની ભૂલ છે કે થોડા સમયમાં જેલમાંથી નિકળી શકશે અમારી તરફથી તેને બતાવી દો કે હવે તો તે મર્યા પછીજ આ જેલમાંથી નિકળી શકશે.

બાદશાહનો આ ફૈસલો સાંભળીને પણ તે દરવેશના માથા પર બલ ન આવી બલ્કે તે બોલ્યો : "ચાલો આમ જ બરાબર ! મારા માટે તો આ પણ નફાનો સૌદો છે કે ઝુલ્મ સહન કરીને હું જ્યારે ખુદાએ વાહિદના દરબારમાં પહોંચીશ તો તેની રહેમતથી નવાઝવામાં આવશે. જ્યારે બાદશાહ ખુદાએ પાકના ગઝબમાં ગિરિફ્તાર થશે.

દરવેશની આ વાત પણ ઝાલિમ બાદશાહના કાનમાં પહોંચી અને જ્યારે તેને જોયુ કે આ મોમિન ન જેલ જવાથી ડર્યો અને ન ઝિન્દગી ભરની જેલથી ડર્યો તો હવે તેણે ગુસ્સામાં લાલ ચોળ થઈને કહ્યું કે "આ ગુસ્તાખની જીભ કાપી નાખો."

કોઈએ દરવેશથી કહ્યું : "તારે સમજવુ જોઈએ અને એહતિયાતથી કામ લેવુ જોઈએ. જો તૂ કોઈ આવી વાત ન કરતો

અને બાદશાહને ગુસ્સો ન આવતો તો તારા પર મુસીબત ન આવતી.''

દરવેશે બેપરવાઈથી જવાબ દીધો, સજાના ડરથી સાચુ બોલવાનું છોડી દેવુ તે સારૂં નથી હૂં તો આ સજા પણ ખુશી ખુશી સહન કરી લઈશ.

**ફાયદો :** બાદશાહોનો દૌર વીતી ગયો પરંતુ સાચુ બોલવાની જરૂરત ઓછી નથી થઈ બલ્કે વધી ગઈ છે સામે તમારો સગો ભાઈ હોય કે બહેન હોય કે બનેવી હોય યા સાળા યા દીકરા યા પડોસી હોય યા કોઈ રાજકારણી હોય હમેશા સાચુજ બોલવુ જોઈએ.

લોકો લાલચથી અથવા ભયથી ડરીને સાચુ નથી બોલતા ડરતા રહે છે યાદ રાખવુ જોઈએ કે કોઈના કરવાથી કશુજ થતુ નથી.

**''મુદઈ લાખ બુરા ચાહે ક્યા હોતા હૈ ?**
**વહી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ''**

ઝાલિમના મોં પર સાચી વાત કહેવી એ બહેતરીન જેહાદ છે. سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

## ﴾3﴿ બુઝુર્ગની નસીહત

શીરાઝના હાકિમ તિક્લા બિન જંગીએ એક દિવસ પોતાના સાથીઓને કહ્યું કે હું હુકૂમત છોડીને બાકીની ઝિન્દગી યાદે ખુદામાં પસાર કરીશ.

બાદશાહની આ વાત સાંભળી તો એક રોશન ઝમીર બુઝુર્ગે નારાઝ થઈને કહ્યું કે અય બાદશાહ ! આ વિચારને દિલો દિમાગથી કાઢી નાખ દુનિયા છોડી દેવા કરતા તારા માટે આ વાત વધારે બહેતર છે કે તૂ અદલો ઈન્સાફની સાથે હુકૂમત કરે અને પોતાના નેક કામો વડે અલ્લાહની મખ્લૂકને ફાયદો પહોંચાડે. યાદ રાખ ! ઈબાદત અલ્લાહની મખ્લૂકની ખિદમત સિવાય કંઈ નથી તસ્બીહ અને મુસલ્લો તો એ મક્સદ હાસિલ કરવાનો ઝરીઓ છે, અહલે

દિલ લોકોનો એ દસ્તુર રહ્યો છે કે ભલે તેમના શરીર પર બહેતરીન કબા હોતી પરંતુ તેઓ એ કબાની નીચે ફાટેલો જુનો જબ્બો પહેરતા હતા તૂ પણ એજ તરીકો અપનાવ અને સાફ દિલી અપનાવ અને મોટાઈ અને રિયાકારીથી બચ.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَيْه એ દુનિયા તેમજ દુનિયાવાળાઓનો રિશ્તાના બારામાં સાચ્ચો ઈસ્લામી તસવ્વુર પેશ કર્યો છે, જે એ છે કે ઇન્સાન દુનિયાને ન છોડે અને પોતાના દિલને તક્વાના નૂરથી રોશન રાખે અને અલ્લાહની મખ્લૂકને ફાયદો પહોંચાડે અલ્લાહ પાકની નેઅમતોને પોતાની ઉપર હરામ કરી લેવુ એ ઈસ્લામનો તરીકો નથી.

## ﴾4﴿ આદિલ બાદશાહ

એક બાદશાહ મામૂલી કપડાની કબા પહેરતો હતો તેના એક દરબારીએ કહ્યું : “હુઝૂરે વાલા ! ખઝાનાઓના માલિક હોવા છતા આવા મામૂલી કપડાની કબા પહેરો છો, યોગ્ય તો એ કહેવાય કે તમારા માટે ચીનથી બહેતરીન રેશમી કપડું મંગાવવામાં આવે અને તેના કપડા તૈયાર કરાવવામાં આવે.

આ વાત સાંભળીને આદિલ (ન્યાયી) અને આકિલ (બુધ્ધીશાળી) બાદશાહે કહ્યું : મારા દિલમાં પણ એ ખ્વાહિશ થાય છે કે પોતાના માટે ઉમદા કપડા તૈયાર કરાવુ પરંતુ શું કરૂં આ ખઝાનો માત્ર મારો નથી, આ તો પ્રજાનો માલ છે અને આનો બહેતર ઉપયોગ એ છે કે તેનો મઝબૂત લશ્કર તૈયાર કરવા માટે ખર્ચ થાય કે મુલ્કની સરહદોની હિફાઝત થઈ શકે. બાદશાહ ખેડુતો થી ટેક્સ એટલા માટે વસૂલ કરે છે કે તેને ઝાલિમોથી બચાવે કોઈ ઝાલિમ ખેડુતનો ગધેડો પણ લૂટીને લઈ જાય તો ટેક્સ વસૂલ કરવો ઈન્સાફ નથી.

આ સિવાય એક વાત એ પણ છે કે જે બાદશાહ રેશમની કીમતી કબા પહેરે છે અને સ્ત્રીઓની જેમ પોતાના શરીરને સજાવે

છે તે મૈદાને જંગમાં દુશ્મનોનો મુકાબલો નથી કરી શકતો. પ્રજાનું રક્ષણ અને દેખ રેખ બાદશાહની ફરજ છે.

## ﴾5﴿ રૂમનો બાદશાહ

રૂમના એક બાદશાહ પર તાકતવર દુશ્મને ચડાઈ કરી દીધી અને તેના રાજયમાંનો બહુ મોટો હિસ્સો પડાવી લીધો, એ બાદશાહના કબજામાં માત્ર એક કિલ્લો અને થોડા શહેર રહી ગયા.

એ બાદશાહ ઘરડો થઈ ચુક્યો હતો બીજી તક્લીફ એ હતી કે તેનો દીકરો તેની આશાઓથી વીપરીત હતો યાની બહાદુર અને અકલમંદ ન હતો, બાદશાહે મનોમન સ્વીકારી લિધુ કે ન તો હું દુશ્મનથી મારૂં રાજય પાછુ મેળવી શકીશ કે ન મારો દીકરો કાબિલિયત ધરાવે છે કે સલ્તનત સંભાળી શકે !.

એક દિવસ એ બાદશાહ એક બુઝુર્ગને હાલત કહેતા કહેતા રડી પડયો. બુઝુર્ગે તેને સમજાવ્યુ આ કેટલી ખરાબ વાત છે કે તૂ એક ફાની ચીઝના માટે આટલો પરેશાન છે તારી ઉમરનો સૂરજ ઢળી ચુક્યો છે મૌત નજીક છે તારે તો હવે પોતાની ફિક્ર કરવી જોઇએ, રહી વાત તારા દીકરાની તો એ પોતાનું કરી લેશે અય બાદશાહ ! સલ્તનત કોઈ એવી ચીઝ નથી કે તેને "મક્સદે હયાત" બનાવી લેવામાં આવે.

ઈરાનના કેટલા બાદશાહોએ ખૂનરેઝી અને તલવારના ઝરીએ બાદશાહત મેળવી પણ તેઓમાંથી કોઈને પણ તૂ જો કે તેઓ પોતાના માટે કફન સિવાય કંઈજ ન મેળવી શક્યા. અય બાદશાહ ! તારા કામમાં આવે તેવી ચીઝ તો માત્ર તારા સારા આમાલ છે બખ્શિશ અને કરમના હાથને ફૈલાવ કે લોકો ફાયદો ઉપાડે અને તેના ફળ તને આખિરતમાં મળે.

યાદ રાખ ! જે ઈન્સાન પોતાની પાછળ ભલાઈના નિશાન છોડી જાય છે તેના પર હમેશા અલ્લાહ તઆલાની રહેમત વરસતીજ રહે છે જયારે ખરાબ આમાલ કરનાર હમેશા નામુરાદ

રહે છે, અફસોસ તેના ઉપર જે દુનિયામાં જીવતો તો રહ્યો પણ ભલાઈના કામ ન કર્યા હવે તેની પાસે અફસોસ કરવા સિવાય કંઈ નહીં બચે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં ઈન્સાનની એક આમ કમઝોરીની તરફ ઈશારો કર્યો છે કે તે પોતાની ઔલાદના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે લાગ્યો રહે છે અને આમ કરીને તે ખુદ પોતાની આખિરતથી બે પરવાહ રહે છે અને અંતે અચાનક મૌત આવી જાય છે.

## ﴾6﴿ ખુદા દોસ્ત

મુલ્કે શામમાં રહેવાવાળા એક આરીફ બુઝુર્ગ જેમનો લકબ "ખુદા દોસ્ત" હતો શહેર છોડીને એક ગુફામાં રહેવા લાગ્યા. અલ્લાહની યાદ સિવાય હવે તેને કોઈ ચીઝથી મતલબ ન હતો અને તેમની આ બેમતલબી તેમની મકબૂલિયતનું કારણ બની ગઈ, લોકો દૂર દૂર થી તેમની ઝિયારતના માટે આવતા હતા અને દુઆઓના તોહફા લઈને પાછા જતા.

એ ઈલાકાનો જાગીરદાર બહુજ તંગ દિલ અને ઝાલિમ હતો, કોઈની પણ સાથે સદવર્તન ન કરવું એ તેની આદત હતી. ગરીબોને સતાવવા અને રોવડાવવા એ તેનો ખાસ પસંદીદા અમલ હતો, અલ્લાહ તઆલા જાણે એક દિવસ તેના દિલમાં શું ખયાલ આવ્યો કે તે બુઝુર્ગની ઝિયારત માટે પહોંચી ગયો.

બુઝુર્ગ ખુદા દોસ્ત બધાથી મુરવ્વત અને મહેરબાનીનો વર્તાવ કરતા હતા પરંતુ જ્યારે આ જાગીરદારને પોતાની પાસે જોયો તો નફરત થી મોં ફેરવી લિધુ. એ ઝાલિમ પણ સમજી ગયો કે મારી સાથે સારો વ્યવહાર કરવામાં નથી આવ્યો, તે નજીક બેસી ગયો અને ફરિયાદના અંદાજમાં કહેવા લાગ્યો : "શું વાત છે ? આપે મારા પર મહેરબાની ન ફરમાવી ! કમ સે કમ મારી સાથે એવો સુલૂક તો કરવો જોઈએ જે આપ બીજાઓ સાથે કરો છો."

બુઝુર્ગે જવાબ દીધો : "અય શખ્સ ! તૂ સારા વ્યવહારને લાયક ક્યાર થી થઈ ગયો ? તૂ ખુદાની મખ્લૂકને સતાવનાર અને પરેશાન કરનાર છે, ખુદાની મખ્લૂકની પરેશાનીથી મને દુઃખ પહોંચે છે તૂ અમારા દોસ્તોનો દુશ્મન છે, તૂ મારો દોસ્ત કઈ રીતે બની શકે ?

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં એક નુક્તો બયાન કરે છે કે ખુદા તઆલાની મખ્લૂકનો દુશ્મન હકીકતમાં ખુદાનો દુશ્મન છે અને ખુદાની મખ્લૂક પર મહેરબાન એ ખુદાનો દોસ્ત છે. اَلۡحَمۡدُ لِلّٰہ عَزَّوَجَلَّ

## ﴾7﴿ બીજાઓની ફિક્ર

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ બયાન ફરમાવે છે કે એક વખત દમિશ્કમાં બહુજ ભયંકર દુષ્કાળ પડયો હાલત એ થઈ કે લોકો ઝાડના પાંદડા અને ટીડ્ડી જેવી જીવાત પણ ખાઈ ગયા. ભુખથી ખુદાની મખ્લૂક હલાક થઈ ગઈ. એવામાં એક દિવસ મારી મુલાકાત શહેરના એક અતિ ધનવાન (અમીર) થી થઈ, મૈં જોયુકે તે પણ એવોજ કમઝોર અને પરેશાન હતો, જેટલા શહેરના ગરીબો હતા હું તેની આ હાલત જોઈને બહુજ પરેશાન થયો. મૈં તેને પુછયુ : "ભાઈ હું તને આ કઈ હાલતમાં જોઈ રહ્યો છું ?"

તે બોલ્યો : "અય સાદી ! શું તમે નથી જાણતા કે દુષ્કાળના કારણથી ખુદાની મખ્લૂક તબાહ થઈ ગઈ છે"

મૈં જવાબ દીધો : "હૂં તો જાણુ છુ પણ ભાઈ દુષ્કાળથી તને શી અસર કે શી તક્લીફ ? ખુદાના ફઝ્લથી તૂ તો અમીર છે અને દરેક ચીઝ જેટલી ચાહે તેટલી ખરીદી શકો તેમ છો.

મારી આ વાત સાંભળીને મારા દોસ્તે આહ ભરી અને કહયું : "કોઈ દર્દમંદ આદમીના માટે એ વાત કઈ રીતે શક્ય છે કે તે આસ પાસના લોકોને ભૂલી જાય અને માત્ર પોતાની ઉપર નઝર રાખે કોઈ શરીફ વ્યક્તી કોઈને દરિયામાં ડૂબતો જોઇને કિનારે

શાંતીથી ઉભો ન જ રહી શકે. બેશક ! હું ભુખ તથા તરસથી બચેલો છુ, પરંતુ બીજાઓના ગમે મને હલાક કરી દીધો છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં ઝિન્દગી જીવવાનો એક જરૂરી નિયમ બતાવ્યો છે કે તમામ અહલે ઈમાન એક બીજાના ભાઈ છે અને ઈન્સાન પોતાના પડોસી પોતાના રિશ્તેદારનો ખયાલ પણ રાખે તો દુનિયા જન્નત બની જાય.

## ﴾9﴿ સ્વાર્થી દુકાનદાર

એક વખત એવુ બન્યુ કે બગદાદ શહેર આગની લપેટમાં આવી ગયુ. અચાનક એક મકાનમાં આગ લાગી અને થોડાજ સમયમાં અડધુ શહેર રાખનો ઢગલો બની ગયુ.

આ ઘટનાનાં કારણે દરેક વ્યકતી પરેશાન હતો પરંતુ એક માણસને જોયુ તો તે એ વાતને માટે અલ્લાહનો શુક્ર અદા કરતો હતો કે તેની દુકાન સલામત રહી, એક દર્દમંદ ઈન્સાને તેની આ વાત સાંભળી તો તેને કહ્યું : અય હવસકાર ! અય સ્વાર્થી ! શું તને માત્ર પોતાનીજ ફિક્ર છે ? શું તૂ માત્ર એના માટે શુક્ર કરે છે કે ભલે પુરૂ શહેર બળી ગયુ મારી દુકાન તો સલામત છે ? અય પત્થર દિલ ઈન્સાન ! તને અલ્લાહની મખ્લૂકની જરા પણ ફિક્ર નથી ? તારા પર અફસોસ !

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં એક ખુદ ગર્ઝ ઈન્સાનના કિરદારની ઝલક બતાડી છે, આ પણ એક હકીકત છે કે આજના અમારા સમાજમાં આવા સ્વાર્થી લોકોની બહુમતી છે અને આવા લોકોના કારણે જ કૌમ મુસીબતના દલદલમાં ફસાયેલ છે.

અફસોસ એક દૌર હતો કે હિન્દમાં કોઈ મુસલમાનને તક્લીફ હોય તો દમિશ્ક થી ખલીફા લશ્કર મૌકલે અને આજે બાજુના ઘરમાં મુસલમાન ભુખ્યા હોય તો પણ પડોસી ઐશ કરે છે દરેકને માત્ર પોતાનીજ પડી છે. અફસોસ.!

## ﴾9﴿ સારૂં અને ખરાબ પરિણામ

બખ્તર શહેરના એક અમીરના બે છોકરા હતા બન્ને શક્તીશાળી, હિમ્મતવાન અને લડાઈના ફનમાં હોંશિયાર હતા.

અમીરે વિચાર્યુ કે મારા પછી મારી જગ્યા લેવા માટે આ બન્ને લડશે અને મુલ્ક પર કબ્જો કરવા માટે તલવાર ઉપાડશે, તેથી તમામ પાસાઓ પર વિચાર કરીને તેણે પોતાની હયાતીમાંજ મુલ્કને બે ટુકડામાં વહેંચીને બન્નેને એક એક હિસ્સા પર હાકિમ બનાવી દીધા અને નસીહત કરી કે હમેશા સંપીને રહેજો અને એક બીજાની મદદ કરશો કે એમાંજ તમારા બન્નેની ભલાઈ છે.

બન્ને ભાઈ તાકત અને હિમ્મતમાં તો લગભગ સરખાજ બહાદુર હતા પણ આદતોમાં ઝમીન આસ્માન જેટલો ફર્ક હતો. એક ખુદાથી ડરવાવાળો ન્યાયપ્રીય (ઇન્સાફ પસંદ) અને ખુશ અખ્લાક (હસમુખો) હતો બીજો બદ મીજાઝ, લાલચુ અને ઘમંડી હતો બાપની હયાતીમાં તો બન્નેની ઝિન્દગી લગભગ સરખીજ વીતી કારણકે બાપની શફકત બન્ને પર હતી પરંતુ બાપની વફાતના પછી આદતો મુજબ પરીણામ આવ્યા.

પહેલાને બેપનાહ મકબૂલિયત હાસિલ થઈ અને તેનો મુલ્ક ખુશહાલ થઈ ગયો, બાગ બગીચાઓમાં ફળો અને ખેતીવાડીમાં અનાજના ઢગલા થઈ ગયા. દરેક વ્યક્તી તેની તારીફ કરતી હતી અને લોકો તેની લાંબી ઉમર માટે દુઆઓ કરતા હતા.

જ્યારે બીજાએ પ્રજાને લૂટીને પોતાનો ખઝાનો ભરવાનો શરૂ કર્યો લોકોને અલગ અલગ રીતે સતાવવા અને પરેશાન કરવાનું શરૂ કર્યુ, લોકો ઘરબાર અને ઝમીન છોડીને હિજરત કરવા લાગ્યા અને બીજા રાજ્યોમાં જવા લાગ્યા, પડોસી રાજ્યના હાકિમને આ વાતની ખબર પડી તો મૌકાનો ફાયદો ઉપાડીને હુમલો કરી દીધો અને તેની હુકૂમતનો ખાત્મો કરી દીધો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં એ ફલ્સફો બયાન કર્યો છે કે ઝુલ્મ કરનાર હમેશા ખત્મ થાય છે અને મખ્લૂક પર ઝુલ્મ કરનાર પર અલ્લાહનો ગઝબ ઉતરેજ છે. મઝલૂમની આહ કદી ખાલી નથી જતી.

## ﴾10﴿ હજ્જાજ બિન યુસૂફનો ઝુલ્મ

એક નેક દિલ ઈન્સાને હજ્જાજ બિન યુસૂફનો એવો અદબ ન કર્યો જેવા અદબની તે લોકો પાસેથી અપેક્ષા રાખતો હતો, એ જોઈને હજ્જાજનો ગુસ્સો આસ્માન પર પહોંચી ગયો અને તેણે કોટવાલને હુક્મ કર્યો કે આ ગુસ્તાખને કત્લ કરી તેની ચામડી ઉતારી લો.

હજ્જાજનો આ હુક્મ સાંભળીને તે માણસ પહેલા તો હસ્યો અને પછી રડયો હજ્જાજે આ નવાઇ જનક વાત જોઈ તો તેને પુછયુ કે "શુ વાત છે કે તૂ રડયો પણ અને હસ્યો પણ ?"

તે મર્દે મોમિને જવાબ દીધો : "રડવાનું તો મને જમાનાની બે દર્દી પર આવ્યુ કે મારા નાના નાના ચાર બાળકો છે જેનો મારા સિવાય કોઈ સહારો નથી અને હસવુ મને એ વાત પર આવ્યુ કે હું પોતાના રબની બારગાહમાં એ હાલતમાં જઈ રહ્યો છુ કે મારા માથા પર ગુનાહનો કોઈ બોઝ નથી, હું મઝલૂમ છુ અને મઝલૂમને ખુદા તઆલાની રહેમતથી નવાઝવામાં આવે છે.

આ નેક માણસની આ વાત સાંભળી તો હજ્જાજના દરબારીયોમાંથી એ કે સિફારિશ કરી કે અય અમીર ! આની જાન બક્ષી દેવામાં આવે, તે એના કત્લ કરાવવા કરતા બહેતર છે અગર આને કત્લ કરી નાખવામાં આવશે તો તેની સાથે બીજી કેટલીયે જાન હલાકતમાં પડી જશે. સમજાવનારે ઘણાજ અસર કારક અંદાજમા ભલામણ કરી હતી પરંતુ હજ્જાજને રહેમ ન આવ્યો તેણે પોતાનો ફૈસલો ન બદલયો અને તે બે ગુનાહ માણસને તલવારના હવાલે કરી દીધો.

હજ્જાજના જે દરબારીએ હજ્જાજને નસીહતોં કરી હતી તે બહુજ દુખી થયો એજ રાત્રે તેને એ મર્દે મોમિને સ્વપ્નમાં જોયો તે કહી રહ્યો હતો કે મારા પર જે ઝુલ્મ થયો તેની તક્લીફ તો માત્ર થોડીવાર જ હતી પરંતુ ઝાલિમ હજ્જાજ પર આ ઝુલ્મનો અઝાબ હમેશા રહેશે.

**ફાયદો :** હજ્જાજ ઉમવી ખલીફા અબ્દુલ મલિક બિન મરવાનના જમાનામાં ઈરાકનો ગવર્નર હતો. એ ઈસ્લામના ઈતિહાસનો સહુથી વધીને ઝાલિમ વ્યકતી હતો, ઉલમાઓની નઝદીક તે આ ઉમ્મતનો ફિરઔન હતો.

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં એ નુક્તો બયાન કર્યો છે કે ઝાલિમના મુકાબલામાં મઝલૂમ હમેશા ફાયદામાં રહે છે, મઝલૂમના માટે તમામ રસૂલોએ બશારત આપી છે કે મૌતનો દરવાજો પસાર થતાજ તે અલ્લાહની રહેમતના સાયામાં પ્રવેશી જાય છે.

## ﴾11﴿ સારો ઈલાજ

ઈરાનનો એક બાદશાહ બીમાર થઈ ગયો એવી બીમારી કે તેનો ઈલાજ શાહી હકીમોની પાસે પણ ન હતો. હકીમોએ દરેક શક્ય કોશિશ કરી પરંતુ તેની તબીઅત સારી ન થઈ, તે રોજ બરોજ વધારે ને વધારે કમઝોર થતો ગયો એટલે સુધી કે પલંગ પરથી ઉઠવાની પણ તાકત ન રહી જ્યારે તે ઈલાજથી પણ બિલ્કુલ નિરાશ થઈ ગયો તો બાદશાહના દરબારીઓમાંથી એકે કહ્યું સરકાર ! આપણા શહેરમાં એક એવા બુઝુર્ગ છે કે અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ કરે છે અગર તે કંઈક કરે તો ઉમ્મીદ છે કે અલ્લાહ પાક આપને શિફા આપે.

બાદશાહે તુરંત વઝીરને હુક્મ કર્યો કે બુઝુર્ગની ખિદમતમાં હાજર થાય અને દુઆ માટે ગુઝારિશ કરે. બાદશાહના હુક્મ મુજબ વઝીર બુઝુર્ગની પાસે તુરંત ગયો અને બાદશાહની સેહત માટે

દુઆની દરખ્વાસ્ત કરી, બુઝુર્ગ બગડી ગયા અને બોલ્યા : “અમારી દુઆથી તેને ક્યાંથી ફાયદો થશે જ્યારે કે તે હમેશા મઝલૂમોંને સતાવતોજ રહે છે જે માણસ ખુદાની મખ્લૂક પર રહેમ નથી કરતો ખુદા તેના પર કયાંથી મદદ કરશે ? તેના માટે જરૂરી છે કે પહેલા પોતાના ગુનાહોની માફી માંગે અને પછી ખુદાની રહેમતની ઉમ્મીદ રાખે.

વઝીરે બુઝુર્ગની વાત બાદશાહને જઈને કહી તેને તૌબાની તૌફીક મળી ગઈ, તેણે તમામ બે ગુનાહ કૈદીઓને આઝાદ કરી દીધા અને ખૈરો ખૈરાતના માટે ખઝાનાના દરવાજા ખોલી દીધા જ્યારે આ વાતની બુઝુર્ગને ખબર પડી તો તેમણે વુઝૂ કરીને બે રકઅત નમાઝ અદા કરી અને પછી બાદશાહની તંદુરુસ્તી માટે દુઆ કરી.

બયાન થયું કે હજી બાદશાહ માટે બુઝુર્ગની દુઆ પૂરી પણ નહોતી થઈ ત્યાંજ બાદશાહની બીમારી દૂર થઈ ગઈ અને તે તંદુરુસ્ત માણસની જેમ પથારીમાંથી ઉભો થઈ ગયો.

બુઝુર્ગે બાદશાહને નસીહત કરી કે એકવાર પડીને સંભલી જવુ તો શકય છે પણ વારંવાર પડનાર આખરે નથી સ્થીર થઈ શકતો, જ્યારે અલ્લાહે તને માફ કરી દીધો છે તો હવે સાવચેતીની સાથે ઝિન્દગી વીતાવ અને ગુનાહના રસ્તા પર ફરીથી ન ચાલ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِ એ આ હિકાયતમાં દુઆની ફિલોસોફી બયાન કરી છે દુઆની કબૂલિયત માટે અમુક શર્તો છે (1) પોતાના ગુનાહોનો ઈકરાર (2) સાચી તૌબા અને ફરી ગુનાહ ન કરવાનો અડગ નિર્ણય અને (3) રિઝ્કે હલાલ, જે માણસ હરામ ખાય છે તે દુઆની કબૂલિયતથી મહેરૂમ થઈ જાય છે.

## ﴾12﴿ મઝબૂત કિલ્લો

સુલ્તાન ફઝ્લ અરસલાન એક મઝબૂત કિલ્લામાં રહેતો હતો જેને એક તાકતવર ફૌજ પણ જીતી નહોતી શક્તી તે બહુજ

બુલંદ અને ઊંચો હતો અને દેખાવમાં એટલો બધો ખૂબ સૂરત હતો જાણેકે દુનિયામાં તેની જેવો સુંદર કિલ્લો કદાચજ હોય તેની ચારે બાજૂ હરીયાલીના મૈદાન અને તેની વચમાં કિલ્લો જાણે કે લાલ થાળીમાં સફેદ અંડુ રાખેલ હોય.

બન્યુ એવુ કે એક દરવેશ ફરતા ફરતા અચાનક એ કિલ્લામાં આવી ચઢયો અને જયારે તે સુલ્તાનના દરબારમાં હાજર થયો તો ગુરૂર અને તકબ્બુરમાં ડૂબેલા સુલ્તાને તેને પુછયુ કે : "હઝરત આપે બહુ દુનિયા જોઈ છે ઘાટ ઘાટનું પાણી પીધુ છે તો જરા બતાવો કે શું આનાથી વધારે મઝબૂત અને આનાથી વધારે સુંદર કિલ્લો દુનિયામાં કયાંય જોયો ? અને બતાવો કે તમારૂ શું માનવુ છે, શુ દુશ્મન આને કદી ફતેહ કરી શકે ?

સુલ્તાનની આ વાત સાંભળી દરવેશ હંસી પડયો અને પછી તેની સામે જોઇને બોલ્યો : "કિલ્લો ખરેખર સારો છે પરંતુ હું એ વાત ક્યારેય નથી માનતો કે કિલ્લો મઝબૂત પણ છે શું તૂ નથી જાણતો કે તારી પહેલા આ કિલ્લામાં રહેનાર તારા પુર્વજો પર મૌત આવી અને આ કિલ્લો તેમને મૌતથી ન બચાવી શક્યો ! બિલ્કુલ એવીજ રીતે તારૂં રક્ષણ પણ આ કિલ્લો નહીં કરી શકે તારા પછી બીજા લોકો આમાં રહેશે તારી ભલાઈ એમાં છે કે તારા બાપની હુકૂમતના સમયને યાદ કર અને એ ખયાલને દિલમાંથી કાઢ કે તૂ હમેશા આમાં રહીશ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયતમાં ઈન્સાન અને દુનિયા વચ્ચેનો સંબંધ બયાન કરી રહ્યા છે કે આ સંબંધ ક્ષણ ભંગુર છે. માણસ બાદશાહ હોય કે ગુલામ, માલદાર હોય કે ગરીબ તમામે મરવાનુંજ છે અને જે કંઈ એકઠુ કર્યું છે તે બીજા માટે છોડીને માત્ર કફન લઈને જવાનું છે **"કુલ્લુ નફસીન ઝાએકતુલ મૌત"**

દુનિયા ઈન્સાન માટે છે ઈન્સાન **દુનિયા** માટે નથી **દુનિયામાં** જમા કરવાથી અને ગુરૂરો તકબ્બુરથી બચે.

## ﴾13﴿ કુર્દ ખેડુતની નસીહત

મુલ્કે ધોરનો બાદશાહ બહુજ લાલચુ અને ઝાલિમ હતો તે ગરીબ ખેડુતોના જાનવર જેવુ કે બળદ, ગધેડા વિગૈરે ઝબરદસ્તી છીનવી લેતો અને પોતાના માટે મફતમાં કામ કરાવતો અને ગરીબોને તેની આજીવીકા રોઝી મળવાના સહારાથી મહેરૂમ કરી દેતો એ ગધેડાઓ મરતા દમ સુધી છૂટી નહોતા શકતા.

એક વખત એ ઝાલિમ બાદશાહ શિકાર માટે ગયો તો પોતાના સાથીઓથી અલગ પડી ગયો અને રસ્તો ભૂલીને એક ગામડામાં પહોંચી ગયો ત્યાં તેણે જોયુકે એક ખેડુત પોતાના મોટા તાઝા તંદુરુસ્ત ગધેડાનો પગ તોડવાની કોશિશ કરતો હતો. એ ખેડુત કુર્દ કૌમથી હતો અને દેખાવથી સારો હોંશિયાર અને અકલમંદ લાગતો હતો.

બાદશાહ તેને આ અજબ હરકત કરતો જોઈને બહુજ હૈરાન થયો અને તેને પુછયુ કે તૂ આ ઝુલ્મ શા માટે કરે છે ?

ખેડુત બોલ્યો શું તેં ખ્વાઝા ખિઝર عَلَيْهِ السَّلَام નો એ કિસ્સો નથી સાંભળ્યો કે જેમાં કશ્તી (વહાણ હોડી)ના પાટીયા તોડી નાખવાનો ઝિક્ર આવે છે.

બાદશાહ બોલ્યો : “હાં સાંભળ્યો તો છે પણ ગધેડાનો પગ લંગડો કરી નાખવાને અને તે કિસ્સાનો શું સંબંધ ?

આના પર તે કુર્દ ખેડુતે એકદમ જોશ અને ગુસ્સામાં બાદશાહના એ ઝુલ્મના બારામાં બતાવ્યું જે તે લોકોના જાનવર ખાસ કરીને ગધેડા છીનવી લેવાના બારામાં કરતો હતો અને કહ્યું કે જેવી રીતે હઝરતે ખિઝર عَلَيْهِ السَّلَام હોડીને ખામીવાળી કરીને તેને લૂટાઈ જવાથી બચાવી તેવીજ રીતે હું મારા આ ગધેડાને ખામીવાળો કરીને તેનો જીવ બચાવુ છુ અને આના પછી તેણે બાદશાહને બહુ બુરૂ ભલુ કહ્યુ કારણ કે તે નહોતો જાણતો કે જેનુ બુરૂ ભલૂ બોલી રહ્યો છે તે સામે ઉભો છે.

બાદશાહને ગુસ્સોતો બહુજ આવ્યો પરંતુ એટલા માટે કે તે એકલો હતો માટે ચુપ રહ્યો, સવાર થઈ તો સિપાઈઓ તેને શોધતા ત્યાં આવી ચડયા અને થોડી વારમાં જંગલમાં મંગલ થઈ ગયું બાદશાહ જયારે ખાવાથી ફારીગ થયો તો તેને સિપાઈઓ મોકલીને ખેડુતને પકડી મંગાવ્યો.

કુર્દ ખેડુતને ખયાલ આવી ગયો કે તેણે બાદશાહના મોં પર જ તેનુ ખરાબ બોલ્યુ તો તેને ખયાલ આવી ગયો કે હવે મારૂ મૌત યકીની છે પરંતુ તે મૌતથી ન ડર્યો પરંતુ મૌતના યકીને તેના દિલમાં હિમ્મત પૈદા થઈ ગઈ અને તે બેબાક થઈ ગયો તેણે વિચાર્યુ કે જયારે મરવાનુંજ છે તો શા માટે આ ઝાલિમના મોં પર સાચુ ન બોલુ.

માટે તેણે બે ખૌફ થઈને પોતાની તકરીરથી તે ઝાલિમને મોં પર તેનો વિકૃત ચહેરો બતાવ્યો અને કહ્યું કે તારા ખુશામત ખોર વઝીરો તારી ચમચાગીરી કરવા માટે તને તારા બારામાં જે કહે છે તે સત્ય નથી પણ ઝૂઠ છે હકીકતમાં તમામ લોકો તારાથી નફરત કરે છે.

ખેડુતની વાત જોકે બહુજ કડવી હતી પરંતુ તેમા સચ્ચાઈ હતી, બાદશાહના દિલ પર એ વાત અસર કરી ગઈ અને ગફલતનો નશો તેના દિલ પર થી ઉતરી ગયો અને તેણે તૌબા કરી અને ખેડુતને ઈનામો ઇકરામ આપ્યુ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં બે બહેતરીન નસીહતો કરી છે જેમાં એક તો એ કે ઝાલિમ અને પત્થર દિલ લોકો કદી સાચી ઇઝ્ઝત નથી મેળવી શકતા અને બે એ કે અગર નસીહત કરવાવાળો સાચા દિલથી બે ખૌફ થઈને લાલચ વગર નસીહત કરે છે તો નસીહત જરૂર અસર કરે છે.

## ﴾14﴿ બહેતરીન દોસ્ત

ખલીફા મામૂન અલ રશીદે એક લૌંડી (નોકરાની) ખરીદી જે હુસ્ને સૂરત (દેખાવ) અને હુસ્ને સીરત (સ્વભાવ-ગુણો) બન્નેમાં

બે મિસાલ હતી તે પોતાની આ પસંદગી પર બહૂ ખુશ થયો, પરંતુ જ્યારે તેણે તેનાથી વાતચીત કરવા ચાહી તો તેણીએ મોં ફેરવી લિધુ અને બેપરવાઈ તેમજ નફરત જાહેર કરી તે એકદમ બહુજ ગુસ્સે થઈ ગયો અને લૌંડીને કત્લ કરી નાખવાનો ઈરાદો કર્યો પરંતુ તેણે ગુસ્સા પર કાબૂ મેળવી લીધો અને લૌંડીને ગુસ્તાખીનું કારણ પુછયું. લૌંડીએ જવાબ દીધો : "અય અમીર ! તમે ચાહો તો ભલે મને મારી નાખો પણ હું તમારી સાથે બેસવુ પણ પસંદ નહીં કરૂં" મામૂન ફરી ગુસ્સે ભરાયો પરંતુ ફરી એકવાર પોતાની ઝાત પર કન્ટ્રોલ કરીને પુછયુ. આનુ શું કારણ ?"

લૌંડીએ જવાબ દીધો : તમારા મોં માંથી બહુજ ખરાબ વાસ (બદબૂ) આવે છે જે મારાથી સહન નથી થતી.

મામૂનને પોતાની આ બીમારીની ખબર ન હતી કોઈએ આજ સુધી એ હિમ્મતજ નહોતી કરી કે તેના મોં પર સાચી વાત કહે. લૌંડીની આ વાત સાંભળીને તેને વધારે ગુસ્સો આવ્યો પણ તેને ચુપકીદી સ્વીકારી અને હકીમને બોલાવીને ઈલાજ કરાવ્યો અને ઈલાજ વડે તેણે સેહત તંદુરુસ્તી મેળવી એટલુજ નહીં પણ લૌંડીની સચ્ચાઈના કારણે તેણે તેણીની કદર કરી.

**ફાયદો** : હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતથી એ વાત સમજાવી રહ્યા છે કે ગુસ્સા પર હમેશા કાબૂ રાખવો જોઈએ અને ગુસ્સામાં કોઈ નિર્ણય ન લેવો જોઈએ આમ કરવાથી હમેશા સારા પરિણામ આવે છે.

મૌલાના હાલી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ વાત બહુજ ખૂબ સૂરત અંદાજમાં આ મુજબ બયાન કરી છે કે અગર કોઈ પાણી ઉપર ચાલે તો પણ તે જાદૂ હોય શકે છે અને કોઈ ગુસ્સો પી જાય તો તે કરામત છે.

## ﴾15﴿ વીંટીમાં નંગ (કીમતી હિરો)

ખલીફા હઝરતે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની વીંટીમાં એક એવો બેશ કીમત હીરો જડેલ હતો કે જેની સાચી

કીમતનો અંદાજ જવેરી લોકો પણ નહોતા કરી શકતા તે હિરો શું હતો જાણે કે નૂરનો પહાડ હતો જે રાતને દિવસમાં બદલી દેતો હતો.

બન્યુ એવુ કે એક વરસ સખ્ત દુષ્કાળ પડયો લોકો ભૂખે મરવા લાગ્યા હઝરતને આ હાલતની જાણ થઈ તો લોકોની મદદને માટે પોતાની વીંટીનો એ કીમતી હિરો પણ વેચી દીધો અને જે કીમત હાથ આવી તે રકમનું અનાજ ખરીદીને લોકોને વહેચી દીધુ.

આ વાતની ખબર જ્યારે આપના ચાહવાવાળાઓને પડી તો તેમાંના એકે કહ્યું : “આ આપે શું કર્યું ? આવો બેહદ કીમતી હિરો વેચી દીધો !

હઝરતે આ વાત સાંભળીને ફરમાવ્યું કે : “એ હિરો મને પણ પસંદ હતો પરંતુ મને એ વાત નાપસંદ હતી કે લોકોતો ભૂખે મરે અને હું કીમતી વીંટી પહેરીને ફરૂ કોઈ પણ હાકિમ માટે એ વાત યોગ્ય નથી કે લોકોને તકલીફમાં ફસાયેલ જુએ અને ખુદ પોતાને આરામ અને સગવડમાં રોકી રાખે આટલુ ફરમાવીને આપની આંખોમાં આંસૂ વહેવા લાગ્યા.

**ફાયદો :** સાહિબે ઈખ્તિયાર લોકો માટે આ વાત જરૂરી છે કે તે ગરીબ અને જરૂરતમંદ લોકોના ખયાલ થી કદી ગાફિલ ન રહે અને હકદારોને તેઓના હક પહોંચાડતા રહે.

## ﴾16﴿ બહેતર ઝિન્દગી

એક શક્તીશાળી પહેલવાન તંગદસ્તીના કારણે બહુજ પરેશાન હતો તે શખ્સ કુસ્તીના દાવપેચ સિવાય કોઈ હુનર જાણતો ન હતો અને તેના વતનમાં તેના આ ફનનુ કોઈ કદરદાન ન હતું બિચારો માટી ખોદીને મુશ્કિલથી પેટ ભરતો હતો.

મુફ્લિસીની સાથે સાથે એ પહેલવાન પર બીજી મુસીબતએ આવી ગઈ કે તેના દિલમાંથી સબ્રો કરાર જતુ રહ્યું એ બીજા લોકોને સારૂ ખાતા પીતા કે ઐશો આરામમાં જોતો તો રશ્કની આગમાં

બળી જતો અને વિચારો આવતા કે આખરે આ લોકોમાં એવી કઈ ખાસ વાત છે કે તેઓ રાત દિવસ મજા કરે છે અને મારામાં એવી કઈ ખામી કે એૈબ છે કે હું નેઅમતોથી મહેરૂમ છુ તે હર ઘડી આમજ વિચારતો અને બેચૈન રહેતો.

એક દિવસનો ઝિક્ર છે કે તે આવાજ ખયાલોમાં ડૂબીને માટી ખોદી રહ્યો હતો કે કેવુ સારૂ કે કોઈનો ખઝાનો મારા હાથમાં આવી જાય કે અચાનક તેનો ફાવડો એક ચીઝથી અથડાયો તેને જલ્દી જલ્દી વાંકા વળીને જોયુ તો ઈન્સાનના ઝબડાનું હાડકુ હતુ જે ફાવડાના મારથી ચુરે ચુરા ભુક્કા થઈ ગયુ હતુ.

પહેલવાને ઝબડાની આ હાડકી જોઈ તો બે ઈખ્તિયાર તેની સોચ વિચારનું પાસુ પલ્ટાઈ ગયુ જાણે કે હાડકી કહી રહી છે કે અય શખ્સ ! જોઈલે માટીમાં મળીને ઈન્સાનના મોંઢાના આ હાલ થાય છે માલ મસાલા ખાવાવાળો કે સૂકી રોટી ખાવાવાળો અથવા મઝદૂરી કરના કે ઘમંડો તકબ્બુરથી પોતાનું માથું ઉંચકીને ચાલનાર હોય, અંજામ બધાનો એકજ છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં બહેતર ઝિન્દગી જીવવાનો એક ઉસૂલ બયાન કર્યો છે અને તે એ કે દુનિયા તથા દુનિયાવાળાઓના અંજામ પર ગૌરો ફિક્ર કરે અને અલ્લાહ જે હાલતમાં રાખે તેમા અલ્લાહનો શુક્ર કરે.

## 17 યતીમના પગનો કાંટો

એક માણસે ખુજન્દના અમીરને સ્વપ્નમાં જોયો કે બહુજ સારી હાલતમાં છે અને જન્નતના બાગોમાં સૈર કરી રહ્યો છે તે માણસે પુછયુ : “આટલો બુલંદ મકામ તને કઈ રીતે મળ્યો ?”

અમીરે જવાબ દીધો : મારી કોઈ બીજી નેકી તો મને યાદ નથી માત્ર એટલુજ યાદ આવે છે કે એક વખત મૈં એક યતીમના પગમાંથી કાંટો કાઢયો હતો. ખુદા તઆલાએ શાયદ એ નેકીના

બદલામાંજ મને આ દરજ્જો આપ્યો છે કે મારા માર્ગનો દરેક કાંટો ફૂલ બની જાય છે. اَلْحَمْدُ لِلّٰه عَزَّوَجَلَّ

**ફાયદો :** રહેમ અને કરમ ખુદાઈ સિફત છે રહેમ કરવું અલ્લાહની સુન્નત છે અલ્લાહ એ બંદાને પસંદ કરે છે જે બીજાઓ પર રહેમ કરે છે ઉપરાંત હુઝૂર નબિયે કરીમ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ ફરમાવ્યું કે હું અને યતીમનો ખયાલ રાખનાર બંદો એવી રીતે હોઈશું જેવી રીતે કલમાની આંગળી અને વચમાંની મોટી આંગળી જોડાયેલ છે યાની યતીમનો ખયાલ રાખનાર હુઝૂરની સાથે હશે. اَلْحَمْدُ لِلّٰه عَزَّوَجَلَّ

## ﴾18﴿ હઝરતે ઇબ્રાહીમ عَلَيْهِ السَّلَام નો મહેમાન

સૈયદના હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام નો નિયમ હતો કે આપ કદી મહેમાન વગર ખાવાનું ન ખાતા એક વખત એવુ બન્યુકે પુરૂ એક અઠવાડીયુ યાની સાત આઠ દિવસ સુધી કોઈ મહેમાન ન આવ્યુ તો આપ પોતેજ બહાર તશરીફ લઈ ગયા કે કોઈ મુસાફર મળી જાય તો તેને પોતાનો મહેમાન બનાવે, આ શોધ ખોળ દરમિયાન એક દુબળો પાતળો અને કમઝોર ઘરડો દેખાયો આપે તેને દાવત આપી તો તે ખુશી ખુશી તૈયાર થઈ ગયો.

હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام એ પોતાના આ મહેમાનને ઈઝ્ઝતની સાથે દસ્તરખ્વાન પર બેસાડયો પરંતુ જયારે તેણે ખાવાનું શરૂ કર્યું તો તેણે મુસલમાનોના દસ્તુર મુજબ બિસ્મિલ્લાહિર્રમાનિર્રહીમ ન કહ્યુ આ વાતથી હઝરતને બહુજ નવાઈ લાગી આપે ફરમાવ્યુ “ભાઈ મોટી ઉમરના લોકો તો વધારે અકલમંદ હોય છે આખરે શું કારણ છે કે તેં ખાવાનું શરૂ કરતા પહેલા હકીકી રઝ્ઝાકનું નામ ન લિધુ ? ઘરડો બોલ્યો : “હું કદી એમ નથી કરતો એટલા માટે કે હું મુસલમાન નથી પરંતુ અગ્ની પુજક છુ.”

ઘરડાનો જવાબ સાંભળીને હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام ને અફસોસ થયો કે એક ગૈર મુસ્લિમને પોતાનો મહેમાન બનાવ્યો અને તેને દસ્તરખ્વાન પરથી ઉઠાડી દીધો.

એજ વખતે વહી નાઝિલ થઈ "અય ઈબ્રાહીમ ! અમો એ વાત જાણીએ છીએ કે આ માણસ અમારા બદલે આગની પૂજા કરે છે અને તેની સામે સજદા કરે છે આ જાણવા છતા અમે તેણે સો વરસથી રિઝ્ક આપતા રહ્યા અને તૂ એને એક વખત પણ ન ખવડાવી શક્યો ?

**ફાયદો :** આ કિસ્સાની ઈન્તિહા તો એ હતી કે મહેમાન ચાલ્યો ગયો હતો હઝરતે ખલીલુલ્લાહ તેને શોધવા નિકળ્યા અંતે પકડી લીધો ફરી બોલાવ્યો તેણે કહ્યું ખુદાની હમ્દ નહીં કરૂ એ શર્તે આવવા તૈયાર છુ હઝરત તેને લઈ આવ્યા ખાવાનું શરૂ કરતા અગાઉ તેણે પશ્ન કર્યો કે મને એકવાર કાઢી મુક્યા પછી શા માટે ફરી બોલાવ્યો ? હઝરતે કહ્યું : કે મારા પર વહી આવી અને તને ભગાડી મુકવાના કારણે મારો રબ મારાથી નારાઝ થયો. હવે એ શખ્સ કહી ઉઠ્યો. જો આમ વાત છે કે મારા જેવા મુશ્રિક માટે પણ ખુદા પોતાના મહેબૂબ બંદા પર નારાઝ થાય છે તો મારા માટે પણ એ યોગ્ય નથી કે હું ઈન્કાર કરવાવાળો બની રહુ હવે યોગ્ય તો એ જ છે કે પહેલા મને કલમો પઢાવો ખાવાનું હું પછી ખાઈશ.

اَلْحَمْدُ لِلّٰه عَزَّوَجَلَّ

આ કિસ્સામાં એ શીખ છે કે કોઈ માણસ ગુમરાહ હોય તો પહેલા તેને નેકી અને પ્યારથી સમજાવવામાં આવે અને તેના માર્ગની મુસીબતને ઓછી કરવામાં આવે.

## ﴾19﴿ માલને ખર્ચ કરવાના ફાયદા

એક ચાલાક શાયર એક નેક દિલ અમીરના ઘરે ગયો અને તેણે કહ્યું કે હું હાલમાં બહુજ પરેશાન છુ એક માણસથી મૈં દસ દિરહમ ઉધાર લીધા છે હવે તેણે ઉઘરાણી કરી કરીને મારા નાકમાં

દમ કરી દીધો છે હર વખત સાયાની જેમ મારી પાછળ લાગેલો રહે છે તેની આ ઝિયાદતીના કારણે મારી રાતની ઊંઘ ખરાબ થઈ ગઈ છે અને દિવસનું ચૈન હરામ થઈ ગયુ છે અગર આપ થોડી મહેરબાની કરો તો આ અઝાબથી મારો જીવ બચે.

નેક દિલ અમીરને તેના પર રહેમ આવી ગઈ અને તેને અમુક અશરફી આપી દીધી શાયર તુરંત ત્યાંથી રફુચક્કર થઈ ગયો એક માણસ તેની બધી વાતો ધ્યાનથી સાંભળતો હતો તેણે એ નેક દિલ અમીરને કહ્યું :"અફસોસ છે કે જનાબ આ ચીકણી ચુપડી વાતો કરવાવાળાના ફરેબમાં આવી ગયા, તમે આને કદાચ નથી જાણતા આનો તો આજ ધંધો છે કે લોકોની પાસે જાય છે અને આવા ઝૂઠા મનઘડત કિસ્સા સંભળાવીને ઠગતો રહે છે.

આ અમીરે એ નસીહત કરવાવાળાની વાત સાંભળીને કહ્યું શાયદ તમે સાચુજ કહો છો પરંતુ મૈં જે કર્યું તે સારૂ કર્યું કે અકલમંદી અને ભલાઈ એમાજ છે અગર એ માણસ ખરેખર કર્ઝદાર હતો તો લોકોથી મૈં તેની આબરૂ બચાવી લિધી અને અગર એ માણસ ધોખેબાઝ હતો તો મામૂલી રકમ આપીને મૈં તેનાથી પોતાની આબરૂ બચાવી લીધી માલ તો અસલ એટલા માટેજ છે કે તેને ભલાઈના કામોમાં ખર્ચ કરવામાં આવે આવુ કરવાથી બુરાઈ દૂર થાય છે અને ભલાઈ ફૈલાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં સખાવતની બરકતોની તરફ ઈશારો કર્યો છે.

## ﴾20﴿ સખી યુવાન

એક કંજુસનો દીકરો બહુજ સખી હતો બાપના મરવાના પછી જે દૌલત તેના હાથમાં આવી તે તેણે ખુલ્લા હાથ અને ખુલ્લા દિલથી લુટાવવાનું શરૂ કર્યુ કોઈ સવાલી તેના દરથી ખાલી જતુ ન હતુ અને કોઈ જરૂરતમંદ નિરાશ ન થતો.

તેને આવી ઉદાર દિલીથી ખર્ચ કરતા જોયો તો તેના એક ખૈરખ્વાહ તેને સમજાવ્યુ કે આ તૂ જે કરે છે તે યોગ્ય નથી કરતો જે માલ ભેગો કરતા વરસો થઈ જાય તેને દિવસોમાં ઉડાડી દેવુ યોગ્ય ન ગણાય, શું તેં તે નસીહત નથી સાંભળી જે એક અકલમંદ ખાતૂને પોતાની દીકરીને કહી હતી ? તેણે કહ્યું હતુ કે અય દીકરી ! જે કંઈ તને આ સુખ ચૈનના દિવસોમાં હાસિલ છે તેમાંથી કંઈક ખરાબ સમય માટે બચાવી રાખવું તારા માટે બહેતર છે કે પાણીની ડોલ અને ઘડા (ટાંકી) ભરેલ રાખ કે ગામડામાં જે નહેર વહે છે તે ક્યારેક સુકાઈ પણ જાય છે'' આના પછી તે ખૈરખ્વાહ માણસે હમદર્દી બતાડતા કહ્યું કે : ''તૂ તારી આ સખાવત વડે ગરીબોને માલદાર નહીં બનાવી શકે પણ અલબત્તા તૂ જરૂર ગરીબ થઈ જઈશ.''

તે યુવાને આ વાત સાંભળીતો નારાઝ થઈ ને બોલ્યો : ''અય નાદાન ! નસીહત કરવાવાળા જે દૌલતને સંભાળવાની તૂ મને નસીહત કરી રહ્યો છે તેના બારામાં મારા બાપાએ મને કહ્યું હતુ કે તેણે એ દૌલત તેના બાપ પાસેથી મેળવી હતી, સાબિત થયુ કે તેણે એ દૌલત પાઈ પાઈ ભેગી કરીને કંજુસીથી ભેગી કરી હશે અને અંતે તેઓ એ દૌલત બીજાના માટે છોડીને ચાલ્યા ગયા ન દુનિયામાં એ દૌલતે તેમને કંઈ ફાયદો પહોંચાડયો ન આખિરત કમાઈ શકયા ! બિલ્કુલ આજ હાલત મારી સાથે પણ થવાની છે, હું મારા દીકરાઓને સોંપી જઈશ અને જ્યારે એમ થવાનુંજ છે તો પછી શા માટે એને યોગ્ય લોકો પર વાપરી નાખવામાં ન આવે ? આવુ કરવાથી ઓછામાં ઓછો ફાયદો મારા માટે એ થશે કે આખિરતમાં તેનો અજ્ર જરૂર મળશે, રાખી મુકવામાં તો નિરાશા (હસરત) સિવાય કંઈજ હાથ નહીં લાગે.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ સખાવત અને કંજુસી એ બન્નેની વચ્ચેનો ફર્ક જાહેર કર્યો છે

અને લોકોનું એમ કહેવું કે ખર્ચ કરી નાખવાથી મોહતાજ થઈ જશે એ શૈતાની ખયાલ છે કારણ કે રાહે મૌલામાં ખર્ચ કરનારને એકના દસ, સિત્તેર કે સાત સો આપવાનો અલ્લાહનો વાયદો છે અને અલ્લાહ ચાહે તો સાત સો થી પણ વધારે અને અલ્લાહ કદી પણ વાદા ખિલાફી નથી કરતો. ઉપરાંત દુનિયામાં ખર્ચ કરનારને આખિરતમાં ફિરોઝ બખ્તી ખુશ નસીબીનો વાયદો અલગથી છે.

હાં ખર્ચ કરતી વખતે એક વાતનો ખયાલ રહે જે ખુદ અલ્લાહ તઆલાએ કુરઆને કરીમમાં ઈર્શાદ ફરમાવ્યો છે તે એ કે "ન પોતાના હાથને ખભાથી બાંધીલે (એટલે કે કંજુસી ન કર) અને ન ફિઝુલ ખર્ચ કરીને ખુદ બીજાઓથી સવાલ કરવો પડે (એટલે કે બગાડ ન કર) માટે મધ્યમ માર્ગ પર રહે.

## ﴾21﴿ પડોસી દુકાનદાર

એક સ્ત્રીએ પોતાના પતીને એ વાત ઉપર બહુજ મજબૂર કર્યો કે તે પોતાના મહોલ્લાના દુકાનદારથી સામાન ન ખરીદે, તેણીએ કહ્યું : "તે તો એટલો બધો મન્હૂસ છે કે પૂરો દિવસ તેના મોં પર માખીઓજ ઉડતી રહે છે કોઈ ગ્રાહક ભૂલથી પણ તેને ત્યાંથી માલ નથી ખરીદતુ."

પત્નીની એ વાત સાંભળીને અકલમંદ પતીએ જવાબ દીધો : "આપણા મહોલ્લાના દુકાનદાર માટે તારે આવી વાત ન કહેવી જોઈએ એ બીચારાએ તો કંઈક કમાવવાની આશાએ આપણા પડોસમાં દુકાન ખોલી છે એને નિરાશ કરવો એ શરીફોનું કામ નથી. સમજદાર લોકો હમેશા એ દુકાનેથીજ માલ ખરીદે છે, જ્યાં ભીડ ઓછી હોય આ સખાવતનોજ એક તરીકો છે અને અમારા સરદાર મૌલા અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم સખીઓના સરદાર અને કરમવાળા છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં સંસ્કાર અને સદવર્તનના બે ઉમદા ઉસૂલ બયાન કર્યા છે જેમાંનો પહેલો એ કે સ્વાર્થ (ખુદગર્ઝી) છોડવો અને કમઝોરોને મદદ કરવી

એ છે અને બીજો ઉસૂલ પડોસીનો ખયાલ કરવો એ છે. સાચો ઈન્સાની અખ્લાક એ છે કે પોતાના ફાયદાથી પહેલા બીજાનો ફાયદો વિચારવામાં આવે.

સરકાર નબિયે રહમત, કરીમ ઈબ્ને કરીમ આકા મુહમ્મદ મુસ્તુફા صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ઈર્શાદ ફરમાવે છે કે : “તમે ત્યાં સુધી કામિલ મોમિન નથી થઈ શકતા જ્યાં સુધી તમે પોતાના મુસલમાન ભાઈ માટે એ વાત ન પસંદ કરો જે તમે પોતાના માટે કરો છો (سُبْحَانَ اللّٰه عَزَّوَجَلَّ) કેવી પાકીઝા તાલીમ છે !

## ﴾22﴿ સખી મર્દ

એક શહેરમાં એક બુલંદ હૌસલા અને એક અત્યંત શરીફ ઈન્સાન રહેતો હતો, તેની પાસે દૌલત ન હતી પરંતુ બીજાની મદદ માટે તે હમેશા તૈયાર રહેતો હતો.

એક દિવસ તેની પાસે એક માણસ આવ્યો અને બોલ્યો : “અય સખી ! મૈં એક માણસ પાસેથી કર્ઝ લીધેલ પરંતુ સમયસર ચુકવી ન શકયો અને હવે તે મને જેલમાં મોકલવા ચાહે છે.”

એ સવાલ કરનારે જેટલી રકમ માંગી હતી તે કંઈ વધારે ન હતી પરંતુ એ સમયે એ માણસ પાસે એટલી રકમ પણ ન હતી આમ પણ આવા લોકો પાસે મુડી જમા ક્યાં થાય છે ? તેઓનો દાખલો તો બુલંદ પહાડો જેવો હોય છે કે વરસાદ ગમે તેટલો વરસે પાણી એજ વખતે ઢાળમાં વહી જાય છે.

સવાલીને રકમ ન મળી તો લેણદારે તેને કૈદ કરાવી લીધો સખી માણસને એ વાતની ખબર પડી તો કર્ઝ આપનારની પાસે ગયો અને તેને વિનંતી કરી કે તમે જે કર્ઝદારને કૈદમાં પુરાવ્યો છે તેને થોડા દિવસ માટે આઝાદ કરાવી દો અને તેમ છતા પણ એ તમારી રકમ પાછી (અદા) ન કરે તો હું તેના બદલામાં જેલમાં જવા તૈયાર છુ હું તેનો ઝામિન.

કર્ઝ આપનારે તે સખી માણસની આ અરજ કબૂલ કરી લીધી અને કર્ઝદારને આઝાદ કરી લીધો. સખી માણસ તેને કહ્યું : “ખુદા તઆલાએ તને કેદથી આઝાદ કર્યો હવે તૂ અહીંથી ભાગીજા હવે તે ફરાર થઈ ગયો અને કરાર મુજબ લેણદારે કર્ઝદારના બદલામાં સખી માણસને જેલમાં પુરી દીધો.

જ્યારે તે જેલમાં હૈરાન થઈ રહ્યો હતો તો તેના દોસ્તોમાંથી એકે તેને કહ્યું કે : “આ તો કોઈ અકલમંદીની વાત નથી કે પરાઈ મુસીબત ગળામાં નાખી લેવામાં આવે જે ગુનેહગાર હતો એ પોતાના ગુનાહની સજા ભોગવતો.

સખી માણસે જવાબ દીધો : તમે પોતાની જગ્યાએ ઠીક છો પરંતુ મૈં જે કંઈ કર્યુ એ પણ ઠીક કર્યું તે બિચારો સવાલી મારી પાસે આવ્યો હતો અને તેના છુટકારાની આ સિવાય કોઈ સૂરત મને નહોતી દેખાતી કે હું જ તેની બદલે કૈદ થઈ જાઉ.

જાણવા મળ્યુ કે તે સખી માણસ કૈદખાનામાંજ મરી ગયો તેના છુટકારાની કોઈ તરકીબ ન થઈ શકી, જાહેરમાં આ કંઈ સારો અંજામ નથી દેખાતો પરંતુ હકીકતમાં તેણે “હયાતે જાવેદા” પામી લીધી.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ અહેસાન (નેકી) નો મકામ બયાન કર્યો છે અહેસાન કરવાવાળો બહુજ બુલંદ મકામ અને ઉચ્ચ દરજ્જો પામે છે. હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિસ દેહલવી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ અહેસાનની એક તશરીહ (ખુલાસો-વિવરણ) બયાન કર્યો કે કાયદા કાનૂન મુજબ અને સામાન્ય રીત રિવાજ મુજબ કોઈનો જે હક બનતો હોય તેના કરતા કંઈક વધારે આપવુ તે અહેસાન છે દા.ત. તમારો કોઈ કર્ઝદાર કર્ઝ અદા ન કરી શકે તો તેનુ કર્ઝ માફ કરી દેવુ એ નેકી છે પણ કર્ઝ માફ કરવા ઉપરાંત કશુંક સામેથી આપવુ તે અહેસાન છે.

## ﴾23﴿ એક ડગલા (કદમ) પર બે રકઅત નમાઝ

એક નેકી કરવાવાળો શખ્સ હજના સફર પર એ રીતે રવાના થયો કે દર એક ડગલા (કદમ) પર બે રકઅત નમાઝ નફલ અદા કરતો હતો તેના શૌખનો આલમ એ હતો કે કાંટા પણ તેને ફૂલ અને દરેક તકલીફ તેને રાહત પહોંચાડતી હતી.

તે એ જઝ્બા અને શૌખની સાથે સફર કરી રહ્યો હતો કે એક મકામ પર તેના દિલમાં ખયાલ આવ્યો કે જે અંદાજ પર હું હજનો સફર કરી રહ્યો છુ તે આજ સુધીમાં કોઈએ નહીં કર્યો હોય.

આ ખયાલ તેના દિલમાં ઈન્સાનના અજલી દુશ્મન શૈતાને નાખ્યો હતો અગર તે ફૌરન ન સંભલી જતો તો તે હલાક થઈ જતો પરંતુ અલ્લાહ તઆલાએ તેના પર ફઝ્લ કર્યો તેના કાનમાં ગૈબથી અવાજ આવી કે “અય નેક બંદા ! બેશક ! તે મારી ઈબાદતનો હક અદા કર્યો પરંતુ એવુ ન વિચાર કર કે તૂ અમારી બારગાહમાં કોઈ ખાસ તોહફો લઈને આવ્યો છે તારે સમજી લેવુ જોઈએ કે કોઈ દુખી દિલને ખુશ કરવુ તે દરેક કદમ પર હઝાર રકઅત પઢવા કરતા પણ અફઝલ છે.

## ﴾24﴿ બાદશાહનો રોઝો

એક માણસની રોઝીનો દારોમદાર એ વખતના બાદશાહની દરિયા દિલી પર આધારીત હતો તે શાહી રસોડામાં પહોંચી જતો અને પોતાની જરૂરત મુજબ ખાવાનું મેળવી લેતો.

એક દિવસ જ્યારે તેની પત્નીએ ખાવાનું લાવવા કહ્યું તો તેણે જવાબ દીધો : “આજે આપણને ખાવાનું નહીં મળે એટલા માટે કે આજે બાદશાહનો રોઝો છે શાહી રસોડુ દિવસ દરમિયાન બંધ રહેશે.”

પત્ની દુખી થઈને બોલી, બાદશાહનો રોઝો રાખવાના કારણે આજે આપણાં બચ્ચા દિવસે ભુખ્યા રહેશે, તેનુ રોઝા રાખવા કરતા તો એ વાત બહેતર હતી કે તે રોઝો ન રાખતો અને અમારા

બાળકો ભુખની તકલીફથી બચી જતા. રોઝો રાખવો એ માણસને શોભે છે કે જેના રોઝદાર હોવા છતાં પણ ગરીબ ગુરબા તેના ઘરેથી બપોરનું ખાવાનું મેળવે.

મહેનત કરીને બીજાને ફાયદો પહોંચાડનાર દુનિયાદાર રોઝેદાર (નફલ રોઝેદાર)થી અફઝલ છે અગર તારી ઝાતથી બીજાને ફાયદો ન પહોંચી શકે તો ક્યાં જરૂરી છે કે તૂ રોઝા રાખવાની મહેનત ઉઠાવે ? બપોરનું ખાવાનું બચાવીને જાતે રાત્રે ખાઈ લેવુ એ કોઈ વાત નથી.

**ફાયદો :** રોઝા રાખવાનો એક મક્સદ એ છે કે ઈન્સાનની રૂહને એ મક્સદના માટે બેદાર કરે કે તે ભલાઈ ફૈલાવે અને નફસને મારે અને લોકોને ફાયદો પહોંચાડે.

## ﴾25﴿ તરસ્યો કુતરો

એક નેક દિલ શખ્સ એક જંગલમાં સફર કરી રહ્યો હતો એક જગ્યા પર તેને એક કુતરો દેખાયો જે તરસના કારણે નીઢાલ થઈ ગયો હતો, કુતરાને એ હાલતમાં જોઈ તેને દયા આવી ગઈ. તેણે તુરંતજ પોતાના માથા પરથી પાઘડી અને ટોપી ઉતારી અને તેની મદદથી કુવામાંથી પાણી કાઢીને તરસ્યા કુતરાને પીવડાવ્યુ, તે જમાનાના પૈગમ્બર પર ફરિશ્તો નાઝિલ થયો અને બતાવવામાં આવ્યુ કે તે બંદાની નેકીને અલ્લાહ પાકે એવી રીતે પસંદ કરી કે તેના તમામ ગુનાહ બખ્શી દીધા.

**ફાયદો :** જે લોકો નેકીના રસ્તાથી હટી ગયા છે તેમણે આ કિસ્સાથી નસીહત લેવી જોઈએ કે જ્યારે અલ્લાહ પાક કુતરાને પાણી પીવડાવવા જેવા મામૂલી અમલની કદર કરીને ઈન્સાનના તમામ ઝિન્દગીના ગુનાહ માફ કરી શકે છે, તો નેક ઈન્સાનની સાથે ભલાઈ કરવાવાળાનો દરજ્જો કેટલો મોટો હશે ?

જરૂરી છે કે દરેક ઈન્સાન પોતાની હૈસિયત મુજબ નાના મોટા ભલાઈના કામમાં લાગેલ રહે. અગર કોઈ માણસ મુસાફરના

માટે પાણીનો કુવો કે બોર નથી બનાવી શકતો તો રસ્તામાં એક લાઈટ સળગાવી દે. ગરીબ માણસનું અલ્લાહની રાહમાં એક રૂપિયો કે એક નાનકડી રકમ ખર્ચ કરવી તે માલદાર માણસના ખઝાના લુટાવવા કરતા બહેતર છે. નેકી કરવા માટે માલદાર હોવુ જરૂરી નથી અસલ ચીઝ દિલનો તક્વો છે. સુબ્હાનલ્લાહ

## ﴾26﴿ બુરાઈનુ પરીણામ

ગર્દીશોમાં ફસાયેલ અને જમાનાનો સતાવેલ એક મજબૂર અને મુફ્લિસ (ગરીબ) ઈન્સાન એક માલદાર પાસે ગયો અને પોતાની વીતક સંભળાવીને મદદની માંગણી કરી તે ઈન્સાન માલો દૌલત તો રાખતો હતો પરંતુ અખ્લાકની દૌલત તેની પાસે ન હતી તેણે મજબૂરને ખૂબજ ડાંટ ડપટ કરી અને નૌકરોને હુક્મ કર્યો કે આને બહાર નિકાળો.

અલ્લાહ તઆલાને બદ અખ્લાક અમીરની આ હરકત એટલી નાપસંદ પડી કે તેની તકદીરનું પાસુ પલટાઈ ગયુ એકના પછી એક નુક્સાન અને આફતોમાં તેની ઝમીન જાયદાદ અને દૌલતને જાણેકે ગ્રહણ લાગી ગયુ તે બરબાદ થઈ ગયો અને દૌલત તથા ઈઝ્ઝત બધાથી મહેરૂમ થઈ ગયો.

જેવુકે કાયદો છે કે ખરાબ સમયમાં કોઈ સાથ નથી દેતુ તેના નૌકર ચાકર અને તેના દોસ્ત તેને છોડીને ભાગી ગયા અને તેનો એક ખાસ અંગત વિશ્વાસપાત્ર નૌકર બીજાની ખિદમતમાં લાગી ગયો.

થોડા સમય પછી એ નૌકર તેના શેઠને જમવાનું પીરસી રહ્યો હતો કે કોઈ ફકીરે દરવાજા પર આવીને સવાલ કર્યો આ અમીર ખુદાતરસ અને નેક હતો તેણે નૌકરને કહ્યું કે સાઈલને ખાવાનું ખવડાવ અને તેને કંઈક આપી દે.

ખાદિમ ખાવાનું લઈને ગયો અને જયારે પાછો આવ્યો ગમથી નીઢાલ થઈ ગયો હતો અને તેની આંખમાંથી આંસૂ ચાલૂ

હતા જાણેકે તેને કોઈ મોટો સદમો પહોંચ્યો હોય. શેઠે રડવાનું અને ગમગીન થવાનું કારણ પુછ્યુ તો તેણે કહ્યું : "અય મારા આકા ! બહાર દરવાજા ઉપર જે માણસ ભીખનું હાંડલુ લઈને ભીખ માંગવા આવ્યો છે તે એક જમાનામાં અતિ માલદાર હતો અને એક જમાનામાં તેને ત્યાં હું નોકરી કરતો હતો આજ એને આવી ખરાબ હાલતમાં જોઈ હું બેચૈન થઈ ગયો.

અમીર માણસે ખાદિમની આ વાત સાંભળીને કહ્યું કે : "તેં એને તો ઓળખી લીધો શું તૂ મને પણ ઓળખી શકયો ? હું એજ ફકીર છુ જેને તેણે એક દિવસ બે આબરૂ કરીને અને ધક્કા મારીને કાઢયો હતો, આજે તૂં એને જે ખરાબ હાલતમાં જોઈ રહ્યો છે તે ખરેખર તેના બુરા આમાલની સજા છે. ખુદાએ તેને પોતાના ફઝલથી નવાઝયો તો તે ફિરઔન બની ગયો અગર તે આવુ ન કરતો તો તેની આવી હાલત ન થતી.

**ફાયદો** : આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه એ કુદરતના અટલ કાનૂન (જૈસી કરની વૈસી ભરની) ની તરફ ઈશારો કર્યો છે, કોઈ માણસ જવ વાવીને ઘઉંની આશા ન રાખી શકે અથવા કોઈ બાવળ ઉગાડે અને કેરીની આશા ન રાખી શકે.

ક્યારેક એવુ બને કે બુરાઈ કરવાવાળાને સજા મોડી મળે તેને ઢીલ આપવામાં આવે કે કદાચ તૌબા કરી લે. ક્યારેક બુરાઈ કરનારને સજા જલ્દી મળી જાય બાકી મળેતો જરૂર છે જે સૈયદના પીરાને પીર ગૌસે આઝમ رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه ફુત્હુલ ગૈબમાં ફરમાવે છે જેણે ભલાઈનું બીજ રોપ્યુ તે ગિબ્તો (સારીફસલ) કાપશે અને જેણે બુરાઈનુ બીજ રોપ્યુ તે નદામત (પછતાવો) કાપશે." અલ્લાહ પાક ફરમાવે છે **વમંય યઅ-મલ મિસ્કા-લ ઝર્રતીન ખયરંય્યરહ વમંય યઅ-મલ મિસ્કાલ ઝર્રતીન શરરંય યરહ.**

અલ્લાહ ક્યારેક ઝાલિમને તૌબાની તૌફીક આપી બચાવી પણ લે અને માફ કરી દે, માટે હમેશા માણસ પોતાના આમાલ

કરતો રહે અને તૌબા કરતો રહે. કારણકે તૌબા અને નેક આમાલ બુરાઈઓને મીટાવી દે છે.

## ﴾27﴿ હઝરતે શિબ્લી અને એક કીડી

હઝરતે શિબ્લી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ એ એક દિવસ અનાજ વેચવાવાળાની દુકાનથી એક બોરી અનાજ ખરીદ કર્યુ અને પોતાના ખભા ઉપર મુકીને ઘરે આવ્યા. આપ બોરીમાંથી અનાજ કાઢી રહ્યા હતા કે આપની નઝર એક કીડી પર પડી જે અનાજની સાથે બોરીમાં આવી ગઈ હતી. આપના દિલમાં ખયાલ આવ્યો કે આતો ખોટુ થયુ બિચારી કીડી બે વતન થઈ ગઈ, આપને ત્યાં સુધી ચૈન ન આવ્યુ જ્યાં સુધી અનાજવાળાની દુકાન પર જઈ અને કીડીને પાછી ન મુકી આવ્યા.

**ફાયદો :** સરસરી નઝરથી જોતા આમાં કોઈ ગુનોહ નઝર નથી આવતો આતો સામાન્ય વાત છે અને આવુતો રોજ બનતુ હોય છે પરંતુ આમ ઈન્સાનમાં અને સાહેબે તક્વામાં આજ ફર્ક છે. જેવુકે શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદની અશરફી ઈર્શાદ ફરમાવે છે : **“જિનકે રુત્બે હૈં સિવા ઉન સે સિવા મુશ્કિલ હૈ”** તકવાવાળા મામૂલી ગુનાહને પણ કદી મામૂલી નથી સમજતા જેવી રીતે એક વખત કૂફામાં એક બકરીની ચોરી થઈ તો અમારા ઈમામ અબૂ હનીફ رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ એ કૂફામાં એક વરસ સુધી બકરીનું ગોશ્ત ખરીદીને પણ ન ખાધુ કે ક્યાંક ચોરાયેલ બકરીનું ગોશ્ત ખાવામાં ન આવી જાય આ એમનો તક્વો હતો.

ગુનાહને કદી મામૂલી ન સમજવો જોઈએ જેવી રીતે નદી સામાન્ય રીતે જ્યાંથી નિકળતી હોય છે તો એક નાનકડુ ઝરણુ હોય છે પરંતુ આગળ જતા તે એટલી મોટી બની જાય છે કે તેને હોડી વગર પસાર કરવું કઠીન બની જાય છે, આના ઉપરાંત તક્વાની સાવ મામૂલી ઓળખ પણ એ છે કે ઈન્સાન નાની બુરાઈ પણ ન કરે ત્યાં સુધી કે કોઈ ગલત વિચાર પણ મનમાં આવી જાય તો પણ બેચૈન થઈ જાય છે અને તૌબા કરે છે.

## ﴾28﴿ બકરી અને રસ્સી

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે મૈં એક માણસને જોયો કે તે બકરીની રસ્સી હાથમાં પકડીને જઈ રહ્યો હતો અને બકરી તેની પાછળ એવા અંદાજમાં (નાચતી-કુદતી) જઈ રહી હતી કે જાણે કે તેને કોઈ પરવાહજ નથી કે તેના ગળામાં રસ્સી છે કે નથી.

મૈં તે માણસને કહ્યું બકરી એટલા માટે તારી પાછળ ચાલી રહી છે કે તેના ગળામાં દોરડી છે. મારી આ વાત સાંભળીને તે માણસે બકરીની ડોકમાંથી દોરી ખોલી નાખી. આઝાદ થઈને બકરી થોડીવાર આગળ પાછળ ઉછળતી રહી પરંતુ ત્યાંથી ભાગી નહીં.

તે માણસ બોલ્યો : ''અય સાદી ! આ બકરી જે દોરી તેની ડોકમાં બાંધેલ હતી, પરંતુ હકીકતમાં તેને એ અહેસાનની રસ્સીએ મારી ફરમાં બરદાર બનાવી રાખી છે હું તેને સારો ખોરાક (દાણા પાણી) આપતો રહુ છુ અને તેને દુશ્મનની ઈઝાથી બચાવુ છુ **અહેસાનની રસ્સીથી મઝબૂત કોઈ રસ્સી નથી**.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ સાચા મિત્રો અને ખૈરખ્વાહ (સહાનુભુતિ) પૈદા કરવાનો સોનેરી નિયમ બતાવ્યો છે એ વાતમાં કોઈ શક નથી કે ઝુલ્મ અથવા ઝોર તલબી વડે કોઈને મજબૂર કરી શકાય છે પણ તે કદી તમારી ખિદમત દિલથી નહીં કરે અને મૌકો મળતાજ એ તમારી દુશ્મની પર ઉતરી આવશે જ્યારે હુસ્ને સુલૂક (સદ વર્તન)થી દિલ જીતી શકાય છે અને તેની ઈતાઅત (તાબેદારી) સાચી ઈતાઅત હશે.

## ﴾29﴿ સિંહ અને શિયાળ

એક મોમિન એક જંગલમાં સફર કરી રહ્યો હતો એક જગ્યાએ તેણે એક લંગડા શિયાળને જોયુ જે બેબસ અને લાચાર થઈને એક ઝાડીની પાસે પડયુ હતુ, દરવેશને વિચાર આવ્યો કે આ

બીચારૂ ન શિકાર કરવાને યોગ્ય છે કે નથી ક્યાંય જઈ આવી શકે તેમ તો આ પોતાનુ પેટ કઈ રીતે ભરતુ હશે ?

દરવેશ આવા વિચારોમાંજ હતો કે એક સિંહ કોઈ શિકારને મોંમાં દબાવી ત્યાં આવ્યો અને બિલ્કુલ શિયાળની નજીક આવીને શિકારમાંથી ખાવાનું શરૂ કર્યું ? અને બાકી બચેલ ત્યાંજ છોડી ચાલ્યો ગયો અને સિંહના વધેલા ખોરાકમાંથી શિયાળે પેટ ભર્યું.

દરવેશ આને ઈત્તિફાક (જોગાનુ જોગ બનવાજોગ) સમજ્યો કે ક્યારેક ક્યારેક આવુ બની જતુ હોય છે પણ જ્યારે બીજા દિવસે પણ આમજ થયુ તો તેને પાક્કુ યકીન થઈ ગયુ કે શિયાળને રિઝ્ક પહોંચાડવા માટેનો આ ખુદાઈ ઈન્તિઝામ (વ્યવસ્થા) છે અને પછી પોતાના દિલમાં ફૈસલો કરી લીધો કે હવે હું પણ મારી રોઝી મેળવવાની કોશિશ નહીં કરું ખુદા પાક જ્યારે આ લંગડા શિયાળને સિંહના વડે રિઝ્ક પહોંચાડે છે તો તે મને પણ ભુખ્યો નહીં છોડે આવો ફૈસલો કરીને તે એક જગ્યાએ સુકૂનથી બેસી ગયો.

દરવેશને પાક્કુ યકીન હતુ કે મને પણ ક્યાંકથી ખાવાની ચીઝો પહોંચાડવામાં આવશે પરંતુ ઘણો સમય પસાર થઈ ગયો પરંતુ તેની પાસે કંઈજ ન આવ્યુ. ભુખના કારણે આંતળિયો સુકાવા માંડી ઝબાન કુલહુવલ્લાહ પઢે અને પેટ ભુખ ભુખ તરસ તરસ કરે ! આ ગભરાહટ અને પરેશાનીના આલમમાં તેના કાનમાં અવાજ આવ્યો કે "અય કમ હિમ્મત દરવેશ ! તૂ લંગડુ શિયાળ બનવા માંગે છે ? તારા માટે બહેતર તો એ છે કે તૂ સિંહ બને ખુદ શિકાર કરે ખુદ ખાય અને બીજાને ખવડાવે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં રિઝ્ક હાસિલ કરવાના બાબમાં ઈસ્લામી નુક્તએ નઝર અને તવક્કુલની હકીકત જાહેર કરી છે કે ઈન્સાને ખુદ પ્રયત્ન કરવો જોઈએ અને ભરોસો પોતાના પ્રયત્ન પર ન કરવો જોઈએ પરંતુ તવક્કુલ ખુદાએ તઆલા પર રાખવો જોઈએ.

ખરેખર રઝ્ઝાક ખુદાએ તઆલા છે પણ તેણે તને હાથ, પગ, અકલ, આંખ, કાન આપ્યા છે તો આ અલ્લાહની નેઅમતોનો ઉપયોગ કરી હિલા વડે રિઝ્ક તલાશ કરવું જોઇએ અને સાથે સાથે કમઝોર લાચાર બે સહારા, બીમાર કે વૃધ્ધોની મદદ કરવી જોઇએ કે તલાશે રિઝ્ક સુન્નતે રસૂલ છે સુન્નતે સહાબા અને સુન્નતે ઔલિયા છે. (1) સુન્નત પર અમલ કરવાનો સવાબ મળશે (2) ખુદ્દારીથી ઝિન્દગી પસાર કરવાની લિઝ્ઝત અને ઇઝ્ઝત મળશે અને (3) કમઝોર લોકોની મદદ કરવાનો સવાબ મળશે.

તો આ છે સાચી ઇસ્લામી ઝિન્દગી.

## ﴾30﴿ બેફૈઝ આબિદ

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه બયાન ફરમાવે છે કે મૈં મુલ્કે શામમાં રહેવાવાળા એક પહોંચેલ (કામિલ) સૂફીના બારામાં જાણ્યુ તો તેની ઝિયારતના માટે અમુક દોસ્તોને સાથે લઇને પહોંચી ગયો. એ માણસ બહુજ ખુશ હાલ હતો સવારી માટે ઘોડા, રહેવા માટે ઉંચા દરજ્જાનુ બહેતરીન મકાન, બાગ બગીચા અને નૌકર ચાકર બધુજ અલ્લાહે તેને આપી રાખેલ હતુ.

અમારા આવવાની તેને જાણ થઈ તો બહુજ ગર્મ જોશીની સાથે અમારૂ સ્વાગત (ઇસ્તિક્બાલ-વેલકમ) કર્યુ, દરેકના હાથ ચુમ્યા, ઇઝ્ઝતથી બહેતરીન ફર્શ પર બેસાડયા. એક દમ મહોબ્બતથી પેશ આવ્યો, રહેવા માટે કમરો (રૂમ) કાઢી દીધો, પરંતુ ખાવા પીવાની કોઈ વ્યવસ્થા ન કરી મોડે સુધી અમારી સાથે વાતો કરતો રહ્યો અને મોડી રાત્રે ઉઠીને પોતાના ખાસ રૂમમાં ઇબાદત માટે જતો રહ્યો.

ભુખ એને તરસની તક્લીફથી અમે લોકો પૂરી રાત પરેશાન રહ્યા અમને હતુ કે સવાર થતાજ એ અમારા માટે દસ્તરખ્વાન બીછાવશે પરંતુ એમ ન થયુ સવારના સમયે એ અમારી પાસે આવ્યો પહેલાની જેમજ અમારા હાથ ચુમ્યા અને મીઠી મીઠી વાતોનો સિલ્સિલો શરૂ કરી દીધો.

મારા સાથીઓ માંથી એક બેબાક નવયુવાન પણ હતો જ્યારે તેને અંદાજ આવી ગયો કે રાતની જેમજ દિવસમાં પણ આપણને ભુખ્યાજ રાખવાનો આનો ઈરાદો છે તો તેણે કહ્યું : "અસલ વાત તો એ છે કે દરવેશને માટે તોશા" (ખાણુ) "બોસા" (હાથ ચુમવા) કરતા બહેતર હોય છે એટલેકે ખાવાનું ખવડાવવુ હાથ ચુમવા કરતા બહેતર છે તમે અમારા જુતા ન ઉપાડો બલ્કે કંઈક ખાવાનુ આપો જવાંમર્દ સખાવતના હિસાબથી જીતી ગયા અને રાત ભર જાગીને ઈબાદત કરનાર જીતી ન શક્યા.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ એ આ હિકાયતમાં ઝબાની ઈબાદત પર અમલી ઈબાદતની ફઝીલત બયાન કરી છે જે લોકો હુજરામાં બંધ થઈને અલ્લાહ અલ્લાહ કરવાને બહુજ મોટો કમાલ સમજે છે તેના મુકાબલામાં એ લોકોનો દરજો બહુ બુલંદ છે જે ખુદાએ તઆલાના બંદાઓની તક્લીફ દૂર કરે છે અને ખુદા તઆલાએ પોતાના ફઝલ અને કરમથી તેને જે કંઈ આપી રાખ્યુ છે તેનો બંદાઓની ભલાઈના કામોમાં ઉપયોગ કરે છે.

## ﴾31﴿ અહેસાનની તલવાર, હાતિમતાઈ

એક બાદશાહે હાતિમતાઈની શોહરત સાંભળીતો તેના દિલમાં હસદ પૈદા થયો તેણે જોયુ કે જ્યાં સુધી હાતિમ જીવે છે ત્યાં સુધી મને ઈઝ્ઝત કે શોહરત નહીં મળે હું ગમે તેટલા ભલાઈના કામ કરૂં લોકો હાતિમતાઈના જ વખાણ કરતા રહેશે. આવુ વિચારીને તેણે એક ચાલાક અને લડાઈના દાવપેચ જાણકાર માણસને એ કામે લગાડી દીધો કે જે રીતે પણ થઈ શકે હાતિમને કત્લ કરી નાખે.

ભાડાનો આ કાતિલ હાતિમનું ખૂન કરવાના ઈરાદાથી તરકશને તીરોથી ભરીને અને તલવારની ધાર તેઝ કરીને એ શહેર તરફ જવા નિકળી પડયો જ્યાં હાતિમતાઈ રહેતો હતો. ત્યાં તેની મુલાકાત એક ખૂબ સૂરત, ખુશ અવાજ ઈન્સાનથી થઈ જ્યારે તેને

ખબર પડી કે આંગતુક મુસાફર છે તો એ ભાડાના ખૂનીને પોતાના ઘરે લઈ ગયો અને એટલા ખુલૂસથી તેની મહેમાની કરી કે કાતિલના દિલમાં પોતાના એ મેઝબાનની મહોબ્બત પૈદા થઈ ગઈ, બીજા દિવસે જ્યારે મહેમાને પાછા જવાનુ વિચાર્યું તો હાતિમે તેને કહ્યું કે "થોડા દિવસ મારે ત્યાંજ રોકાઈ જાવ અને મને તમારી ખિદમત કરવાનો મૌકો આપો" હવે એ કાતિલ શખ્સના દિલમાં પોતાના મેઝબાનની ઇઝ્ઝત વધારે થઈ ગઈ તેનો શુક્રિયા અદા કરીને બોલ્યો : "હું પણ વિચારતો હતો કે થોડા દિવસ આપની પાસે રહુ પરંતુ એક એવુ જરૂરી કામ છે કે તે પુરૂં કરવા માટે નિકળવુ જરૂરી છે.

મેઝબાને કહ્યું કે "અગર આપ મને રાઝદાર બનાવવુ પસંદ કરો તો કદાચ એ કામમાં હું પણ તમારી કંઈક મદદ કરી શકુ."

આ વાત સાંભળીને એ ભાડુતી ખૂનીએ રાઝના અંદાજમાં કહ્યું કે "મારા બાદશાહે મને હાતિમતાઈના કત્લની જવાબદારી સોંપી છે. હું તેનું સર કલમ કરી (માથુ કાપી) બાદશાહ પાસે લઈ જઈશ, તમને હાતિમનો પતો ખબર હોય તો મને બતાવો.

આ સાંભળીને તે માણસ હંસ્યો અને બોલ્યો કે હાતિમતાઈ તો હુંજ છુ તમે શૌખથી મારૂં માથુ કાપી નાખો અને તાત્કાલીક રવાના થઈ જાવ અગર તમે હમણાંજ આ કામ નહીં કરો તો શક્ય છે કે લોકો તમને ન કરવા દે અને નુક્સાન પહોંચાડે.

હાતિમની આ વાત સાંભળીને તે માણસ તેના પગમાં પડી ગયો અને શર્મિંદા થઈ ગયો કે તેણે આવા અઝીમુશ્શાન સરદારને નુક્સાન પહોંચાડવાની નિય્યત કરી તેણે તલવાર અને તરકશ ફેંકી દીધા અને એમ કહેતો કહેતો રવાના થઈ ગયો કે હું તો આવા મુઅઝ્ઝઝ અને અઝીમુશ્શાન સરદારને તલવાર તો દૂરની વાત છે તેના શરીર પર ફૂલ મારવાનું પણ પસંદ ન કરૂં.

હાતિમતાઈથી રુખ્સત લઈને તે જ્યારે પોતાના બાદશાહ પાસે પહોંચ્યો અને પોતાનો અનુભવ કહ્યો તો તે બાદશાહના દિલમાંથી પણ હસદ (ઈર્ષા) જતો રહ્યો.

## ﴾32﴿ હાતિમતાઈની દીકરી

રિવાયત છે કે રસૂલે પાક صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ના મુબારક જમાનામાં ઈસ્લામના મુજાહિદોએ યમન પર ચઢાઈ કરી તો ત્યાંથી અમુક કૈદી મદીના શરીફ લાવ્યા એ કૈદીઓમાં કબીલએ બની તયના સરદાર હાતિમતાઈની દીકરી પણ હતી.

એ કૈદીયોના ભવિષ્યના બારામાં ફૈસલો થવા લાગ્યો તો હાતિમતાઈની દીકરી પોતાની જગ્યાએથી ઉભી થઈ અને બહુજ સલીકાથી અરજ કરી : "હું કબીલએ તયના મુઅઝ્ઝઝ સરદાર હાતિમતાઈની દીકરી છુ મારો બાપ સખાવત અને મુરવ્વતમાં બે મિસાલ હતો કોઈ પણ સવાલી તેમના દરવાઝેથી નિરાશ પાછો ન જતો.

રસૂલે મકબૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ ફરમાવ્યુ : આ સિફત (ગુણ) તો મુસલમાનોના છે હુઝૂરે પાક صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ હુકમ કર્યો કે છોકરીને ઇઝ્ઝતની સાથે આઝાદ કરી દેવામાં આવે તો તેણીએ કહ્યુ : "હું આ આઝાદી પર કદીપણ ખુશ નથી કે હું તો આઝાદ થઈ જઉ અને મારા કબીલાના લોકો આ નેઅમતથી મહેરૂમ રહે" છોકરીની આ વાત સાંભળીને હુઝૂર રહમતે આલમ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ તમામ કૈદીયોને આઝાદ કરી દીધા અને તેઓ ઈઝ્ઝતની સાથે ખુશી ખુશી પોતાના વતન ગયા.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં એ વાત બતાવી છે કે ઈસ્લામ દરેક ભલાઈનો કદરદાન છે, બીજા ધર્મોની જેમ ખોટી તરફદારી અને નફરત પર ઈસ્લામની બુનિયાદ નથી. સુબ્હાનલ્લાહ

## ﴾33﴿ બુરાઈના બદલે ભલાઈ

એક બયાબાન જંગલમાં એક ગરીબ માણસનો સવારીનો ગધેડો કીચડમાં ફસાઈ ગયો. એકતો જંગલ, બીજુ ખરાબ વાતાવરણ અને તેઝ હવા ચાલુ હતી અને વરસાદ હતો.

આ મુસીબતે તે ગરીબ માણસ બહુજ ગુસ્સામાં આવી ગયો અને તે હડાબડીમાં ગધેડાથી લઈને મુલ્કના બાદશાહ સુધી બધાને ગાળો બોલવા લાગ્યો ઈત્તિફાક એવો થયો કે બાદશાહ પોતાના લાવ લશ્કર સાથે ત્યાંથી પસાર થયો અને તે ગરીબની બકવાસ બાદશાહના કાને પડી એ ત્યાંજ રોકાઈ ગયો અને એ ખયાલથી તેણે પોતાના દરબારીઓ તરફ જોયુ કે તેઓ પોતાની સલાહ આપે. એમાંના એક લશ્કરીએ બાદશાહનો ઈરાદો સમજીને સલાહ આપી કે "હુઝૂર ! આને કત્લ કરી નાખવો જોઈએ કારણકે તેણે બાદશાહ સલામતની શાનમાં ગુસ્તાખી કરી છે."

બાદશાહ આ સાંભળીને હંસ્યો અને બોલ્યો "બેશક ! આણે ગુસ્તાખી કરી છે પરંતુ હકીકતમાં તેનો કોઈ કુસૂર નથી આ મુસીબતના કારણે તે ગભરાઈ ગયો છે તેને સજા કરવા કરતા બહેતર એ છે કે તેને મુસીબતથી બહાર કાઢવામાં આવે. અને તેના પર અહેસાન કરવામાં આવે.

આવુ કહીને બાદશાહે ન તેનો ગધેડો કઢાવી દીધો, બલ્કે તેને સવારી માટે ઘોડો, કપડા અને થોડી રોકડ પણ આપી. ઈનામ આપ્યા પછી બાદશાહ આગળ વધી ગયો, તો એક માણસે ગધેડા વાળાને કહ્યું : "તેં તો તારી બરબાદીનો પૂરો સામાન તૈયાર કરી લીધો હતો, આ જે બન્યુ તેને ખુદાનું ખાસ ઈનામ સમજીને શુક્ર અદા કર કે તારો જીવ બચી ગયો."

તે બોલ્યો "ભાઈ હું મારી હાલત મુજબ બકબક કરી રહ્યો હતો અને બાદશાહે પોતાની શાન મુજબ મારા પર કરમ ફરમાવ્યો. સચ્ચાઈ તો એ છે કે બુરાઈના બદલે ભલાઈ કરવી એમાંજ જવાં મર્દી છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં કુરઆને કરીમની એ આયતે મુબારકાની તશ્રીહ કરી છે જેમાં ફરમાવવામાં આવ્યુ કે "તૂ ઉસે જોડ જો તુઝ સે તોડે ઔર તૂ ઉસે અતા કર જો તુઝે મહેરૂમ કરે"

એ વાતમાં કોઈ શક નથી કે ખુદાઈ કાનૂનમાં પણ બદલો લેવાની અને સજા કરવાની જોગવાઈ છે પરંતુ મકામે અહેસાન એ છે કે બુરાઈ કરવાવાળાની સાથે ભલાઈ કરવામાં આવે અને બુઝુર્ગાને દીન અને અલ્લાહના ખાસ બંદાઓ કદી પોતાના નફસને લીધે કોઈનાથી બદલો નથી લેતા. હાં તેઓ દીનના માટે જરૂર બદલો લે છે યાની દીનના દુશ્મનોને સજા આપે છે.

## ﴾34﴿ દરવેશની દુઆ

જમાનાનો સતાવેલ એક મજબૂર એક અમીરના દરવાઝે પહોંચ્યો અને બુમ પાડી એ અમીર બહુજ કંજુસ હતો દરવેશની સદા સાંભળીને તેણે કંઈક આપવાના બદલે શબ્દોના તીર છોડયા.

એ અમીરના પડોસમાં એક અંધ માણસ રહેતો હતો દરવેશ અમીરના ઘરથી નિરાશ પાછો ફર્યો તો આંધળાએ તેને પોતાનો મહેમાન બનાવ્યો અને જે કંઈ હાજર હતુ દરવેશની સામે રાખી દીધુ અને અખ્લાક અને ભલાઈની વાતોથી તેનું દિલ ખુશ કર્યુ.

આંધળાએ દરવેશની સાથે હુસ્ને સુલૂક કોઈ લાલચના કારણે નહીં પરંતુ રહેમ ખાઈને કર્યો હતો અને એક સમયની રોટી ખવડાવી દેવી એ બહુ મોટી વાત ન હતી, દરવેશ આ હુસ્ને સુલૂક (સદવર્તન) થી બહુજ ખુશ થયો અને તેણે હાથ ઉઠાવીને તેના માટે ખૈરો આફિયતની દુવા માંગી અને રવાના થઈ ગયો ખુદાએ તઆલાને આંધળાની આ નેકી એટલી પસંદ આવી ગઈ કે તેના હકમાં દરવેશની દુઆ કબૂલ થઈ ગઈ, તેની આંખમાંથી પાણીના થોડા ટીપા ટપકયા અને તેની અંધ આંખો રોશન થઈ ગઈ.

લોકોને આ વાતની ખબર પડી તો બધાને ખૂબ નવાઈ લાગી અને થોડીજ વારમાં દરવેશની કરામતની ચર્ચા ફૈલાઈ ગઈ. આ સમાચાર તે કંજુસ અને ધમંડી અમીરે સાંભળ્યા તો તે હાથ મલતો રહી ગયો કે હાય અફસોસ ! આ હીરોતો મારો હતો જે

આંધળાની જાળમાં ફસાઈ ગયો આ દૌલત તો મારા માટે હતી આ અંધને મળી ગઈ.

પડોસીઓએ આ વાત સાંભળી તો તેમણે કહ્યું : "એ શાહબાઝ તને ક્યાંથી મળી શકે છે જયારે તૂ તો લાલચુ ઉંદરની જેમ દાંત બહાર કાઢીને બેઠો રહ્યો છે !

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه વાંચકોને આ હિકાયતથી એ મેસેજ આપી રહ્યા છે કે માણસે હમેશા ભલાઈ માટે તૈયાર રહેવુ જોઈએ કોને ખબર ક્યારે કયા રંગમાં ખુદાની રહેમત તેના દરવાજા પર આવી જાય અને કોઈ નેકીને નાની સમજીને છોડવી ન જોઈએ અને કોઈ ગુનાહને નાનો સમજીને કરવો ન જોઈએ.

## ﴾35﴿ પત્થર અને હિરો

એક બાદશાહ પોતાના લાવ લશ્કરની સાથે સફરમાં હતો એક રાત્રે તેમણે એક જગ્યાએ પડાવ નાખ્યો, તો તેના દીકરાના તાજમાંથી એક હીરો પડી ગયો બાદશાહને આ વાતની ખબર પડી તો શાહઝાદાને કહ્યું : "અય દીકરા ! તને તારો એ હિરો ત્યાં સુધી નહીં મળે જ્યાં સુધી એક એક પત્થરને પૂરા ધ્યાનથી ન જોઈલે."

અય મારા દીકરા ! આવારા અને બદચલન લોકોમાં નેક લોકો એવી રીતે હોય છે જેવી રીતે પત્થરોમાં લાલ ! તપાસ કરવાથી અને પરખવાથી અને કસોટી કરવાથીજ ખબર પડે છે કે આ પત્થર નથી પણ હીરો છે, તૂ પોતાની નઝરમાં જેને હકીર અને નીચલા દરજાનો સમજે છે, શક્ય છે કે તે બંદો અલ્લાહ તઆલાની નઝરમાં ઈઝ્ઝતવાળો અને પસંદીદા હોય. ઘણા બધા મુસીબત પામેલ અને દુનિયાવાળાઓના હાથે તક્લીફ ઉપાડનાર લોકો જન્નતમાં ઉમદા લિબાસ પહેરવાવાળા હશે, અગર તૂ અકલમંદ હોય તો જૈલમાં પુરાયેલ શાહઝાદાની પણ કદર કર, શક્ય છે કે તે આવનાર સમયનો તાજદાર બની જાય.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه એ નેક લોકોની શોધખોળ રાખવાનો સબક દીધો છે અને એ કીમતી વાત બતાવી છે કે આ નેક લોકો કોઈ બીજી દુનિયામાં પૈદા નથી થતા પરંતુ અમારી આજ દુનિયામાં પૈદા થાય છે અને અમારી વચમાંજ રહે છે. અલબત્ત શોધવાથી મળે છે અને તેમની સાથે રહેવુ જોઇએ. અલ્લાહ તબારક વ તઆલા કુરઆને કરીમમાં સૂરએ તૌબામાં ફરમાવે છે **"વ કુનુ મઅસ્સાદિકીન "યાની સાચ્ચાઓની સાથે રહો."**

اَلۡحَمۡدُ لِلّٰه عَزَّوَجَلَّ

## ﴾36﴿ કંજુસનો માલ

એક માણસ બહુજ માલદાર હતો પરંતુ કંજુસ એટલો કે માલ ન પોતાની ઉપર ખર્ચ કરતો હતો કે ન પોતાના સંતાન પર કે ન રાહે ખુદામાં વાપરતો હતો, માલ ભેગો કરવાની લાલચમાં તે ખુદ પોતાનોજ કૈદી થઈ ગયો હતો.

એ માણસનો દીકરો કાયમ એ પ્રયત્નમાં રહેતો હતો કે ખબર પડે કે બાપ માલ કયાં સાચવીને રાખે છે ? અંતે એક દિવસ એને ખબર પડીજ ગઈ અને તે માલ કાઢી લેવામાં સફળ થઈજ ગયો અને ખઝાનાનો માલ કાઢીને તેની જગ્યાએ પત્થર મુકી દીધા.

બાપ જેટલી હદનો કંજુસ હતો દીકરો એટલોજ કમ અકલ હતો માલ હાથમાં આવવાની સાથેજ તેણે "રંગ અને નૂર" યાની હુસ્ન અને શબાબ, કબાબ, શરાબની મહેફિલ સજાવવાનુ શરૂ કરી દીધુ. કંજુસ બાપને જ્યારે આ ખબર પડીતો તે માથુ કુટતો રહી ગયો પરંતુ હવે શું ફાયદો ? બાપ રાત રાત ભર જાગીને પોતાના નસીબ પર રડે અને દીકરો રાત રાત ભર જાગીને ઇશ્કિયા મહેફિલ સજાવે. કાશ ! માલ બરબાદ થતા અગાઉ તેણે માલ પોતાની ભલાઈ પર અથવા સંતાનની તાલીમ પર અથવા આખિરતને બહેતર બનાવવા માટે ગરીબ ગુરબા પર રાહે ખુદામાં ખર્ચ કર્યો હોત !.

આમ પણ કંજુસની મિસાલ ખઝાનાના સાંપ જેવી હોય છે કંજુસ કણ કણ, પૈસો પૈસો ભેગો કરે છે અને મરતા સમયે બીજાઓના માટે છોડી જાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُ اللهِ تَعَالٰی عَلَيۡه એ આ હિકાયતમાં કંજુસી યાની લોભની બુરાઈ કરી છે અને આવા લોકોને તેમના અંજામની તરફ ધ્યાન દેવરાવ્યુ છે કે એક દિવસ મૌતનો ફરિશ્તો જરૂર આવશે અને તેના માલને તેનાથી અલગ કરી દેશે યા તો દુનિયામાંજ તેના માલ પર દુશ્મનનો કબ્જો થઈ જશે અને કંજુસના માટે નિરાશા સિવાય કંઈ નહીં બચે.

## ﴾37﴿ નાનકડી નેકી

એક નેક ખસ્લત યુવાને મુસીબતના સમયે એક બે સહારા વૃધ્ધની મદદ કરી હતી, થોડા સમય પછી બન્યુ એવુ કે એ યુવાનથી એક એવી ભૂલ થઈ ગઈ કે જેની સજા મૌત હતી, શાહી સિપાઈઓએ તેને પકડી લીધો અને બાદશાહની અદાલતમાં પેશ કર્યો અને તેણે કેસની સુનવાઈ પછી તેને સજાએ મૌતનો હુક્મ કરી દીધો.

મુકદમાનો ફૈસલો આવી જવાના પછી જલ્લાદ એને એ જગ્યાએ લઈ ગયો જ્યાં સજાનો અમલ થતો હતો તેના કત્લને લાઈવ જોવા માટે તે જમાનાના નિયમ મુજબ હઝારો માણસો ભેગા થઈ ગયા, જેમા તે વૃધ્ધ પણ હતો જેની સાથે તે યુવાને નેકી કરી હતી. વૃધ્ધે પોતાના મોહસીનને એ હાલતમાં જોયો તો તેને બહુજ અફસોસ થયો તે વિચારવા લાગ્યો કે તેનો જીવ કઈ રીતે બચાવવો ? આખરે તેના દિમાગમાં એક તરકીબ આવી ગઈ અને તે ચિલ્લાવા લાગ્યો કે અય લોકો ! ગજબ થઈ ગયો આપણા બાદશાહની મૌત થઈ ગઈ, આપણો મુલ્ક યતીમ થઈ ગયો.

વૃધ્ધની વાત સાંભળીને લોકોમાં ધક્કા મુક્કી થઈ ગઈ લોકો મહેલની તરફ દૌડયા જલ્લાદ પણ તલવાર ફેંકીને શાહી મહેલની તરફ દૌડયો આ ધક્કા મુક્કીમાં પેલા નવયુવાનને ભાગવાનો મૌકો મળી ગયો.

બાદશાહની મૌતની ખબર તો ઝૂઠીજ હતી થોડીજ વારમાં ખબર પડી ગઈ કે વૃધ્ધે ગુનેહગાર યુવાનને બચાવવા માટેજ આવી હરકત કરી હતી, શાહી સવારોએ તેને પકડી લીધો અને તેને બાદશાહે પુછયુ કે "તેં આ હરકત શા માટે કરી ?" તમામ પ્રજા જાણે છે કે હું કોઈ કામ ઈન્સાફના ખિલાફ નથી કરતો પછી તેં અમારી મૌતની ઈચ્છા શા માટે કરી ?

વૃધ્ધ માણસે અદબથી નવયુવાનની નેકીનું વર્ણન કર્યું અને પછીએ એકરાર કર્યો કે મૈં માત્ર તેનો જીવ બચાવવા માટે આ ઝૂઠ ઘડી કાઢયુ હતુ. બાદશાહ ખુદાશનાસ અને નેક દિલ હતો તેણે ન માત્ર વૃધ્ધાને માફ કરી દીધો પરંતુ તેને ઈનામથી નવાઝયો.

યુવાન કત્લગાહથી ભાગીને પડતો આખડતો જઈ રહ્યો હતો, તેવામાં એક એવા માણસે જે તેને ઓળખતો હતો અને સજાએ મૌત વિષે જાણતો પણ હતો તેણે પુછયુ કે તૂ જલ્લાદની તલવારથી કઈ રીતે બચી ગયો ?"

નવયુવાને જવાબ દીધો : "એક નાનકડી નેકી જેને હું સાધારણ સમજતો હતો એ કામ આવી ગઈ."

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ આ હિકાયતમાં બતાવી રહ્યા છે કે નેકી ચાહે નાની હોય કે મોટી હોય અલ્લાહ તઆલા તેનો અજર આપેજ છે ઉપરાંત એ પણ જાહેર છે કે નેકીઓનો બદલો આખિરતમાં તો મળવાનોજ છે પરંતુ તેનું ફળ દુનિયામાં પણ જરૂર મળે છે. સુબ્હાનલ્લાહ

## ﴾38﴿ મૈદાને મહેશરમાં છાંયડો

એક મોમિને સ્વપ્નમાં જોયુ કે કયામત આવી ગઈ છે ખુદાપાકની મખ્લૂક એક બહુજ મોટા અને વિશાળ મૈદાનમાં ભેગી થઈ છે દરેક વ્યક્તી પરેશાન દેખાઈ રહી છે. સૂરજની ગરમીથી ઝમીન તાંબાની જેમ તપી ગઈ છે અને ગરમીના કારણે લોકોની ખોપડીમાં ભેજો ગરમ છે અલબત્તા એ મૈદનમાં એક અલ્લાહનો બંદો આરામથી છાંયડામાં બેઠો છે.

સ્વપ્ન જોનાર બયાન કરે છે કે હું તે ખુશ નસીબ માણસ પાસે ગયો અને તેને પુછ્યુ કે અય ખુશ કિસ્મત ! એ તો બતાવ કે તને આ ઈનામ કઈ નેકીના બદલામાં મળ્યું છે ? કે જ્યારે દરેક જાનદાર પરેશાન છે ત્યારે તૂ એકદમ આરામ અને રાહતમાં છે.

તેણે જવાબ દીધો : "વાત એમ છે કે મૈં મારા ઘરની બહાર અંગૂર (દ્રાક્ષ)ની એક વેલ ઉગાવી હતી એક દિવસ એવુ બન્યુ કે એક વૃધ્ધ માણસ ત્યાં આવ્યો અને દ્રાક્ષની વેલના છાંયડામાં તેણે આરામ કર્યો હું સમજુ છુ કે આ તેનીજ દુઆનુ પરીણામ છે કે હું આરામમાં છુ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰی عَلَیْه ની આ હિકાયતથી એમ જણાવવામાં આવે છે કે જે ચીઝ અલ્લાહના બંદાઓને રાહત પહોંચાડે એજ અમલના પલડામાં (મીઝાને અમલ)માં વજનદાર છે ઉપરાંત એ નેકી ભલે બિલ્કુલ નાની હોય અજર તો મળેજ છે.

## ﴾39﴿ મધમાખીનું રહેઠાણ

એક માણસની મકાનની છતમાં મધમાખીઓએ પોતાનું રહેઠાણ (મધપુડો) લગાવી દીધો હતો. એક દિવસ તેણે વિચાર્યુ કે મધપુડો તોડી નાખે પરંતુ તેની પત્નીએ ના કહી તેણીએ કહ્યું : "આ વાત કઈ રીતે યોગ્ય નથી કે બીચારીઓનું રહેણાંક તોડીને તેને બે ઘર કરી મુકાય."

પોતાની પત્નીની વાત સાંભળીને તે માણસ પોતાના વિચારથી દૂર રહ્યો અને પોતાના કામ ધંધાના માટે સફર પર ચાલ્યો ગયો. હવે બન્યુ એવુ કે રહેમ દિલ ખાતૂન એક વખત મધપુડાની નજીકથી પસાર થઈ તો બધીજ મધમાખી તેને ચોંટી ગઈ અને જહેરીલા ડંખ મારીને પુરૂં શરીર સુઝવાડી દીધુ.

પતી ઘરે આવ્યો અને પોતાની પત્નીને દુખાવાથી કણસતી તડપતી જોઈ તે ઘડી ગલીમાં દૌડતી હતી ઘડી ઘરના સહેનમાં બુમો પાડતી હતી પોતાની પત્નીની એ હાલત જોઈ તો તે બોલ્યો.

"હવે શું કામ ફરિયાદ કરે છે ? અગર તૂ મને ન રોકતી તો હું એ મુઝીઓનો સફાયો કરી નાખતો, યાદ રાખ **બુરાઓ પર રહેમ કરવી તે સારાઓ પર ઝુલ્મ કરવા બરાબર છે,** અકલમંદી એમાંજ છે કે સાંપને જોઈને તુરંત મારી નાખવામાં આવે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે એ પહેલા કે નુક્સાન પહોંચાડનાર આપણને નુક્સાન પહોંચાડે સારૂં એ છે કે એ પહેલાજ તેને મારી નાખવો જોઈએ, બીજુ એ કે નેકી કરતા સમયે અકલથી કામ લેવુ જોઈએ અમારી મહેરબાનીના કારણે કોઈ ડાકૂ ગુંડા કે હરામખોર શક્તીશાળી થઈ જશે તો તે અલ્લાહની મખ્લૂકને તક્લીફજ પહોંચાડશે.

કાંટાદાર બાવળના ઝાડને પાણી ન અપાય તેવીજ રીતે બુરાઈના માર્ગ પર ચાલનારની હોંસલા અફઝાઈ ન કરવામાં આવે.

## ﴾40﴿ આબિદ યુવાન

એક નવયુવાન અલ્લાહની યાદમાં એવો મસ્ત બની ગયો કે શહેર છોડીને રણની તરફ ભાગી ગયો, આ તરફ દીકરાની જુદાઈમાં-બાપનો બહુજ બુરો હાલ થઈ ગયો, તેણે ખાવા પીવાનું છોડી દીધુ અને રાત દિવસ રોવા ધોવામાં લાગી ગયો.

બાપની આ હાલત જોઈને એક માણસ તે યુવાનને મળ્યો અને કહ્યું કે : "તારો બાપ તારી જુદાઈના ગમમાં બેહાલ પરેશાન છે તૂ એવુ કર કે પોતાના ઘરે પાછો ફર જેથી કરીને તેના ઝખ્મી દિલને રાહત મળે."

દીકરાએ જવાબ દીધો : "જ્યારથી ખુદાએ મને અપનાવી લીધો છે મને કોઈની કંઈ ખબર નથી, અય માણસ ! શું તૂ મને ગુમરાહ સમજે છે ? બલ્કે હું તો એ છુ કે જે પોતાની હકીકી મંઝિલ પર પહોંચી ગયો છે. અલ્લાહ તઆલાની આ દુનિયામાં ઘણા એવા માણસો પણ છે જેને ફરિશ્તા પણ કહેવાય અને જાનવર પણ

કહેવાય તેઓ હમેશા દરેક સમય ફરિશ્તાઓની જેમ ખુદાની યાદમાં મસ્ત રહે છે અને જાનવરની જેમ શહેરથી દૂર (ભાગતા) ફરે છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયતમાં કુરઆને કરીમની એ આયતની તશ્રીહ બયાન કરી છે કે બંદાનું ઈમાન એ સમય સુધી કામિલ નથી થતુ જ્યાં સુધી અલ્લાહની અઝમત અને મહોબ્બત બંદાના દિલમાં એવી રીતે ન સમાઈ જાય કે તેના દિલમાં બીજા કોઈની મહોબ્બત માટે જગ્યાજ ન રહે.

ઈસ્લામી તસવ્વુફ તો હકીકતન એ છે કે તે દુનિયવી કારોબારમાં જોતરાયેલ રહે અને દિલ ખુદાની યાદમાં લાગેલુ રહે.

## ﴾41﴿ દુઆ અને અસર

એક દરવેશ આખી રાત ઈબાદત કરતો રહ્યો સવાર થઈ તો તેણે દુઆને માટે હાથ ઉપાડયા અને પોતાની હાજત પોતાના રબથી બયાન કરવા લાગ્યો પરંતુ ગૈબથી અવાજ આવ્યો કે "તારી દુઆ કબૂલ નહીં થાય તૂ ફાલતુ સમય બરબાદ ન કર."

બીજી રાતે દરવેશ ફરી ઈબાદતમાં મશ્ગૂલ રહ્યો અને સવારના સમયે પહેલા દિવસની જેમ ફરીથી દુઆમાં મશ્ગૂલ થઈ ગયો.

તેના એક મુરીદને એ ખબર પડી કે હાતિફે ગૈબથી મારા પીરની દુઆઓ રદ થવાની ખબર આવી ગઈ છે, તો તે દરવેશને દુઆઓમાં મશ્ગૂલ જોઈને બોલ્યો : "જ્યારે કે તમે જાણો છો કે તમારી દુઆ કબૂલ નહીંજ થાય તો પછી શા માટે કારણ વગરની તક્લીફ ઉપાડો છો ?"

દરવેશે મુરીદની આ વાત સાંભળી તો આંખ માંથી આંસૂ વહેવા લાગ્યા અને રડતા રડતા બોલ્યો : "તૂ સાચુ કહે છે મને ધુત્કારી દેવામાં આવ્યો છે પરંતુ હું શું કરૂં ? કે આ એક દરવાજા સિવાય કોઈ બીજો દરવાજો છે જ નહીં અગર ખુદાએ તઆલાએ

મારેથી નઝર ફેરવી લિધી છે તો તૂ એ ન વિચાર કે હું તેનું દર છોડીને બીજા દરવાઝે ચાલ્યો જઈશ મારૂં તો બીજુ કોઈ ઠેકાણુ છેજ નહીં.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَيۡه એ આ હિકાયતમાં એ વાત બતાવી છે કે દરેક સમજદાર ઈમાનદાર ખુદા તઆલાના સિવાય બીજા કોઈને કોઈ હાલતમાં પણ પોતાનો મદદગાર નથી સમજતો, ચાહે તે બા મુરાદ રહે યા નામુરાદ તે માલિકે હકીકીની ચૌખટ પર સજદા કરતો રહે છે તેની દુઆ અગર કબૂલ નથી થતી તો નામુરાદ નાઉમ્મીદ નથી થતો પોતાના ગુનાહોની તૌબા કરતા કરતા દુઆ માટે હાથ ઉઠાવતોજ રહે છે ત્યાં સુધી કે તેનું દામન મુરાદોથી ભરાઈ જાય છે.

## ﴾42﴿ પતી વિરૂદ્ધ ફરિયાદ

એક યુવાન દુલ્હને એક બુઝુર્ગથી ફરિયાદ કરી કે “મારો પતી ક્યારેય મારી સાથે મહેરબાનીનો વર્તાવ નથી કરતો. જ્યારેકે આ મકાનમાં રહેવાવાળા બીજા લોકો સાચા મિત્રોની જમ આપસમાં મેલ જોલ રાખે છે હું મારા પતીના આવા વર્તનથી બહુજ દુખી છુ”

દુલ્હનની વાત સાંભળીને બુઝુર્ગે જવાબ દીધો અગર તારો પતી ખૂબસૂરત છે અથવા તેનામાં બીજી કોઈ ખૂબી હોય તો તેની બેપરવાઈ બરદાશ્ત કરી લે આવા (સારા) માણસથી જુદાઈ અપનાવવી તારા માટે યોગ્ય નથી કે એના જેવો તને બીજો કોઈ નહીં મળી શકે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَيۡه એ સમજાવે છે કે અગર આપણી ઝિન્દગી આપણી ઈચ્છાઓ મુજબ ન હોય તો પણ અને અમારી ચારે તરફ બીજા લોકો એકદમ ખુશ હાલ દેખાતા હોય તો પણ આપણે આપણા રબના શુક્ર ગુઝાર બંદાજ બની રહેવુ જોઈએ. યાદ રાખો અગર તમે ખુદાથી નારાઝ થઈ જશો તો પણ તમે ખુદા તઆલાને કંઈ નુક્સાન નહીં પહોંચાડી શકો, અલબત્ત તમે નુક્સાનમાં રહેશો અને ગુનેહગાર બની જશો માટે હર હાલમાં ઝબાન શિક્વા શિકાયતથી રોકવી જોઈએ.

## ﴾43﴿ અયાઝની ખૂબી

સુલ્તાન મહેમુદ ગઝનવી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه ના મોટા ભાગના તમામ દરબારીઓ એ વાત પર ખૂબજ નવાઈમાં ડૂબેલા હતા કે તે પોતાના ગુલામ અયાઝ પર આટલા બધા ખુશ શા માટે છે ? દરબારીઓને અયાઝમાં કોઈ એવી ખૂબી નહોતી દેખાતી કે જે તેને આટલો બધો ખાસ કરીને બાદશાહની તવજ્જોહને લાયક બનાવી દે.

સુલ્તાનના કાનો સુધી આ વાત પહોંચી તો તેણે ફૈસલો કર્યો કે સમય આવવા પર તે આ એતિરાઝનો જવાબ આપશે અને એ સમય બહુજ જલ્દી આવી પહોંચ્યોં. એક દિવસ સફરના દરમિયાન કીમતી ચીઝોથી ભરેલ ઊંટનો પગ લપસી ગયો હતો તે ઝમીન પર પડી ગયો અને તેની ઉપર લદાયેલ બધોજ સામાન વેર વિખેર થઈ ગયો, સુલ્તાને હુક્મ કર્યો કે આ વિખરાયેલ સામાન માંથી જે માણસ જે ચીઝ ઉપાડીલે તે તેની થઈ જશે.

આ હુક્મ કરીને સુલ્તાન આગળ વધી ગયો એના બધાજ સાથીદારો સામાન લૂટવામાં મશ્ગૂલ થઈ ગયા બસ એક અયાઝ બાદશાહની સાથે રહ્યો મહેમુદે તેને પુછયુ : “અય અયાઝ! શું તને પણ કંઈ મળ્યું?” અયાઝે અદબથી જવાબ દીધો : “હુઝૂર હું તો આપની સાથે છુ” હવે સુલ્તાને દરબારીઓને કહ્યું કે “અયાઝની આજ ખૂબી છે જેણે તેને અમારી નઝરમાં વિશ્વાસપાત્ર બનાવ્યો છે.”

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયત બયાન કર્યા પછી ધ્યાન દેવરાવે છે કે ઈન્સાને આ અંદાજમાં જ અલ્લાહ તબારક વ તઆલાથી પોતાનો રિશ્તો મજબૂત કરી લેવો જોઈએ કે તેના સિવાય કોઈનો ખયાલ પણ દિલમાં ન આવે. સાચો ખુદા પરસ્ત માણસ ત્યારેજ બની શકે છે, જ્યારે તે પોતાની દરેક ઈચ્છા અને પોતાના દરેક જઝ્બાને ઠુકરાવી દે અને ખુદાએ પાકની મરઝી તેની ખુશી અને રિઝાને પોતાની ઝિન્દગીનો મક્સદ બનાવી લે.

તે અલ્લાહની તરફથી આવનાર કોઈ કસોટી અને બંદાઓ તરફથી પડતી તકલીફમાં પણ એટલોજ ખુશ રહે જેટલો નેઅમત મળવા પર ખુશ રહે છે.

## ﴾44﴿ બુઝુર્ગની કરામત

હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰهِ تَعَالٰی عَلَيْه બયાન કરે છે કે એક વખત હું એક મર્દે બુઝુર્ગની સાથે સફરમાં હતો ઝમીની રસ્તો પુરો થઈ ગયો અને દરિયાઈ સફર શરૂ થયો તો હું ભાડુ ચુકવીને હોડીમાં સવાર થઈ ગયો પરંતુ એ વૃધ્ધનો હાથ ખાલી હતો તે ભાડુ ન આપી શક્યો અને નાવીકો (મલ્લાહો) એ ભાડુ ચુક્વયા વગર તેને હોડીમાં બેસાડવાથી ઈન્કાર કરી દીધો.

મને મારા સફરના સાથીદારની આ લાચારી પર ઘણો અફસોસ થયો અફસોસના કારણે મારી આંખોમાં આંસુ આવી ગયા, પરંતુ એ વૃધ્ધ ઝોરથી હસ્યો અને બોલ્યો : ‘‘અય સાદી તૂ શા માટે ગમગીન થાય છે ? જે દરિયો આ હોડીને સામે કિનારે લઈ જશે તે મને પણ પાર ઉતારશે’’ આટલુ કહીને તેણે પોતાનો મુસલ્લો પાણી પર બીછાવી દીધો અને રવાના થઈ ગયો મારા પર હૈબત (ડર) તારી થઈ ગઈ.

બીજા દિવસે સવારે જ્યારે મારી હોડી કિનારા પર પહોંચી તો તે બુઝુર્ગ મારાથી પહેલા ત્યાં હાજર હતા તેણે કહ્યું ‘‘અય સાદી ! આ વાતમાં કંઈ હૈરાન થવાની વાત નથી, તને કશ્તીએ કિનારે પહોંચાડયો અને મને મારા ખુદાએ કિનારે પહોંચાડયો.’’

અય સાદી ! શું તૂ એ નાના બાળકની હાલતથી ખબરદાર નથી કે જે નથી જાણતો કે આગનું કામ બાળી મુકવાનું છે પરંતુ મહેરબાન માં તેની સુરક્ષા કરે છે, બસ આજ હાલ અલ્લાહના ખાસ બંદાઓનો છે તેમના માટે આગ બગીચો અને દરિયો પગદંડી બની જાય છે આવા ઈઝ્ઝતદાર અને મોહતરમ લોકો એવા મકામમાં હોય છે જેને માટે દુનિયાનો સુરજ એક રજકણ અને સાત સમંદર એક ટીપા બરાબર છે.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદીએ એક બુઝુર્ગની કરામત બયાન ફરમાવી છે આ કાએનાતનો દુલ્હો ઈન્સાન માત્ર માટીનું એક રમકડુ નથી તેનામાં બેપનાહ જાતી સલાહિયતો અલ્લાહે અર્પણ કરી છે જે લોકો આ સલાહિયતોથી વાકેફ થઈને તેનાથી કામ લેવાનું જાણે છે તેમના માટે પાણી પર ચાલવુ કે હવામાં ઉડવુ સામાન્ય વાત છે.

## ﴾45﴿ ગામનો સરપંચ અને દેશનો વડો

એક ગામનો મુખી અને તેનો દીકરો સફર કરી રહ્યા હતા એક જગ્યાએ શાહી લશ્કરે તંબુ તાણી રાખ્યા હતા, જ્યારે આ બન્ને તેની નજીક પહોંચ્યા તો સિપાઈઓની સજધજ અને બાદશાહની શાનો શૌકત જોઈ બાપ બેટા પર હૈબત તારી થઈ ગઈ તે કયારેક એ ગુલામોને જુએ કે જેની કમર પર સોનેરી પટ્ટા બાંધેલા હતા, એ કયાંરેક હથિયારોથી લદાયેલ સિપાઈઓને જૂએ મુખીની હાલતતો દીકરા કરતા પણ વધારે ખરાબ હતી તેના પર ભય તારી થઈ ગયો, ત્યાં સુધીકે ભાગીને એક બાજુ સંતાઈ ગયો.

દીકરાએ જ્યારે બાપની આ હાલત જોઈ તો તેણે કહ્યું કે અબ્બાજાન ! તમે પણ તમારા ગામના લોકોમાં સરદાર છો અને જયાં સુધી હું માનું છુ કે આપ બહુજ મોટા લીડર (નેતા) છો તો પછી આપ બાદશાહના લશ્કરને જોઈ આટલા બધા ડરી કેમ ગયા ?

મુખીએ જવાબ દીધો : દીકરા ! એ વાતમાં કોઈ શક નથી કે હું મારા ગામનો સરપંચ છુ પરંતુ બાદશાહની સામે મારી શી હૈસિયત ? હું તો તેના સામાન્ય ચાકરમાં શામિલ થવા જેટલી પણ કાબિલિયત નથી રાખતો.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની શાને કિબ્રિયાઈની સમજ ધરાવનાર ઔલિયાએ કિરામ હર સમય દરેક પળે ખુદાના ખૌફથી કાંપતા રહે

છે કે તેમની હાલત એ સરપંચ જેટલી પણ નથી હોતી જે ગામમાં પોતાને સહુથી મોટો સમજીને ઈતરાતો હોય છે.

માણસ જેટલો ઈલ્મમાં વધારે એટલોજ તેનો ખૌફ વધારે જેવુકે અલ્લાહ તઆલા પોતાના પાક કલામમાં સૂરએ ફાતિરમાં ફરમાવે છે કે : "અલ્લાહના ખૌફથી ઉલમાઓજ ડરે છે અને ખુદ રસૂલે મકબૂલ, મહબૂબે રબ્બુલ આલમીન ઈર્શાદ ફરમાવે છે કે અય લોકો ! તમારામાં હું અલ્લાહ તઆલાની સહુથી વધુ મારેફત રાખુ છુ અને હું સહુથી વધારે ડરવાવાળો છુ.

## ﴾46﴿ હકીકી કારસાઝ

એક માણસે શીરાઝના બાદશાહ અતાબક સઅદ બિન ઝંગીની શાનમાં કસીદો પઢયો. બાદશાહ એ કસીદો સાંભળીને બહુ ખુશ થયો અને તેને ખૂબજ કીમતી પોશાક અર્પણ કર્યો એ ખિલઅતના દામન પર **"અલ્લાહ બસ"** લખેલ તુગરો (સ્ટીકર) હતુ કસીદો પઢનારની નઝર એ તુગરા પર પડી તો તેની હાલત અજીબ થઈ ગઈ તેણે પોતાના શરીર પરથી પોશાક ઉતારીને ફેંકી દીધો અને પાગલોની જેમ જંગલની તરફ ભાગ્યો.

જંગલમાં તેની મુલાકાત દરવેશોથી થઈ દરવેશ તેના મોંએ તમામ વાત સાંભળીને બહુ હૈરાન થયા એકે કહ્યુ "તૂ પણ અજબ માણસ છે બાદશાહની તરફથી અર્પણ થયેલ ઈનામને આમ ઠુકરાવી દીધુ."

તે બોલ્યો : "મૈં આવુ એટલા માટે કર્યુ કે મારા પર એ હકીકત ખુલી ગઈ કે **હકીકી કારસાઝ તો બસ અલ્લાહ પાકની ઝાત છે,** જયા સુધી હું એ હકીકતનો જાણકાર ન હતો ખૌફ અને ઉમ્મીદ ઝિલ્લતમાં ડૂબેલ હતો હવે જ્યારે અલ્લાહ પર યકીને કામિલ થઈ ગયુ તો હવે મારા દિલમાં ન બાદશાહનો કોઈ ડર છે ન તેનાથી કોઈ ઉમ્મીદ છે.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ તમામ ખૌફ અને તમામ લાલચ ઉમ્મીદોની બુનિયાદ એટલે કે ગૈરુલ્લાહ પર ભરોસો છોડી દેવાની શીખ આપી છે, જ્યારે તને દુનિયાવી વસાઈલથી કિનારો મળી જશે તારૂં અલ્લાહ પરનું યકીન કામિલ થશે અને તને પરેશાનીયોથી યકીનન નજાત મળી જશે, તમામ ચીંતા અને ગમથી મુકમ્મલ છુટકારો ખુદાએ તઆલાની ઝાત પર કામિલ યકીન જ છે.

## ﴾47﴿ કતરે સે મોતી તક

આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એક રૂપક (દ્રષ્ટાંત કથા, મિસાલ) બયાન ફરમાવે છે કે આકાશમાં વાદળો છવાઈ ગયા હતા, પણ એક બુંદ પાણી હજી વરસ્યુ ન હતું અચાનક પાણીનું એક નાનકડુ ટીપુ વાદળથી ટપક્યુ અને સમુદ્રમાં પડયુ તેણે સમુદ્રની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈનો તાગ કાઢયો તો હૈરત થઈ અને તેને પોતાની ઝાત હકીર લાગી તેણે વિચાર્યું આટલા મોટા દરિયાની સામે મારી તો કોઈ હસ્તીજ નથી હું તો કોઈ ગણત્રી કે લાઇનમાંજ નથી, બાકી રહું તો શું અને ખતમ થઈ જાઉ તો શું ?

ટીપાએ ખાકસારી અને આજિઝીથી આમ વિચાર્યુ તો એક સદફ (છીપ)એ મોં ખોલ્યુ અને તેને પોતાના મોંમાં લઈ લીધું અને પછી પરવરીશ કરી અને અલ્લાહ તઆલાની કુદરતનો કમાલ કે એ ટીપાને એક બહુ મુલ્ય અતિ કીમતી મોતી બનાવી દીધુ, યકીનન આ ઈઝ્ઝત આ મર્તબો તેને એટલા માટે મળ્યો કે તેણે પોતાની ઝાતને હકીર જાણી, ઈન્કેસારી (નમ્રતા) બહુ મોટી દૌલત છે અને મર્તબા અપાવે છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં આજિઝી અને નમ્રતાનો સબક આપ્યો છે અને આ ગુણ ખરેખર ઈન્સાનિયતની મેઅરાજ છે યાની કે નમ્રતા જ બુલંદી છે જેણે આજિઝી અપનાવી અલ્લાહ તઆલાએ તેનો રુત્બો બુલંદ કર્યો

અને જેણે ગુરૂરો તકબ્બુરથી માથુ ઉંચકયુ અલ્લાહે તેને ઝલીલ કર્યો મિસાલ મશ્હૂર છે :

**મિટાદે અપની હસ્તી કો અગર કુછ મર્તબા ચાહે**
**કે દાના ખાક મેં મિલ કર હી ગુલે ગુલઝાર હોતા હૈં**

## 《48》 કુડા કરકટ

કુસ્તુન્તુનિયાના સમુદ્ર કિનારે એક દિવસ એક એવો યુવાન ઉતર્યો જેની પેશાની પરથી સઆદતનું નૂર જાહેર થઈ રહ્યું હતુ લોકોએ તેને ગંભીર અને ખુશ મિજાઝ જોયો તો ઈઝ્ઝતની સાથે તેને મસ્જિદમાં લઈ ગયા અને મસ્જિદના ઈમામે ખુશી ખુશી તેના રહેવા ખાવાની વ્યવસ્થા કરી આપી.

યુવાન ઇત્મીનાનો સુકૂનની સાથે મસ્જિદના હુજરામાં રહેવા લાગ્યો. એક દિવસ ઈમામ સાહેબે તેને કહ્યું : "મિયાં સાહેબઝાદા તૂ કંઈ ખાસ કામતો કરતો નથી, મસ્જિદમાંથી કુડો કચરોજ સાફ કરી દે."

ઈમામ સાહેબની આ વાત સાંભળીને યુવાન પોતાની જગ્યાએથી ઉભો થયો અને એવો ગાયબ થયો કે પાછુ ફરીને મસ્જિદની તરફ જોયુ પણ નહીં, આ બનાવના થોડા દિવસ પછી ઈમામ સાહેબ બજારમાંથી પસાર થઈ રહ્યા હતા કે તેમની નઝર એજ નવયુવાન પર પડી, તો તેમની પાસે ગયા અને મલામત કરવા લાગ્યા એટલે કે બુરૂ ભલૂ કહેવા લાગ્યા કે તૂ કામચોર અને નકામો છે તારાથી આટલૂ કમતર (સામાન્ય) કામ પણ ન થઈ શક્યુ.

ઈમામ સાહેબની આ વાત સાંભળીને તે યુવાનની આંખમાં આંસુ આવી ગયા, તેણે કહ્યું : "જનાબે વાલા ! મારી મસ્જિદથી નિકળી જવાનું કારણ મારી કામચોરી અથવા સુસ્તી નથી બલ્કે અસલ કારણ એ હતુ કે મસ્જિદમાં મને પોતાની ઝાત સિવાય કોઈ કુડો કચરો ન દેખાયો અને મૈં ખુદાના ઘરને મારા વુજૂદથી પાક કરી દીધુ.

સાચી વાત એ છે કે દરવેશના માટે બધાથી સારી સાચી વાત એજ છે કે તે પોતાના વુજૂદને બધાથી હકીર સમજે, સરબુલંદ થવા માટે યાની કે બુલંદ મકામ પામવા માટે નમ્રતા સિવાય કોઈ સીડી નથી.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં નમ્રતાની અઝમત જાહેર કરી છે એ વાતમાં કોઈ શક નથી કે નમ્ર બનીને રહેનાર ઈન્સાનજ બન્ને જહાંની સઆદતો હાસિલ કરી શકે છે નમ્રતા છોડીને તકબ્બુર અપનાવનારના હિસ્સામાં ઝિલ્લત સિવાય કંઈ નથી.

## ﴾49﴿ સુલ્તાનુલ આરેફીન હઝરત બાયઝીદ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ

મશ્હૂર બુઝુર્ગ બાયઝીદ બુસ્તામી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ઈદના દિવસે સવારે ગુસ્લ કરીને હમ્મામથી નિકળ્યા તો કોઈએ થાલમાં ભરીને ગરમ ગરમ રાખ બારીમાંથી આપની ઉપર ફેંકી. આ હરકત બહુજ તક્લીફ દાયક હતી, પરંતુ હઝરત બન્ને હાથોથી રાખ સાફ કરતા જતા હતા અને ફરમાવતા હતા કે :''અય નફસ ! તૂ તો આગને લાયક છે તો પછી આ રાખથી તને શા માટે ગુસ્સો આવે છે ?

**ફાયદો :** હઝરતે બાયઝીદ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ નો મકામ વલીયોમાં એટલો બુલંદ છે જેટલો ફરિશ્તાઓમાં હઝરતે જિબ્રઈલ عَلَیۡہِ السَّلَام. આપ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ નો આ કિસ્સો બયાન કર્યા પછી હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે ખુદા પરસ્ત કદી પણ પોતાની ઝાતને ધ્યાનને કાબિલ યા ઈઝ્ઝતને લાયક નથી સમજતા, **''જે ખુદબીં હોય તે ખુદાબીં નથી હોઈ શકતો''** યાની કે જે પોતાનેજ જુએ છે તે ખુદાને નથી જોઈ શકતો. જન્નતમાં જવા યોગ્ય એજ થશે જે નમ્રતા અપનાવે બુલંદી હમેશા નમ્રતાથીજ હાસિલ થાય છે, ગુરૂર તો ઈન્સાનને માટીમાં મેળવી દે છે. હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં સહન કરવા, સબ્ર કરવા અને ગુસ્સા પર કાબૂ રાખવાનો સબક આપ્યો છે.

## «50» ખુશ કિસ્મત ગુનેહગાર નમ્રતા અને ઘમંડ

હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام ના જમાનામાં એક બહુજ નાફરમાન બાગી, અય્યાશ, આવારા અને ઝાલિમ શખ્સ હતો, જે અલ્લાહની મખ્લૂકને એટલી હદે સતાવતો કે અઝાબનો નમુનો બની ચુક્યો હતો, તેનો પૂરો સમય લોકોને તક્લીફ પહોંચાડવામાં વીતતો હતો, બચપન થી લઈને વૃધ્ધા વસ્થા સુધી તેણે નેકીનું એક પણ કામ કર્યું ન હતુ એની આવી ખરાબ હરકતોના કારણે લોકો તેની સામે જોવુ પણ પસંદ નહોતા કરતા અગર તે દેખાઈ જતો તો તેની પાસેથી પસાર થવુ પણ લોકો પસંદ નહોતા કરતા.

એક દિવસની વાત છે કે હઝરતે ઈસા રૂહુલ્લાહ عَلَيْهِ السَّلَام જંગલથી શહેરની તરફ આવી રહ્યા હતા તો એમના જમાનાનો એક આબિદ અને ઝાહિદ શખ્સ પોતાના ઝરૂખામાંથી નીચે આવી આપની ખિદમતમાં હાજર થયો અને એકદમ અકીદતની સાથે આપના કદમો પર બોસો દીધો, પેલો બદમાશ દૂરથી ઉભો ઉભો આ નઝારો જોઈ રહ્યો હતો તેણે આટલા બધા ઈઝ્ઝતદાર માણસને હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام ના કદમો પર ઝુકતા જોયો તો તેને પોતાની હાલત પર અને ખુદ પોતાની જાત પર એટલી હદે અફસોસ થયો કે એક હું છુ કે લોકો મારૂં નામ લેવુ પણ પસંદ નથી કરતા અને એક આ અલ્લાહના નેક બંદા (પૈગમ્બર) છે કે મોટી મોટી હસ્તીઓ તેમના કદમ ચુમે છે.

આટલુ વિચારીને તેનું દિલ ભરાઈ આવ્યુ અને તે રડી પડીને અલ્લાહ પાકથી પોતાના ગુનાહોની માફી માંગવા લાગ્યો જે વખતે એ ગુનેહગાર રોવા ધોવામાં મશ્ગૂલ હતો તે વખતે આ નેક માણસની નઝર તેના પર પડી તેણે બહુજ ગુસ્સામાં આવીને કહ્યું આખરે આ મર્દૂદ અહીંયા શું કરી રહ્યો છે ? તેનુ અહીંયા શું કામ છે ? એ તો જહન્નમનું ઈંધણ છે કદાચ દોઝખ પણ આનાથી

પનાહ માંગશે, આવુ વિચારીને તેણે દુઆ માંગી કે : "અય ખુદા ! મારો અંજામ આ મર્દૂદની સાથે હરગિઝ ન કરજો."

જે વખતે એ આબિદ આ દુઆ માંગતો હતો એજ વખતે હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام પર વહી ઉતરી કે ગુનેહગાર પોતાના ગુનાહ પર શરમાઈને તૌબા અસ્તગફાર કરીને જન્નતનો હકદાર બની ગયો કારણકે જે અમારા દરવાજા પર નમ્રતા લઈને આવે તેને અમો માયૂસ નથી કરતા અને એજ વખતે આબિદ તથા ઝાહિદે દુઆ માંગી કે તેનો હશ્ર પેલાની સાથે ન થાય એટલા માટે હવે તેને જન્નતની બદલે દોઝખમાં નાખી દઈશુ એટલા માટે કે તેણે પોતાના ઝોહદો તક્વા પર ગુરૂર કર્યો એ તેના તમામ આમાલ બરબાદ થઈ ગયા અમે એક સાથેજ બન્નેની દુઆ કબૂલ કરી લિધી.

**ફાયદો :** જ્યારે તે આબિદે ગુનેહગારને જોયો તેણે કહેવુ જોઈએ કે અય અલ્લાહ ! આ ગુનેહગારના ગુનાહ માફ કર તેને તૌબાની તૌફીક આપ તેના બદલે તેણે પોતાના આમાલ પર ઘમંડ કર્યો.

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં પારસાઈના ગુરૂર પર નદામતના આંસૂઓની બરતરીનો ઝિક્ર કર્યો છે.

ઝિન્દગી ભર ગુનાહોમાં ડૂબેલ માણસ પણ સાચા દિલથી તૌબા કરે તો અલ્લાહ કરીમ પોતાના ફઝલ અને કરમથી તેને જરૂર માફ કરી દે છે એટલુજ નહીં પણ જ્યારે તૌબા કબૂલ થઈ જાય છે તો અલ્લાહ તઆલા તેના ગુનાહોને નેકીઓમાં બદલી દે છે. (સૂરએ ફુરકાન)

## ﴾51﴿ ઇલ્મની જીત

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه બયાન કરે છે કે એક દિવસ કાઝીની અદાલતમાં કોઈ ઈલ્મી મસ્અલા પર બહેસ થઈ રહી હતી તે દરમિયાન એક જુના પુરાણા કપડા પહેરેલ દરવેશ અદાલતમાં દાખલ થયો અને એક જગ્યા પર બેસી ગયો.

હાઝિરીને મજલિસે તેને એક સાવ મામૂલી માણસ સમજી ત્યાંથી ઉભો કરી બૂટ ચંપલ રાખવાની જગ્યાએ બેસાડયો, દરવેશને દુખ તો થયુ પણ તે ચુપ રહ્યો.

ચર્ચા કોઈ એક અત્યંત જરૂરી મસ્લા પર થઈ રહી હતી અને ઈત્તિફાક એવો હતો કે કોઈ પણ એ સમસ્યાનો યોગ્ય હલ બતાવી શક્વા પર કામિયાબ નહોતો થઈ શકતો, લગભગ બધાજ ગુસ્સામાં ભરાઈને એક બીજાને ચુપ કરાવવાનો પ્રયત્ન કરતા હતા, તેમની ગર્દનની રગો ફુલાઈ ગઈ હતી અને મોંમાંથી જાણે આગ ઓકતા હતા.

દરવેશ દૂર ચુપ બેસીને તેમનો તમાશો જોઈ રહ્યા હતા. પછી તે મોટા અવાજે બોલ્યા હઝરાત ! અગર ઈજાઝત આપો તો આ બારામાં હું કંઈક અર્ઝ કરૂં'' કાઝીએ તુરંત ઈજાઝત આપી દીધી અને દરવેશે બહુજ બહેતર અન્દાઝમાં દલીલોની સાથે બહુ સહેલાઈથી તે સમસ્યાનો હલ બતાવી દીધો બધા હૈરાન રહી ગયા, હવે મહેફિલમાં હાજર લોકોને સમજાઈ ગયુ કે ચીંથરે હાલ દેખાતો માણસ હકીકતમાં તો બહુજ મોટો દીની આલિમ છે, કાઝી તુરંત પોતાની જગ્યાએથી ઉભો થયો અને પોતાની દસ્તાર (પાઘડી, અમામા) ઉતારીને તેને પૈશ કરી અને બોલ્યો ‘‘અમારા પર અફસોસ ! કે અમને પહેલા આપના ઈલ્મી મર્તબાની ખબર નહોતી હકીકત તો એ છે કે આ દસ્તારના સાચા હકદાર તમેજ છો.''

દરવેશે દસ્તાર લેવાનો ઈન્કાર કરી દીધો અને એટલુ કહીને ત્યાંથી રવાના થઈ ગયો કે ઘમંડ અને તકબ્બુરનું આ પોટલુ હરગિઝ હું મારા માથા પર નહીં રાખુ, યાદ રાખો ઈન્સાનનો મર્તબો બહેતર લિબાસથી નહીં બલ્કે બહેતર ઈલ્મથી છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયતના અંતમાં ખુલાસો કર્યો છે કે આ કિસ્સો તેમનો ખુદનોજ છે અને તેમણે આ કિસ્સાને ઈલ્મની ફઝીલત જાહેર કરવા માટે જાહેર કર્યો.

એ વાતમાં કોઈ શક નથી કે આલિમોના ઘરમાં પૈદા થઈ જવાથી કોઈ આલિમ નથી બની જતુ કે ઉમ્દા કપડા પહેરી લેવાથી કોઈ સરદાર નથી બની જતુ ઈઝઝ્ત તો એજ વખતે મળે છે કે જ્યારે ઈન્સાન પોતાની અંદર ખૂબીઓ પૈદા કરે, ઈલ્મ હાસિલ કરે તેના પર અમલ કરે **"પીદરમ સુલ્તાન બુવદ"** (મારો બાપ બાદશાહ હતો) એ એક ખોખલો નારો છે, ડોક્ટર અલ્લામા ઈકબાલે આમ બયાન કર્યું છે.

**"થે તો આબા વોહ તુમ્હારે સહી, મગર તુમ ક્યા હો ?**
**હાથ પર હાથ ધરે મુન્તઝિરે ફરદાં હો**

## ﴾52﴿ અખ્લાકની તલવાર

અમુક આબિદો ઝાહિદ (ઈબાદત ગુઝાર અને તકવા પરહેઝગાર) મસ્જિદમાં બેસીને ઝિક્રુલ્લાહ કરી રહ્યા હતા કે અચાનક મુલ્કનો શાહઝાદો ત્યાં આવી ચઢયો એ સમયએ એ દારૂના નશામાં મસ્ત હતો તેણે આવતાની સાથેજ ઈબાદત ગુઝારોને બુરૂ ભલૂ કહેવાનું શરૂ કરી દીધુ અને દરેકનું અપમાન કર્યુ.

શાહઝાદો ત્યાંથી ચાલ્યો ગયો તો એક માણસે પોતાના પીરથી કહ્યું : "આ બદ કિરદાર માણસ તો એ જ લાયક છે કે તેના માટે બદ દુઆ કરવામાં આવે આજે તેણે ખાનએ ખુદા (મસ્જિદ)ની અને અમારી તૌહીન (અપમાન) કરી અને ખુદા જાણે આવીજ રીતે કેટલાય લોકોને સતાવતો હશે."

મુરીદની આ વાત સાંભળીને મુર્શિદે દુઆના માટે હાથ ઉઠાવ્યા અને દુઆ માંગવા લાગ્યા : "અય ખુદા ! આ શાહઝાદાને બહુજ સારો બનાવી દે અને તેને હમેશા આસૂદા હાલ અને ખુશ રાખ."

મુર્શિદની ઝબાનથી આ દુઆ સાંભળી તો મુરીદ બહુજ હૈરાન થયો તેણે કહ્યું : "હઝરત આ તો બહુ નવાઈ જનક વાત થઈ કે આપ એક ફાજિર અને ફાસિક તથા ગુસ્તાખના માટે ખુશ હાલી અને રાહતની દુઆ કરી રહ્યા છો !.

મુર્શિદે જવાબ દીધો : ચુપ કર ! જે કંઈ અમે જાણીએ છીએ તેની તને ખબર નથી. હવે બન્યુ એવુ કે મુર્શિદની આ વાતો કેમ કરીને શાહઝાદાના કાન સુધી પણ પહોંચી ગઈ અને તેની ઉપર એવી અસર થઈ કે શરાબ તથા અય્યાશી થી તૌબા કરી લીધી અને પોતાના એક માણસને એ પૈગામ લઈને બુઝુર્ગની પાસે મોકલ્યો કે અગર જનાબ તશરીફ લાવવાની તક્લીફ ઉપાડે તો તે મારી ખુશ નસીબી હશે.

મુર્શિદે દાવત કબૂલ કરી લિધી અને શાહઝાદાને સમજાવ્યો કે ઝિન્દગી વીતાવવાનો જે ઢંગ તેં અપનાવ્યો છે તે પડતી અને બરબાદીનો માર્ગ છે, શાહઝાદાના દિલ પર એ સમજાવટની સારી અસર થઈ તેણે નેક લોકોના તરીકા અપનાવી લીધા અને પોતાનો તમામ સમય ઈબાદતે ઈલાહીમાં વીતાવવા લાગ્યો અગાઉની ઝિન્દગીથી હવે તેને કોઈ સંબંધ ન રહ્યો.

વાત સાચી છે નરમી અને ખુશ અખ્લાકીની જેટલી અસર થાય છે તેટલી અસર સખ્તીની નથી હતી.

## 《53》 મધનો વેપારી

એક ખુશ અખ્લાક અને મીઠી ઝબાનવાળો માણસ મધનો વેપાર કરતો હતો ઝબાન પણ મીઠી અને કારોબાર મધનો, (સોનેપે સુહાગા) આ ડબલ મીઠાસના કારણે લોકો તેની આસપાસ ભેગા થઈ જતા અને તેનુ તમામ મધ હમેશા તુરંત વેચાઈ જતુ.

ઈર્ષા કરવાવાળા તેની ખુશ હાલી અને મકબૂલિયતના કારણે બળીને રાખ થઈ જતા હતા અને હમેશા એજ પ્રયત્નમાં રહેતા કે આની મકબૂલિયત લોકોમાં ઓછી થાય આખરે તેઓ પોતાના કાવત્રામાં સફળ થયા તેણે એવા એવા પેંતરા કર્યા કે આની મીઠી ઝબાન કડવી બની ગઈ હવે તે વારંવાર ગુસ્સો અને કડવી બકબક કરવા લાગ્યો.

પરીણામે હવે જે ગ્રાહક પણ તેની પાસે આવતુ તે ગ્રાહક સાથે લડતો અને બકબક કરતો પરીણામે તેના લગભગ બધાજ ગ્રાહકો તેનાથી દૂર થઈ ગયા, પરિસ્થીતી એવી થઈ કે હવે તે જ્યારે બજારમાં જતો તો લોકો તેનાથી દૂર ભાગવા લાગ્યા.

માલ ન વેચાવવાના કારણે નૌબત ફાકા સુધી આવી ગઈ તો એક દિવસ તે પોતાની પત્નીથી કહેવા લાગ્યો શું ખબર ખુદા આપણાથી કેમ નારાઝ થઈ ગયો છે, પૂરો પૂરો દિવસ બજારમાં બેસી રહૂ છુ પરંતુ એક તોલો મધ પણ નથી વેચાતુ."

પત્નીએ જવાબ દીધો : "ખુદાતો પહેલાની જેમજ મહેરબાન છે પરંતુ ફરક તમારા અખ્લાક અને તમારા વ્યવહારમાં આવી ગયો છે પહેલા તમે મીઠી ઝબાન અને ખુશ અખ્લાકથી લોકોના દિલ જીતી લેતા હતા, દરેક ઇન્સાન તમારાથી વાત કરીને ખુશ થતો હતો અને લોકો બીજા મધ વેચનારને છોડીને તમારી તરફ આવતા હતા હવે તમારી કડવી ઝબાને લોકોના દિલમાં નફરત પૈદા કરી દીધી છે લોકોને હવે તમારૂં મધ પણ કડવુ લાગે છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ એ આ હિકાયતમાં તિજારતનો સોનેરી ઉસૂલ બતાવ્યો છે તેઓ બતાવી રહ્યા છે કે જે દુકાનદાર ઉમદા માલ સામાનની સાથે ખુશ અખ્લાક પણ હશે તો લોકો તેનાથી મહોબ્બત કરશે અને અગર આવુ નહીં કરે તો તેનો ધંધો ઠપ થઈ જશે.

## ﴾54﴿ સાચો બહાદુર

એક શરીફ અને અકલમંદ માણસ બજારથી જઈ રહ્યો હતો કે એક દીવાના માણસે રસ્તો રોકી તેના કાંઠલો પકડી લીધો અને તેના મોં પર મુક્કા માર્યા તેણે આ ઝિયાદતી એક દમ સબ્રની સાથે ચુપ ચાપ સહન કરી લિધી, જવાબમાં ન તો તેને માર્યો ન એ દીવાનાને ઝિડક્યો.

એક શખ્સ આ તમાશો જોઈ રહ્યો હતો તેણે અકલમંદને કહ્યું : "શું તૂ મર્દ નથી કે બુઝદિલો (કાયરો)ની જેમ માર ખાઈ રહ્યો છે ?

આ વાત સાંભળીને તે અકલમંદે કહ્યું "ભાઈ ! આવુ ન વિચાર પણ મારી જેમજ આ વાત જાણીલે કે ઝુલ્મ કરવા કરતા ઝુલ્મ સહન કરવામાં વધારે મહાનતા છે અને ફાયદો છે શરીફ એનેજ કહેવાય જે ઝુલ્મ સહન કરે છે ઝુલ્મ કરતો નથી બલ્કે શકય હોય તો ઝુલ્મના મુકાબલામાં મહેરબાની કરે છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه એ આ હિકાયતમાં સાચી બહાદુરીની ઝલક બતાડી છે સામાન્ય રીતે લોકો ઈંટનો જવાબ પત્થરથી આપનારને બહાદુર સમજતા હોય છે જ્યારે ખરેખર બહાદુરી પોતાના નફસ પર અને ગુસ્સા પર કન્ટ્રોલ રાખવાનું કામ છે અને દર ગુઝર કરવું એ સાચી બહાદુરી છે.

## 《55》 બદ ખસ્લત ગુલામ

એક આબિદ અને ઝાહિદ અને નેક સીરત બુઝુર્ગનો ગુલામ બહુજ બદ સૂરત અને બદ ખસ્લત હતો તેના લાંબા લાંબા વાળ હમેશા વિખરાયેલ અને ગંદા રહેતા અને આંખમાંથી પાણી વહેતુ રહેતુ કામ કરવામાં એકદમ આળસુ, ઘરમાં કચરાના ઢગલા થઈ જતા પરંતુ ફેંકવાની તસ્દી પણ નહોતો લેતો, તેની હાલત બયાન કરતા હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه ફરમાવે છે કે તે એવો તો બદસૂરત (ખરાબ દેખાવનો) હતો કે તેની પેશાની તરફ જોતા ડર લાગે અને તેને કોઈ પણ કામ સોંપો તે કદી પુરૂં ન કરે.

અલબત્તા તે ખાવામાં બહુજ હરીસ હતો આકાની રજા લીધા સિવાય પણ દસ્તરખ્વાન પર બેસી જતો અને પછી કોઈને પાણી પાવાની તક્લીફ પણ ન લેતો.

એક દિવસ આ નેક માણસની પાસે તેનો એક દોસ્ત આવ્યો અને ગુલામની હાલતનો અંદાજ લગાડીને બોલ્યો "ન જાણે તમને

આનામાં કઈ ખૂબી નઝર આવી છે કે આને નિભાવી લો છો મારી તો સલાહ છે કે આને તુરંત વેચી કાઢો આવો નકામો અને કામચોર ગુલામ હરગિઝ એ લાયક નથી કે આને રાખવામાં આવે.

દોસ્તની આ વાત સાંભળીને તે મર્દે મોમિન બોલ્યો : “બેશક ! આના અખ્લાક અને તેની આદતો ઠીક નથી પરંતુ એના કારણે મારી પોતાની આદતો સુધરી ગઈ છે, હું આની એટલી હદે બુરાઈઓ સહન કરી ચુક્યો છુ કે હવે બીજા કોઈની બુરાઈથી મને તક્લીફ નથી થતી.

## ﴾56﴿ ચુગલખોરીનો ગુનોહ

એક જરૂરતમંદ એક બુઝુર્ગની ખિદમતમાં હાજર થયો અને મદદની માંગણી કરી ઈત્તિફાક થી બુઝુર્ગનો હાથ એ વખતે ખાલી હતો, તેણે માઝેરત ચાહી કહેવત છે કે જરૂરતમંદ વાવેલા કરનારજ હોય છે તેને બુઝુર્ગની વાત પર યકીન ન આવ્યુ તેને લાગ્યુ કે બાવા ઝૂઠ બોલે છે કે તેની પાસે હાલમાં પૈસા નથી તે મકાનની બહાર આવીને તુરંત ભલૂ બુરૂ કહેવા લાગ્યો જે મોંમાં આવે તે બકવા લાગ્યો. ઈત્તિફાકથી તે બુઝુર્ગનો એક મુરીદ ત્યાંથી પસાર થયો તેણે પોતાના મુર્શિદની શાનમાં આવી ગુસ્તાખી ભરી વાતો સાંભળી તો સીધો પોતાના શૈખની પાસે પહોંચ્યો અને તે માણસની ગુસ્તાખી અને બકવાસની વાત કહી સંભળાવી.

મુર્શિદે કહ્યું : અસલ તક્લીફતો તેં મને પહોંચાડી તે અમારા બારામાં જે કંઈ કહેતો હતો તેની અમને ખબર નહોતી પરંતુ તેં અમને પહોંચાડી તારો દાખલો તો એવો છે કે દુશ્મને અમારી તરફ એક તીર ફેંક્યું હતુ જે તેનાથી મિસ્ડ થઈ ગયુ યાની પહોંચવાના પહેલા પડી ગયુ તેનો વાર ફૈલ થયો હવે તૂં એ તીર અમારી તરફ લઈ આવ્યો અને અમારા પહેલુમાં ચુભાડી દીધુ.

બીજી એક વાત એ પણ છે કે તે અમારી જેટલી બુરાઈઓનુ વર્ણન કરે છે હું તેનાથી વધારે બુરો છુ, અલ્લાહ મને અને તેને માફ કરે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં ચુગલખોરીની બુરાઈ કરી છે હકીકતએ છે કે આ અખ્લાકી બુરાઈ યાની ચુગલખોરી એ ઘણી બુરાઈઓની જનેતા છે.

## ﴾57﴿ દરવેશોથી સુલેહ

એક ઈન્સાફ પસંદ અને ખુદાથી ડરનાર બાદશાહ એક વખત રાતના સમયે વેશ બદલીને પ્રજાનો હાલ જાણવા માટે નિકળતો હતો એક રાત્રે તે એક મસ્જિદની પાસેથી પસાર થયો તો અમુક દરવેશોને જોયા કે ઠંડીના કારણે ધ્રુજી રહ્યા હતા.

સુલ્તાન એ લોકોના હાલતથી પુરી તરફ માહીતી મેળવવા માટે ત્યાંજ રોકાયો એક દરવેશે બીજા થી કહ્યું : “અગર કયામતના દિવસે ખુદા તઆલાએ આ બાદશાહોને પણ માફ કરી દીધા તો હું મારી કબરમાંથી બહાર નિકળવાનો ઈન્કાર કરી દઈશ. આખરે આ કયાંનો ન્યાય છે કે આ લોકો દુનિયામાં પણ ઐશ કરે અને આખિરતમાં પણ જન્નતના હકદાર બની જાય સાચુ કહુ છુ કે અમારો આ બાદશાહ જે નેક બાદશાહ ગણાય છે અગર જન્નતની દિવાલ સુધી પણ આવશે તો જુતા મારી મારીને તેની પીટાઈ કરીશ અને તેનો ભેજો બહાર કાઢી નાખીશ.

સુલ્તાન દરવેશોની આ વાતચીત સાંભળીને ત્યાંથી હટી ગયો અને સવાર થતાજ સિપાઈઓ મોકલી તેઓને દરબારમાં બોલાવી મંગાવ્યા, તેમને ઇઝ્ઝતની જગ્યાએ બેસાડયા અને ઈનામો ઈકરામ આપ્યા, દરવેશોને આ નેક સુલૂકની નવાઈ લાગી તેમણે બાદશાહની તરફ ઝુકીને સમજદારીના અંદાજમાં પુછયુ કે “આપનું રાજપાઠ સલામત રહે અમો એ વાત સમજી ન શકયા કે આખરે શું વાત છે કે કયા કારણો સર અમારા પર આટલી બધી નવાઝિશો અને ઈનામો !

દરવેશોની વાત સાંભળી બાદશાહ હંસી પડયો હું એ ઘમંડીમાંથી નથી જે ગરીબો અને કમઝોરોને તુચ્છકારથી (હલકી

નઝરથી) જુએ છે તમે તમારા દિલમાંથી એ વિચાર કાઢી નાખો કે તમે કયામતના દિવસે મારો વિરોધ કરશો મૈં આ દુનિયામાંજ તમારી સાથે સમાધાન કરી લિધુ છે આશા છે કે હવે તમે મારા માટે જન્નતના દરવાજા બંધ નહીં કરો.

હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه ફરમાવે છે કે તારે એજ રસ્તો અપનાવવો જોઈએ જે માણસ કમઝોર મોમિનોની ખિદમત કરે છે તેજ જન્નત પામશે જે દૌલતમંદ ગરીબોના હાલથી ખબરદાર રહેશે તેની મદદ કરતો રહેશે તે બચી જશે બાકીતો દૌલત એક બહુજ મોટી પરીક્ષા છે.

## ﴾58﴿ મગરૂર નજૂમી

એક નજૂમી (ભવિષ્ય કથન કરનાર)એ ફૈસલો કર્યો કે જે બા કમાલ આલિમે મશ્હૂર હકીમ શૈખુલ રઈસ બુ અલી સીનાને તાલીમ આપી છે તેનો શાગિર્દ બનું અને તેનાથી ઈલ્મ હાસિલ કરૂં તેથી તે લાંબી સફર કરીને હઝરત શૈખ બૂ અલી સીનાના શૈખ હકીમ કૌશ્યારની પાસે પહોંચી ગયો.

આ નજૂમી ઈલ્મના લિહાઝથી સાવ મામૂલી દરજ્જો રાખતો હતો પરંતુ તેને પોતાના બારામાં ગલત ફેહમી હતી કે તે બહુજ મોટો આલિમ છે, ઉસ્તાદને પહેલીજ નઝરમાં અંદાજ આવી ગયો કે આ માણસ બહુજ મગરૂર અને ખુદપસંદ છે અને એજ કારણ સર તેને બિલ્કુલ નઝર અંદાજ કરી દીધો જાણેકે તેના આવવાની ઉસ્તાદને કંઈ ખબરજ નથી.

નજૂમી ઘણા દિવસ ત્યાં રોકાયો અને જ્યારે તેને લાગ્યુકે ઉસ્તાદ તેની તરફ બિલ્કુલ ધ્યાન નથી આપતા તો તેણે ત્યાંથી રવાના થઈ જવાનું નક્કી કર્યું જ્યારે તે ત્યાંથી જવા લાગ્યો તો ઉસ્તાદ કૌશ્યારે તેને કહ્યું : “તૂ અહીયાથી એટલા માટે કંઈજ હાસિલ કર્યા વિના જઈ રહ્યો છે કે તારા દિમાગમાં એ ગુરૂર ભરેલો છે કે તૂ ઘણુ બધુ જાણે છે યાદ રાખ એ પ્યાલામાંજ કોઈ ચીઝ ભરી શકાય છે જે ખાલી હોય.

**ફ્રાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ ઇલ્મ અને સચ્ચાઈની તલાશ કરવાવાળાને એક સોનેરી ઉસૂલ બતાવ્યો છે કે ઈન્સાન ગમે તેટલુ મેળવી લે તો પણ તે પોતાને અધુરો સમજે એમ ન સમજે કે હું બધુજ મેળવી ચુક્યો છુ.

બીજુ એ કે ખુદપસંદી બહુજ મોટી ખરાબી છે.

## ﴾59﴿ અકલમંદ ગુલામ

એક બાદશાહનો ગુલામ ભાગી ગયો અને ચારે તરફ શોધવામાં આવ્યો પણ એ એટલો હોંશિયાર હતો કે ક્યાંય હાથ ન આવ્યો એ જમાનામાં કોઈ ગુલામનું પોતાના માલિકના ઘરમાંથી ભાગી જવું સંગીન અપરાધ ગણાતુ હતુ, ગુલામ જ્યારે પણ પકડાઈ જતો તો તેને કત્લ કરી નાખવામાં આવતો.

એ ગુલામ લાંબો સમય છુપાઈ રહ્યો પરંતુ તેને કોઈ એવુ ઠેકાણુ ન મળ્યુ જ્યાં તે પોતાની બાકીની ઝિન્દગી ઈત્મીનાનથી વીતાવી શકે, દરેક સમયે એ ખૌફ હતો કે બાદશાહના સિપાઈઓ આવશે અને મને પકડીને લઈ જશે આવી બે ઈત્મીનાની ઝિન્દગીથી તંગ આવીને તેણે વિચાર્યુ કે મારે બાદશાહની ખિદમતમાં હાજર થઈને પોતાની ભૂલની માફી માંગી લેવી જોઈએ. બનવા જોગ છે કે ખુદા પાક તેના દિલમાં રહેમ નાખી દે અને તે મને માફ કરી દે.

આવુ વિચારીને તે એક દિવસ બાદશાહના દરબારમાં હાજર થઈ ગયો બહુજ આજિઝી કરી, પોતાના ગુનાહની માફી ચાહી પરંતુ બાદશાહને તેનાથી એટલી બધી નફરત થઈ ગઈ હતી કે તેણે તેને જોતાજ કત્લ કરવાનો હુક્મ કરી દીધો, જલ્લાદે તુરંત તેને પકડી લીધો અને તેને કત્લગાહની તરફ લઈ ચાલ્યો.

કત્લનો હુક્મ સાંભળતાજ ગુલામની દુનિયામાં અંધારૂ છવાઈ ગયુ તેને યકીન થઈ ગયુ કે ઘડી વારમાંજ જલ્લાદની તલવાર મારૂં કામ ખતમ કરી નાખશે, પરંતુ તેણે પોતાના હોશ હવાસ કાબૂમાં રાખ્યા અને ખુદા તઆલાની તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ, તે

દુઆ માંગવા લાગ્યો કે અય અલ્લાહ ! તૂ જાણે છે કે હું બેગુનાહ કત્લ કરાઈ રહ્યો છુ પરંતુ મારી દુઆ છે કે બાદશાહને આ ગુનાહની સજા ન આપતો હું મારૂં ખૂન તેને માફ કરૂં છુ કે મૈં એક મુદ્દત સુધી તેનુ નમક ખાધુ છે.

આ અજબ વાત હતી જલ્લાદે અત્યાર સુધી જોયુ હતુ કે જેને જેને મૌત ની સજા આપવામાં આવી તે બધા બાદશાહને બુરૂ ભલૂ કહેતા અને ગાળો દેતા હોય છે આ અજબ વાત બાદશાહના કાનો સુધી પહોંચાડવામાં આવી અને તે ગુલામની આવી વફાદારીથી એટલો બધો ખુશ થયો કે તેને આઝાદ કરી દીધો અને તેને પોતાના દરબારીઓમાં શામિલ કર્યો.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه ઈન્સાનની નરમ તબીયતનો ફાયદો બયાન કર્યો છે અગર ગુલામ આમ ઈન્સાની ફિત્રતની મુજબ ફાંસીના માંચડે બકવાસ કરતો બાદશાહને ગાળો બોલતો તો જરૂર કતલ થઈ જતો પરંતુ તેની અકલમંદી તેની નરમી તેના કામ આવી ગઈ અને જાન બચાવવાની સાથે સાથે ઈનામો ઇકરામ હાસિલ કર્યો.

## ﴾60﴿ હઝરતે હાતિમ અસમ رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه અને એક માખી

હઝરતે હાતિમ અસમ رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه પોતાના મકાનના જે હિસ્સામાં બેસતા હતા તેની છતમાં કરોળીયાએ જાળુ બનાવી રાખ્યુ હતુ એક દિવસ આપ પોતાના મુરીદો અને અકીદતમંદોની સાથે બેઠા હતા અને આપ વાતો કરી રહ્યા હતા કે એક માખી કરોળીયાના જાળામાં ફસાઈ અને છુટવા માટે પ્રયત્ન કરવા લાગી તેનો ગણ ગણાટ સાંભળ્યો તો હઝરતે ફરમાવ્યુ.

“અય લાલચુ ! ત્યાંજ ફસાઈ રહે નાદાન ! દરેક જગ્યાએ મધ અને ફૂલ નથી હોતા દુનિયાતો એ જગ્યા છે જ્યાં મોટા ભાગે દગા અને ધોખાના જાળા હોય છે.”

હઝરતની અવાજ સાંભળીતો એક મુરીદે નવાઈ પામીને હઝરતને પુછયુ : "યા શૈખ આપે આટલા દુરથી માખીનો ગણ ગણાટ ક્યાંથી સાંભળી લીધો ? કેવી રીતે ?

મુરીદને આ નવાઈ એટલા માટે લાગી કે લોકો આપને બહેરા સમજતા હતા "અસમ" અરબી ઝબાનમાં બહેરાનેજ કહે છે.

હઝરતે જવાબ દીધો : "તમે મને બહેરોજ સમજો મેં ફાલતુ વાતો અને મારી બડાઈની વાતો સાંભળવાથી મારા કાનોને બહેરા બનાવી દીધા છે હું જોઉ છુ કે લોકો મારી ખૂબીઓને વધારી વધારીને અને મારા ઐબોને છુપાવીને વાતો કરે છે પરંતુ હવે જ્યારે હું બહેરો મશ્હૂર થઈ ગયો છુ તો હવે એજ બોલે છે જે તેમના દિલમાં છે.

**ફાયદો :** હઝરતે હાતિમ અસમ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની આ હિકાયતથી હઝરત શૈખ સાદી ગુરૂર અને ખુદપસંદીની બુરાઈ બયાન કરી રહ્યા છે.

હઝરતે હાતિમ અસમ رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ના બહેરા હોવા બાબતમાં મશ્હૂર કૌલ એવો છે કે એક દિવસ એક સ્ત્રી એક મસલો પુછવા આવી ગઈ અને અચાનક તેનાથી હવા ખારીજ થઈ ગઈ તે સ્ત્રી અત્યંત શર્માઈ ગઈ. પરંતુ આપે તેનો ભ્રમ રાખવા માટે એવુ કર્યુ જાણેકે તેમને હવા છુટવાની ખબરજ નથી પડી અને પછી આપે કહ્યું કે બહેન ! થોડા ઝોરથી બોલો હું બહેરો (ઓછુ સાંભળુ છુ) અને ત્યાર પછી હમેશા આપ બહેરા બની રહ્યા.

હઝરતે માખીના બનાવ વખતે જે જવાબ દીધો તેમાં યકીની વાત એ છે કે ઝૂઠી યા વધારે ચડાવીને કરેલ સાચી તારીફ સાંભળવા કરતા બહેરા બની રહેવુ બહેતર છે એજ રીતે શિક્વા શિકાયત કરવા કરતા મુંગા બની રહેવુ બહેતર છે.

આ દુનિયામાં અક્સર એવા લોકો છે જેમના દિલમાં તો જહેર છે છતા મોં પર ખુશામત કરતા રહે છે અલ્લાહ આવા લોકોથી બચાવે.

## 《61》 ચોરની સાથે નેકી

તબરેઝના એક શહેરમાં એક રાત્રે જાગી અને ઈબાદત કરનાર આબિદો ઝાહિદ (ઝોહદો તક્વાવાળો) ઈબાદત ગુઝાર) રહેતો હતો લોકો જ્યારે મીઠી ઉંઘમા મજા લેતા ત્યારે તે ખુદાએ તઆલાની યાદમાં ઈબાદતમાં મશ્ગૂલ રહેતો. એક રાતની વાત છે એક ચોર પડોસીના મકાનમાં ઘુસ્યો મર્દે ખુદાએ અવાજ સાંભળ્યો તો સમજી ગયો કે ચોર છે અને તેણે બુમો પાડી, બુમાબુમ સાંભળીને પડોસીઓ જાગી ગયા હવે ચોરના માટે ત્યાં રોકાવુ મુશ્કેલ હતુ તે જીવ બચાવીને ભાગ્યો.

ચોરના ભાગ્યા પછી આબિદને ખયાલ આવ્યો કે તેણે પડોસીની સાથે તો નેકી કરી પણ બિચારા ચોરનું નુક્સાન કરાવ્યુ આ વિચારની પોતાની જગ્યાએથી ઉભો થયો અને ચોરની દિશાનો અંદાજો કરીને તેજીથી દૌડયો અને એક ટૂંકા માર્ગ પર ચાલીને ચોરની સામે પહોંચી ગયો.

ચોર તેને જોઈને ડરી ગયો અને બચીને નિકળી જવાનો પ્રયત્ન કર્યો આબિદ બોલ્યો : "ભાઈ ! તૂ મારાથી શા માટે ડરે છે હું તો લાંબા સમયથી તારી જેવા બહાદુર અને તાકતવાળા માણસની તલાશમાં છુ મારો સાથી બનીજા સાથે મળીને ચોરીઓ કરતા રહીશુ અને ટુંક સમયમાંજ માલદાર બની જઈશુ. ચોર આ વાત સાંભળીને રોકાઈ ગયો, આબિદ બોલ્યો : "એક ઘર તો હું હમણાંજ બતાવુ છુ અગર આપણે બન્ને જઈએ તો કંઈક તો જરૂર હાથમાં આવીજ જશે.

ચોર તુરંત રાઝી થઈ ગયો. આબિદ તેને ગોળ ગોળ ફેરવીને પોતાનાજ ઘરે લઈ ગયો ત્યાં જઈને તેને કહ્યું તૂ બહાર રોકાઈને ધ્યાન રાખ હું દિવાલ કૂદીને અંદર જઉ છુ જે માલ હાથ લાગશે તે બાહર ફૈંકી દઈશ.

આટલુ કહીને તે પોતાના મકાનની અંદર ગયો તેના ઘરમાં સામાન તો હતોજ નહીં ચોરને માયૂસીથી બચાવવા માટે તેણે

પોતાના કપડા કાઢીને બહાર ફેંકી દીધા અને પછી ચોર ચોરની બુમાબુમ કરી ચોર માથા પર પગ રાખીને ભાગ્યો અને આબિદે ઈત્મીનાનનો શ્વાસ લીધો ચાલો સારૂં થયુ બિચારા ચોરની થોડી તો મદદ થઈ ગઈ.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه બતાવવા ચાહે છે કે ઈન્સાનનો બુલંદ મકામ કયો છે ?

## ﴾62﴿ દાનાઈની વાત

હઝરતે લુકમાન رَضِیَ اللهُ تَعَالٰی عَنۡه કાળા અને બદસૂરત હતા એક દિવસ આપ બગદાદના બજારમાંથી પસાર થઈ રહ્યા હતા કે એક માણસ ભૂલથી આપને પોતાનો ભાગેડુ ગુલામ સમજી બેઠો અને આપને પકડીને લઈ ગયો અને માટી ખોદવાના કામે લગાડી દીધા.

હઝરત લુક્માન લાંબા સમય માટી ખોદવાની સખ્ત મહેનત બરદાશ્ત કરતા રહ્યા એક વર્ષ પછી તેનો ભાગેડુ ગુલામ પાછો આવ્યો તે ગુલામ હઝરત લુક્માન رَضِیَ اللهُ تَعَالٰی عَنۡه ને સારી રીતે ઓળખતો તેણે આપને આ હાલતમાં જોયા એકદમ રંજો ગમમાં બેકરાર થઈ અને આપના કદમોમાં પડી ગયો અને જ્યારે તેના આકાને પણ આપના મકામ અને મર્તબાનો ઈલ્મ થયો તો એ પણ આજિઝી થી માફી માંગવા લાગ્યો.

હઝરતે લુક્માને ફરમાવ્યું : "ભાઈ ! જે થવાનું હતુ તે થઈ ગયુ હું કંઈ નુક્સાનમાં નથી, આ મુસીબતમાં મૈં દાનાઈની એક વાત સીખી તે એ કે કોઈને પણ કમ દરજાનો સમજી મુસીબતમાં ગિરિફ્તાર ન કરવો જોઈએ. મારો પણ એક ગુલામ છે પહેલા હું તેનાથી દરેક જાતની ખિદમત લેતો હતો પરંતુ આ મહેનત કરીને મને ખબર પડી કે આવા કામોમાં કેટલી રૂહાની તથા જિસ્માની તક્લીફ થાય છે હવે હું કદી મારા ગુલામથી આવી ખિદમત નહીં લઉ.

**ફાયદો :** હઝરત શૈખ સાદીએ આ હિકાયતમાં રહેમ દિલીની તરફ ધ્યાન ફેરવ્યુ છે હકીકત એ છે કે જે માણસે કદી ભુખની તક્લીફ નથી ઉપાડી તે કદી ભુખની હકીકતથી વાકિફ નથી થઈ શકતો.

### ﴾63﴿ હઝરતે ઝુન્નુન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની કરામત

એક વર્ષ નાઈલ નદીએ મિસ્રની સરઝમીનને સૈરાબ ન કરી વરસાદ પણ ન થયો દુષ્કાળની નિશાનીઓ જાહેર થઈ, લોકો બેકરાર થઈને દુઆઓ માંગવા લાગ્યા.

અમુક લોકો હઝરતે ઝુન્નુન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ની ખિદમતમાં હાજર થયા અને દરખ્વાસ્ત કરી કે આપ દુઆ ફરમાવો કે અલ્લાહ વરસાદ વરસાવે કે મખ્લૂકના હલાક થઈ જવાનો ભય પૈદા થઈ ગયો છે.

જ્યારે તે લોકો રવાના થઈ ગયા તો આપે સફરનો સામાન તૈયાર કર્યો અને એક મુલ્ક "બદીન"ની તરફ રવાના થઈ ગયા અજબ વાત એ થઈ કે આપના નિકળી જવાના પછી ખૂબ વરસાદ થયો અને ભય ટળી ગયો.

હઝરતે ઝુન્નુન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ વરસાદ થઈ જવાના વીસ દિવસ પછી મિસ્ર પાછા આવ્યા લોકોએ તેમને આવી રીતે વતન છોડવાના બારામાં પુછયુ તો આપે ફરમાવ્યુ કે મૈં સાંભળ્યુ છે કે લોકોની બદ આમાલિયોના કારણે જાનવરો અને પ્રાણીઓ, પક્ષીઓનું રિઝ્ક પણ ઓછુ થઈ જાય છે એટલા માટે કે મૈં ખયાલ કર્યો કે આ સરઝમીનમાં સહુથી મોટો ગુનેહગાર હુંજ છુ માટે હું અહીંથી ચાલ્યો ગયો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે હઝરતે ઝુન્નુન મિસ્રીનું એ ફરમાવવું કે હુંજ સહુથી મોટો ગુનેહગાર છુ તે એમની ખાકસારીના કારણે હતુ અને હકીકત એ છે કે ઈન્સાન ખાકસાર બનીને જ સરફરાઝ થઈ શકે છે.

**એ સમય ઈન્સાનના માટે બહુજ નાઝુક હોય છે જ્યારે લોકો તેને નેક સમજવા લાગે છે** અગર આ મૌકા પર ઈન્સાન પોતે પણ પોતાને નેક સમજવા લાગે પારસા અને મુત્તકી સમજવા લાગે તો એનો અર્થ એ થયો કે શૈતાને તેના પર કાબૂ મેળવી લીધો છે બુઝુર્ગાને દીન આ ખતરાથી બચવા માટે એવા લોકોને પોતાની પાસે નથી ફરકવા દેતા જે તેની માત્ર તારીફજ કરતા રહે અગર ગૌર કરવામાં આવે તો દીનમાં બગાડનું બહુજ મોટુ કારણ આવા લોકોજ છે જેઓ જાતેજ પોતાની કરામતનો ઢંઢેરો પીટીને અને સાંભળીને ખુશ થાય છે.

## ﴾64﴿ હઝરતે જુનૈદ અને વૃદ્ધ કુતરો

હઝરતે જુનૈદ બગદાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ એક દિવસ યમનના શહેર સનઆના જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યા તેમણે એક ઘરડો જંગલી કુતરો જોયો જેના દાંત પડી ગયા હતા બિચારો શીકાર કરી શકવાની શકતી નહોતો રાખતો એટલા માટે બીજા જાનવરોનું છોડી દિધેલ વધ્યુ ઘટયુ ખાઈને ગુઝારો કરતો હતો અને મોટા ભાગે તો ભુખ્યોજ રહેતો હતો.

હઝરતે જુનૈદ બગદાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ તેને જોયો તો આપને તેના પર તરસ આવી ગયો અને જે ખાણુ પોતાની માટે સાથે હતુ તેમાંથી અડધુ ખાણુ તેને આપી દિધુ. આ નેકી કર્યા પછી આપ રડતા હતા અને ફરમાવતા હતા કે અત્યારે તો બ ઝાહિર હું કુતરા કરતા બહેતર છુ પરંતુ શું ખબર કાલે મારો દરજો કયો હશે ? અગર હું ઈમાનની સાથે રહ્યો તો ખુદા પાકની રહેમત અને ઇનાયતો પામીશ ખુદા ન ખ્વાસ્તા અગર આનાથી વિપરીત થયુ તો આ કુતરો મારા કરતા બહેતર હાલતમાં હશે આને હરગિઝ દોઝખમાં નાખવામાં નહીં આવે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં ફરમાવ્યું કે આ અલ્લાહના ખાસ બંદાઓ એ જે આજિઝી અને

ઈન્કેસારી (નમ્રતા અને ખાકસારી, સાદગી) અપનાવી તે આમાલ તેમની કામિયાબીની જમાનત છે અલ્લાહ તબારક વ તઆલાએ આ કારણ સર તેમનો રુત્બો ફરિશ્તાઓ કરતા પણ બુલંદ કરી દીધો છે કે તેઓ પોતાને કુતરા કરતા પણ બદતર સમજતા રહ્યા.

ખાસાને ખુદા હમેશા ડરતા રહેતા હતા કે અમારો ખાત્મો ક્યાંક ખરાબ ન થઈ જાય તેમનો આ ખૌફ અને તેમની અલ્લાહ વાસ્તેની મહોબ્બતજ તેમને બુઝુર્ગ બનાવે છે અને આ ગુણના કારણેજ ઈન્સાન અશરફુલ મખ્લૂકાત છે.

## ﴾65﴿ દારૂડીયાનુ બરબત

એક આવારા રખડુ યુવાન દારૂના નશામાં બરબત(તંબુરો) વગાડતો હતો એક નેક માણસ તેની પાસેથી નિકળ્યો તો તેણે બરબત ઉપાડીને તે નેક માણસના માથા પર મારી દિધુ તેની આ હરકતથી બરબત ટૂટી ગયુ.

આ હરકત એકદમ અયોગ્ય હતી કોઈ સામાન્ય માણસ હોત તો દારૂડિયાને મારી મારીને તેનો નશો ઉતારી નાખત પરંતુ એ નેક માણસે સબ્ર કરી બલ્કે વધારામાં એ અહેસાન કર્યું કે થોડી રકમ લઈને તે આવારાના ઘરે ગયો અને બહુજ શફકત થી કહ્યું કે "ભાઈ ! તે નશાની હાલતમાં બરબત મારા માથા પર માર્યુ જેનાથી બન્નેનું નુક્સાન થયુ મારા માથામાં ઈઝા થઈ અને તારૂં બરબત ટૂટી ગયુ અલ્લાહ ચાહશે તો મારૂં માથુ જલ્દી સારૂં થઈ જશે પણ તારૂં બરબત રુપિયા વગર સારૂં નહીં થાય હું આ સામાન્ય રકમ લાવ્યો છુ સ્વીકારીલે અને તારૂં બરબત રિપેર કરાવી લે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં બુરાઓની સાથે ભલાઈ કરવાનો સબક દીધો છે સારાઓની સાથે તો બધાજ ભલાઈ કરતા હોય છે જે તમારા પર અહેસાન કરે તેની સાથે ભલાઈ કરવું કમાલ નથી પણ જે તમને સતાવે તેની સાથે ભલાઈ કરવી કમાલ છે.

## 《66》 સરઝમીને દખશનો બુઝુર્ગ

એક મોમિન કે જેણે ઉમ્રના છેલ્લા હિસ્સામાં ગોશાનશીની અપનાવી લિધી. એ બુઝુર્ગ એ લોકોમાંથી ન હતા કે જેઓ લોકોને બતાવવા માટે નેકીઓ કરતા હોય અને દુન્યવી ફાયદા યા વાહ વાહ માટે દીનદારીનો ઢોંગ રચાવતા હોય પરંતુ બુરૂ ચાહવાવાળાની ઝબાન કોણ રોકી શકે છે ? ઈર્ષા કરવાવાળા તો દરેક જમાનામાં અને દરેક અલ્લાહવાળાને સતાવતાજ રહ્યા છે એક માણસ આ દખશના બુઝુર્ગનો દુશ્મન હતો અને તે જ્યાં જ્યાં પણ જતો ત્યાં ત્યાં આ બુઝુર્ગને બુરૂ ભલૂ કહેવાનું ચાલુ કરી દેતો.

તે ક્યારેક કહેતો કે આ ઢોંગી ગીદડનો શું ભરોસો ? આ તો માત્ર દેખાવના માટે પરહેઝગારીની દુકાન સજાવે છે ક્યારેક તે બુઝુર્ગની ઝાતમાં જાત જાતની ખામીઓ શોધતો અને મનઘડત ઐબ તલાશ કરતો.

આ વાત એ બુઝુર્ગની પાસે પહોંચી ગઈ, તો એ માણસની દુશ્મનીની વાત સાંભળીને આપની આંખમાં આંસૂ આવી ગયા અને દુઆના માટે હાથ ઉઠાવીને ફરમાવ્યું : "યા અલ્લાહ ! આ માણસને તૌબાની તૌફીક આપ અને એ જે કહે છે તે બુરાઈઓ ખરેખર મારી જાતમાં હોય તો મને તૌબાની તૌફીક આપ."

આ હિકાયત બયાન કરતા હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه ફરમાવે છે કે અગર તેણે કાતર જેવી ઝબાન રાખનાર નામના ઝાહિદ પરંતુ ખરેખર જાહિલ દુનિયાદાર દુશ્મનોની કહેલ વાતો થી દુ:ખ લાગતુ હોય તો તૂ એવી પાકીઝા ઝિન્દગી વિતાવે કે તેમની વાત હમેશા ખોટી સાબિત થાય ફરમાવે છે કે હું તો એ માણસને મારો મિત્ર સમજુ છુ જે મને મારા ઐબ બતાડે છે.

હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه એ આ હિકાયતમાં બરદાશ્ત (સહન શક્તિ) ની કુવ્વત પૈદા કરવાની નસીહત કરી છે, પોતાની આસપાસ ખુશામદ ખોરની જમાત રાખવા કરતા ટીકાકારો સારા છે. سُبْحَانَ الله عَزَّوَجَلَّ

## 《67》 મૌલા અલી શેરે ખુદા كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم

એક વ્યકતી અમીરુલ મોમિનીન મૌલાએ કાએનાત મૌલા અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم ની ખિદમતમાં હાજર થયો અને એક મસલાનો હલ જાણવા માંગ્યો. આકા અલિય્યુલ મુર્તઝા જે હુઝૂર નબિયે કરીમ, રહેમતુલલ્લિલ આલમીન صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ના ઈર્શાદે મુબારક મુતાબિક ઇલ્મના શહેરના દરવાજા છે આપે સવાલ કરનારના સવાલનો જવાબ દીધો.

એ સમયે મહેફિલમાં થોડા બીજા લોકો પણ હાજર હતા, તેઓમાંથી એકે કહ્યુ : "યા અમીરુલ મોમિનીન ! આપનો ઈર્શાદ એકદમ સાચો (સહીહ) છે પરંતુ આ સવાલનો આનાથી બહેતર જવાબ પણ હોઈ શકે છે.

હઝરતે કમાલે શફકત અને સંજીદગી થી તેની વાત સાંભળી અને ઈજાઝત આપી કે અગર ખરેખર કોઈ બહેતર જવાબ હોય તો બયાન કરે, જેવુકે તે વ્યકતીએ મસલા પર પોતાના વિચાર રજુ કર્યા અને શેરે ખુદા كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم એ તેના જવાબ ને પસંદ ફરમાવ્યો. ઈર્શાદ થયો : "તમારો જવાબ ખરેખર બહેતર છે આલિમ તો બસ અલ્લાહ તઆલાની જાતે પાક જ છે."

આ હિકાયત બયાન કરતા શૈખ સાદી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે શેરે ખુદા હઝરતે અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم ની જગ્યાએ કોઈ દુનિયાદાર બાદશાહ હોત તો આવુ બોલનારના બોલવાને ગુસ્તાખી સમજીને બોલનારને સજા કરત પરંતુ મૌલા અલી નારાઝ થવાના બદલે તેની તારીફ કરી.

જે ઇન્સાનના દિલમાં ગુરૂર ભરેલ હોય તે હક્ક વાત સાંભળ્વુ પસંદ નથી કરતો અને પરિણામે ભલાઈ થી દૂર રહે છે તેમની મિસાલ તો એ પત્થરની મિસાલ કે જેના પર ગમે તેટલો વરસાદ વરસે તે કોરો અને કોરો જ રહી જાય છે.

## ﴾68﴿ હઝરતે ફારૂકે આઝમ رَضِیَ اللہُ تَعَالٰی عَنْہ

એક ફકીર મદીનએ મુનવ્વરાની એક સાંકડી ગલીમાંથી પસાર થઈ રહ્યો હતો અચાનક એવુ બન્યુ કે હઝરતે ઉમર رَضِیَ اللہُ تَعَالٰی عَنْہ ત્યાંથી પસાર થયા અને અજાણતામાં તેમનો પગ ફકીરના પગ પર પડી ગયો ફકીર નારાઝ થઈ ને બુમ પાડી ઉઠયો બોલ્યો : "અય શખ્સ શું તૂ આંધળો છે ?"

અમીરુલ મોમિનીન હઝરતે ઉમર رَضِیَ اللہُ تَعَالٰی عَنْہ એ બહુજ શાંતિથી અને કમાલ મહોબ્બતથી જવાબ દીધો કે ભાઈ ! હુ અંધ તો નથી પરંતુ મારાથી ખરેખર ભૂલ થઈ ખુદાના માટે મને માફ કરી દો."

આ હિકાયત બયાન કરતા શૈખ સાદી رَحْمَۃُ اللہِ تَعَالٰی عَلَیْہ ફરમાવે છે કે سُبْحَانَ اللہ عَزَّوَجَلَّ બુઝુર્ગોના અખ્લાક કેટલા પાકીઝા હોય છે અને સામે અગર કોઈ કમઝોર આવી જાય તો તેમના લહેઝામાં વધારે નરમી આવી જાય છે.

સાચી વાત છે કે દરેક બુલંદ દરજ્જો રાખનાર મોમિન મર્દ નર્મ સ્વભાવ અને ખાકસાર હોય છે તેઓની મિસાલ તો એવા ફળદાર ઝાડની જેમ છે કે તેના પર જેટલા વધારે ફળ આવે તેની ડાળીઓ વધારે નમી પડે ઝુકી જાય છે ઈન્સાન તાકતવર યાની શક્તીશાળી હોય, સત્તા પર હોય છતા પણ કોઈ કમઝોરના કટાક્ષ કે ડાયલોગ સાંભળી લે એ બહુજ મોટી વાત છે, સરકાર ફરમાવે છે બદલાની તાકત રાખવા છતા માફ કરી દેવુ બહુજ મોટી નેકી છે اَلْحَمْدُ لِلّٰہ عَزَّوَجَلَّ અને તમામ તારીફ અલ્લાહનાજ માટે છે.

## ﴾69﴿ દુનિયા પણ બહેતર આખિરત પણ

એક નેક સીરત ઈન્સાન પોતાના દુશ્મનોની વાત પણ બુરાઈ થી નહોતો કરતો જ્યારે પણ કોઈની વાત નિકળતી તેની ઝબાનથી નેક વાક્યોજ નિકળતા અથવા એ ચુપ રહેતો, તેના ઈન્તેકાલના પછી કોઈએ તેને સ્વપ્નમાં જોયો તો સવાલ કર્યો :

"કહો મિયાં ! અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો મામલો કર્યો ? પકડાઈ ગયા કે બચી ગયા ?

આ સવાલ સાંભળીને તેના મોઢા પર મુસ્કુરાહટ આવી ગઈ અને બુલબુલની જેમ મીઠા અવાજમાં બોલ્યો : "દુનિયામાં હું ઝિન્દગી ભર એ વાતથી બચતો રહ્યો કે મારી ઝબાનથી કોઈ ખરાબ વાત નિકળે, મુન્કર નકીરે પણ મારાથી કોઈ સખ્ત સવાલ ન કર્યો અને આવી રીતે મારો મામલો બહુજ સારો રહ્યો.

**ફાયદો :** કોઈની બુરાઈ શોધવી કે બુરાઈ કરવીએ બહુજ નાપસંદ અમલ છે દરેક ઈન્સાનની ઝાતમાં ખામીઓ શોધનાર અસલમાં ઈર્ષા (હસદ) કરનાર હોય છે જે બીજાની તરક્કી અથવા બીજાની ખુશી નથી જોઈ શકતો.

અને આનાથી વધારે ખરાબ વાત તો એ છે કે બુરાઈ ન હોવા છતા બુરાઈ ઘડી કાઢે. અને ઈલ્ઝામ મુકે તો આ તોહમત છે અને ગીબત કરતા પણ વધીને છે.

## (70) તકદીરના ફૈસલા

ઈરાનના એક શહેરનો રહેવાવાળો એક પહેલવાન લડાઈના ફનમાં એટલો બધો હોંશિયાર જાણકાર અને તાકતવર હતો કે લોખંડના બખ્તરને પણ તીર વડે છેદી નાખતો કોઈ માણસ પણ તેના મુકાબલામાં આવવાની હિમ્મત ન કરતો.

એક વખત એવુ બન્યુ કે એક એવા માણસે તેને મુકાબલાની ચેલેન્જ કરી જેણે માત્ર બચાવ માટે મામૂલી તૈયારી કરી હતી. પહેલવાન તુરંત તેના મુકાબલા માટે તૈયાર થઈ ગયો અને મઝબૂત કમાન ખભા પરથી ઉતારી અને તીરોનો વરસાદ શરૂ કરી દીધો, પરંતુ એક તીર પણ તેના બખ્તરને ન કાપી શક્યુ જે તેણે પહેરી રાખેલ જ્યારે તે પોતાની તમામ તર પ્રયત્ન કરવા છતા નિષ્ફળ (નાકામ) રહ્યો તો સામેવાળાએ એકદમ આસાનીથી તેને ગિરફતાર કરી લીધો.

ગિરફતાર કર્યાના પછી તે પહેલવાનને ત્યાંથી લઈ ગયો અને તેના હાથ પગ મઝબૂતીથી બાંધીને તેને પોતાના તંબુની બહાર તડકામાં નાખી દીધો હવે અર્દોબલનો એ પહેલવાન શરમ અને તક્લીફના કારણે આખી રાત રડતો રહ્યો. સવારના સમયે એક ગુલામ તંબુમાંથી બહાર નિકળ્યો તો તેને આ હાલતમાં જોઈ બોલ્યો : "શું તૂ એજ નામી ગિરામી (પ્રસિધ્ધ, મશ્હૂર) પહેલવાન નથી જે તીર મારીને લોખંડની ચાદરની આરપાર કરી નાખતો હતો ! અને અગર તૂ એજ છે તો પછી તારી આ હાલત કઈ રીતે થઈ ?

પહેલવાન ઠંડી સાંસ લઈને બોલ્યો : "આ બધાજ તક્દીરના ખેલ છે જ્યારે મારા ગ્રહો સારા હતા તો મારો કોઈ વાર ખાલી નહોતો, હવે જ્યારે તક્દીર ખરાબ થઈ તો કોઈ હુનર કામ ન આવ્યુ.

**ફાયદો :** ઈન્સાનનું મુખ્તાર હોવુ કે મજબૂર હોવુ (ઝબ્રો ઈખ્તિયાર) નો મામલો હમેશાથી બહેસનો વિષય રહ્યો, એક ગિરોહ ઈન્સાનને પૂરે પૂરો મુખ્તાર (અધિકારવાળો) માને છે જ્યારે એક ગિરોહ મજબૂર માને છે પરંતુ આ વાત બિલ્કુલ સાચી કે જે બન્નેની વચમાં છે તે એ કે ઈન્સાન ઝાડ પાન અને પત્થરની જેમ મજબૂર નથી કે જે ચાહે તે કરીલે તેવો મુખ્તાર નથી અટલ ફૈસલા અલ્લાહનાજ હોય છે.

ઈન્સાનને જે ઈખ્તિયાર હાસિલ છે તે અલ્લાહ તઆલાના અતા કરેલ છે અને તે જ્યારે ચાહે તે તેને રોકી દે (સલ્બ) કરી દે, આ સિલ્સિલામાં મૌલાએ કાએનાત મૌલા અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم એ એક માણસને આ બાબતમાં કહ્યું કે તારો એક પગ ઉઠાવી લે તે શખ્સ એક પગ ઉપાડીને ઝમીન પર એક પગે ઉભો રહ્યો આપે ફરી કહ્યું હવે તારો બીજો પગ પણ ઉપાડ તેણે કહ્યું : "આ શક્ય નથી" તો આપે ફરમાવ્યુ : "બસ તૂ આટલોજ મુખ્તાર છે અને આટલોજ મજબૂર.

અને આપે એ પણ ફરમાવ્યુ : "મૈં મારા ઈરાદાના ટુટવાથી મારા રબને ઓળખ્યો" سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

ટુંકમાં જ્યારે કોઈ બંદા માટે અલ્લાહના ફઝ્લનો છાંયડો હટી જાય છે તો તે કંઈજ નથી કરી શકતો.

અલ્લાહ તઆલા અગર બચાવવા ચાહે તો સિંહના પાંજરામાં ઈન્સાનને બચાવીલે અને અગર મારવા ચાહે તો કીડીના કરડવાથી માણસ મરી જાય.

## ﴾71﴿ બીમાર અને ડોક્ટર

એક કુર્દ બીમારની પાંસળીઓમાં દુખાવો શરૂ થઈ ગયો અત્યંત દુખાવાના કારણે એ ઝબ્હ કરેલ મુર્ગ કે બકરાની જેમ તડપતો હતો તેના સગાઓ એક હોંશિયાર તબીબને લઈને આવ્યા તપાસીને તેણે કહ્યું : "આ માણસ સવાર સુધી જીવી જાય તો પણ ગનીમત છે."

તેણે વધારામાં કહ્યું : "ઈન્સાનને દુશ્મનની ગોળી કે તલવાર એટલુ નુક્સાન નથી પહોંચાડતી જેટલુ નુક્સાન બદ પરહેઝી અને વધારે ખાવાથી થાય છે એક નિવાલો પણ જો કોઈની આંતરડીમાં ફસાઈ જાય તો તે માણસ મૌતના મોંમા પહોંચી જાય છે આ માણસ પણ એવોજ છે આ નહીંજ બચે.

તબીબ આટલુ કહીને રવાના થઈ ગયો, ખુદાએ તઆલાનું કરવું એમ થયુ કે એજ રાત્રે એ ડોક્ટર મરી ગયો અને દર્દી તંદુરુસ્ત થઈને ત્યાર પછી ચાલીસ વર્ષ જીવ્યો.

**ફાયદો :** પાછળની હિકાયતની જેમજ આ હિકાયતમાં પણ શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه એ તદબીર (પ્રયત્ન) પર તક્દીર યાની નસીબની બરતરી સાબિત કરી છે.

## ﴾72﴿ અંધ વિશ્વાસ

એક ગામડીયાનો ગધેડો મરી ગયો તેણે મરેલા ગધેડાનું માથુ કાપીને પોતાના ખેતરમાં દ્રાક્ષના બગીચા પાસે લટકાવી દિધુ

એક રૌશન ખયાલ માણસ ત્યાંથી નિકળ્યો તો તેણે પુછયુ કે "ભાઈ આ શા માટે ? " અંધ વિશ્વાસી ખેડુતે જવાબ દીધો. આ એટલા માટે કે મારો બગીચો નઝરે બદથી બચેલો રહે !

અકલમંદ માણસે જવાબ દીધો કે તારો આ ખયાલ સાચો નથી, અય ખુદાના બંદા ! આટલુ તો વિચાર કે જે ગધેડો ખુદ પોતાનો જીવ ન બચાવી શકયો તે મર્યા પછી તારી દ્રાક્ષની વેલો કઈ રીતે બચાવશે ? જરા વિચારતો કર જે ડોક્ટર ખુદ બીમાર છે તે બીજા દર્દીઓને કઈ રીતે બચાવશે ? આ શાન તો માત્ર ખુદાએ પાકનીજ છે કે તે હકીકી મુહાફિઝ છે હકીકી રાઝિક છે હકીકી મદદગાર છે.

**ફાયદો :** વહેમ એક એવી લાનત છે જે ઈન્સાનની તરક્કીના માર્ગમાં રૂકાવટ બને છે જે કૌમમાં આ રિવાજ પડી જાય છે તેનો ઝવાલ (પડતી) યકીનીજ છે આ બીમારીનો સાચો ઈલાજ "અકીદએ તૌહીદ" છે.

અલ્લાહ તઆલાની પાક ઝાત સિવાય નથી કોઈ તક્લીફ આપનાર નથી કોઈ રાહત આપનાર, બીમારી તંદુરુસ્તી, નફો, નુક્સાન, રંજ, રાહત બધુજ અલ્લાહ પાકના ઈરાદા અને ઈખ્તિયારમાં છે હકીકી મુસ્તઆન બસ એજ છે.

## 《73》ગીધ અને ચીલનો મુકાબલો

એક ગીધ અને એક ચીલ વચ્ચે એ બાબતમાં બહેસ થઈ ગઈ કે બન્નેમાંથી કોની નઝર વધુ તેઝ છે. ગીધ કહે કે મારી નઝર તેઝ છે અને ચીલનું કહેવુ એમ હતુ કે હું વધારે દૂર સુધી જોઈ શકુ છુ. છેલ્લે બન્ને પોતાનો દાવો સાબિત કરવા માટે ઉંચાઈ સુધી ઉડયા.

જ્યારે બન્ને બહુજ ઉંચે પહોંચી ગયા તો ગીધે ઝમીનની તરફ નીચે જોઈને કહ્યું : "હું સાફ જોઈ રહ્યો છુ કે નીચે ઝમીન પર અનાજનો એક દાણો પડયો છે"

ચીલે કહ્યુ : "ચાલો નીચે જઈને જોઇ લઈએ અગર તારી વાત સાચી પડીતો તૂ જીતી જઈશ અને હું હાર સ્વીકારી લઈશ.

આ ફૈસલો કર્યા પછી બન્નેએ ઉપરથી નીચે તરફ હવામાં ડૂબકી લગાવી, ઝમીન પર ખરેખર નીચે ઘંઉનો એક દાણો હતો પરંતુ એ દાણાનું ત્યાં હોવુ કારણ વગર ન હતુ દર અસલ શિકારીએ ત્યાં ઘણા બધા દાણા વિખેરી નાખ્યા હતા અને પક્ષીઓને ફસાવવા માટે જાળ બિછાવી રાખી હતી, ગીધે નીચે ઉતરીને જાળમાંથી ઘંઉનો દાણો ખાવા ચાહ્યુ, તો તે શિકારીની જાળમાં ફસાઈ ગયો.

એ જોઇને ચીલ બોલી નવાઈની વાત છે તેં આટલા દૂરથી ઘંઉનો દાણો તો જોઈ લીધો પણ સાવ નજીકથી શિકારીની જાળ ન જોઈ શક્યો, ગીધ રંજથી બોલ્યો : "જ્યારે તકદીરનો ફેંસલો ગાલીબ આવે છે તો અકલ રવાના થઈ જાય છે જ્યારે કઝા પોતાનો ભાલો ફેંકે છે તો તેજ નઝર રાખનાર આંખો બંધ થઈ જાય છે."

**ફાયદો :** આ હિકાયતમાં પણ હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه એ જબ્રો કદ્ર યાની તક્દીર તદબીરનો મામલો રજુ કર્યો છે અને તેને મિસાલથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે **તકદીરના ફૈસલા અટલ છે જે અટલ બિહારીને પણ દોઝખમાં પહોંચાડી દે છે** તક્દીરે ઈલાહી ટળતી નથી અગર તક્દીરમાં તબાહી લખી હશે તો તે તદબીર (પ્રયત્ન, મહેનત) થી ટળશે નહીં. બેશક !

## ﴾74﴿ ઉંટણી અને તેનું બચ્ચુ

એક ઉંટણી જેના પર બોઝ (વજન) લદાયેલ હતો સફરમાં ભાગતી જઈ રહી હતી તેનું બચ્ચુ પણ માંની સાથે સાથે ભાગતુ હતુ, જ્યારે તે બચ્ચુ થાકી ગયુ તો તેણે પોતાની માંથી કહ્યુ : "માં ! જરા થોડી વાર રોકાઈજા, મને થાક લાગ્યો છે." ઉંટણીએ બચ્ચાની વાત સાંભળી તો તે બોલી : "બેટા ! અગર મારી લગામ મારા કન્ટ્રોલમાં હોતી તો મારી કમર પર આટલો બોઝ ન હોત."

**ફાયદો :** આ હિકાયત બયાન કરતા શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه કિતાબના પઢવાવાળાને એ હકીકતથી આશ્ના કરાવવા માંગે છે કે તમારા તમામ કાર્યો તમારા ઈરાદાને નહીં પણ અલ્લાહ પાકની મરઝી અને મશિયતના તાબે છે.

ન તમો રોઝીના માટે કોઈના દરવાજાને શોધો ન ઝિન્દગીના બીજા મામલા માટે કોઈને ફાઈલે હકીકી (હકીકી કર્તા) સમજો હકીકી રાઝિક, અને મદદગાર માત્ર એક છે. **અલ્લાહ વાહિદ**

## ﴾75﴿ બચ્ચાનો રોઝો

એક બચ્ચાએ રોઝો રાખી લીધો, આખ્ખો દિવસ તો લગભગ તેણે જેમ તેમ કરીને પસાર કર્યો પરંતુ પછી ભુખ અને તરસની તકલીફ બરદાશ્તની બહાર થઈ ગઈ અને તેણે વિચાર્યુ કે અગર હું ચુપ ચાપ કંઈક ખાઈ પી લઈશ તો કોને ખબર પડશે ? અને તેણે રોઝો તોડી નાખ્યો, ઘરવાળાઓને તેના આ અમલની ખબર પણ ન પડી, લોકો સાંજ સુધી તેને તસલ્લી આપતા રહ્યા અને સબ્રની તલ્કીન કરતા રહ્યા અને મગરિબના સમયે ઈફતારનો બહેતરીન ઈન્તેઝામ કર્યો એ અલગ વાત છે કે તેણે ઈફતારી તો કરી પરંતુ રોઝાથી તેને કોઈ નિસ્બત ન હતી.

હઝરત શૈખ رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه આ હિકાયત બયાન કરીને બતાવે છે કે તે વૃધ્ધ આ બચ્ચાથી પણ વધારે નાદાન છે કે લોકોને બતાવવા માટે રિયાકારી માટે શૌબાજી માટે રોઝા રાખે છે અને નમાઝ પઢે છે કે લોકો તો તેને ઈબાદત ગુઝાર સમજશે પણ ઈબાદતથી તેને કોઈ તઅલ્લુક નથી ઉલ્ટાનું આવી નમાઝ તો તેને દોઝખથી વધારે નજીક કરી દેશે.

જે માણસ મખ્લૂકને દેખાડવા માટે નમાઝ પઢે છે તે જાણેકે મુસલ્લો આગ પર બીછાવે છે કોઈ માણસ ઝૈદની નોકરી કરી, અમ્ર પાસે પગાર માંગે તો શું અમ્ર તેને પગાર ચુકવશે ?. નહીં તો જે ઇન્સાન લોકો માટે ઈબાદત કરી ખુદાથી સવાબની ઉમ્મીદ

રાખશે, તો ખુદા તેને કોઈ સવાબ નહીં આપે માટે જરૂરી છે કે ઈબાદતમાં ઈખ્લાસ પૈદા કરે.

## ﴾76﴿ હાજી સાહેબ તરફથી હદિયો

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ બયાન ફરમાવે છે કે એક હાજી સાહેબ મારાથી એવા નારાઝ થઈ ગયા કે વાતચીતના દરમિયાન તેમણે મને કુતરો કહી દીધો પછી એવુ બન્યુ કે એજ હાજી સાહેબે મને હાથી દાંતનો બનેલ એક બહેતરીન કંગો (દાંતીયો-કંગી) ભેટ આપી.

જેવુકે પહેલી વાત મારા મગઝમાં સલામત હતી એટલા માટે મૈં તેમનો હદિયો તેમની સામેજ ઝમીન પર ફેંકી દીધો અને કહ્યું : "હું એજ છુ જેને તમે કુતરો કહ્યો હતો શું આ કંઘો મને હડ્ડી સમજીને આપી રહ્યા છો ? મારા માટે તમારી આપની એટલી ઈનાયત કાફી છે કે ભવિષ્યમાં મને આવા બુરા લકબથી યાદ ન કરો."

અગર હું મારી પોતાની મહેનતથી હાસિલ કરેલ સીરકો ખાઈ રહ્યો છુ તો મારા માટે એ એ હલવા કરતા બહેતર છે જે બીજાનો ઝુલ્મ સહન કરવાના પછી મળે જે માણસ થોડા પર સંતોષ કરી લે છે અને પોતાના રબથી રાઝી રહે છે તેની નઝરમાં બાદશાહ અને ફકીર બધા બન્ને બરાબર થઈ જાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ આ હિકાયતમાં વાંચકોને કનાઅત અપનાવવાની અને પોતાનો વકાર તથા ઈઝ્ઝત બરકરાર રાખવાની નસીહત ફરમાવે છે.

સામાન્ય રીતે લોકોનો તરીકો એજ રહ્યો છે કે અગર તેમને કોઈ ફાયદો હાસિલ થતો હોય તો તેઓ ગાળીઓ ખાઈને પણ ચુપ રહે છે પરંતુ શરીફ અને બાવકાર લોકો પોતાની ઈઝ્ઝત બચાવે છે અને ખઝાનાને પણ લાત મારી દે છે, ઉપરાંત સમાજમાં એવા પણ માલદારો છે જેઓની ઝબાન અને વ્યવહાર ખરાબ હોવા છતા માલને ખાતર લોકો તેમની ખુશામત કરતા રહે છે.

આવાજ એક બદઝબાન ફાસિકે એક અલ્લાહવાળાથી સવાલ કર્યો કે મારે સમાજ સેવા કરવી છે તમે બતાવો હું શું કરૂ ? બુઝુર્ગે જવાબ દીધો કે લોકોને સતાવવાનું બંધ કર, તારા માટે આનાથી મોટી કોઈ સમાજ સેવા નથી'' જેવુ કે સાદી સાહેબે કહ્યું આઈન્દા મને આવા શબ્દોથી યાદ ન કરે મારા માટે એજ તારો તોહફો હદિયો છે.

## «77» કમીનાનું અહેસાન

એક ઈઝ્ઝતદાર અને દીનદાર શખ્સ તાવમાં પટકાઈ ગયો કોઈએ તેને સલાહ આપી કે ''ફલાણા માણસ પાસે એકદમ સારી ક્વોલીટીનો ગુલકંદ છે થોડો માંગી લે, ઉમ્મીદ છે કે બીમારી દૂર થઈ જશે.''

ઈઝ્ઝતદાર માણસે જવાબ દીધો ''ના ભાઈ હું એવા બદ ઝબાન અને બદ મિજાઝ શખ્સ થી કંઈ નહીં માંગુ એની ઝબાનની કડવાહટ સહન કરવા કરતા તો બહેતર છે કે મૌતની કડવાહટ બરદાશ્ત કરી લઉં, કોઈ પણ અકલમંદ માણસ એવા માણસના હાથ થી મીઠાઈ ખાવાનું પણ પસંદ નથી કરતો જેના ચહેરા પર ગુરૂરો તકબ્બુરની કડવાશ દેખાઈ આવતી હોય.

**ફાયદો :** આ હિકાયતથી શૈખ સાદી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَيۡه એ કમીના ઈન્સાનનો અહેસાન લેવાથી રોક્યા છે, કારણકે એક તો આવા બદ ઝબાન બદ કિરદાર બદ અખ્લાક લોકો પહેલા તો કોઈ પર ભલાઈ કરતાજ નથી અને કદાચ તેમના હાથે કોઈ નેકીનું કામ થઈ જાય તો પૂરી ઝિન્દગી કેસેટ વગાડતા ગાતા ફરે છે કે ''મૈં આ કર્યુ મૈં તે કર્યું'' અલ્લાહની પનાહ હુઝૂર નબિયે કરીમ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيۡهِ وَاٰلِهٖ وَسَلَّم નો કૌલે ઈબ્રત નિશાન છે કે અય અલ્લાહ ! કોઈ ઝાલિમને એ કુવ્વત કે તૌફીક ન દે કે તે મારા પર કોઈ અહેસાન કરે.

## «78» પેટૂ દરવેશ

હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰهِ تَعَالٰی عَلَيۡه કહે છે કે દરવેશીનો લિબાસ પહેરી અમે થોડા લોકો સાથે ઝિન્દગી વીતાવતા હતા અમારામાંથી

એક માણસની ખોરાક બહુજ વધારે હતી અને તે બહુજ બે સબ્રો હતો એક દિવસે અમે લોકો ખજુરોના એક બાગની તરફ ગયા લાલ લાલ પાકી ખજૂરો જોઈને પેટૂનો જીવ લલચાયો અને તે જલ્દીથી એક ઝાડ પર ચઢી ગયો પરંતુ હજી જીવ ભરાઈ તેટલી ખજૂરો ખાઈ નહોતો શકયો કે ડાળી હાથથી છુટી ગઈ અને તે ઉપરથી પટકાઈને મરી ગયો.

આ તરફ પેટૂનું પડવુ અને બીજી તરફ બગીચાના માલિકનું આવવુ બન્ને સાથેજ થયુ તેણે એની લાશ જોઈ તો પુછ્યુ : "અરે આને કોણે માર્યો ?"

મૈં જવાબ દીધો : "આના ફૈલાયેલા ફુલાયેલ પેટે તેને માર્યો, હકીકત એ છે કે માણસનું પેટ તેના હાથ અને પગના માટે સાંકળ બેડી બની જતુ હોય છે કે તેના પેટને કબરની માટી સિવાય કોઈ ચીઝ નથી ભરી શક્તી.

**ફાયદો :** વધારે ખાવુ સામાન્ય વાત લાગે છે પરંતુ એવુ નથી વધારે ખાવુ એ અનેક બીમારીઓને જન્મ આપે છે બદનમાં ઈબાદતથી સુસ્તી પૈદા કરે છે વધારે ખાનાર માણસ બીજાઓની મઝાકનું નિશાન બને છે.

## ﴾79﴿ ઉધાર ખરીદી

એક ખેડુતની શેરડીની ફસલ બહુજ સારી થઈ પોતાનો માલ વેચવાની ફિરાકમાં તે એક શખ્સની પાસે ગયો અને તેણે તેને કહ્યું : તમો મારા ગન્ના (શેરડી) ખરીદી લો અગર તમારા પાસે રોકડ નથી તો કોઈ વાંધો નથી હું તમને ઉધાર માલ આપવા તૈયાર છુ.

ખેડુતની વાત સાંભળીને તે અકલમંદ માણસે કહ્યું : "ભાઈ ! મને આ વેપારથી દૂરજ રહેવાદો હૂં તો માલ વગર ચલાવી લઈશ પરંતુ તૂ ઉઘરાણી કરવામાં સબ્ર નહીં કરી શકે.

**ફાયદો :** કર્ઝ લેવુ સહેલુ છે અને શૈખ સાહિબના જમાનાને સદીઓ વીતી ગઈ આજે તો કર્ઝ લેવુ અત્યંત સહેલુ થઈ ગયુ

મોલની લોભામણી જાહેરાતો ક્રેડીટ કાર્ડના જમાનામાં બીન જરૂરી ચીઝો પણ લોકો ખરીદ કરે છે અને પાછળથી તક્લીફ ઉપાડે છે ઉપરાંત બીઝનેસ માટે પ્રોપર્ટી ગીરવે મુકીને લોકો લોન લે છે અને પછી ઝિન્દગી ભર વ્યાજના હપ્તા ભરતા રહે છે.

માણસ એટલો એહતિયાત રાખે કે બિન જરૂરી પરચેઝ ન કરે તો આવનાર ઘણી બધી મુસીબતથી બચી જાય.

## ﴾80﴿ ખુદદાર દરવેશ

ખુતન શહેરના એક બાદશાહે કદરદાનીના તૌર પર એક બુઝુર્ગને બહેતરીન લિબાસ ભેટ કર્યો બુઝુર્ગે એ કપડા પહેરીને અદબની ઝમીનને બોસો દીધો. બાદશાહની મહેરબાની અને સખાવતની તારીફ કરી સાથે સાથે એમ પણ કહ્યું કે આ ખિલ્અતના ઉમદા હોવામાં તો કોઈ શક નથી પરંતુ આના મુકાબલામાં મારો જુનો થીગડા લગાવેલ કુર્તો (શર્ટ) બહેતર હતો એને પહેરીને મારે કોઈ ઈન્સાનની આગળ નમવુ નહોતુ પડતુ.

**ફાયદો :** મોટે ભાગે લોકો દૌલતમંદોથી ઈમ્પ્રેસ થઈ જતા હોય છે અને તેમની પાસેથી કંઈક મેળવવા માટે નમી પડતા હોય છે.

પરંતુ ખાસાને ખુદા કોઈની જાહેરી શાનો શૌકતથી ઈમ્પ્રેસ નથી થતા અને જે મેળવવા માટે ખુદ્દારી છોડવી પડે તેવા ઈનામોને પસંદ નથી કરતા.

## ﴾81﴿ લાલચની સજા

એક શખ્સ બહુજ ગરીબીમાં ઝિન્દગી વિતાવતો હતો ઘણી મહેનતના અંતે રોટી અને ડુંગળી સિવાય કશું મળતુ નહોતુ એક માણસે તેને કહ્યું : "ભાઈ ! તૂ પણ અજબ છે બાદશાહની તરફથી રોજ જ ભંડારો (લંગર, દેગ) વહેંચાય છે દરેકને રોટી તથા દાળ મફતમાં આપવામાં આવે છે તૂ ત્યાં શા માટે નથી જતો ?

આ વાત સાંભળીને ગરીબ પોતાની જગ્યાએથી ઉભો થયો અને હિમ્મત એકઠ્ઠી કરીને લંગરખાને પહોંચી ગયો ત્યાં ખરેખર

લંગર વહેચાતુ હતુ પરંતુ ભીડ બહુજ હતી અને લુટમ લુટ ચાલુ હતી, આ બિચારાના હાથમાં એ સિવાય કંઈ ન આવ્યુ કે કપડા ફાટી ગયા તે રડતો જતો હતો અને કહેતો જતો હતો કે : "અય નફસ ! પોતાના કર્યાની સજા ભોગવ જે માણસ મફતનું હાસિલ કરવાની લાલચના ફંદામાં ફસાય છે તેને ઝિલ્લતના સિવાય કંઈ હાથ નથી આવતુ આના કરતા તો મઝદૂરી કર્યા પછી મળતી સાદી રોટી બહેતર હતી.

**ફાયદો :** એ એક સત્ય છે કે ખૈરાત ખાવાવાળા લોકો મોટે ભાગે કાહિલ, સુસ્ત અને ઢીટ થઈ જતા હોય છે જ્યાં સુધી માણસ પોતાની મહેનતથી કમાઈ શકે છે ત્યાં સુધી મફતનું ખાવા તરફ દૌડવુ ન જોઈએ, કારણ કે જે માણસ પોતાની ઉપર સવાલનો દરવાજો ખોલી લે છે અલ્લાહ તેની ઉપર મોહતાજીનો દરવાજો ખોલી દે છે, માટે શક્ય હોય ત્યાં સુધી સવાલથી બચવુ જોઈએ.

## ﴾82﴿ ગરીબ બચ્ચાના દાંત

એક મુફ્લિસ માણસના દૂધ પીતા બચ્ચાના દાંત આવવાના શરૂ થયા તો તે બહુજ ફિક્રમંદ થઈ ગયો કે દાંત નિકળ્યા છે તો હવે તે રોટી પણ માંગશે. આ બાજુ આપણી હાલત એવી છે કે મુશ્કિલથી ગુઝર બસર થાય છે એણે બહુજ વિચારો કર્યા પણ પોતાના બચ્ચાના ખાવા પીવા બાબતમાં શું કરવું તેની કંઈ સમજ ન પડી પરંતુ જ્યારે તેણે પોતાની પત્નીથી આ સિલ્સિલામાં ચર્ચા કરી તો તેણે બહુજ યકીન અને વિશ્વાસ તથા શાંતિથી કહ્યુ કે તૂ એ ફિક્ર પોતાના માથે ન લે કે અગર તૂ આના માટે કંઈ વ્યવસ્થા નહીં કરે તો બાળક મરી જશે (એવુ ન વિચાર)

જે (ખુદા)એ આને દાંત દીધા છે તે ખાવાનું પણ આપશે શું તને પોતાના ખુદા પર એટલો પણ ભરોસો નથી જેટલો એક ગુલામને પોતાના આકા પર હોય છે. સ્ત્રી આગળ કહ્યુ અસલ મામલો તો દિલનુ હવસ તથા લાલચથી પાક હોવુ એ છે જ્યારે

ઈન્સાનના દિલને એવી પાકીઝગી હાસિલ થઈ જાય છે તો તેની નઝદીક માટી તથા સોનુ બન્ને બરાબર થઈ જાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં બહુજ ઉમદા નસીહત કરી છે કે જેના પર અમલ અગર કરવામાં આવે તો તમામ પરેશાની ચીંતા યાને ટેન્શન દૂર થઈ જાય.

મોટે ભાગે લગભગ દરેક ઈન્સાનને પોતાની ઔલાદના ભવિષ્યની ચીંતા સતાવતી રહે છે કે મારા પછી એ ક્યાં રહેશે ? શું ખાશે ? કેમ જીવશે ? અને ક્યારેક ક્યારેક તો માણસ પોતાની ઔલાદના ભવિષ્ય માટે બેઈમાની અને હરામખોરીના માર્ગે પણ ચઢી જતો હોય છે અને લોકોના હક મારતો રહે છે.

હઝરત શૈખ સાદી અમોને એ સિખ આપે છે કે જે અમારો રઝ્ઝાક છે તેજ અમારા બાળકોનો પણ રઝ્ઝાક છે જેણે દાંત આપ્યા છે તે ખાવાનું પણ આપશે અને એક વાત એ પણ છે કે તૂ ગમે તેટલુ છોડીને મરીશ તો પણ અલ્લાહ નહીં ચાહે તો તારી ઔલાદને તે માલ વડે કોઈ લાભ નહીં પહોંચે.

## ﴾83﴿ રહસ્યની વાત

તુર્ક બાદશાહ તકશ પોતાના એક ગુલામ પર બહુજ વિશ્વાસ કરતો હતો, એક દિવસ તેણે પોતાના એ ગુલામને એક રહસ્યની વાત કરી અને તાકીદ કરી કે એ વાત કોઈને પણ ન બતાવે, ગુલામે વાયદો કર્યો પરંતુ તે પોતાનો વાયદો પૂરો ન કરી શકયો. એક વર્ષના પછી તેણે એ રહસ્ય પોતાનો એક ભરોસામંદ માણસને બતાવી દીધુ એણે કોઈ બીજાને અને આવી રીતે એ વાત પૂરા શહેરમાં ફૈલાઈ ગઈ.

બાદશાહને જ્યારે એ વાતની ખબર પડી તો તે બહુજ ગુસ્સે થયો અને તેણે તુરંત હુક્મ ક્યા કે તે એકને નહીં પણ એ બધાજ ગુલામો જેણે વાત ફૈલાવી અને શામિલ થયા બધાને કતલ કરી નાખો, બાદશાહના હુક્મ પર અમલ થવામાં શું વાર ? જલ્લાદ તુરંત તલવાર ખેંચી તૈયાર થઈ ગયો.

જ્યારે મૌત માથા પર આવી ગઈ તો એક અકલમંદ ગુલામે બાદશાહથી કહ્યું : "હુઝૂર ! અમે બધાજ યકીનન ગુનેહગાર છીએ શાહી રહસ્ય ને રહસ્ય ન રાખી શકયા પરંતુ અસલમાં તો સહુથી પહેલા ગુનેહગાર આપ છો જરા વિચારો જે રહસ્યની હિફાઝત ખુદ આપ ન કરી શક્યા તેની હિફાઝત અમારી જેવા સામાન્ય ગુલામો કઈ રીતે કરી શકે ?

અકલમંદ લોકોનો કૌલ છે કે પોતાના દિલનું રહસ્ય પોતાના બહેતરીન દોસ્તને પણ ન બતાવ ! કે એ પણ તારી જેમજ બધાને કહેતો ફરશે અને એ ઉપરાંત કે તે કદાચ ભવિષ્યમાં તારો દુશ્મન બની જાય તો તારી વિરૂધ્ધ ઉપયોગ કરશે.

**ફાયદો :** અકલમંદ લોકોનો કૌલ છે કે ઓછુ ખાવુ, ઓછુ બોલવુ અને ઓછુ ઉંઘવુ એ ઘણી બધી ભલાઈઓના દરવાજા છે શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયતમાં ઓછુ બોલવાના ફાયદા બતાવ્યા છે કે જો બાદશાહ ખુદ ચુપ રહેતો તો આ પોઝીશન પૈદા ન થતી.

## ﴾84﴿ કમઝોરનો ગુસ્સો

એક જઝબાતી શખ્સ કોઈનાથી લડી પડયો અને જે મોંમાં આવે તે બકવા લાગ્યો સામેવાળાએ તેને બહુ માર્યો અને તેના કપડા ફાડી નાખ્યા તેની આ હાલત જોઈ તો તેના સમજાર દોસ્તે તેને કહ્યુ : "અગર તૂ સમજદારીથી કામ લેતો અને ઝબાનને કન્ટ્રોલમાં રાખતો તો તારી આ હાલત ન થતી તૂ અગર ગુંચા (કળી) ની જેમ તારૂ મોં બંધ રાખતો તો ફુલની જેમ તારૂ દામન ચુર ચુર ન થતુ."

યાદ રાખવુ જોઈએ કે શૈખીબાઝ શખ્સ આખરે નુક્સાનજ ઉપાડે છે બધા જાણે છે કે આગ ઉપરથી નીચે સુધી ઝબાનજ છે આગની જેમ ભડકવામાં કોઈ કમાલ નથી.

**ફાયદો :** ગુસ્સો દરેક હાલતમાં નુક્સાનજ પહોંચાડે છે અને કમ અકલ કમઝોરને તો ગુસ્સો બહુજ વધારે નુક્સાન પહોંચાડે છે.

## ﴾85﴿ બુલબુલ પિંજરામાં

બાદશાહ અઝુદ્દૌલા વેલમીનો એક દીકરો બીમાર થઈ ગયો હકીમોએ બહુજ ઈલાજ કર્યો પરંતુ મુકમ્મલ સેહત ન મળી. એક ખુદા રસીદા બુઝુર્ગે કહ્યું : ‘‘સદકા અને નેકીના કામો કરવાથી બલાઓ દૂર થાય છે અગર જે પક્ષીઓને શાહી મહેલ અને બગીચાની ખૂબ સૂરતી માટે પૂરીને રાખ્યા છે તેને આઝાદ કરી દેવાય તો ખુદાની ઝાતથી ઉમ્મીદ છે કે શાહઝાદાને સારૂ થઈ જાય.

બાદશાહને આ સલાહ પસંદ પડી તેણે એક બુલબુલ સિવાય તમામ પક્ષીઓને આઝાદ કરવાનો હુક્મ કરી દીધો એક બુલબુલને આઝાદ એટલા માટે ન કર્યુ કે બાદશાહ અઝુદ્દૌલાને તેની અવાજ બહુજ પસંદ હતી તેણે ન ચાહ્યુ કે આવુ કીમતી બુલબુલ તેનાથી જુદા થઈ જાય.

પક્ષીઓને આઝાદ કર્યા પછી ખુદાનું કરવું કે શાહઝાદો ખરેખર તંદુરસ્ત થઈ ગયો સેહતો તંદુરુસ્તીના પછી તે બાગની સૈર કરવા ગયો તો ત્યાં એજ મીઠા અવાજમાં ગાવાવાળા બુલબુલનું પીંજરૂ જોયુ. શાહઝાદાને બધા બક્ષીઓની આઝાદી અને આ બુલબુલના બારામાં ખબર હતી, તેણે બુલબુલની તરફ જોઈને કહ્યુ.

‘‘અય ખુશ અવાજ પક્ષી ! તને પણ બીજા પક્ષીઓની જેમ આઝાદી મળી જતી અગર તારો કમાલ તારા આઝાદીના માર્ગમાં રુકાવટ ન બની જતો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه ફરમાવે છે કે આવોજ હાલ ઇન્સાનોનો છે જ્યાં સુધી કોઈ માણસ ગુમનામીના ખુણામાં ચુપચાપ બેઠો છે, ત્યાં સુધી તે સલામત છે પરંતુ જેવો તેણે કોઈ કમાલનો દાવો કર્યો અથવા જેવી તેનામાં કોઈ ખૂબી જાહેર થઈ દુશ્મન તેની દુશ્મનીમાં ઉભા થઈ ગયા.

## ﴾86﴿ મુરીદની પીટાઈ

કોઈ એક બુઝુર્ગનો એક મુરીદ તુર્ક દરવેશોની મહેફિલમાં શામિલ થયો અને તેમનું ગાવુ વગાડવુ (ગીત, સંગીત, સૂફી કલામ) સાંભળીને તે બેખુદ (મસ્ત) થઈ ગયો અને તેણે સાજિદોના સાઝ (તબલા, સારંગી) તોડી નાખ્યા આ હરકત પર દરવેશો બગડી ગયા અને આ મુરીદની ખૂબજ ધોલાઈ પીટાઈ કરી યાની માર્યો.

માર ખાઈને એ મુરીદ પોતાના પીરની ખિદમતમાં હાજર થયો અને તેના પર જે ઝુલ્મ થયો હતો તેનુ વર્ણન કર્યુ, પીરે પુરી વાત સાંભળ્યા પછી કહ્યું : "બેટા અગર તૂ એ નથી ચાહતો કે તને તબલાની જેમ થપ્પડ મારી મારીને લાલ કરી નાખવામાં આવે તો તૂ સારંગીની જેમ માથુ ઝુકાવી લે મતલબ કે આફિયત ચાહતો હોતો આવી મહેફિલથી પોતાને દૂર રાખ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه વાંચકોને એવી મહેફિલથી પોતાને દૂર રાખવાની તાકીદ કરી છે કે જ્યાં જવાથી ઈન્સાની અકલ અને હોશ પર જઝબાત છવાઈ જાય.

## ﴾87﴿ નાલાયકોને નસીહત

બે દોસ્તો સફર કરી રહ્યા હતા એક જગ્યાએ તેમણે જોયુ કે થોડા લોકો અંદર અંદર લડી રહ્યા છે કોઈ પોતાના વિરોધીઓને લાકડીથી મારે છે કોઈ પત્થર ફેંકે છે કોઈ ગાળો બોલે છે આ જોઈને બે દોસ્તોમાંથી એક બોલ્યો : આપણી ફરજ છે કે આપણે આ લોકોમાં સુલેહ કરાવી દઈએ"

બીજાએ કહ્યું : "એ લોકો બહુજ ગુસ્સામાં છે, આપણે દામન બચાવીને નિકળી જવુ જોઈએ, એમના મામલામાં દખલ દેવી યોગ્ય નથી."

બીજા માણસની આ વાત એકદમ અકલમંદી તથા સમજદારીની હતી એણે હાલાતને ધ્યાનમાં રાખ્યુ પરંતુ પહેલો માણસ એને કાયર સમજયો અને પોતાની બહાદુરીની સાબિતી

આપવા માટે ઝગડવાવાળામાં કુદી પડયો અને ઝગડવાથી રોકવા લાગ્યો.

આ માણસના આ પ્રયત્ન કોઈ ખરાબ ચીઝ ન હતી પરંતુ જે લોકોને તે નસીહત કરી રહ્યો હતો તેઓની ઉપર જુનૂન સવાર હતુ અને તેઓ પોતાના હોશો હવાસ ખોઈ ચુક્યા હતા, તેમણે આની નસીહતની તરફ ધ્યાન ન દિધુ પરંતુ થોડી વારમાં એવુ થયુ કે તેઓમાંના અમુક લોકો ગુસ્સાથી ભરાયેલ આ સમજાવનાર પર ટૂટી પડયા અને મારી મારીને અધમુઓ કરી નાખ્યો.

આ કિસ્સો બયાન કરતા શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه ફરમાવે છે કે નેક કામ કરતા સમયે પણ તેના તમામ પાસા ઉપર વિચાર કરવો જોઈએ અને આવા લડાઈના મામલાઓમાં પડતા પહેલા પોતાની સલામતીનો વિચાર કરવો જોઈએ.

ઝગડા ફસાદને મિટાવવો તે સારી વાત છે પણ આ સિલ્સિલામાં એ જોવુ જરૂરી છે કે પ્રયત્નનો નતીજો નિકળશે કે કેમ ? જાહિલો અને કમ અકલોને નસીહત કરવી વાંદરાઓને નસીહત કરવા બરાબર છે તેનાથી બચવુ જોઈએ.

## ﴾88﴿ બોજા ઇમ્દાદ

એક બુઝુર્ગ મર્દ હિન્દુસ્તાનના કોઈ એક ઈલાકામાં સફર કરી રહ્યા હતા, એક જગ્યાએ તેમણે જોયુ કે એક કાળા લાંબા ઉંચા કદાવર શખ્સે એક ખૂબ સૂરત જવાન સ્ત્રીને જકડી રાખી છે આમને એવુ લાગ્યુ કે કદાચ એ સ્ત્રી કમઝોર હોવાના કારણે આના પંજામાં ફસાઈ ગઈ હોય, પરંતુ આતો માત્ર બુઝુર્ગનું ગુમાન હતુ. બુઝુર્ગે વિચાર્યુ કે એ બીચારીની મદદ કરવી જોઈએ માટે હિમ્મત કરીને તેઓ એ વહેશીના પંજામાંથી સ્ત્રીને છોડાવવા તૈયાર થઈ ગયા, તેણે એને ડરાવ્યો ધમકાવ્યો, સમજાવ્યો તેનો નતીજો એ નિકળ્યો કે તે માણસ તે સ્ત્રીને છોડીને ફરાર થઈ ગયો.

બુઝુર્ગ એમ સમજયા કે મૈં બહુજ મોટી કામિયાબી મેળવી લિધી, તેમને હતુ કે સ્ત્રી મારો શુક્રિયા અદા કરશે, મારો આભાર

માનશે, પરંતુ મામલો તેનાથી વિરૂધ્ધ થયો તે સ્ત્રી નેક દિલ વૃધ્ધ પર વરસી પડી બુમાબુમ કરવા લાગી કે તેં મારા મહેબૂબને મારાથી જુદો કરી દીધો ત્યાં સુધી કે જોર જોર થી રડવા લાગી અને બુમો પાડવા લાગી કે આ વૃધ્ધ મારી આબરૂ લુટવા માંગે છે મારી જવાની બરબાદ કરવા માંગે છે જ્યારે આવી હાલત ઉભી થઈ તો બુઝુર્ગ ત્યાંથી ભાગ્યા અને એ સ્ત્રી થી પોતાની આબરૂ જેમ તેમ બચાવી.

**ફાયદો :** આ હિકાયતમાં પણ શૈખ સાહેબ رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ એ એજ નસીહત આપી છે કે નેકી કરતા સમએ પણ વિચાર્વુ જોઇએ, અને બીજાના મામલામાં ગૈર જરૂરી દખલ ન કરવી જોઈએ.

## ﴾89﴿ દારૂડીયાની મદદ

હઝરતે દાવૂદ તાઈ رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ ના એક મુરીદે એકવાર એમને કહ્યું કે : "યા હઝરત ! આજે મૈં ફલાણા સૂફીને એવી ખરાબ હાલતમાં બજારમાં જોયો કે નશામા ચુર પડયો હતો, ઉલ્ટી કરવાના કારણે તેના બધા કપડા ખરાબ થઈ ગયા હતા અને તેની આસ પાસ કુતરાઓ ફરતા હતા.

આ વાત સાંભળીને હઝરતે દાવૂદ તાઈ رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ પોતાના મુરીદથી નફરતનો ઇઝહાર કર્યો અને કહ્યું કે અગર તેં ખરેખર એવી ખરાબ હાલતમાં જોયો તો તેની મદદ કેમ ન કરી ? "બેશક ! દારૂ પીવો એ બહુજ મોટો ગુનોહ છે પરંતુ ગુનેહગાર માણસ પણ પોતાના હમ જિન્સની હમદર્દી અને મદદનો હકદાર છે તૂં હમણાંજ જા અને તેને ઉપાડીને લઈ આવ !"

મુર્શિદનો આ હુક્મ સાંભળીને તેને તક્લીફ તો ઘણી થઈ પરંતુ નાફરમાની કરી શકતો ન હતો મજબૂરી થી ગયો અને તે દારૂડીયા સૂફી (ફકીર)ને પીઠ ઉપર ઉપાડીને ચાલ્યો લોકોએ ખૂબ મઝાક ઉડાડી લોકોએ ચોરનો ભાઈ કહ્યો કોઈ તેને છુપો દારૂડીયો કહેવા લાગ્યા લોકોની વાતોથી ઘણો પરેશાન થયો પરંતુ તેણે દારૂડીયાને તેના ઠેકાણે પહોંચાડી દીધો.

બીજા દિવસે એ મુરીદ સૈયદના દાવૂદ તાઈ رَحمَۃُاللہِ تَعالٰی عَلَیہ ની ખિદમતમાં જ્યારે હાજર થયો તો હઝરત મુસ્કુરાયા અને ફરમાવ્યું : લોકોને તેમના ગુનાહ પર શર્મિન્દા કરવા કરતા તેમની મદદ કરવી બહેતર છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحمَۃُاللہِ تَعالٰی عَلَیہ એ આ હિકાયતમાં બુરાઈઓને ખતમ કરવાનો એક સોનેરી નિયમ બયાન ફરમાવ્યો છે કે ગુનાહોથી નફરત કરવી ગુનેહગાર થી નહીં આવા અમલ અપનાવવાનું પરીણામ એ આવે છે કે બુરાઈયોમાં ફસાયેલા લોકો સાચા દિલથી તૌબા કરી લે છે.

## ﴾90﴿ ઈર્ષાથી પણ મોટો ગુનો

હઝરતે શૈખ સાદી رَحمَۃُاللہِ تَعالٰی عَلَیہ બયાન કરે છે કે જે સમયે હું મદ્રસએ નિઝામિયા બગદાદમાં પઢતો અને પઢાવતો હતો મારો એક સાથી મારી ખૂબ સૂરત તકરીર અને દલીલો અને કુવ્વતે બયાનથી બહુજ ઈર્ષા કરતો હતો.

એક દિવસ મૈં મારા ઉસ્તાદે મોહતરમથી કહ્યું કે : ફલાણો માણસ મારા માટે પરેશાનીનુ કારણ બની ગયો છે એ મારા કમાલના કારણે મારી ઈર્ષા કરે છે. મોહતરમ ઉસ્તાદે આ વાત સાંભળી તો નારાઝ થઈને કહ્યું : નવાઈની વાત છે કે તૂ તેના ગુનાહથી તો વાકિફ થઈજ ગયો પરંતુ પોતાના બારામાં ન વિચાર્યુ કે તૂ ગીબત કરી રહ્યો છે, અગર તે હાસિદે દોઝખમાં પોતાનુ ઠેકાણુ બનાવ્યુ છે તો તૂ પણ બીજા રસ્તેથી ત્યાંજ પહોંચી રહ્યો છે.

**ફાયદો :** કુરઆનના શબ્દોમાં ગીબત યાની કોઈની પીઠ પાછળ એવી સાચી વાત જે તેની સામે કરવામાં આવે તો તેને ન ગમે આ એટલો મોટો ગુનોહ છે જાણે કે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાવુ પરંતુ આજે પરિસ્થીતી એવી છે કે સારા સારા દીનદાર લોકો પણ આ ગુનાહ દિલેરીથી કરે છે.

## ﴾91﴿ મગરૂર આલિમ

હઝરતે શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه બયાન ફરમાવે છે કે મૈં બિલ્કુલ નાની ઉમરમાં જ્યારે હું નમાઝ રોઝાના મસાઈલ નહોતો જાણતો માહે રમઝાનનો રોઝો રાખ્યો જયારે નમાઝનો ટાઈમ થયો તો એક શખ્સથી વુઝૂ કરવાનો તરીકો પુછયો મારા સવાલના જવાબમાં તે શખ્સે વુઝૂ, નમાઝ અને રોઝાના બારામાં બધી વાતો વિસ્તારથી સમજાવી જયારે તેણે તકરીર પુરી કરી તો બોલ્યો : બર ખુરદાર ! આ મસ્અલા મારાથી બહેતર કોઈ નથી જાણતુ આપણી મસ્જિદનો મુલ્લો તો વૃધ્ધ ખુસર થઈ ગયો છે.

ઈત્તેફાકથી એ શખ્સની વાત મહોલ્લાના સરદારે સાંભળી તો તે બહુજ નારાઝ થયો તેણે કહ્યું : "એ નાલાયકને મિસ્વાક અને વુઝૂના મસ્લાતો ખબર નથી અને એ ભુલી ગયો અમારો દીન બીજાઓને ઈઝ્ઝતથી યાદ કરવાની તાલીમ આપે છે અને એ પણ કે કોઈને પણ તેની ગૈર મૌજૂદગીમાં બુરૂ કહેવૂ તે ગીબત છે અને ગીબત કરવાવાળા દોઝખમાં જશે. મર્દાનગી તો એ છે કે બીજાઓના બારામાં તેની પીઠ પાછળ પણ એજ કહેવુ જોઈએ જે તેની સામે કહી શકાય.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه પોતાની ઝિન્દગીનો આ કિસ્સો બયાન કરીને આપણને ઈન્સાનિયતનું માન જાળવવાની તાકીદ કરી છે પોતાને આલિમ કહીને બીજાઓને જાહિલ કહેવુ એ સમાજમાં ફસાદ ફૈલાવવાનુંજ કામ છે.

## ﴾92﴿ ચોરથી મોટો ચોર

એક ચોર સીસ્તાન શહેરમાં આવ્યો અને ત્યાંના એક દુકાનદારથી ખાવા પીવાની ચીઝો ખરીદી દુકાનદાર કીમત તો પૂરી વસૂલ કરી પરંતુ તોલ કરવામાં દંડી મારી યાની વજનમાં ચોરી કરી, ચોરે જ્યારે આ જોયુ તો આકાશની તરફ જોઈને ચિલ્લાયો : "યા ખુદા ! મારી જેવા મામૂલી ચોરને દોઝખમાં હરગિઝ ન

નાખતો આ શહેરમાં એવા એવા ડાકૂ હાજર છે જે ખુલ્લે આમ દિન દહાડે લોકોને લૂટે છે.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદીએ વજનમાં ચોરી કરનારને ચોરથી મોટો ચોર કહ્યો છે અને એ વાતમાં કોઈ શક નથી કે એ ગુનોહ બહુજ ખરાબ ગુનોહ છે પૈગમ્બર હઝરતે શુઐબ عَلَيْهِ السَّلَام ની કૌમ આ ગુનાહના કારણેજ હલાક થઈ છે, અલ્લાહ તઆલાએ પોતાના પાક કલામમાં વારંવાર કારોબારમાં ઈન્સાફથી કામ લેવાનો હુક્મ કર્યો છે અને કહ્યું છે કે ઓછુ તોલવાવાળાની ખરાબી છે.

## ﴾93﴿ નેક નિય્યત વઝીર

શહેનશાહ ફરીદુંનો એક વઝીર તેનો બહુજ ભરોસા પાત્ર અને વફાદાર હતો અને શહેનશાહની ભલાઈ ચાહનાર હતો. શહેનશાહ પણ તેની બહુજ કદર કરતો હતો આ વાત બીજાઓ માટે ઈર્ષાનું કારણ બની ગયુ.

હાસિદીન હમેશા એ પ્રયત્નમાં રહેતા કે તેની કોઈ ખામી જાણવા મળે તો બાદશાહની સામે તેને બુરો સાબિત કરીએ.

ઈત્તેફાક એવો થયો કે તેમને એવીજ એક વાત જાણવા મળી ગઈ અને તે લોકોએ તુરંત બાદશાહને ખબર આપી તેમણે કહ્યું : "હુઝૂરે વાલા ! કેવો ઝુલ્મ છે કે તમે તો એ કમીના વઝીર પર મહેરબાનીનો વર્તાવ કરો છો અને તે આપનું મૌત ચાહે છે એ લોકોને એ શર્ત પર ઉધાર આપે છે કે જ્યારે બાદશાહનો ઈન્તેકાલ થઈ જાય તો મારી રકમ પાછી આપશો. ખાત્રી કરીલો કે તમારા લશ્કરમાં એવા ઘણાં સિપાઈઓ છે કે જેણે વઝીરથી એ શર્તે પૈસા લીધા છે.

આ વાત સાંભળી તો બાદશાહ એકદમ ગુસ્સામાં આવી ગયો તેણે તુરંત વઝીરને બોલાવ્યો અને કહ્યું : "એ નાલાયક ! આ શું વાત છે કે તૂ બાદશાહ સલામતની મહેરબાનીનો જવાબ બેવફાઈ

અને બદ ખ્વાહીથી આપે છે ? શું તૂ એમ કહીને લોકોને ઉધાર નથી આપતો કે ઉધાર અમારી મૌતના પછી વસૂલ કરીશ.

વઝીરે બહુજ અદબથી જવાબ દીધો કે હુઝૂરે વાલા ! વાત બિલ્કુલ સાચી છે જે આપે સાંભળી, પરંતુ એમ કરવાથી મારો મક્સદ હુઝૂરની બદખ્વાહી નહીં પરંતુ ખૈર ખ્વાહી છે.

બાદશાહે નારાઝ થઈને પુછ્યુ : "એ કઈ રીતે ?" વઝીરે કહ્યુ : આ ખાદિમે જેટલા લોકોને એમ કહીને ઉધાર આપ્યુ છે કે હુઝૂરની વફાતના પછી પાછુ લેવામાં આવશે તેઓ દિવસ રાત એ દુઆ માંગે છે કે હુઝૂર વધારે થી વધારે લાંબી ઉમર પામે જેથી ઉધાર જલ્દી પાછુ ન આપવુ પડે અને આ શર્ત થી મારી આજ મુરાદ હતી.

આ વાત બાદશાહની સમજમાં આવી ગઈ તેનો ચહેરો ખુશીથી ચમકવા લાગ્યો તેની તારીફ કરી અને તેને વઝીરે આઝમ બનાવી દીધો.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه એ આ હિકાયતમાં એ સબક આપે છે કે જે લોકો ખરેખર નેક નિય્યત અને સાફ દિલ હોય છે દુશ્મનોની દુશ્મની તેનું કંઈ નુક્સાન નથી કરી શક્તી બલ્કે મોટે ભાગે તો એવુ બનતુ જોવા મળે છે કે દુશ્મનોના કાવત્રા તેમની તરક્કી અને બુલંદીએ દરજાતનું કારણ બની જાય છે.

આ બાબતની બહેતરીન મિસાલ હઝરતે યૂસુફ عَلَيْهِ السَّلَام ની ઝિન્દગી છે કે દુશ્મનો તથા વિરોધીઓનો હર વાર તેમના દરજ્જામાં તરક્કીનું કારણ બનતો રહ્યો.

## ﴾94﴿ બદ મિજાઝ પત્ની

એક નવયુવાને એક બુઝુર્ગથી પોતાની પત્નીની ફરિયાદ કરી કે "યા હઝરત ! મારી પત્ની બહુજ ચીડીયલ અને ઝિદ્દી છે જેના કારણે મારી ઝિન્દગી ઘંટીના નિચલા પડ જેવી બની ગઈ છે, બતાવો હું શું કરૂં ?

બુઝુર્ગે તેની વાત સાંભળીને કહ્યું : મિયાં ! બેશક ! તને તારી પત્નીથી થોડી તક્લીફ હશે પરંતુ આ તક્લીફોની સાથે થોડી રાહત પણ મળતી હશે, આ હાલતમાં તારા માટે સહુથી સારી વાત એ છે કે તૂ સબ્ર અને શુક્રની સાથે ઝિન્દગી વિતાવે એવો વિચાર કદી ન કરીશ કે ઝિન્દગીમાં કોઈ જાતની ગડબડ ન હોવી જોઈએ આ ઝિન્દગી તો રાહત અને મુસીબતોનો જમાવડોજ છે.

**ફાયદો :** આ હિકાયત અસલમાં કુરઆને કરીમની એ આયતનો ખુલાસો છે કે જેમાં ફરમાવવામાં આવ્યુ છે કે જે ચીઝ તને પસંદ નથી શક્ય છે કે તેમાંજ તારી ભલાઈ હોય કુદરતના એવા છુપા ભેદના કારણે પત્નીથી અલગ થવાનો વિચાર પણ ન કરવો જોઈએ બલ્કે એ વાત યાદ રાખવી જોઈએ કે બે ઐબ તો બસ અલ્લાહ તઆલાની ઝાત જ છે.

## ﴾95﴿ ઇશ્કે મજાઝી

એક શખ્સ પારસાઈની ઝિન્દગી વિતાવી રહ્યો હતો. આમાલની ખરાબી થી તેનૂ દિલ એક હસીના તરફ આવી ગયુ અને તેનો એ હાલ થયો કે હર પળ તેની યાદમાં રડતો રહેતો અને બેચૈન રહેવા લાગ્યો.

એક દિવસ હકીમ બુકરાતે તેને એ હાલતમાં જોયો તો લોકોથી પુછયુ કે આને શું થઈ ગયુ છે ? જવાબમાં લોકોએ તેનો હાલ વર્ણવ્યો કે ઇશ્કે તેની આ હાલત બનાવી છે બુકરાતે જ્યારે આ વાત જાણી તો તેણે ઇશ્કના દિવાનાને કહ્યું : "શું કુદરતના શાહકારો (અજાઇબાત) માંથી તને એકજ એવો શાહકાર પસંદ આવી ગયો કે તૂ અકલો હોશ ખોઈ બેઠો ? આતો તારી નઝરની કમઝોરી છે અગર તૂ હકીકત જોવાવાળો બને તો તને દેખાય કે એક દિવસના બચ્ચામાં પણ બેપનાહ હુસ્ન હોય છે ઓળખવાવાળા તો એક ઉંટમાં પણ એજ જલ્વા જુએ છે જે જાહેર અને દેખાવ જોવાવાળા ખૂબ સૂરત સ્ત્રીઓમાં જુએ છે.

નઝર ઉઠાવીને જો દરેક ચીઝમાં ખાલિકે હકીકીની કુદરતના જલ્વા નઝર આવશે, હઝરતે સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં જઝબાતી લોકોને સુધારવાનો બહુજ શાનદાર નુક્તો બયાન કર્યો છે કાએનાતના ઝર્રા ઝર્રામાં માલિકે હકીકીએ ખૂબીઓ વિખેરી દીધી છે, જરૂરી છે કે ઈશ્કે મજાઝી નહીં ઈશ્કે હકીકીથી જુઓ.

નહીતર પછી :

**"ઈશ્કને હમ કો નિકમ્મા કર દિયા**
**વરના હમ ભી આદમી થે કામ કે"**

## ﴾96﴿ લોકોના ઐબ ન શોધો

હઝરતે શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ફરમાવે છે કે એક યુવાન હુસ્ને સૂરત (ખૂબ સૂરતી) અને હુસ્ને સીરત (સારા ગુણો, ખૂબિઓ) બન્નેમાં બે મિસાલ અને સાથે સાથે દૌલતે ઈલ્મ થી માલામાલ હતો જે વિષય પર પણ તે વાત કરતો તો લોકો તેની વાત પુરા ધ્યાનથી સાંભળ્તા અને તેના ફૈસલાને સાચો માનતા હતા.

તે એવો રોશન ચિરાગ હતો કે તેની સામે બીજા કોઈનો ચિરાગ મુશ્કેલીથી ચમકતો પરંતુ આ બધીજ ખૂબીઓની સાથે તેનામાં એક કમઝોરી હતી કે તે શબ્દોને તેના સહી ઉચ્ચારની સાથે બોલી નહતો શકતો.

એક દિવસ એક બુઝુર્ગની મહેફિલમાં તેનો ઝિક્ર થયો તો મૈં (યાની શૈખ સાદીએ) તેની એ કમઝોરી (યાની અચકાઈને બોલવાનો) ઝિક્ર કરવાના પછી કહ્યું કે આ ખામી તેનામાં એટલા માટે છે કે તેના આગળના દાંત બરાબર નથી.

મારી આ વાત સાંભળીને તે બુઝુર્ગ બહુજ નારાઝ થયા તેમણે ફરમાવ્યુ નવાઈની વાત છે તેની આટલી બધી ખૂબીઓના બાવુઝૂદ તારી નઝર એક મામૂલી ઐબ પર પડી અફસોસ !

યોગ્ય (મુનાસિબ) તો એ છે કે ઈન્સાન હુનર અને ખૂબીઓ બીજાની ઝાતમાં શોધે અને ખામીઓ પોતાની અંદર શોધે અને

યાદ રાખ ! દુનિયામાં ભલાઈઓ પણ છે અને બુરાઈઓ પણ છે જેવી રીતે બગીચામાં ફુલ પણ હોય છે અને કાંટાઓ પણ. જે માણસના દિલનો અરીસો મેલો હોય છે તેને દરેક ચીઝ ઝાંખી મેલી ધુંધળીજ દેખાય છે અને જેના દિલનો અરીસો સાફ હોય તેને દરેક ચીઝ રોશન દેખાય છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه આ હિકાયતમાં સહીહ ઈસ્લામી અખ્લાક પેશ કર્યો છે કુરઆને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ હુક્મ દીધો છે કે **"લા તજસ્સસુ"** લોકોના ઐબ ન શોધો.

અગર કોઈ માણસ કોઈ પરહેઝગારની ઝિન્દગીમાં ઐબ શોધવા લાગે તો જરૂર કંઈક તો વાંધાજનક મળીજ જશે, કારણકે બે ઐબ તો માત્ર અલ્લાહ પાકની ઝાત છે અને અલ્લાહની અતાથી માસૂમ તો માત્ર પૈગમ્બરો અને ફરિશ્તાઓજ છે.

મૌલાએ કાએનાત મૌલા અલી ઈર્શાદ ફરમાવે છે કે બીજાઓના ઐબ શોધવાવાળા ઈન્સાનની મિસાલ એ માખી જેવી છે જે પૂરા ખૂબ સૂરત બદનને છોડીને ઘાવ પર બેસે છે.

**અલ્લાહની પનાહ**

## ﴾97﴿ નાફરમાન દીકરો

એક યુવાનને પોતાના ઈલ્મ, અક્લ અને તાકત પર બહુજ ઘમંડ હતો એક દિવસ તેની માંએ એક વાત કહી તેને તેની માંની રાય (અભિપ્રાય) કરતા પોતાની રાય સહીહ લાગી અને તેણે માંનો હુક્મ માનવાથી ઈન્કાર કરી દીધો, દીકરાની આ ઝિદ અને બગાવતથી માં બહુજ નારાઝ થઈ.

માંએ દિલગીર થઈને કહ્યું : "બેટા ! આજ તૂ એક ખૂબ સૂરત યુવાન છે તને પોતાની અકલ અને બાવડાની તાકત પર નાઝ છે પરંતુ તૂ હમેશાથી આવો નહતો આટલૂ કહીને માં તેનૂ એ ઘોડીયુ (પારણુ) ઉપાડી લાવી જેમાં તેને એ સુવાડતી હતી અને કહ્યું :

"બેટા ! તૂ આ નાનકડા પારણામાં બેબસ પડયો રહેતો હતો તારા આ બાઝૂઓમાં એ વખતે એટલી તાકત પણ ન હતી કે તૂ તારા નાક પર બેસેલ માખીને પણ ઉડાડી શકે તૂ પોતાની મરઝીથી પડખુ પણ ફેરવી નહતો શકતો.

ગમગીન માંએ ફરી કહ્યુ : "એ વાત કદી ન ભૂલ કે મૌત જ્યારે તારી આંખની રોશની છીનવી લેશે તો એક વાર ફરીથી તૂ એવોજ મજબૂર અને તાકત વગરનો બની જઈશ તારી હાલત એ થશે કે કબરના કીડા મકોડા તારૂં મગજ નોચી નોચીને ખાશે તૂ એને હટાવી નહીં શકે તને આજે જે તાકત અને શૌકત હાસિલ છે તેને તૂ તારી કરામત કે કમાલ ન સમજ બલ્કે પોતાની ખૂબીને અલ્લાહ પાકનું અહેસાન માન.

**ફાયદો :** આ હિકાયત વડે શૈખ સાદી رَحْمَةُاللهِ تَعَالٰی عَلَيْه બતાવી રહ્યા છે કે ઈન્સાન જ્યારે જવાનીની ઉમરમાં પહોંચે છે તો જવાનીના નશામાં પોતાનો આગાઝ (બચપન) અને અંજામ (ઘડપણ) બન્નેને ભૂલી જાય છે આ હિકાયતમાં શૈખ સાહેબે એ ગુનાહની તરફ ધ્યાન દોર્યુ છે, જરૂરી છે કે એ ગુનાહથી બચવામાં આવે ખાસ તૌર પર માં-બાપની નાફરમાની તો કદી કરવામાં ન આવે.

## ﴾98﴿ તબીબનો ઇન્તેકામ

એક બાદશાહ એક વખત પોતાના તાકતવર ઘોડા પર સવાર હતો ઘોડો કોઈ કારણ સર ભડક્યો અને ઉછળયો તો બાદશાહને માથા ભેર પટકી દીધો અને તેની ગર્દનની હાડકી હલી ગઈ બન્યુ એવુ કે હવે ગર્દન હલાવી પણ નહતો શકતો.

શાહી હકીમોએ પોતાની રીતે બહુજ પ્રયત્ન કર્યા પણ બિલ્કુલ ફાયદો ન થયો, આ સમય ગાળામાં મુલ્કે યુનાનનો એક હકીમ એ બાજૂ આવ્યો અને એવી કાબિલિયત થી ઈલાજ કર્યો કે બાદશાહની ગર્દન સારી થઈ ગઈ.

ઈલાજ કર્યાના થોડા સમય પછી હકીમ પોતાના વતન યુનાન ચાલ્યો ગયો, થોડા સમય પછી ફરી આવ્યો તો બાદશાહની મુલાકાતે આવ્યો જરૂરી હતુ કે બાદશાહ હકીમની કદર કરતો અને માન સન્માન આપતો અથવા મહોબ્બતથી પેશ આવતો પરંતુ બાદશાહ એવો બની ગયો જાણે હકીમને જાણતોજ નથી બાદશાહના આ વર્તનથી હકીમને બહુજ દુઃખ થયુ કારણ કે આતો એક જાતનું અપમાન હતુ.

યુનાની હકીમ દરબારથી બહાર આવ્યો અને બાદશાહના એક ગુલામને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું : "હું તને થોડા બીજ આપુ છુ આ તારા બદાશાહ પાસે લઈજા અને તેને કહે કે આ યુનાની હકીમે દીધા છે સળગતા અંગારા પર નાખીને આની ધુણી લેવામાં આવેતો ઘણો ફાયદો થાય છે.

ગુલામ એ બીજ બાદશાહ પાસે લઈ ગયો અને તેને હકીમની વાત બતાવી, બાદશાહે તુરંત આગ લાવવાનો હુક્મ કર્યો પરંતુ જ્યારે બીજ આગ પર નાખીને ધુણી લિધી તો તેને એક ઝોરદાર છીંક આવી જેના કારણે તેની ગર્દનના મણકા ફરીથી હટી ગયા હવે બાદશાહ બહુ ગભરાયો તેણે હકીમને શોધવાનો હુક્મ કર્યો કે હકીમને મારી પાસે લઈ આવો. બાદશાહનો હુક્મ સાંભળીને તેના સિપાઈઓ ચારે તરફ ફરી વળ્યા પણ હકીમ ન મળ્યો અને બાદશાહની ગર્દન સારી ન થઈ.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ આ હિકાયતમાં નસીહત આપી છે કે પોતાના પર અહેસાન કરનારને હમેશા ભલાઈની સાથે યાદ રાખો અને અહેસાન ફરોશી ન કરો જે અહેસાન ફરોશી કરે છે તે કમીનાઓના લિસ્ટમાં આવે છે.

## ﴾99﴿ નાદાન છોકરો

એક માણસે એક બચ્ચાને કુહાડી આપી અને તાકીદ કરી કે આનાથી લાકડા કાપે, છોકરાએ કુહાડી હાથમાં લઈ અને મસ્જિદની

દિવાલ ખોદવાનું શરૂ કરી દિધુ તે માણસે જ્યારે જોયુ કે છોકરો લાકડા કાપવાને બદલે મસ્જિદની દિવાલ તોડે છે તો તે બહુ ગુસ્સે થયો અને તેના કાન ખેંચીને બોલ્યો નાલાયક ! મૈં તો તને કુહાડી લાકડા કાપવા દીધી હતી તૂ તો મસ્જિદની દિવાલ તોડવા લાગ્યો.

હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ આ હિકાયત વડે ફરમાવે છે કે જો લોકો ઝબાન જેવી પાક ચીઝ વડે અલ્લાહની હમ્દો સના બયાન કરવાના બદલે એલ ફેલ બક્વાસ કરે છે તે આ નાદાન બચ્ચાઓ જેવા છે, કે ઝબાન તો ઝિકુલ્લાહ માટે છે

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِ એ જે વાત ઝબાનના બારામાં કહી છે તે વાત અસલમાં શરીરના તમામ અંગોને લાગુ પડે છે યકીનન આ કાન, નાક, આંખ, દિલ એ તમામ અલ્લાહની નેઅમતો છે તેનો સહીહ ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે.

## ﴾100﴿ બાદશાહ અને તેનો ગુલામ

સખત સર્દીની મૌસમ હતી તેમાં એક રાત્રે શાહે તુગરક કંઈક જરૂરત માટે મહેલની બહાર નિકળ્યો તો તેણે એક હબશી ગુલામને મહેલના દરવાઝે જોયો, ઠંડીના કારણે તેના હાથ પગ ધ્રુજી રહ્યા હતા અને તે બહુજ તક્લીફમાં હતો, બાદશાહે તેની તક્લીફનો અંદાજ કર્યો તે તેના પર બહુજ રહેમ આવી ગઈ તે તેની પાસે રોકાયો અને બોલ્યો : "ગભરાતોના ચીંતા ન કર હું હમણાંજ અંદર જઈને તારા માટે કમ્બલ (બ્લેન્કેટ) મોકલુ છુ જે તને સર્દી થી બચાવશે."

આટલુ કહીને બાદશાહ ત્યાંથી રવાના થઈ ગયો બન્યુ એવુકે પોતાના મહેલમાં જઈને આ વાત ભુલાઈ ગઈ કે પોતે ધાબળો મોકલવાનો વાયદો કરીને આવ્યો છે અને આવી રીતે ગુલામને ડબલ તક્લીફ થઈ એક તક્લીફ સર્દીની અને બીજી ધાબળાના ઈન્તેઝારની.

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہِ ફરમાવે છે જે લોકો પોતાના હવેલી જેવા મકાનોમાં અથવા મંઝીલ પર તંબૂમાં આરામ કરતા હોય છે તેમને ખુલ્લામાં પડેલા લોકોની તક્લીફનો અંદાજ ક્યાંથી આવે ? આ હિકાયતમાં સાદી સાહેબ રાહતમાં રહેનાર લોકોને ગરીબો પ્રત્યેની તેની જવાબદારી યાદ અપાવે છે.

## ﴾101﴿ બેજા નફરત-1

એક ખુદાશનાશ મર્દે મોમિન બજારથી જઈ રહ્યા હતા કે એક એવા માણસે જે યહૂદીઓથી બહુજ નફરત રાખતો હતો તેણે આપને યહૂદી સમજીને એક જોરદાર ઘુંસો આપની ગર્દન પર મારી દીધો.

આ હરકતથી માણસને બહુજ ગુસ્સો આવી જવો જોઈએ પરંતુ આ ખુદાશનાશ દરવેશે ગુસ્સો તો ન કર્યો પણ પોતાનો ચુંગો (લોંગ કોટ જે ઘુંટણ સુધી આવી જાય તેવો ડ્રેસ જે કપડાની ઉપર પહેરવામાં આવે) ઘુંસો મારનારને તોહફામાં આપી દીધો, આવા હૈરત જનક બનાવ પર ઘુંસો મારનાર બહુજ હૈરાન થયો અને પુછયુ : હઝરત સલામત ! મૈં તો અજાણતામાં તમને તકલીફ પહોંચાડી અને બદલામાં તમે મને પોતાનો કીમતી ચુંગો આપી રહ્યા છો ! બખ્શિશનો આ કયો મૌકો છે ?

હઝરતે જવાબ દીધો ભાઈ ! મૈં આ કામ તારા ઝુલ્મથી બચવા માટે નથી કર્યુ બલ્કે અલ્લાહનો શુક્ર અદા કરવા માટે કર્યું છે મારા પર અલ્લાહનો શુક્ર એટલા માટે વાજિબ થયો કે હું હરગિઝ એવો (યહૂદી) નથી જેવુ તેં મારા માટે ગુમાન કર્યુ (કલ્પના કરી).

સચ્ચાઈ તો એ છે કે જેનો જાહેરી દેખાવ ખરાબ હોય પણ બાતીન સારૂ હોય તો એ અલ્લાહની નઝરમાં સારો છે અને જેનું બાતિન ખરાબ હોય અને જાહેરી દેખાવ સારો હોય તો તેની કોઈ ઈઝ્ઝત નથી.

## ﴾102﴿ બેજા નફરત-2

એક ફકીહ (ફિકહનો જાણકાર) બજારમાંથી પસાર થઈ રહ્યો હતો એક જગ્યાએ તેણે એક દારૂડીયા યુવાનને જોયો જે ઝમીન પર બેહોશ પડયો હતો. ફકીહે દારૂડીયાને જોયો તો નફરતથી મોં ફેરવી લિધુ. દારૂડીયો આમ તો પૂરે પૂરો હોશમાં નહતો પરંતુ તેને ખયાલ આવી ગયો કે આ માણસે મને નફરતને કાબિલ સમજયો છે.

તે બોલ્યો : ''અય પારસા ! એ વાત પર ખુદાનો શુક્ર અદા કર કે તૂ મારી જેવી હાલતમાં નથી અગર તને નેક રહેવાની તૌફીક મળી હોય તો તેના પર મગરૂર ન બન અગર તૂ મુસલમાન છે અને તને દૌલતે ઈમાન મળ્યુ છે તો તેને પોતાનો ઝાતી કમાલ ન સમજ એ ખુદાનો ફઝ્લ છે એ ચાહતો તો તને કોઈ અગ્ની પૂજક મજૂસી (પારસી) ના ઘરે યા યહૂદીને ત્યાં પૈદા કરી દેતો. એ વાતને સારી રીતે સમજ કે નેકી કરવીએ ઇન્સાનનો પોતાનો કમાલ નથી બલ્કે અલ્લાહનો ફઝ્લ છે કે તેણે તેને નેકીની તૌફીક આપી.

આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ પારસાઈના ગુરૂરથી બચવાની હિદાયત કરે છે. હકીકતમાં બેશુમાર લોકો છે કે જેમના અમલ તેમની રિયાકારી અથવા તેમના ગુરૂર (મોટાઈ) એ બરબાદ કરી દીધા છે.

ઈસ્લામી નઝરિયાથી નેકીનો સહીહ તસવ્વુર એ છે કે ઇન્સાન નેક અમલ કરતો રહે અને અલ્લાહનો શુક્ર અદા કરે કે તેણે તેને નેક તૌફીક આપી અને ગુનેહગારથી નફરત ન કરે, પણ ગુનાહથી નફરત કરે અને ગુનેહગારને ગુનાહથી બચાવવા માટે નરમ લહેઝામાં હિદાયત કરતો રહે.

## ﴾103﴿ સાદી સોમનાથમાં

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ બયાન કરે છે કે મને સફર કરવાનો બહુજ શૌખ હતો મારો આ શોખ મને સરઝમીને હિન્દ

લઈ ગયો અને હું ફરતો ફરતો સોમનાથ મંદિરમાં જઈ પહોંચ્યો ત્યાં મૈં હાથીદાંત ની એક સુંદર મુર્તી જોઈ એ એરીયાના લોકો બહુજ અકીદતથી (ખૂબજ શ્રધ્ધા પુર્વક) તેની પૂજા કરતા હતા અને તેને પોતાનો મદદગાર સમજીને તેની સામે દુઆઓમાં લાગેલ રહેતા હતા.

તે લોકોને આ જહાલત (અજ્ઞાનતા)માં જોઈને હું બહુજ પરેશાન થયો અને મંદિરના એક પૂજારીને જેનાથી મારી જાન પહેચાન હતી તેને મૈં પૂછીજ લીધું કે જે મુર્તિને આ લોકોએ પોતાના હાથેજ બનાવી છે અને જે નિર્જીવ અને એટલી હદે લાચાર છે કે અગર તેને પછાડી દેવામાં આવે તો પોતાની મેળે ઉઠી પણ નથી શકતુ તેને પોતાનો માબૂદ શામાટે બનાવે છે ? મારી આ વાત સાંભળીને પૂજારી બહુજ ગુસ્સે થયો અને તેણે મોટા પૂજારી પાસે મારી ફરિયાદ કરી દીધી, હવે મારી હાલત એવી થઈ ગઈ કે મારે મારો જીવ બચાવવા માટે ખતરો મહેસૂસ થયો આવુ વિચારીને મૈં મારો બોલવાના અંદાજ બદલ્યો અને મૈં તેમને એમ કહ્યું કે મૈં તો આ સવાલ માત્ર પાક્કુ યકીન હાસિલ કરવા માટે કર્યો અગર મુર્તિની અઝમત પૂરી રીતે જાણી લઉ તો શૌખ થી તેની પૂજા કરીશ

મારી આ વાત સાંભળીને મોટો પૂજારીને સંતોષ થયો અને મુર્તિની મહાનતા અને ચમત્કારોથી વાકિફ કરાવવાનું તેણે મને પ્રોમિસ કર્યું અને બીજા દિવસે સવારે તે મને મંદિરના અંદરના હિસ્સા (ગર્ભગૃહ)માં લઈ ગયો મંદિર પૂજારીઓથી ખિચો ખીચ ભરાયેલ હતુ, થોડીક વાર પછી પૂજારીઓ શંખ અને ઢોલ વગાડવા લાગ્યા અને મુર્તિનો એક હાથ એવી રીતે ઉભો થયો જાણેકે તે લોકોને આશિર્વાદ આપતો હોય.

જ્યારે આ તમાશો ખતમ થયો તો મોટા પૂજારીએ કહ્યુ કે હવે તો તને જરૂર વિશ્વાસ બેસી ગયો હશે કે બુત ચમત્કારી છે મને ખયાલ હતોજ કે આ એક નાટક છે પરંતુ મસ્લેહતના અંદાજમાં મૈં

તેને કહી દિધુ કે મૈં માની લિધુ કે મુર્તિ જીવંત છે પરંતુ એજ વખતે મૈં નક્કી કર્યું કે ગમે તેમ કરીને હું જાણી લઈશ કે મુર્તિ કઈ રીતે હાથ ઉંચો કરે છે ? અને અંતે હું એ ભેદ જાણવામાં સફળ થઈજ ગયો.

મુર્તિની પાછળના ભાગે મને એક ખૂબ સૂરત પર્દો નઝર આવ્યો જ્યારે મૈં તે પર્દો હટાવ્યો તો મૈં જોયુકે ત્યાં એક પંડીત બેઠો હતો જેણે એક રસ્સી પકડી રાખી છે મને તુરંત ખયાલ આવી ગયો કે પંડીત દોરડુ ખેંચે એટલે મુર્તિનો હાથ ઉંચો થાય છે. પૂજારીએ પણ મને જોઈ લીધો હતો અને તે મને મારવા માટે દૌડયો હું સમજી ગયો કે અગર તે મારા પર કાબૂ મેળવી લેશે તો ભેદ ખુલી જવાના ડરથી મને મારીજ નાખશે એટલા માટે મારો જીવ બચાવવા માટે મૈં તેને ઉપાડીને એક કુવામાં નાખી દીધો અને હું ત્યાંથી ભાગી નિકળ્યો.

**ફાયદો :** આ હિકાયત શૈખ સાદીની બહુજ મશ્હૂર હિકાયતોમાંની એક છે એની સવાનેહે હયાત લખવાવાળા આ હિકાયતની બીના પરજ એમ કહે છે કે આપ હિન્દુસ્તાન આવ્યા હતા. હર હાલમાં આ આપનો ખાસ અંદાજે બયાં છે આ કિસ્સામાં બે વાતો ખાસ ગૌર કરવા જેવી છે (1) તેમનુ હિન્દૂ બની મંદિરમાં રહેવુ અને (2) તેમનુ એક પંડીતને કત્લ કરી નાખવુ.

જ્યાં સુધી પહેલી વાતનો સંબંધ છે તો એ સાદી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ ના સ્વભાવ અને ઝિન્દગી જીવવાનો તરીકાનો ખાસ રંગ છે મૌલાના હાલી رَحۡمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہ પોતાની કિતાબ હયાતે સાદીમાં આ વાત એકદમ ક્લીયર લખી છે કે હઝરતે સાદીની પૂરી ઝિન્દગી જેવો દેશ તેવો વેશની હાલતમાં જેવા હાલત તેવો લિબાસના અંદાજમાં પસાર કરી છે તેઓએ જભ્ભો પહેરીને બાદશાહની મુસાબહત (સંગાથ) પણ કરી અને ભીશ્તી બની લોકોને પાણી પણ પીવડાવ્યુ આ એમનો દરવેશાના અંદાજ હતો.

રહી બીજી વાત પંડીતને કુવામાં નાખી દેવાનુ તો તે તેમણે પોતાનો જીવ બચાવવા માટે કર્યું અને કોઈ પણ ધર્મમા અથવા કોઈ મુલ્કના કાનૂનમાં આ ગુનોહ નથી.

## ﴾104﴿ ચુપ્પી સાંધવાની બરકત

મિસ્રની એક વસ્તીમાં એક ગુદડી પોશ ફકીર રહેતો હતો તે કોઈનાથી વાત ચીત નહોતો કરતો અને તેની આ ખામોશીજ તેની બુઝુર્ગીનું સબૂત બની ગયુ હતી લોકો તેને બુઝુર્ગ સમજીને પરવાનાની જેમ તેની ફરતા (એકઠ્ઠા) થતા હતા.

અમલની ખરાબી કે કિસ્મત શૈતાનનો ફરેબ એક દિવસ તેણે વિચાર્યુ કે આટલી મખ્લૂક જે મારી આસ પાસ જમા થઈ જાય છે તે મારા સાહેબે કમાલ હોવાના કારણે છે બહેતર છે કે હું મારી ફઝીલત જાહેર કરૂં અગર ચુપ રહીશ તો લોકોને કેવી રીતે ખબર પડશે કે હું કેટલો મહાન છુ !

આવુ વિચારીને તેણે ચુપકીદી તોડી અને શ્રધ્ધાળુઓથી વાત ચીતનો સિલ્સિલો ચાલુ કર્યો અગર એ ખરેખર કમાલવાળો હોત તો હિક્મત અને દાનાઈની વાતોથી લોકોના દિલોમાં તેની અકીદત અને મહોબ્બત વધી જતી પરંતુ એતો સાવ જાહિલ હતો લોકોએ તેની ઉલ્ટી સીધી વાતો સાંભળી તો હકીકત પરથી પર્દા ઉઠી ગયા અને તેની જાતથી લોકોની અકીદત જતી રહી.

હઝરત સાદી ફરમાવે છે અય હોશમંદ ! તારા માટે ખામોશી ઈઝ્ઝત અને વકારનો સબબ છે, ખામોશી એક એવી ખાસ ચીઝ છે કે જે જાહિલની ખામીઓને પણ છુપાવે છે એટલા માટે બહેતર છે કે વગર જરૂરત અને વગર વિચાર્યે એક શબ્દ પણ ઝબાન પર ન લાવ.

આકીલોનો કૌલ છે કે ઓછુ ખાવુ, ઓછુ બોલવુ અને ઓછુ સુવુ તે ઈન્સાનના માટે ઘણી બધી ભલાઈનું કારણ છે હઝરતે સાદી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه આ હિકાયતમાં ઓછુ બોલવાના ફાયદા બયાન

કર્યા છે અને એ વાતમાં કોઈ શક નથી કે ઓછુ બોલનાર હમેશા લાભમાં રહે છે.

## ﴾105﴿ વૃધ્ધની નસીહત

હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ બયાન કરે છે કે જવાનીના દિવસોમાં એક વખત અમે અમુક મિત્રો એક જગ્યા પર બેસીને વાતો કરતા હતા દરેક વ્યક્તી બુલબુલની જેમ ચહકી અને ફુલોની જેમ મહેકી રહ્યો હતો.

ઈત્તેફાકથી એક વૃધ્ધ પણ અમારી સાથે હતો પરંતુ એ બિલ્કુલ ચુપ હતો અમારામાંના એક યુવાને કહ્યુ : "મોટા ભાઈ ! આપ કેમ કશુ બોલતા નથી અમારી વાતચીતમાં શામિલ થઈને પોતાના દિલનો બોઝ હલ્કો કરો, હંસો બોલો.

વૃધ્ધે વાત સાંભળી તો બોલ્યો : સબા (હવા)ના ઝૌકોથી મસ્ત થઈને ઝુમવુ યુવાન ઝાડનેજ શોભે, ઝાડ પાન ત્યાં સુધીજ ઝુમી શકે છે જયાં સુધી તેની ડાળીઓ પત્તી, ફુલ, ફળોથી તાઝી હોય વૃધ્ધ ઝાડ હરકત કરવા જાય તો ટૂટી જાય છે.

યુવાનીની રાતની સવાર પડી જાય યાની વૃધ્ધા વસ્થા આવી જાય તો હવસ યાની ઈચ્છા મનેચ્છા ખ્વાહિશાતને નિકાળી દેવામાંજ મજા છે.

જવાની દિવાનીમાં ખાવા પીવાની ફિક્રે અને પહેરવાની ફિક્રે મને દીનથી ગાફિલ રાખ્યો. અફસોસ ! મારો એ સમય કેવી ફાલતુ ખ્વાહિશોમાં પસાર થઈ ગયો, મારી હાલત તો એ ઉસ્તાદ જેવી થઈ જેણે ઘણાં અફસોસની સાથે પોતાના શાગિર્દ થી કહ્યુ હતુ કે. યા હસરતા ! સમય વીતી ગયો અને કામ હજી બાકી છે.

**ફાયદો :** હઝરત શૈખ સાદી رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ એ ઈન્સાનના અંજામની તરફ ઈશારો કર્યો છે કે ઓછામાં ઓછુ વૃધ્ધા વસ્થામાં તો અય્યાશીથી જરૂર બચવુ જોઈએ, ઝિન્દગીનો અંજામ અંતે મૌત છે અને આ પણ સચ્ચાઈ છે કે આ ફાની ઝિન્દગીમાં મૌતની પહેલા મૌતની તૈયારી કરે અને નેક આમાલ કરે.

## ﴾106﴿ ફૈદના જંગલનો મુસાફિર

હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ બયાન કરે છે કે હું એક કાફલાની સાથે "બયાબાને ફૈદ" થી જઈ રહ્યો હતો, એક પડાવ પર કાફલો રોકાયો તો મને એવી ઉંઘ આવી ગઈ કે કાફલો રવાના થવા લાગ્યો પણ મારી આંખ ન ખુલી.

એક ઉંટ સવારે મારી આ હાલત જોઈ તો મારા પર ગુસ્સે થયો અને બોલ્યો : "શુ તારો ઈરાદો મરવાનો છે કે હજી પણ ગફલતની નીંદમાં સુતો છે, ઉભો થા ! કાફલો રવાના થઈ રહ્યો છે અગર કાફલાથી વિખુટો પડી જઈશ તો આ નિર્જન વિસ્તારમાં યકીનન હલાક થઈ જઈશ."

ઉપરાંત તેણે કહ્યું યાદ રાખ સમય કોઈનો ઈન્તેઝાર નથી કરતો એક એક પળ કીમતી છે તને ગફલતમાં પસાર ન કરવી જોઈએ.

**ફાયદો :** આ હિકાયતમાં હઝરત શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ અમને દુન્યવી ઝિન્દગીની મુશ્કેલીઓ, નઝાકતો અને તકલીફોથી આગાહ કર્યા છે અને સફરે આખિરતની તૈયારી કરવાનો ઈશારો કર્યો છે કે દુનિયાની રાહતોમાં ડૂબી જઈશ તો પણ તબાહ થઈ જઈશ અને આખિરતની સફરમાં જરૂરી નેક આમાલ નહીં કરે તો પણ તબાહ થઈ જઈશ. ઝિન્દગીમાં જે સમય તને મયસ્સર છે તેનો સદ ઉપયોગ કર અને નેકીઓ કરી લે.

## ﴾107﴿ ખુદ પોતાના પર રડ

એક માણસનું બાળક મરી ગયુ તેના રિશ્તેદાર રડવા લાગ્યા અને સીનો પીટવા લાગ્યા, એક બુઝુર્ગે તેને એ હાલતમાં જોયા તો તેમનાથી કહ્યું : "તમે આ શું અને શા માટે કરો છો ? તમને આનાથી શું ફાયદો ?

"શું તમે નથી જાણતા કે જે અંજામનો સામનો તમારા આ અઝીઝે કર્યો એજ અંજામ તમારા બધાનો પણ જરૂર થવાનો છે.

અય રડવાવાળા ! તૂ પોતાના બાળકના મરવા પર શા માટે રડે છે ? એતો પાક આવ્યો હતો અને પાક આ દુનિયાથી ગયો. રડવુ તો તને પોતાના પર આવવુ જોઇએ કે તૂ જ્યારે આ દુનિયામાં આવ્યો ત્યારે પાક હતો પરંતુ જ્યારે દુનિયાથી રવાના થઈશ યાની મરીશ તો ગુનાહોની નાપાકી થી નાપાક હોઇશ તારી ભલાઈ તો એમા છે કે મરતા પહેલા આખિરતની ફિક્ર કર કેમ કે આ મૌત કોઈ એવો મામલો નથી કે જે ટળી જાય ચાહે કોઈ કમઝોર હોય યા તાકતવર મરવુ તો યકીની છે.

અગર ઈન્સાન એ વાત સ્વીકારીલે કે કુદરતનો કાનૂન અટલ છે અને મૌતના પછીની ઝિન્દગીજ હકીકી ઝિન્દગી છે તો તેની મૌતની પહેલાની આ દુનિયાની ઝિન્દગી પણ આસાન થઈ જાય. આ એક સાચી વાત છે.

## ﴾108﴿ સોનાની ઈંટ

એક માણસને સોનાની ઈંટ હાથ લાગી ગઈ આ ગરીબ માણસ ઈંટ મળવાના પહેલા નમાઝ, રોઝાનો પાબંદ હતો અને બહુજ વધારે ઝિક્ર તસ્બીહમાં મશ્ગૂલ રહતે હતો અને અલ્લાહના ઝિક્રમાં તેના દિલને સુકૂનો ઇત્મીનાન મળ્તુ હતુ. પરંતુ સોનાની ઈંટ હાથમાં આવતાજ તેની દિલી હાલત બદલી ગઈ, તે ખુદાની યાદથી ગાફિલ થઈ ગયો અને હવે તે દુનિયાવી આરામ હાસિલ કરવા માટેના મન્સૂબા ઘડવા લાગ્યો.

ક્યારેક એક નવુ શાનદાર મકાન બનાવવાનો ખયાલ આવતો કે જેની સાથે બગીચો પણ હોય ક્યારેક બહેતરીન કપડા અને બિસ્તર, તકીયા લગાવવાનો વિચાર આવતો તેની દિમાગી હાલત એવી થઈ ગઈ કે જાણે ખોપડીમાં કીડો ઘુસી ગયો હોય.

આ પરેશાન હાલીથી તંગ આવીને એક દિવસ તે જંગલની તરફ ગયો, ત્યાં તેણે જોયુ કે એક માણસ કબરની માટીમાંથી ઈંટો પકાવી રહ્યો છે આ જોઈને તેનું દિલ થોડુ બેદાર થયુ તેણે વિચાર્યુ કે હું પણ કેટલો મુર્ખ છુ કે સોનાની એક ઈંટને દિલમાં જગ્યા આપી

દીધી જયારે કે સચ્ચાઈ તો એ છે કે શક્ય છે કે મારી કબરની માટી માંથી પણ ઈંટો પકાવવામાં આવે. હું એક સોનાની ઈંટ મેળવીને દુનિયવી ખયાલોમાં ડૂબી ગયો છુ અને આખિરતથી ગાફિલ બની ગયો છુ મને એ પણ યાદ ન રહ્યું કે ઉમરનો કીમતી સરમાયો (મુડી) આમજ બરબાદ કરી રહ્યો છુ.

**ફાયદો :** આ હિકાયતમાં શૈખ સાદી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એ તે વાતની તરફ ઈશારો કર્યો છે કે દૌલત ઈન્સાનના દિલને સખ્ત કરી દે છે અને તેને ખુદાએ તઆલાની યાદથી ગાફિલ કરી દે છે અને ઈન્સાન દુનિયાના ગમમાં ડૂબી જાય છે.

જો કે એક હકીકત એ પણ છે કે અમુક માલદારો માલદાર હોવા છતા દરવેશ સિફત હોય છે અને જ્યાં સુધી બની શકે નેક કામોં અંજામ આપતા રહે છે પરંતુ મોટા ભાગના માલદારો માલનેજ બધુ સમજી બેસે છે અને તે હાલતમાં દુનિયા તથા આખિરત બન્નેનું નુક્સાન કરી બેસે છે.

તમામ દુનિયાની તમામ દૌલત હલાલ તરીકાથી મળી જાય તો પણ નુક્સાનજ છે. દૌલત યોગ્ય તરીકાથી મળે અને યોગ્ય રીતે વપરાય તો પણ ગરીબો માલદારો કરતા 40 વરસ પહેલા અને એક બીજી રિવાયત મુજબ 500 વર્ષ વહેલા જન્નતમાં જશે.

સહાબએ કિરામ عَلَیۡہِمُ الرِّضۡوَان માંથી સૈયદના અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہ સહુથી આખરે જન્નતમાં જશે જયારે કે આપ અશ્રએ મુબશ્શરા માંથી છે અને આપને દુનિયામાં જન્નતની બશારત મળી ચુકી હતી વાત માત્ર એટલીજ કે આપની પાસે દુન્યવી માલ ખૂબ હતો.

એવીજ રીતે નબીઓમાંથી સૈયદના સુલૈમાન عَلَیۡہِ السَّلَام સહુથી આખરે જન્નતમાં જશે કારણ આપ નબી હોવાની સાથે બાદશાહ પણ હતા.

દુનિયા અસલમાં બુરી નથી, પરંતુ દુનિયાની મહોબ્બત બુરી ચીઝ છે. માલ અગર છે તો યતીમો, ગરીબો, મોહતાજો, મજબૂરોના ઉપયોગમાં લાવવો જોઈએ. **અલ્લાહ તૌફીક બક્ષે**

# હઝરત શૈખ સાદી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه ની નસીહતો

(1) માલ ઝિન્દગીની રાહત માટે છે ઝિન્દગી માલ ભેગો કરવા માટે નથી.

(2) અગર તૂ ચાહે છે કે દુનિયાની નેઅમતોથી ફાયદો ઉઠાવે તો અલ્લાહની મખ્લૂક પર કરમ (અહેસાન) કર.

(3) બે માણસોએ બેકાર મહેનત કરી અને ફાલતુ તક્લીફ ઉઠાવી એક એ જેણે માલ ભેગો કર્યો અને ખાધો વાપર્યો નહીં અને બીજો એ જેણે ઇલ્મ હાસિલ કર્યો અને અમલ ન કર્યો.

(4) ઇલ્મ દીનની ખિદમતના માટે છે ન કે દુનિયા કમાવવા માટે.

(5) જેણે ઇલ્મ અને પરહેઝગારીનો ધંધો કર્યો (વેચી ખાધી) તેણે જાને કે ખલીયાનમાં ફસલ જમા કરી અને આગ લગાડી દીધી.

(6) મુલ્ક અકલમંદોથી રૌનક પામે છે અને દીન પરહેઝગારોથી કમાલ પામે છે.

(7) ત્રણ ચીઝો ત્રણ ચીઝો વગર ટકતી નથી (1) માલ વગર સખાવતના (2) ઇલ્મ વગર અમલના અને (3) મુલ્ક વગર સિયાસતના (ખત્મ થઈ જાય છે).

(8) બુરાઓ પર રહેમ કરવો તે નેકો પર ઝુલ્મ કરવા બરાબર છે.

(9) ઝાલિમોને માફ કરી દેવુ એ બેગુનાહો પર ઝુલ્મ કરવા બરાબર છે.

(10) અગર તૂ ખબીસ પર અહેસાન કરીશ તો તે તારી બદૌલત ગુનાહ કરશે અને તૂ ગુનાહમાં શરીક થઈશ.

(11) ભેદ (રાઝ-રહસ્ય)ની દરેક વાત મિત્રને પણ ન બતાવ શું ખબર કે એ ક્યારે તારો દુશ્મન બની જાય.

(12) કમઝોર દુશ્મન જે તારી વાત માને અને દોસ્ત બની જાય તો તે એના સિવાય કંઈ નથી કે તે દુશ્મની કરવા માટેના મૌકા તલાશ કરી રહ્યો છે, મૌકો મળતાજ તે ફરી તાકતવર દુશ્મન બની જશે.

(13) બે દુશ્મનોના દરમિયાન એવી વાતો કર કે અગર તેઓ (દુશ્મની છોડીને) દોસ્ત બની જાય તો તારે શરમાવુ ન પડે.

(14) **એવા દોસ્તોને પણ છોડી દે જે તારા દુશ્મનોની સાથે બેસે છે.**

(15) જ્યારે તૂ કોઈ કામ કરવામાં પરેશાનીનો સામનો કરે તો એ કામનો એવો પહેલુ ઈખ્તિયાર કર જે તક્લીફ અને નુક્સાન વગર કરી શકે.

નરમીથી કલામ કરવાવાળા ઈન્સાન સાથે સખ્તાઈ ન કર અને જે તારાથી સુલેહની કોશિશ કરે તૂ એનાથી લડાઈ ન કર.

(16) જ્યાં સુધી કામ રૂપિયા પૈસા ખર્ચીને થઈ શકે છે ત્યાં સુધી જાનને ખતરામાં ન નાખ. અરબમાં એક કહેવત છે કે તલવાર સહુથી છેલ્લી યુક્તી છે એટલે કે જો તમામ તદબીરો ફૈલ થઈ જાય તોજ આખરે લડવા માટે તલવાર ઉપાડવી જોઈએ ત્યાં સુધી નહીં.

(17) પોતાના દુશ્મનની લાચારી પર રહેમ ન ખા ભલે તે સુલેહ કરે તો પણ સાવચેત રહે. એટલા માટે કે અગર તે શક્તીશાળી બની જશે તો ફરીથી દુશ્મન થઈ જશે અને તારા પર રહેમ નહીં કરે.

(18) જે માણસ ફસાદી ઝાલિમને મારી નાખે છે તે અલ્લાહની મખ્લૂકને મુસીબતથી બચાવે છે. રહેમ કરવું અને માફ કરવું બહુજ સારી વાત છે પણ ઝાલિમના ઝખ્મ પર મલ્લમ ન લગાડ તેના પર રહેમ ન કર અને તેને સહૂલત કે આરામ ન પહોંચાડ જે માણસે સાંપ પર રહેમ કર્યો અને સાંપને ન માર્યો તેણે એ વાત ન સમજી શક્યો કે તેણે ઔલાદે આદમ પર ઝુલ્મ કર્યો.

(19) દુશ્મનની નસીહત કબૂલ કરવી એ ખરેખર ભૂલ છે હાં ! તેનું સાંભળી લેવુ જાઈઝ છે એટલા માટે કે તૂ તેની નસીહત

અને તેના મશ્વરા વિરૂધ્ધ અમલ કરી શકે તે જે કંઈ કહે કે આમ કર તૂ બિલ્કુલ તેની વિરૂધ્ધ કર.

(20) હદથી વધારે ગુસ્સો કરવો વહેશત લાવે છે (ભય) અને બે મૌકા નરમી કરવી હૈબતને મિટાવે છે. ન એવી સખ્તી કરો કે તે તમારાથી નફરત કરવા લાગે અને ન એટલી નરમી કરો કે તે તારા પર દિલૈર બની જાય અને તારી કદર ન કરે.

(21) બે માણસો મુલ્ક અને દીનના દુશ્મન છે (1) ઝાલિમ બાદશાહ અને (2) જાહિલ ઈબાદત ગુઝાર.

(22) ગુસ્સાની આગ ગુસ્સો કરવાવાળાનેજ તક્લીફ પહેલા પહોંચાડે છે પછી તેની અસર દુશ્મન તરફ પહોંચે છે.

(23) બદ ખસ્લત માણસ એવા દુશ્મન (પોતાની બદ ખસ્લતી) સાથે જકડાયેલો છે કે તે જ્યાં જશે રિહાઈ (છુટકારો) નહીં પામે. બદ ખસ્લત ઈન્સાન બલાથી છટકીને અગર આકાશ પર પહોંચી જશે તો તે ત્યાં પણ પોતાની બુરી આદતોના કારણે મુસીબતમાંજ રહેશે.

(24) જે સમાચાર તૂ જાણે છે કે તે બીજાને દુખ પહોંચાડશે તો તૂ ચુપ રહે કોઈ બીજો એ ખબર જરૂર પહોંચાડી દેશે.

**અય બુલ બુલ તૂ બહારની ખુશ ખબર લાવ**

બુરી ખબર પહોંચાડવાનું મન્હૂસ લોકો પર છોડી દે.

(25) **વાત કરવાનો ઈરાદો એ વખતે કર જ્યારે તને યકીન થઈ જાય કે વાતની અસર થશે** કલામ એ નફસે ઈન્સાનીનો કમાલ છે પરંતુ તૂ બેઅસર વાત કરીને પોતાનો વકાર ન ગુમાવ.

(26) દુશ્મનના ફરેબથી ધોખો ન ખા અને તારીફ કરવાવાળાની તારીફથી ધોખો ન ખા કે તેણે માછલી પકડવા માટે છાળ બીછાવી છે અને તેણે લાલચની ચાદર બીછાવી છે.

ખબરદાર તારીફ કરવાવાળાની તારીફ ન સાંભળ કે તે તારી પાસેથી થોડા ફાયદાની ઉમ્મીદ રાખે છે અગર જો તૂ કોઈ

દિવસ તેની ડીમાન્ડ પૂરી નહીં કરે તો તારી ખામીઓ સો બસો ગણી વધારીને લોકોની સામે રજૂ કરશે.

(27) દરેક ઇન્સાનને પોતાની અકલ કામિલ અને પોતાનો દીકરો ખૂબ સૂરત લાગે છે.

(28) દસ માણસો એક દસ્તખ્વાન પર ખુશી ખુશી સાથે ખાવાનું ખાઈ શકે છે પણ બે કુતરા એક મુર્દાર પર આપસમાં આવી રીતે નથી ખાઈ શક્તા અને લડે મરે છે.

લાલચી માણસ પૂરી દુનિયા મેળવીને પણ ભુખ્યો રહે છે અને કનાઅત કરવાવાળા (સંતોષી) માણસ એક નિવાલા પર પણ શુક્ર કરીલે છે.

(29) જે ચીઝ સહેલાઈથી મળી જાય છે તે લાંબો સમય નથી ટકતી.

(30) ઘણા બધા કામ સબરથી પૂરા થઈ જાય છે અને ઉતાવળ કરવાવાળા માંથા ભર પટકાઈ જાય છે.

(31) બેવકુફના માટે ખામોશી બહેતર તદબીર છે.

જ્યારે તૂ ફઝ્લ અને કમાલ નથી રાખતો તો બહેતર છે કે ઝબાન બંધ રાખ એટલા માટે કે આદમીને ઝબાન બે આબરૂ કરી દે છે.

(32) જે માણસ બુરાઓની સોહબતમાં રહે છે તે કદી નેકી નથી પામી શકતો.

અગર ફરિશ્તાઓ પણ શૈતાનની સોહબતમાં રહે તો એ પણ વહેશત ખયાનત અને ધોખા ફરેબ સીખી જશે તને બુરાઓથી બુરાઈ સિવાય કશું નહીં મળે.

(33) લોકોના છુપાયેલા ઐબ જાહેર ન કર આવુ કરવાથી તૂ બીજાને ઝલીલ કરીશ પણ પોતાને ગૈર ભરોસામંદ સાબિત કરી દઈશ.

(34) જે માણસે ઇલ્મ હાસિલ કર્યો અને તેના ઉપર અમલ ન કર્યો તો જાણે મહેનત કરી અને ફસલ તૈયાર કરી પણ ફસલ ન કાપી.

(35) અગર બધીજ રાત શબે કદ્ર હોત તો શબે કદ્રની કોઈ કીમત ન હોત મતલબ કે શબે કદ્ર પૂરા વર્ષમાં એક રાત આવે છે માટે લોકો તેને શોધે છે અગર તમામ પત્થર હીરા બની જાય તો બજારમાં હીરા અને કાંકરા રેતીની કીમત સરખી થઈ જાય.

(36) જે ખૂબ સૂરત હોય તે ખૂબ સીરત પણ હોય એ જરૂરી નથી કામ સીરતથી બને છે ન દેખાવથી.

(37) જે પોતાના બુઝુર્ગોથી એટલે કે પોતાનાથી મોટી ઉમરનાથી લડે છે તે પોતાનું ખૂન ખુદ પોતે વહાવે છે.

(38) જે માણસ કમઝોર હોવા છતા તાકતવરથી લડે છે તે પોતાની મૌત માટે પોતાના દુશ્મનને મદદ કરે છે કહેવત છે કે “શૈર સે પંજે મત લડા.”

(39) બેહુનર લોકો હુનરમંદ લોકોને દુશ્મની અને હસદની નઝરથી જુએ છે, જેવી રીતે રખડતા કુતરાઓ શિકારી કુતરાને દૂર દૂરથી જૂએ અને ભસે છે પણ સામે આવવાની તાકત નથી રાખતા.

મતલબ એ કે જ્યારે કોઈ કમીનો પોતાની કમીનગીના કારણે બીજા પર સરસાઈ નથી મેળવી શકતો, તો પોતાની આંતરીક નબળાઈ અને હલકટાઈના કારણે સામેવાળાની ખામી શોધવાનું શરૂ કરી દે છે.

(40) અગર પેટની મજબૂરી ન હોતી તો કોઈ જાનવર શિકારીની જાળમાં ન ફસાત.

(41) અકલમંદ લોકો ખાવાનું બહુજ મોડે અને ઓછુ ખાય છે કે હજમ થઈ જાય અને ઈબાદત ગુઝાર માણસ પેટને ખાલી રાખે છે કે ઈબાદતમાં ખલેલ ન પહોંચે. અને પરહેઝગાર લોકો માત્ર એટલુજ ખાય છે જેથી ઝિન્દગી બાકી રહે અને ઈબાદતની તાકત બની રહે.

(42) ઔરતોંની સાથે મશ્વરો કરવો તબાહી છે, એ ફસાદ ફિત્નો ફૈલાવનારની મદદ કરવી તબાહી છે, તેઝ દાંતવાળા ચીતા પર રહેમ કરવો એ બકરીઓ માટે તબાહી છે.

(43) મોતી અગર કીચડમાં ફસાઈ જાય તો પણ ઉમદા છે અને કીમતી છે, ગર્દો ગુબાર (ધુળ માટી) અગર આકાશમાં પહોંચી જાય તો પણ નકામું છે.

(44) અકલ નફસના હાથમાં એવી રીતે ગિરિફતાર છે જેવી રીતે લાચાર માણસ મક્કાર સ્ત્રીના હાથમાં ગિરિફતાર છે **ખુશીનો દરવાજો એ ઘરના માટે બંધ કરી દો જે ઘરમાંથી સ્ત્રીની અવાજ બહાર નિકળે યાની કે જે ઘરમાં એવી સ્ત્રી હોય જેની અવાજ ઘરની બહાર જતી હોય યાની ચીખે ચીલ્લાય યા બરાડા પાડે તે ઘરથી ખુશીની ઉમ્મીદ નથી.**

(45) જે માણસ ખાય અને રડે તે એ માણસ કરતા બહેતર છે જે બચાવે અને ભેગુ કરે.

(46) જે આબિદ ખુદાના માટે એકાંતવાસ નથી અપનાવતો તેનુ દિલ કાટ ખાઈ જાય છે, જે માણસ મખ્લૂકમાં મકબૂલિયત હાસિલ કરવા માટે જાઈઝ ખ્વાહિશાત છોડી દે છે તે હલાલ છોડીને હરામ ખ્વાહિશાતમાં પડી જાય છે.

(47) થોડુ થોડુ ઘણું અને ટીપે ટીપે સરોવર બની જાય છે જ્યારે ટીપુ ટીપુ ભેગુ થાય છે તો નદી બની જાય છે અને એક નહેર બીજી નહેરને મળીને સરોવર બની જાય છે.

(48) આલિમ માટે જરૂરી છે કે તે જાહિલની બે વકૂફી મોટા દિલથી માફ કરી દે.

(49) દીનને દુનિયાના બદલે વેચનાર ગધેડા છે.

(50) જે બે નમાઝી છે તેને કર્ઝ (ઉધાર) ન આપ કે જે ખુદાનું કર્ઝ (ઉધાર) અદા નથી કરતો તે તારા કર્ઝ (ઉધાર)ની પરવાહ નહીં કરે.

(51) એ રોઝીના તલાશ કરવાવાળા ! ખુદા પર ભરોસો રાખ કે એ તારા સુધી રોઝી પહોંચાડશે અને અય મૌતથી ભાગવાવાળા ! ન ભાગ કે તૂ ભાગીને જીવ બચાવી નહીં શકે.

રોઝી માટે તૂ કોશિશ કરે યા ન કરે ખુદાએ બરતરો બાલા તને રિઝક પહોંચાડશે અને અગર તૂ સિંહ અથવા દિપડાના મોંમા ચાલ્યો જઈશ તો તે પણ મૌતના દિવસ પહેલા તને નહીં ખાઈ શકે.

(52) બે મુરવ્વત માણસ-સ્ત્રી (જેવો) છે અને લાલચી આબિદ ડાકૂ (જેવો) છે

એ માણસ કે જાણે લોકોને બતાડવા માટે સફેદ કપડા પહેરી રાખ્યા છે યાની એ રિયાકાર આ સફેદ પોશાકથી શું ફાયદો ! જ્યારે કે તારૂં આમાલનામું તો કાળુ છે.

(53) ઈન્જીલમાં આવ્યું છે કે અય આદમની ઔલાદ ! અગર હૂં તને માલદારી અર્પણ કરૂં છુ તો મારાથી મોં ફેરવીને માલની સાથે મશ્ગૂલ થઈ જાય છે. અગર હું તને ગરીબ રાખુ છુ તો તંગ દિલ થઈને બેસી જાય છે કે મારા ઝિક્રની લઝ્ઝત નથી પામી શકતો અને મારી ઈબાદતની તરફ નથી દૌડતો.

તૂ ક્યારેક નેઅમતના દરમિયાન ગાફિલ અને મગરૂર છો અને ક્યારેક તંગદસ્તીના દરમિયાન ઝખ્મી અને પરેશાન છો.

(54) અગર હક સુબ્હાનહૂ તઆલા હકની તલવાર ખેંચે તો નબી અને વલી પણ સર ઝુકાવે યાની કોઈની મજાલ દમ મારવાની ન રહે.

અને અગર ઈશારએ લુત્ફ ફરમાવે તો ગુનેહગારને નેકો ના દરવાઝે પહોંચાડે.

(55) જે માણસ દુનિયાની તક્લીફ ઉપાડીને નેક રસ્તા પર નહીં ચાલે તે આખિરતમાં અઝાબમાં ગિરિફ્તાર થશે.

(56) નેક બખ્ત લોકો આગળના જમાનાના લોકો વિષે સાંભળીને ઈબ્રત લે છે નસીહત પકડે છે.

(57) જે માણસ દૌલતમાં વધારે અને ઈબાદતમાં થોડો છે તે જાહેરમાં તો માલદાર પરંતુ હકીકતમાં મુફ્લીસ(મોહતાજ) છે.